

# કાળા સૂરજના રહેવાસી

સમયની પાર જોઈ શકતા
લેખકની
રોમાંચક અને અદ્ભુત કથા

## જૂલે વર્ન

અનુવાદઃ હરીશ નાયક

ઉત્તમ
સાહિત્યનું પ્રતીક
૧૯૨૬થી

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

વિશ્વવિખ્યાત લેખક જૂલે વર્ન સ્કોટલૅન્ડ તરફ આકર્ષાયા ન હોત તો આપણને આવી રોમાંચક સાહસોનું દર્શન કરાવતી અદ્‌ભુત કથા મળી જ ન હોત. આ કથામાં લેખકે કોલસાની ખાણોમાં જીવાતી જિંદગીનું રોમાંચક અને દિલધડક વર્ણન કર્યું છે. કોલસાને સમર્પિત થઈ કોલસાની ઊર્જાને ઉજાગર કરતા ભૂગર્ભ દેશના ખાણિયાઓની અદ્‌ભુત કથા એટલે જ આ ‘કાળા સૂરજના રહેવાસી.’

જૂલે વર્નના અન્ય કથાસાહિત્યની જેમ આ સાહસકથા પણ વાચકને પ્રત્યેક પળે **‘હવે શું થશે?’** ની તીવ્ર જિજ્ઞાસા જગાડવામાં પાર ઊતરી છે. સાહસિકતાનું રોમાંચક અને દિલધડક વર્ણન એ જૂલે વર્નની આગવી વિશેષતા છે.

જૂલે વર્નની યાદગાર રચના 'બ્લૅક ડાયમન્ડ્ઝ'

# કાળા સૂરજના રહેવાસી

## જૂલે વર્ન

**અનુવાદક:** હરીશ નાયક

**આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.**

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ

અર્થબાગ

મુંબઈ ૪૦૦ ૦૦૨

ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'

રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર

અમદાવાદ ૩૮૦ ૦૦૧

ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬ ૫૭૩

Web: www.rrsheth.com

E-mail: sales@rrsheth.com

**Kaalaa Suraj-na Rahevaasi**

A Gujarati Adoption of Jule Verne‘s

Famous Novel: **BLACK DIAMONDS**

Translated by Harish Naik

Published by R. R. Sheth & Co. Pvt. Ltd., Mumbai □ Ahmedabad

EISBN: 978-93-81315-51-4

© **લક્ષ્મીબહેન નાયક, ચેતનાબહેન કૉન્ટ્રાક્ટર**

**પ્રકાશક**

ભગતભાઈ ભુરાલાલ શેઠ

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

Web: www.rrsheth.com

E-mail: sales@rrsheth.com

**અર્પણ**

શ્રદ્ધેય **શ્રી મૂળશંકર મો.** ભટ્ટને

જેમણે ગુજરાતી ભાષાને

જૂલે વર્નની

ઓળખાણ કરાવી

## કિશોરો માટે વર્ષોથી લોકપ્રિય પુસ્તકો

## સાહસકથાઓ

[અરધી સદી પહેલાં કલ્પેલી આ વૈજ્ઞાનિક વાર્તાઓ આજે તો સત્યસૃષ્ટિમાં ઊતરેલી જોઈ શકાય છે.]

### જૂલે વર્ન

સાહસિકોની સૃષ્ટિ

સાગરસમ્રાટ

પાતાળપ્રવેશ

સોનેરી ધૂમકેતુનો પીછો

કાળા સૂરજના રહેવાસી

અગ્નિરથ

૮૦ દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા

મિખાઇલ સ્ટ્રગોવ

લાઇટહાઉસ

તરતું મહાનગર

ડોલ્ફિન

એક શિયાળો બરફમાં

બુલેટ ટ્રેન

### રૉબર્ટ લુઈ સ્ટીવન્સન

ખજાનાની શોધમાં

### અન્ય

| | |
|---|---|
| મંગળની સફરે | ગિરીશ ગણાત્રા |
| પાતાળનગરી | ગિરીશ ગણાત્રા |
| તુરંગાને પેલે પાર | ગિરીશ ગણાત્રા |
| સાગરરાજની સંગાથે | ગિરીશ ગણાત્રા |

| | |
|---|---|
| અગનગુલાબ | અનામી |
| પરાક્રમી થોર | હરીશ નાયક |

# નામકથા

*જૂલે વર્ન ઉપર કોઈની સહુથી વધુ અસર પડી હોય તો એ લેખક છે સર વૉલ્ટર સ્કોટ. સ્કોટીશ લેખક સ્કોટે જૂલે વર્નને સ્કોટલૅન્ડની દુનિયા તરફ ખેંચ્યા અને સ્કોટીશ ઇતિહાસ, સ્કોટીશ લોકકથાઓ, સ્કોટીશ પહાડીઓ, દૃશ્યાવલીઓ, ખંડિયેરોથી પરિચિત કરાવ્યા. વર્નને તે વખતની સ્કોટ સરકાર તરફથી સ્કોટલૅન્ડની મુલાકાતનું આમંત્રણ અપાયું. ૧૮૫૯માં જૂલે વર્ન સ્કોટલૅન્ડના અભ્યાસુ મહેમાન બન્યા. તે વખતે જ વર્નશ્રીએ પશ્ચિમ કાંઠાઓથી માંડીને હેબ્રીડ્ઝ સુધીનો ઊંડાણભર્યો અભ્યાસ ખેડ્યો હતો. પછી ૧૮૮૦માં તેઓ પોતાની ગૃહસજાવટની સગવડભરી યાટ(યાંત્રિક હોડી)માં ફરીથી સ્કોટલૅન્ડની મુલાકાતે ઊપડ્યા અને ત્યાં લાંબું રહ્યા.*

*પહેલી મુલાકાત વખતે તેમણે 'ધી ગ્રીન રે' નામની રચના કરી, જે મુખ્યત્વે ફિંગલ ગુફાઓ ફરતેની ભૌગોલિક નવલકથા હતી.*

*બીજી રચના તે આ. કોલસાની ખાણના મૂલક સ્કોટલૅન્ડને તેના પોતાના લેખકોએ પણ આ રીતે નહીં નિહાળ્યો હોય! વૉલ્ટર સ્કોટે તો વર્નને ઉપરની દુનિયા બતાવી હતી, પણ વર્ન તો સ્કોટલૅન્ડની અંદરની દુનિયામાં – કોલસાની ખાણમાં જ પેસી ગયા અને એવા પેઠા કે ભૂમિગત કોલસાનો નવો જ પરિચય તેમણે દુનિયાને આપી દીધો. સ્કોટની સાથે રહીને કેલિડોનિયન પરંપરાની પણ જૂલે વર્ન ઉપર અસર પહોંચી. એ પરંપરાનાં વિશ્વાસ, ધગશ, સપનાંઓ, સમર્પિત ભાવનાઓનો પરિચય તમને આ નવલકથામાં થશે જ.*

*માનવીને અપરંપાર ઊર્જા આપતો કોલસો એક જમાનામાં ખૂટી શકે છે, ખતમ થઈ શકે છે. કોલસાની ખાણો પણ મહેલોના ખંડિયરોની જેમ ભૂતકાળના ખાલી ખોખા જ બની શકે છે, એ કલ્પના જ વર્નને માટે અસહ્ય હતી અને આ નવલકથાએ કોલસાની ખાણોને પુનર્જીવિત કરવામાં ઘણી મદદ કરી છે. ઘણાં કારીગરોમાં કોલસાની ખાણ પ્રત્યે ભક્તિ જગાડી છે.*

*જૂલે વર્નની જીવનકથાના લેખક કેનેથ એલોટ કહે છે તેમ: કંઈક લેખકો સ્કોટલૅન્ડના પહાડો, પ્રવાસધામો, ખંડિયરો, ખીણો અને કોતરો ફરી ગયા, પણ વર્ન જેટલા ઊંડે કોઈ પેસી શક્યા નથી. ખંડિયરોને જોઈ તેમનો જીવ બળી જતો અને કેટલાક કોલસા-યંત્રોને એમ ને એમ નિષ્ક્રિય પડી રહેલાં જોઈ તેમણે કહ્યું હતું, "આ સહન થાય તેવી વાત નથી. હું તમને સક્રિય કરીશ."*

મૂળ ફ્રેન્ચ નવલકથાનું નામ 'Les Indes Noires' છે, પણ જ્યારે અંગ્રેજીમાં આ રચનાના ભાષાંતર બહાર પડવા લાગ્યા ત્યારે ડબલ્યુ. એચ. કિંગ્સ્ટને આ રચનાને 'ચાઇલ્ડ ઑફ ધી કેવર્ન' કહેવું પસંદ કર્યું. બીજા એક ભાષાંતરકારે 'સ્ટ્રેન્જ ડુઇંગ્સ અન્ડરગ્રાઉન્ડ' નામ આપ્યું. અમેરિકન આવૃત્તિ વળી 'ધી અન્ડરગ્રાઉન્ડ સિટી'ના નામે બહાર પડી. કોલસો ઊર્જાની રીતે, જીવન જરૂરિયાતની રીતે, વિનિમયની રીતે એટલો કીમતી મનાય છે કે કોલસાની ખાણને હીરાની ખાણના નામે જ સંબોધવામાં આવે છે. અમે એટલે જ આ આવૃત્તિનું નામ 'બ્લૅક ડાયમન્ડ્ઝ' આપવું પસંદ કર્યું છે.

નવા યુગે ઊર્જા માટેના બીજાં ઘણાં અવનવાં સાધનો શોધી કાઢ્યાં છે અને શોધાતાં રહેશે, પણ કોલસો હીરો જ રહેશે. એની પૂર્તિ કદી નહીં થાય. એનો પર્યાય શોધાશે, પણ ધરતી જે વિપુલ રીતે કોલસો આપતી રહે છે, એ રીતે એનું મૂલ્ય કદી ઓછું નહીં થાય. એ 'બ્લૅક ડાયમન્ડ્ઝ' જ રહેશે.

ઘણાં ઓછાને ખબર હશે કે જૂલે વર્ન કવિ પણ હતા. મૂળ ફ્રેન્ચ કૃતિમાં જેક રાયનના કંઠમાં આખી ખાણ-કવિતા ગેય સ્વરૂપમાં રજૂ કરેલી છે. તે ઉપરાંત વખતોવખત શોખીન જેક ગાવાનો પ્રયાસ કરે છે ત્યારે એ કાવ્યપંક્તિઓ જૂલે વર્નની પોતાની છે. જૂલે વર્નની કવિતાનું પણ એક પુસ્તક બહાર પડેલું છે, પણ એ પુસ્તક તેમની થોકબંધ, હારબંધ, વજનદાર વિજ્ઞાનકથાઓ હેઠળ દબાઈ ગયું છે.

એક ફ્રેન્ચ રચનાકારે સ્કોટ ભૂમિ માટે જે કંઈ કર્યું છે તેનો સ્કોટ લોકો હંમેશા આભાર માને છે અને જૂલે વર્ન જાણે કે સ્કોટ-નાગરિક જ હોય એવું રાષ્ટ્રીય સન્માન તેમને બક્ષે છે.

જોકે જૂલે વર્ન તો વિશ્વ-નાગરિક હતા એ વાત આજે જગજાહેર છે.

આપણી ગુજરાતી ભાષાના વાચકમિત્રો! આટલી વાત મેં જે પુસ્તક પરથી ભાષાંતર કર્યું છે એ 'બ્લૅક ડાયમન્ડ્ઝ'ની પ્રસ્તાવનામાંથી લીધી છે.

હું જેમ જેમ આ નવલકથા તૈયાર કરતો ગયો તેમ તેમ મને કંઈક નામો સૂઝતાં ગયાં. પણ મને આપણી આ આવૃત્તિ માટે 'કાળા સૂરજના રહેવાસી' નામ જ ઉપયુક્ત અને સાર્થક લાગ્યું છે. મોટે ભાગે વાર્તા કોલસાની ખાણની બહાર આવતી જ નથી અને જે પાત્રો છે તે કાળા કોલસાની ખાણના કાળા સૂરજના આરાધકો છે. કોલસા સાથે શ્વાસેશ્વાસ મિલાવી જીવન જીવતા કોલસા-સમર્પિત ખાણિયાઓ કોલસા સિવાય જીવવાનું જ સ્વીકારતા નથી. આ કોલસાની કથા 'બ્લૅક ડાયમન્ડ્ઝ' તો છે જ, પણ એથી વધુ એ કોલસાની ખાણમાં વસતા જીવતા કોલ-વિશ્વના

*કોલસા-લોકોની અનુભવકથા છે, માટે જ નામ આપ્યું છે: 'કાળા સૂરજના રહેવાસી.'*

**– હરીશ નાયક**

# હું, જૂલે વર્ન તથા ૧૯મી, ૨૦મી, ૨૧મી ત્રણ સદીની ફલકકથા

ગુજરાતી જાણતો કોઈ વાચનરસિયો એવો નહીં હોય કે જેણે મૂળશંકર મો. ભટ્ટને નહીં વાંચ્યા હોય! હું પણ તેમાંનો એક. બાળપણ તથા કિશોરાવસ્થામાં ભટ્ટસાહેબે રજૂ કરેલી જૂલે વર્નની કથાઓએ જબરું ઘેલું લગાડ્યું હતું. તેમના સાગરસમ્રાટ, પાતાળપ્રવેશ, સાહસિકોની સૃષ્ટિ, એંસી દિવસમાં પૃથ્વી-પ્રદક્ષિણા, ગગનરાજ વગેરે પુસ્તકો મેં ફરીફરીને વાંચ્યાં હતાં.

એક રીતે જૂલે વર્ન મારા મન પર સવાર થઈ ગયા હતા. હું હંમેશા જૂલે વર્નને શોધતો રહેતો, પણ ગુજરાતીમાં જૂલે વર્નનાં પાંચેક પુસ્તકો આવ્યાં તે આવ્યાં. પછી કોઈ નવાં પુસ્તકો આવ્યાં નહીં.

મારી જૂલે વર્નની શોધ ચાલુ રહી અને તે લગભગ પચાસ વર્ષ ચાલી. જૂલે વર્નનાં મૂળ અંગ્રેજી પુસ્તકો હું મેળવતો રહ્યો, ભેગાં કરતો રહ્યો. તેના સાહિત્યિક જીવન વિષેની માહિતી પણ મેં જમા કરવા માંડી.

આપણે ત્યાં જૂલે વર્નની પાંચેક નવલકથાઓ જ આવી, પણ તેમની કુલ રચનાઓ સો જેટલી ખરી જ. આપણને તો ફ્રેન્ચ ભાષામાંથી અંગ્રેજી થયેલી કૃતિઓ જ મળે.

એક વખત મારા મોટાભાઈ ફ્રાન્સ ગયા ત્યારે ત્યાંથી મારે માટે જૂલે વર્નનું એક ફ્રેન્ચ પુસ્તક લાવ્યા હતા, જે કદી હું વાંચી શક્યો ન હતો. ઉપરાંત એ પુસ્તક અગાઉ ગુજરાતીમાં આવી ગયેલું જ હતું: ટ્વેન્ટી થાઉઝન્ડ લીગ્સ અન્ડર ધ સી.

મારે વર્નનાં ગુજરાતીમાં આ અગાઉ 'ન આવેલાં' પુસ્તકો મેળવવા હતાં. માત્ર માહિતી મળે તે ન ચાલે, મારે માટે એ પુસ્તક જ જોઈએ.

મારી અડધી સદીની કારકિર્દી દરમિયાન એવાં ત્રીસેક પુસ્તકો હું મેળવી શક્યો. ફરીફરીને વાંચતો રહ્યો.

મારું એક સ્વપ્ન હતું કે કદીક હું નિવૃત્ત થઈશ તો જૂલે વર્નનાં બને તેટલાં પુસ્તકો ગુજરાતીમાં ઉતારીશ. ૧૯૯૮ના જુલાઈ મહિનામાં મારે હૉસ્પિટલમાં દાખલ થવું પડ્યું. એ દિવસોમાં જૂલે વર્ન મારાં રાત-દિવસના સાથી રહ્યા. એ સાથે જ, જે નિવૃત્તિની ઝંખના હતી તે મળી ગઈ. મારી ૭૨ વર્ષની વયે. હું સ્વેચ્છાએ નિવૃત્ત થઈ ગયો. ગુજરાત સમાચારની આંતરરાષ્ટ્રીય (અમેરિકન) આવૃત્તિ, 'ઝગમગ'નું સંપાદન, કેટલીક કોલમો બધું જ મેં છોડી દીધું. ઘરે બેસી જે સ્વપ્ન મેં આજીવન સંચિત કરી રાખ્યું હતું, તે જ સાર્થક કરવાનું કામ હાથ ધર્યું.

તેમાંનું પહેલું પુસ્તક તે આ ‘કાળા સૂરજના રહેવાસી.’ મારી પાસેનાં ત્રીસ જેટલાં વર્ન-પુસ્તકોમાંથી મેં એને પ્રાધાન્ય આપ્યું, કારણ કે મેં એને ફરીફરીને વાંચ્યું હતું અને મારી એ પુસ્તક સાથે દોસ્તી થઈ ગઈ હતી.

મારા અગ્રેસર મૂળશંકર ભટ્ટે જૂલે વર્નનાં પુસ્તકો સીધેસીધા ઉતાર્યા ન હતા. તેમણે પોતાની સૂઝ સાથે, ગુજરાતી (ખાસ કરીને બાળકિશોર) વાચકોને પચે, તેમને સરળ પડે તે રીતે ઉદ્દ્ધૃત કર્યા હતા. મૂળ પુસ્તકમાંથી કેટલાક વર્ણનાત્મક પ્રકરણો તેમણે જતાં કર્યાં હતાં. તેમણે વાર્તાને જ મહત્ત્વ આપ્યું હતું. એ સારું જ હતું. તેમની મૌલિક સંપાદન હથોટીને લઈને એ પુસ્તકો ઘણાં લોકપ્રિય થયા. જૂલે વર્નને ગુજરાતીમાં ખ્યાતિ મળી એ વાર્તાઓની આવૃત્તિઓ પર આવૃત્તિઓ થતી રહી.

પણ ૧૯૩૭-૪૭ના વાચકો અને ૧૯૮૭-૯૭ના વાચકોમાં ઘણો ફેર છે. આજનો વાચક દરેક રીતે સજ્જ અને સમૃદ્ધ છે. અમેરિકા, ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ સાથેના સંબંધને લઈને તે પશ્ચિમાત્ય વાતાવરણથી પરિચિત છે. ક્રિકેટ, ટેનિસ જેવી રમતો તથા વિદેશી ફિલ્મોને લઈને તેને હવે અંગ્રેજી નામો તથા વાતાવરણ અટપટા નથી લાગતાં. અભ્યાસમાં અંગ્રેજી માધ્યમ ગુજરાતીની સ્પર્ધામાં છે.

આજના વાચકને કંઈ પણ પચ્ય કે પથ્ય રૂપે આપવાની જરૂર નથી. મૂળ રચના તે, જેને તે સ્વરૂપે માણી શકે છે. કદાચ મૂળ રચનામાં વધુ કલાતત્ત્વો, વધુ સાહિત્ય સામગ્રી સામેલ હોય છે. તેની સાથે છેડછાડ કરતાં આપણે ઘણી મોજ ગુમાવી બેસીએ છીએ. એ સાહિત્યિક કૃતિ જેમ છે તેમ વાંચવાનો આસ્વાદ જ અનેરો છે.

બંગાળીમાંથી જે રીતે આપણે ત્યાં એક જમાનામાં શ્રેષ્ઠ બંગાળી સાહિત્ય આવ્યું, મરાઠીમાંથી શ્રી ગોપાળરાય વિદ્વાંસે જે રીતે આપણને વિ. સ. ખાંડેકર આપ્યા, એ જ રીતે મેં ‘બ્લૅક ડાયમન્ડ્ઝ’ નવલકથા તૈયાર કરી છે. રવીન્દ્રનાથ ટાગોર, શરદબાબુ, ખાંડેકર, પ્રેમચંદજીને આપણે બધાં તેઓ ગુજરાતી લેખકો હોય તેમ જ સ્વીકાર્યા છે. હું જૂલે વર્નને પણ એવી જ રીતે રજૂ કરવા માગું છું. ખાંડેકર અને ર. વ. દેસાઈ એક જમાનામાં સાથે સાથે ચાલતા. વાચકોને તેમનાં નવાં પુસ્તકની ઉત્સુકતા રહેતી. એ સર્જકો પણ એવા હતા કે નવા કથાનક દ્વારા તેમના રસોત્સુકોને તૃપ્ત કરી દેતા. જૂલે વર્ન ભલે ૧૯મી સદીમાં થઈ ગયો, પણ એકવીસમી સદીનો લેખક હજી આજે પણ તે જ બની શકે છે, બને છે, છે જ. એની વાર્તાઓ ૧૯મી સદીની કલમે ૨૧મી સદી માટે લખાયેલી વિજ્ઞાનસભર વાસ્તવિક સ્વપ્નકથાઓ છે. વાચક એક સાથે ત્રણ સદીનો આનંદપ્રવાસ ખેડે છે, થ્રી-ડાઈમેન્સન હલક માણે છે.

મને તો આશ્ચર્ય એ વાતનું થાય છે કે મૂ. મો. ભટ્ટ પછી ૫૦-૫૦ વર્ષ સુધી કેમ કોઈ સંસ્થાએ કે સર્જકે આ કામ હાથ ધર્યું નહીં, આગળ

વધાર્યું નહીં!

એનું એક કારણ મને લાગે છે, મૂળ પુસ્તકો મળવાની મુશ્કેલી તથા સાધના, તપશ્ચર્યા અને નિરાંતની ખેંચ. જૂલે વર્ન સાથે ઉતાવળે કંઈ પણ કામ થઈ શકે તેમ નથી. એમાં દોડાદોડી ન ચાલે. તપ કરતાં ઋષિ-મુનિની જેમ સમય બહારની બેઠક લગાવવી પડે. રોજિંદી જરૂરિયાતની જેમ, રોજિંદાં કામની જેમ, દોડતી કલમ એમાં ન ચાલે. એમાં ખૂબ ઠરેલ, શાંત, સજ્જ અને નિશ્ચિંત બનવું પડે. લખાતું જાય, કમ્પોઝ થતું જાય, ચોપડી બહાર પડતી જાય, એવી દોડતા સમયની ઝડપ તો એમાં ન જ ચાલે. ગાડી ઊપડી જતી હોય તો ભલે ઊપડી જાય! આ કામ આ જ રીતે પૂર્ણ શાંતિ શ્રદ્ધા નિપૂણતાથી થવું જોઈએ, એ જ પહેલી શરત. જૂલે વર્ન ચાર્ટર ટ્રેઈન કે ચાર્ટર પ્લેનનો અધિકારી છે. (એની પોતાની ચાર્ટર 'યાટ' તો હતી જ.)

બીજું પચાસ વર્ષમાં આપણે ત્યાં મૂ. મો. ભટ્ટ જેવા સાધકો પણ આવ્યા નહીં કે થયા નહીં. અમારા બાળકિશોર સાહિત્યની તો એ દશા છે કે છેલ્લી ત્રીસેક વર્ષની અવધિમાં કોઈ નવી સ્થિર સ્ટેડી ઉત્સાહી કલમ આવી નથી. જે કાંઈ આવ્યા તે મોટે ભાગે હિન્દી પરથી સાહિત્ય લાવનારા આવ્યા. નવા બાળસાહિત્યકારોની વૃત્તિ ઇન્સ્ટન્ટ આંબા પકવીને કેરીનો રસ ઝાપટવાની રહેતી. મોટા ભાગના જે કાંઈ નજર સમક્ષ મળે તે સાહિત્ય પર જ હાથ અજમાવી ઝડપી નામ પ્રાપ્ત કરવાની ઝંખનાવાળા આવ્યા. અગાઉ લખેલું ઘણું ફરી લખાયા કર્યું, એ જ ચાલ્યું, નવું લાવવાની ધગશ કે હોંશવાળા ઘણાં ઓછા, કોઈક 'કે કોઈ નહીં' આવ્યા. એમાં વળી જૂલે વર્ન કોણ? તેને વળી કોણ યાદ કરે? બાળસાહિત્યને આજે પણ ૫૦-૬૦-૭૦ના દાયકામાં વેગવંતું રાખનાર દાદા-લેખકો જ ચેતનવંતું રાખી રહ્યા છે.

હું આ દાવા સાથે એટલા માટે કહી શકું છું કે ૧૯૫૪થી ૧૯૬૯ સુધી હું 'ઝગમગ' સાથે જોડાયેલો રહ્યો. ૧૯૭૦થી ૧૯૮૧ સુધી 'બાલસંદેશ' સંભાળ્યું. ૧૯૮૨થી ૧૯૯૮ સુધી ફરીથી 'ઝગમગ' સાથે જોડાયો. જેમાં 'ઝગમગ' બેથી ત્રણ વાર બંધ પડ્યું, ચાલું થયું અને 'રમકડું' સાથે તો હું ૧૯૮૫ સુધી સતત પાંત્રીસ વર્ષ સંકળાયેલો રહ્યો, પણ છેલ્લાં ત્રીસેક વર્ષમાં બાળસાહિત્યની જે ખેંચ પડી છે તે અસહ્ય હતી! સામયિકને પૂરતી મેટર જ ન મળે. કાંઈ નવું લખનાર આવે જ નહીં. જે સંપાદક એ સાપ્તાહિક તૈયાર કરે, તેને જ આખું પૂરું કરવું પડે. 'મટીરિયલ' પૂરું પાડવાથી પણ કોઈ રસપૂર્વકનું સાહિત્ય તૈયાર ન કરી શકે.

આ દિવસોમાં હું પણ કમ્પોઝ ખાતામાં કે એડીટિંગ ટેબલ પર બેસીને લખનાર લેખક બની રહ્યો. જેમાં જૂલે વર્નને સ્થાન ન હતું. કેમ કે જૂલે વર્ન સાથે, ફરીથી કહું છું, કોઈ જ ઉતાવળ ન ચાલે.

પણ આજે જ્યારે સંપૂર્ણપણે નિવૃત્ત થયો છું ત્યારે મારા સપનાંઓ સાર્થક કરવાનું કામ હાથમાં લઉં છું. લાઈફ બીગીન્સ એટ સેવન્ટી ટુ, લાઈફ બીગીન્સ વીથ જૂલે વર્ન.

'કાળા સૂરજના રહેવાસી' નવલકથા જૂલે વર્ન જો ગુજરાતીમાં લખે તો કેવી લખે, એ રીતે મેં તૈયાર કરી છે. ગુજરાતી વાચક જૂલે વર્નને મૂળ સ્વરૂપમાં, એ રચના જેવી છે તેવી હૂબહૂ વાંચી શકે, એ પદ્ધતિ મેં અપનાવી છે.

માનનીયશ્રી મૂળશંકર મો. ભટ્ટની જેમ હું પણ મૂળ કૃતિનું રૂપાંતર કરી શકું, ઉદ્‌ધૃત કરી શકું, સંક્ષિપ્તમાં તેને રજૂ કરી શકું. એ કાર્ય બીજી ભાષામાંથી જ્યારે હું કેટલીક કૃતિઓ લાવ્યો છું, ત્યારે કર્યું જ છે. પણ જૂલે વર્નને શબ્દશ: કે તેથી વિશેષ રૂપે ગુજરાતીમાં મૂકવાની મારી હોંશ છે. ભાષાંતરથી એ કંઈક વધુ છે, અનુવાદથી ચઢિયાતું કામ છે. મૂળ કૃતિ અને ગુજરાતીમાં તૈયાર થતી રચના, બન્નેનો એકસરખો વર્નીય આસ્વાદ યા આહ્‌લાદ એમાંથી પ્રાપ્ત થાય, એ મારો અંતરનાં ઊંડાણનો પ્રયાસ રહ્યો છે. એમાં કદીક મૌલિકત્વની જરૂર પડે અને ક્યારેક વળી મૂળ વાક્યાવલિ તેમ ને તેમ જ રાખવી પડે. બન્ને ભાષા પર એકસરખા તાલ (રીધમ) સાથે તૈયાર થયેલી રચના કેવી હોઈ શકે, તેવી આ કૃતિ છે.

જૂલે વર્નની આ તથા તમામેતમામ નવલકથાઓ વિશ્વનવલ છે. એની કથાવસ્તુ સમગ્ર વિશ્વને લાગુ પડતી કથાવસ્તુ છે. કોઈ એક દેશ કે પ્રાંત અને ભાષાની અહીં વાત જ નથી. સરેરાશ નવલકથાઓની જેમ કોઈ પણ જ્ઞાતિ, જાતિ સાથે અહીં લેવાદેવા નથી. વર્નનાં પાત્રો વિશ્વ-નાગરિક છે. વાર્તા ભૂમંડળના ગમે તે ભૂ-ભાગમાંથી શરૂ થતી હશે, પણ એ વાર્તા પૃથ્વી પર અસ્તિત્વ ધરાવતા કોઈ પણ નાગરિકની હશે. ૧૯મી સદીમાં પણ વર્નનો ભૂગોલિય અભ્યાસ એટલો ઊંડો રહ્યો છે કે એણે દરેક દેશના દેશવાસીઓનો માહિતીસભર અભ્યાસ કર્યો છે. 'એંસી દિવસમાં પૃથ્વી પ્રદક્ષિણા'માં જ્યારે વાર્તા ભારતમાંથી પસાર થાય છે ત્યારે ભારતનું, ભારતના લોકોનું, ભારતીય રીતરિવાજો, ભારતીય માન્યતાઓનું તેણે જે વર્ણન કર્યું છે તે વાંચવા જેવું છે. ત્યારની ભારતની 'સતીપ્રથા'ને જ વાર્તાનું મુખ્ય માધ્યમ બનાવી, એ ભાગને કેન્દ્રીય મહત્ત્વ આપી દીધું છે. વાર્તાનો મુખ્ય નાયક સુંદરતમ નવતરુણીને સતી થતી બચાવે છે, સાહસ ખેડી સાથે લઈ જાય છે, અંતમાં તેની સાથે લગ્ન કરે છે. આટલી વાત તે જમાનામાં કેટલી નવીનતમ હશે એનો ખ્યાલ કરવા માટે જરૂરી છે. આજે કોઈ પશ્ચિમાત્ય હીરો ભારતીય કન્યાને પરણે એ વાત સ્વાભાવિક બની છે. પણ એનો પ્રથમ ખ્યાલ આપનાર પ્રણેતા તો કદાચ જૂલે વર્ન જ છે.

આજનો માનવી સાચા અર્થમાં વિશ્વ-નાગરિક છે. વિશ્વ આજે એક નગર બની ગયું છે. આજનો ગમે ત્યાંનો માણસ ગમે ત્યાં વિચરીવિહરી શકે છે, ત્યારે એ માણસને એટલે કે 'વિશ્વ-માણસ'ને કેન્દ્રમાં

રાખીને લખાયેલી નવલકથાઓ આપણાં સાહિત્યને પણ ઘણું માર્ગદર્શન પૂરું પાડી શકે છે, પાડશે.

વિજ્ઞાન, પ્રગતિ, માનવતા અને મૈત્રી એ કોઈ પણ સદીના વિકાસના મૂળ પાયા છે. વર્ને સાહસ, રહસ્ય, રોમાંચ વત્તા થોડીક સનસનાટી સાથે એ શુભતત્ત્વોને કલાત્મક રીતે ગૂંથીને ગજબની વાર્તાઓ ગૂંથી છે. ગઈ કાલે લખાયેલી એ વાર્તાઓ આજની છે, આવતી કાલની છે. ૧૯મી સદીની છે, વીસમી સદીની છે, એકવીસમી સદીની તો છે જ છે.

જૂલે વર્ન સાથેની મારી શબ્દના માધ્યમ સાથેની દોસ્તીની સાથે મૂ. મો. ભટ્ટની સાથેની દોસ્તીની વાત પણ અહીં કરી દઉં.

દક્ષિણામૂર્તિના એ વાર્તાકારો ગિજુભાઈ તથા મૂળશંકરભાઈની જેમ હું પણ વાર્તા કહેનારો લેખક રહ્યો છું. બલકે લખવા કરતાં કહીને વધુ સારી રીતે જીવી શક્યો છું. મારી ચાર દીકરીઓ જોલી, ડોલી, ભોલી, ફોલી તથા તેમની માતા લક્ષ્મીબહેન સાથેનાં સહકુટુંબ વાર્તામય જીવનની વાત હવે જાણીતી છે. પણ એની શરૂઆત કદાચ મારા બાળપણથી થઈ હતી. હું સાર્વજનિક શાળા, સૂરતમાં બીજા ધોરણમાં ભણતો હતો ત્યારે મેં ગિજુભાઈને પ્રત્યક્ષ સાંભળ્યા હતા (૧૯૩૬). હું ત્યારે દશ-અગિયાર વર્ષનો બાળક હોઈશ, પણ મારા મન પર એ કથાકથને એટલી જબ્બર પકડ જમાવી હતી કે ગિજુભાઈએ કહેલી એ વાર્તાઓ મેં એ જ રીતે જિંદગીભર કહી છે, હજ્જારો વાર કહી છે.

મૂળશંકર મો. ભટ્ટની પ્રત્યક્ષ મુલાકાત વઢવાણના વનિતાશ્રમની ૭૫મી વાર્ષિક ઉજવણી વખતે થઈ. ત્યારે કડક સંચાલક નિરીક્ષક બહેન શ્રી અરુણાબહેન દેસાઈ દ્વારા બે દિવસનો કાર્યક્રમ યોજાયો હતો (૧૯૮૨). આગલે દિવસે આખો દિવસ (રિપીટ આખો દિવસ) પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તથા શિક્ષકો-વાલીઓ માટે મેં વાર્તાઓ કહી, On Behalf of Gijubhai. તાત્પર્ય કે ગિજુભાઈ વતી મેં એ ગિજુભાઈ કર્તવ્ય પાર પાડ્યું હતું અને બીજે દિવસે શ્રી મૂળશંકર મો. ભટ્ટે એ જ રીતે વાર્તાકથન રજૂ કર્યું હતું. મૂળશંકર મો. ભટ્ટનું વાર્તાકથન કિશોરપ્રધાન હતું. મને ત્યારે બે દિવસ મૂ. મો. ભટ્ટસાહેબ સાથે રહેવા-માણવાનું મળ્યું. ઘણી વાતો થઈ. મોટા ભાગની વાતો જૂલે વર્ન વિષે થઈ. મને જૂલે વર્નનો આગળ ઉપરનો વારસો આપવામાં એ બે દિવસનો ફાળો મહત્ત્વનો છે. આપણા લોકપ્રિય લેખક શ્રી દિલીપ રાણપુરા અમારા આ દ્વિ-કથાકથનના સાક્ષી છે અને તેઓ વિવિધ રીતે એ કથા-ઉત્સવને વર્ણવતા રહે છે.

મેં ત્યારે શ્રી મૂળશંકરભાઈનો એક વિસ્તૃત 'ઇન્ટરવ્યૂ' પણ તૈયાર કર્યો હતો. ત્યારે તેમણે જૂલે વર્નના સંદર્ભમાં ચીંધ્યું હતું કે, 'આ કામ આગળ ઉપર કરવા જેવું અને ચાલુ રાખવા જેવું છે.' મેં મારી કેટલીક

સીમાઓને લઈને તેમને વચન આપ્યું ન હતું, પણ પચાસ વર્ષ બાદ એ કામને આજે આગળ વધારું છું, ભટ્ટસાહેબ! તમારા આશીર્વાદ અપેક્ષિત છે, માનીને!

હું મારો લખતો જમણો હાથ તો કદાચ મારી જુવાનીમાં જ ગુમાવી બેઠો હતો. ૧૯૪૩ થી ૧૯૬૦ ૧૭ વર્ષ સુધી હું ટેલિગ્રાફિસ્ટ રહ્યો છું – સંદેશવાહક. જોકે જૂની પદ્ધતિના મોર્સ-કી ઉપરના વધુ પડતા સિગ્નલિંગમાં જ મારો હાથ ધ્રૂજવા લાગ્યો હતો. અંગૂઠો આંગળાઓથી જુદી જ રીતે ધ્રૂજે. અંગૂઠાની ગ્રીપ પણ ધ્રુજારીપૂર્ણ ખરી જ. તેમ છતાં શબ્દો સાથેની આ જિંદગીમાં એવી મઝા પડી કે મેં એની પરવા જ કરી નહીં. મને વાર્તા કહેતો કરવામાં આ ક્ષતિની શુભેચ્છાનો પણ મોટો ફાળો ખરો જ. આજે બોત્તેર વર્ષે જમણો હાથ વધુ ધ્રૂજે છે, સાથે ડાબો હાથ તેને રીધમ આપે છે, પણ જૂલે વર્નનું આકર્ષણ જ એટલું બધું છે કે આ કામ હું કરવા જ માગું છું. સમય સાથેની આજે તો મારી આ દોડ છે. કેટલું કરી શકીશ તેની ખબર નથી. પણ જીવીશ ત્યાં સુધી કરીશ તો આ જ કામ કરીશ, એવી ઝંખના છે.

મારી ઇચ્છા છે કે ગિજુભાઈ, હરિપ્રસાદ વ્યાસ, જીવરામ જોષી, રમણલાલ સોની તથા મારી જેમ જૂલે વર્નને પણ ગુજરાતી બાળકિશોર તરુણ વાચકો ગુજરાતી જ માને, ગુજરાતી લેખકની જેમ જ તેને અપનાવે, વાંચે, માણે.

**– હરીશ નાયક**

‘ફોલી હાઉસ’,
૩૫, વૃંદાવન કોલોની,
વિકાસગૃહ માર્ગ,
અમદાવાદ ૩૮૦ ૦૦૭

# અનુક્રમણિકા


૧ વિરોધાભાસી પત્રો

૨ માર્ગ મધ્યેના મુલાકાતીઓ

૩ ખરેખરો ખાણિયો નામે હેરી ફોર્ડ

૪ નિસ્તબ્ધ સન્નાટાનો સળવળાટ

૫ અનોખું અલબેલું ફોર્ડકુટુંબ

૬ ભૂગર્ભના ભેદભરમ

૭ જોખમી પ્રયોગ: જોખમી નૃત્ય

૮ ખૂલ જા સિમસિમ

૯ કરાળ કાળકૂપની કપરી કેદ

૧૦ અદ્દ્ભુત અગનપરી

૧૧ જીવતાં મરેલાં કે મરેલાં જીવતાં?

૧૨ અજબ-ગજબનું કોયલાનગર

૧૩ સિસોટી મારતાં સપનાંઓ!

૧૪ દોરડે લટકી જિંદગી

૧૫ નેલનું કુટીરજીવન

૧૬ આપણે અગાઉ મળ્યા છીએ!

૧૭ ઈર્ષાથી પરની મૈત્રી

૧૮ પહેલો સૂર્યોદય

૧૯ નૃત્યસંગીતના સાથીદાર

૨૦ ઘટનાની આગાહી કે આગાહીની ઘટના?

૨૧ આ સિલફેક્સ વળી કોણ?

૨૨ શું પાછું જવું પડશે નેલને?

૨૩ નેલનાં લગ્ન! કેવાં લગ્ન!

૨૪ ચિરંતન યૌવનની ચિરંજીવી કથા!

# વિરોધાભાસી પત્રો

***પ્રતિ,***

***શ્રીમાન જે. આર. સ્ટાર, ઇજનેર,***

***૩૦, કેનનગેઈટ, એડિનબર્ગ.***

*શ્રીમાન સ્ટાર જો એબરફોઇલની કોલસાની ખાણમાં આવી શકે, તો તેમને તેમના રસની ખાસ વાતો જાણવા મળી રહેશે, જે ખરેખર અલભ્ય અને અલૌકિક પણ હશે જ.*

*ખાણની ડોકાર્ટ-પીટ માંહેની યેરો શૅફ્ટ જગા તેમનું કુતૂહલ શાંત કરશે કે ઉત્તેજિત કરશે, એ તો મુલાકાત જ જણાવશે.*

*શ્રીમાન સ્ટાર માટે કેલેન્ડર સ્ટેશને હેરી ફોર્ડ આખો દિવસ રાહ જોશે. હેરી ફોર્ડ પ્રસિદ્ધ ખાણિયા ઓવરમેન સાઇમન ફોર્ડના પુત્ર છે.*

*શ્રીમાન સ્ટારને આ આમંત્રણ અત્યંત ગુપ્ત રાખવાની વિનંતી કરવામાં આવે છે – તાકિદભરી વિનંતી.*

* * *

ત્રીજી ડિસેમ્બર ૧૮....ના રોજ જેમ્સ સ્ટારને આ પત્ર સવારની પહેલી ટપાલમાં મળ્યો. ટપાલની છાપ સ્કોટલૅન્ડ, સ્ટર્લિંગશાયર, એબરફોઇલની હતી.

ઇજનેર જેમ્સ સ્ટારનું કુતૂહલ ખરેખર ઉત્તેજના અનુભવી રહ્યું. આવો પત્ર બનાવટી હોઈ શકે એવી તેમને કોઈ શંકા જ ગઈ નહીં; કેમ કે એબરફોઇલ ખાણના જૂનામાં જૂના ખાણિયા ઓવરમેન સાયમન ફોર્ડને તેઓ સારી રીતે ઓળખતા હતા. સાયમન સાથે તેમણે પૂરાં વીસ વર્ષ કામ કર્યું હતું. એબરફોઇલ ખાણના તેઓ નિરીક્ષક અને મૅનેજર હતા. ખાણની ઊંડામાં ઊંડી ટનલોમાંથી કોલસો મેળવવાનું કામ તેમનું હતું. એ કોલસાની પ્રકૃતિ-પ્રવૃત્તિને વિકસાવવાની ફરજ તેમની હતી, પણ એ કામમાં તેમને સાયમન ફોર્ડ દ્વારા જે મદદ મળતી તે અદ્વિતિય બની રહેતી. ઇજનેર તેઓ હતા, પણ અનુભવનું જ્ઞાન સાયમન પાસે હતું.

સિસમિયા કોલસા જેવા જ મજબૂત બાંધાના જેમ્સ સ્ટાર કદાવર પણ ઠરેલ માનવી હતા. તેમને 'કોલસાના ચિંતક' કે 'કોલસાની ખાણના ઉપદેશક' અચૂકપણે કહી શકાય. શોધ-સંશોધન, શ્રમ અને સાહસમાં જિંદગી પસાર થઈ હતી. એથી પંચાવન વર્ષની ઉંમરે પણ તેઓ ચાળીસના જ નવજુવાન લાગતા. ઉચ્ચ એડિનબર્ગ કુટુંબના તેઓ અગ્રિમ સભ્ય હતા.

ધરતીના પેટાળ પાસે જે કોલસો છે, તે એક દિવસ સમસ્ત પૃથ્વી પર છવાઈ જશે, એની તેમને ખાતરી હતી. હર પ્રકારની ઊર્જા માટે ઉપયોગી થનાર એ કાળા સુષુપ્ત અગ્નિનું તેમને એટલું આકર્ષણ રહ્યું કે ઉપરની ધોળી દૂધિયા દુનિયા ભૂલીને તેઓ કાળી મેશ જેવી આ ભમ્મરિયા ભૂમિમાં ભૂમરી ખાવા કૂદી પડ્યા. તેમણે દાયકાઓની પરિશ્રમી માથાફોડ બાદ, આ કાળા કઠણ કાળમીંઢ કોલસા પાસે એવી તો માહિતી મેળવી કે તેઓ ઇજનેરોના પણ માર્ગદર્શક બની ગયા. કોલસા-ઇજનેરના ઝૂંડ કંઈક નવું શીખવા સદાય તેમની ફરતે ઘેરાયેલા રહેતા. પૃથ્વીના તળભૂમિના બીજા તબક્કાના તળિયામાં કાર્બોનીફેરસ પ્રકારનો કોલસાનો વિપુલ થર છે, એની પ્રગટપણે વાત કરનાર તેઓ પહેલા કોલસિયા હતા, જે કોઈ દેશ પૃથ્વીના પેટાળનું આ સામ્રાજ્ય હાંસલ કરશે, તે પૃથ્વી ઉપરનું સામ્રાજ્ય પણ સ્થાપિત કરશે જ, એવી તેમની અણમોલ આગાહી હતી.

કોલસાની ખાણની આ છૂપી અંધારી દુનિયા ખોવાઈ જવાની દુનિયા હતી. એમાં ખોવાઈ જનારનો પત્તો પણ ભાગ્યે જ મળી શકે. કંઈક ખાણિયા ખોવાયા જ હશે અને કોલસા ભેગું તેમનુંય કોલસામાં રૂપાંતર થઈ ગયું હશે. ઇજનેર જેમ્સ સ્ટાર વર્ષોનાં વર્ષો સુધી એબરફોઇલની આ કાળી કમકમતી દુનિયામાં ખોવાઈ ગયા હતા, પણ જેમ જેમ તેઓ વધુ ખોવાતા ગયા તેમ તેમ તેમણે કોલસા વિષેની વધુ ને વધુ માહિતી દુનિયાને આપવા માંડી. કોલસાના આકાર, પ્રકાર, તેની ઘનતા, તેનું દૃઢત્વ, તેની ઊર્જાશક્તિ, તેની આયુમર્યાદા, તેની રાસાયણિક ઉપયોગિતા, તેના બળતણ પછીના ઉપયોગ, જેવી નિષ્ણાત વિગતો ઉપરની સપાટીએ પહોંચીને ન્યાલ થઈ જતી. ક્યારેક લાંબા સમય માટે ઇજનેર જેમ્સ સ્ટાર એ કાળા વિકરાળ પોલાણમાં અદૃશ્ય થઈ જતાં. લોકોને શંકાય જતી કે હવે. જરૂર ઇજનેર ગયા જ, પણ જાણકારો ભારપૂર્વક જાહેર કરતાં કે જેમ્સસાહેબ પ્રગટ થઈને જ રહેશે. અને ત્યારે કોઈક નવી શોધ કે નવી ઊર્જાશક્તિ દુનિયાને જરૂર મળી રહેશે.

એલોઆથી માંડીને સ્ટર્લિંગશાયર હેઠળની અસીમ સીમાની ભૂતળસૃષ્ટિના જેમ્સ સ્ટાર કદાચ રાજા હતા. કહેનાર તેમને કાળી દુનિયાના સફેદ રાજા કહેતા.

રાજા જ હતા જેમ્સ સ્ટાર આ કાળી અટપટી અવનિના, પણ તેઓ મોજમસ્તીના રાજા હતા, નિર્ભયતા અને સાહસના રાજા હતા, અથાક પરિશ્રમ અને પડકારના રાજા હતા. બાકી ખાણિયાઓ સાથેનાં યંત્રો સાથે તેમના પોતાના હાથ અને દિમાગ સંમિલિત થઈ જતાં ત્યારે આ બધામાં યંત્રો કોણ, ખાણિયા કોણ, ઇજનેર કોણ એ તારવવુંય મુશ્કેલ થઈ પડતું.

જેમ જેમ તેમની નીચેની કામગીરી ઉપર આવતી ગઈ તેમ તેમ તેમની ખ્યાતિ વધતી ગઈ. તેમને કોલસા-વિજ્ઞાનના સ્કોટલૅન્ડ સ્થિત

વિશ્વસંઘના પ્રમુખ નિયુક્ત કરવામાં આવ્યા. એ સંઘની તેમને એક જ વિનંતી હતી: 'મિસ્ટર જેમ્સ, અમને આ કઠણ કાળભૂમિના કેન્દ્રસ્થાન સુધી પહોંચાડો અને એટલો કોલસો મેળવી આપો કે જે કદી ખૂટે નહીં, કદી ખૂટે નહીં. વિકસતી માનવજાતિને તે સેંકડો, હજારો, લાખો વર્ષ સુધી આગેકદમ તથા કૂચકદમ બક્ષી રહે.'

બ્રિટનની રોયલ ઇન્સ્ટીટ્યૂટના તેઓ અગ્રિમ સલાહકાર બનવા સાથે જ શાહી કુટુંબ તથા સિંહાસનને વખતોવખત પ્રગતિની માહિતી આપવાનું ગુપ્ત કાર્ય તેમને સોંપાયું.

કોલસો દુનિયાને ધમધમતી બનાવવા લાગ્યો તો કોલસા અંગેના કોઈક અગત્યનાં સામયિકો બહાર પડવા લાગ્યાં. અમુક દૈનિકો તો કોલસા-સમાચાર કે કોલસા-પ્રગતિની નિયમિત કોલમો પ્રગટ કરવા લાગ્યા. 'એડિનબર્ગ રિવ્યૂ' એવું એક અગ્રણી દૈનિક હતું, જેની સાથે જેમ્સ સ્ટાર સંકળાયેલા હતા. દૈનિકો જે વ્યંગચિત્ર કે રંગચિત્ર પ્રગટ કરતાં તેમાં દેશની જ નહીં, દુનિયાની પ્રગતિનાં પ્રણેતા જેમ્સ સ્ટારને ચિતરવામાં આવતા. આગળ આગળ વિશાળ ધ્વજ લઈને જેમ્સ જતા અને પાછળ પાછળ તમામ માનવજાત અનુસરી રહી છે, તેવાં પ્રશસ્તિચિત્રો સામાન્ય બની રહ્યાં.

જેમ્સ સ્ટાર પૂરા તનમનથી કોલસા સાથે સંકળાયેલા રહેતા, પણ વખતોવખત ઉપર આવી જઈને સાંસ્કૃતિક જગતનો અપ્રતિમ આનંદ માણી લેતાં. નૃત્ય, ગીત, સંગીત, સાહિત્ય તેમના પ્રિય અને શોખના વિષય હતા. તેમણે કેટલાક કોલસાગીતો, કોલસાનાટક પ્રચલિત કરવાની સર્જકોને પ્રેરણા આપી હતી. સ્વાભાવિક છે કે કોલસાની જ્યોતની મશાલ જે હાથમાં ઝળહળતી રહેતી, એ હાથ જેમ્સ સ્ટારનો જ દેખા દેતો. કોલસા-મશાલનો એ ઝળહળાટ આખી દુનિયાને પ્રકાશવંત બનાવી દેતો. બ્રહ્માંડના કોઈક ખૂણેથી સૂરજ પણ એ મશાલને જોઈ રહેતો.

ઇંગ્લિશ પ્રજાએ સ્વાભાવિક રીતે જ કોલસાને લઈને સમગ્ર ઇંગ્લિશભૂમિનું નામ 'બ્લૅક-ઇન્ડીઝ' આપી દીધું હતું. એ નામ દ્વારા તેઓ ગૌરવ અનુભવતા હતા. ઇન્ડીઝ શબ્દ ઇન્ડસ્ટ્રી ઉપરથી કોઈન થયેલો મનાતો. કહેવાતું એવું કે આંગ્લ સામ્રાજ્યની જેટલી સમૃદ્ધિ ધરતીની સપાટીની ઉપર છે, એથી અનેકગણી સપાટીની નીચે છે.

લોકોને કોલસાની ખાણમાં હર પ્રકારનું કામ મળી રહેતું. એથી રોજીરોટી, સ્થિરતા અને સાહ્યબી મેળવવા લોકો કોલસા તરફ ધસી જતા. કોલસાની ખાણમાં કોઈ પણ પ્રકારનું કામ કરનાર મોભેદાર મનાતો, તેની તરફ સમાજ માનની નજરે જોતો.

રાત ને દિવસ, જી હા, રાત ને દિવસ કોલસાની આ ખાણનું કાર્ય ધગધગતું રહેતું અને ઉપરની દુનિયા કરતાં નીચેની દુનિયામાં કામ કરનારની

સંખ્યા વધુ રહેતી.

ભૂતળના એક થર પર ચોંટેલો કોલસો ખતમ થતાં તો તે પછીની બીજી સપાટી પર મારો શરૂ થઈ જતો. પાતાળી પથ્થરિયા પહાડો પર પથ્થરની જેમ જ સખત બનેલા ત્રીજા થરને પણ તોડી પાડવામાં આવતો, એમ જ્યાં સુધી માત્ર પહાડ અને પથ્થર જ રહે નહીં, ત્યાં સુધી કોલસા પર મારો ચલાવવામાં આવતો.

પોચો કોલસો, મધ્યમ કોલસો, બરડ કોલસો, પથ્થરિયા કોલસો, સિસમિયા કોલસો, અમીટ કોલસો... જેવા કોલસાના અનેક પ્રકારો બહાર આવતા ગયા. એ તમામ કોલસાને અનુરૂપ ઉપરની દુનિયા વિકાસ સાધતી ગઈ.

રેલગાડી ઉર્ફે ટ્રેઈન દોડવા લાગી. જહાજોનો કોલસાઈ વેગ વધ્યો, શુદ્ધ તથા મિશ્રિત ધાતુનાં કારખાનાં ધમધમવા લાગ્યાં, નાનામોટા યંત્રોને કોલસાએ ઊર્જા પૂરી પાડી, ઘરનાં સુખસાધનો પર પણ કોલસો છવાઈ ગયો.

જેટલી કોલસાની પ્રજાતિઓ હતી, એટલા જ એના પુનઃઉપયોગ હતા. બળીને ખતમ થઈ ગયેલા કોલસાની રાખના ઢગલા કોઈક નવું જ પરિમાણ તથા પરિણામ ઊભું કરતાં. અર્ધબળેલા કોલસાનો ફરીફરીને થતો ઉપયોગ અનોખો હતો. તે ઉપરાંત રંગ, રસાયણ, રસ્તાઓ, ડામરો, ઈંટોના ભઠ્ઠાઓ, પવનચકકી તથા બીજી ચકકીનાં તળમાં અને મૂળમાં પણ કોલસો જ ઊર્જાશક્તિ તથા કાર્યશક્તિ પૂરી પાડતો.

જે વિકરાળ તથા વિશાળ કાર્ય માનવી ન કરી શકતો તે કોલસો કરી શકતો. કોલસો રાક્ષસ મનાવા લાગ્યો હતો. પાતાળમાંથી આવતો હોવાથી તથા રાક્ષસી શક્તિ દ્વારા જ તે હાંસલ થતો હોવાથી જ કદાચ તેને દેવત્વ ન મળ્યું. તેની શક્તિને રાક્ષસી શક્તિનું જ બિરુદ મળી રહ્યું.

પણ માણસ કદાચ રાક્ષસનોય રાક્ષસ છે. તે રાક્ષસનેય ખાઈ જાય છે. એવું જ બન્યું. માણસ કોલસાને ખાઈ ગયો. ધરતીના પેટાળના તમામ કોલસાને ખાઈ ગયો. માતા ધરતીએ હજ્જારો હજ્જારો વર્ષોથી વિવિધ અટપટી પ્રક્રિયાઓ દ્વારા પેદા કરેલો, સંગ્રહોનો, સંચિત કરેલો કોલસો માણસ ખાઈ ગયો.

સરકારો દ્વારા, વિજ્ઞાપનો દ્વારા, સામયિકો અને સમાચારો દ્વારા તેને ચેતવણી આપવામાં આવી હતી: ‘કોલસો બચાવો, કોલસાનો ન્યાયપૂર્ણ તથા સમજૂતીભર્યો ઉપયોગ કરો, કોલસો વેડફો નહીં, કોલસાની અછત માનવજાતની અછત ઊભી કરી શકે છે, કોલસો નહીં રહે તો માણસ નહીં રહે.’ એવી ઠેરઠેર લાલબત્તીઓ ઊભી કરવામાં આવી. ભયની સાયરનો વગાડવામાં આવી.

પણ કોલસા પાછળ પડેલો માનવી કોલસાને ખતમ કરીને જ રહ્યો. માનવી જ્યારે કોઈ ચીજની પાછળ પડી જાય છે ત્યારે આવી જ બને છે.

આવું જ બન્યું કોલસાનું. માનવી કોલસાને માટે ધરતીના ઊંડાણ, વધુ ઊંડાણ, વધુ વધુ ઊંડાણ સુધી પહોંચતો ગયો. કોલસો ખતમ કરતો ગયો.

'કોલસાની અછત' શબ્દ જૂનો થઈ ગયો. 'કોલસાના દુષ્કાળ'ની જોખમગાથા શરૂ થઈ ગઈ. આગળ ઉપર 'કોલસા-પ્રલય'નો ભયસંકેત પણ દોહરાવવામાં આવ્યો.

કોલસાનો દુષ્કાળ ઘડીમાં આ પટમાં વરતાતો તો ઘડીમાં બીજા પેટાળમાં, કોલસાના દુષ્કાળથી કદીક આ ભૂગર્ભભૂમિ હચમચી જતી તો કદીક બીજી પાતાળભૂમિ ખાલીખમ્મ બની જતી.

કોલસાની ખાણોએ પૃથ્વીની પેટાળભૂમિમાં જે પ્રગતિ સાધી હતી એ પાતાળલોક બિહામણો બની ગયો. નીચેની નર્કભૂમિના કાળા ડરામણાં બોગદાઓ ડાચાં ફાડી ભય ફેલાવવા લાગ્યાં. કાળી ટનલો, બખોલો, ગુફાઓ, ટ્રોલીમાર્ગો, પુલો, વળાંકો, અંત વગરના ખાડાઓ ખાલીખમ્મ બનીને શૂન્યમનસ્ક બની ગયા. તેમના નામશેષ થયેલાં અવશેષો ઊનો ઊનો ખાલીપાભર્યો શાપ ફેંકવા લાગ્યા. પાતાળલોકને શાસ્ત્રોમાં નર્કની ઉપાધિ બક્ષવામાં આવી છે. માનવીએ પાતાળલોકને પહેલાં દેવલોકનું સ્થાન અર્પ્યું. પછી શાસ્ત્રોની વાત સાચી ઠેરવી બતાવી.

માનવીને અમી અને અમીરાત બક્ષતી કોલસાવિહીન એ ખાણોમાં હવે લોખંડની તથા લાકડાંની સીડીઓ હતી, પણ ચઢનાર-ઊતરનાર કોઈ ન હતું. માનવીને સિદ્ધિ અને સહેલ પૂરી પાડતી એ સીડીઓ હવે ક્યાંય જતી ન હતી. કોઈક તો વળી અધવચ્ચે જ અટકી જતી. એ જ રીતે કાળા પાતાળના પુલો, માર્ગો, ફાંટાઓ, પાટાઓ, ખાંચાઓ, દીવાઓ, વિશ્રામધામો શૂનકાર ફેલાવતાં હતાં. પૃથ્વીના પેટાળમાં જે અણમોલ ખજાનો છે, એ તમે લઈ લો, તો ત્યાર પછી શું બાકી રહે? તેનું દૃશ્ય આ આંધળા કૂવા જેવી કોલસાની ખાણો દાખવતી હતી. બહાર પ્રકાશ ફેલાવી એ ખાણો પોતે અંધારામાં ગરકાવ થઈ ગઈ હતી. એની નસોમાં હવે કોલસાના રક્તનું એક બિંદુ પણ બચ્યું ન હતું. આ ખાણોના જીવંત હોવાનો કોઈ પુરાવો બાકી રહ્યો ન હતો. પછી કોઈ અહીં રહીને શું કરે? ખેંચીખેંચી, ચૂસીચૂસી, ચાવીચાવી માતાના ધાવણને ખાલી ખોખું બનાવી દીધાં પછી પશુમાદાનું બચ્ચુંય ઊભું રહેતું નથી. જીવનદાતા ભૂમાતાને ખેંચી, ચૂસી, ચાવી ગયેલા માણસો વિદાય થઈ ગયા.

આ કથા જેમ બીજી ખાણની તેમ જ એબરફોઇલની પણ ખરી જ. દશ વર્ષ અગાઉ જ્યારે ખાણમાંથી રહેંટ-ટ્રોલી દ્વારા છેલ્લો કોલસો

ઉપર પહોંચ્યો ત્યારે સહુથી વધુ ચિંતિત ઇજનેર જેમ્સ સ્ટાર હતા. નિરાશ કે હતાશ તેઓ ન હતા. હજી નવી દુનિયા ઊભી કરવાની તેમની હોંશ અને ધગશ હતી, પણ અત્યારની પરિસ્થિતિ તો આ જ હતી. માતાના સુકાઈ ગયેલા અમૃતવિહીન આંચળ જેવી.

તેમનું કદાચ આ છેલ્લું સંબોધન હતું. ખાણમાં કામ કરનાર તમામ કારીગરો, પરિશ્રમવીરો, પડકારિયાઓ હાજર હતા. સંખ્યા હજ્જારોની હતી. જેમાં ઓવરમેન હતા, બ્રેકમેન વેસ્ટમેન પુટર્સ હતા, બરોમેન હડિયા સુથાર લુહાર હતા, અરે દરજીઓ પણ હતા, માથોડા વજન ઉપાડનાર કિશોરો તરુણો-યુવાનો હતા અને મહિલાઓ પણ હતી. અહીં જ કામ શરૂ કરી અહીં જ વૃદ્ધ થઈ જનારા વડીલો હતા.

આ છેલ્લો મિલન સમારંભ હતો, કહો કે વિદાય સમારંભ હતો. જે ખાણને તેમણે ચેતનવંતી બનાવી હતી એ જ ખાણ તેમના જ હાથે શૂન્ય બની હતી. ખાણપતિઓ, ઉદ્યોગપતિઓ, સરકારો નિષ્ઠુર ન હતી. આ ખાણનો નફો ખાણિયાઓમાં વહેંચવાનું નક્કી થયું હતું. એને ફંડ કહો, ભથ્થું કહો, બેકારીનો સહારો કહો, ઘડપણનો આસરો કહો, જે કહેવું હોય તે કહો. બસ, ખાણ તરફથી તેમને મળતી આ છેવટની રકમ હતી.

એ તમામેતમામ નિપૂણ નિષ્ણાત કારીગરોનો મોઢું વિકાસેલો પ્રશ્ન હતો: 'પણ હવે શું?'

એ ચિંતાપ્રશ્ન તેમનો પોતાનો હતો. નવી નોકરી શોધો, નવો વ્યવસાય અપનાવો, નવા કામનો પ્રારંભ કરો, નવી દુનિયા ઊભી કરો અથવા જે કરવું હોય તે કરો. તમને સમય અને સમય પૂરતું ધન આપવામાં આવ્યું છે. હવે પછીનો પ્રશ્ન તમારો છે.

ઇજનેર જેમ્સ સ્ટાર એ જ દરવાજા આગળ ઊભા હતા જ્યાં તેમની ઑફિસ હતી. જ્યાં તેઓ એ જ રીતે ઊભા રહી આગળ ઉપરની ઊંડી લીફ્ટમાં સવાર થઈ કારીગરો ઊંડા પાતાળમાં ઊતરી જતાં. ખુશખુશાલ કારીગરો માનવંતા ઇજનેર સામે જોઈ 'હલ્લો-હાય' કરતાં. પોલાદી મશલ્સવાળી પોલાદી મુક્કી ઉગામી વિશ્વાસ બક્ષતા કે, 'અમે ઘણું કામ કરીશું, ઘણો કોલસો કાઢીશું, નીચાણમાં ખૂંપી જઈ ઉપરના લોકોને સુખ, સહેલ અને સાહ્યબી પૂરી પાડીશું.' હાસ્ય, આશા, ખુશી, શ્રદ્ધા, ઉત્સાહ, ઉત્તેજના, પડકારનો એ અનેરો ઉત્સવ બની રહેતો.

ઇજનેર જેમ્સ સ્ટાર સાથે ઊભા હતા ડોકાર્ટ-પીટના ઓવરમેન સાયમન ફોર્ડ, ઉંમર-વર્ષ પંચાવન. સાથે હતા ફોરમેનો, ઓવરસિયરો, મૅનેજરો, બીટ-કારકુનો તથા બીજા અધિકારીઓ અને સુપરવાઈઝરો.

સંબોધન અગાઉ જેમ્સ સ્ટારે માથા પરથી હેટ ઉતારી. ખાણિયા શ્રોતાઓએ પણ તેમ જ કર્યું. અભૂતપૂર્વ શાંતિ હતી. સ્મશાનની શાંતિનું

નામ પણ આ શાંતિને આપી શકાય, પણ સ્મશાન શું છે? પૃથ્વી પરની જ એક જગા નથી શું કે જે અગાઉ પ્રાણદાતા પ્રવૃત્તિઓથી ધમધમતી હતી!

શાંતિ હતી. જેવી હતી તેવી, પણ તેમાં ભવ્યતા હતી. આટલો માનવમહેરામણ અને આવી અનહદ શાંતિ! હજ્જારો તેજગતિએ ધડકતાં હૃદયો, એવા જ ગતિવાન શ્વાસોચ્છ્‌વાસ અને આવી અપૂર્વ શાંતિ!

'મારા પરમપ્રિય પાવન મિત્રો!' ઇજનેરે ધીરગંભીર સ્વરૂપે પોતાનું પ્રવચન શરૂ કર્યું, 'આપણાં માટે વિદાયની ઘડી આવી પહોંચી છે. આ જ એબરફોઇલ ખાણ કે જે વર્ષોનાં વર્ષો સુધી હર પ્રકારની પ્રવૃત્તિથી ધમધમતી હતી, તે શાંત થઈ ગઈ છે. ખલાસ થઈ ગઈ છે, ખાલી થઈ ગઈ છે, ખતમ થઈ ગઈ છે. અમારી શોધ, અમારાં સંશોધનો, અમારા પ્રયાસો, અમારા પુનઃપ્રયાસો કામયાબ નથી નીવડી શક્યાં. ડોકાર્ટ-પીટનો આ છેલ્લો કોલસો છે, છેલ્લા પ્રાણ. એને તમે અવશેષરૂપે, યાદરૂપે તમારી પાસે રાખવા માગો કે એનું અહીં જ કોઈક સ્મારક બનાવો, એ તમારે નક્કી કરવાનું છે. એબરફોઇલનો પહેલો કોલસો તમારો હતો, છેલ્લો પણ તમારો જ છે. ખાણની નસમાં વહેતાં છેલ્લાં ધબકતાં રક્તનાં બિંદુને આપણે ખેંચી લીધું છે.

આપણે જાણે છૂટા પડીએ, પણ એક વાત આપણે હંમેશા યાદ રાખીશું કે આપણે શૂન્યમાંથી સૃષ્ટિ પેદા કરી શકીએ છીએ. એક સમયે અહીં કંઈ જ ન હતું. આપણે આવ્યા. વાતાવરણ ધમધમી ઊઠ્યું. માણસને નવી દુનિયા, નવી સમૃદ્ધિ, નવી દિશા મળી ગઈ. એ આપણી જ તાકાત હતી. જેણે અશક્ય અસંભવિત કાર્ય કરી બતાવ્યું છે. એ જુદી વાત છે કે આજે કાળી-શક્તિ શેષ થઈ છે, પણ એ ઇતિહાસે આપણને બતાવી આપ્યું છે કે આપણે શું કરી શકીએ તેમ છીએ. એક નિર્ધાર, એક સંઘબળ, એક પરિશ્રમ અને નવી દુનિયા ઊભી.

અમારું ઇજનેરી વિજ્ઞાન અમને 'સમાપ્ત' શબ્દની પરવાનગી આપતું નથી. અમને હતાશ, નિરાશ, ઉદાસ થતાં રોકે છે, અટકાવે છે. જરૂર આપણે કોઈક નવી ઊર્જા શોધી શકીશું, નવો કોઈક ઊર્જા-સ્ત્રોત પ્રાપ્ત કરીશું અને ફરીથી આપણે નવા જ એબરફોઇલનું નિર્માણ કરીશું. એ કામ તમારામાંથી પણ કોઈક કરી શકે છે. જેણે ખાણ ખોદી છે તે સ્વપ્નાં પણ ખોદી શકે છે. ત્યારે યાદ રાખજો કે આપણે ભેગાં મળીને કામ કરીશું. એબરફોઇલની દુનિયાએ આપણને ભેગાં થતાં, એક થતાં, સુખદુઃખ વહેંચતાં, એકબીજાની મદદે દોડી આવતાં શીખવ્યું છે. કોલસાની ખાણ આપણા માટે વિચારોની ખાણ, સંસ્કારની ખાણ, એકતાની ખાણ, વહેંચીને ખાવાની ખાણ સાબિત થઈ છે.

એબરફોઇલમાંથી વિદાય થયેલો કોઈ ખાણિયો કદી એકાકી નથી. જેની પાસે સતત વહેતી વિચારધારા છે અને જેના બાવડા પરિશ્રમ માટે

ફડફડે છે, તે પાતાળ ફોડી શકે છે. એ કહેવત નથી, આપણો અનુભવ છે.

પણ કદાચ આપણે વધારે પડતું પાતાળ ફોડી નાખ્યું અથવા પાતાળ પાસે આપણા માટે જરૂરી એવો જથ્થો જ ન હતો અથવા આપણે બીજા સ્ત્રોત શોધવાને બદલે એક જ જગાએ ખોદતાં રહ્યા, અથવા...

જવા દો એ અથવા! આજે પરિસ્થિતિ આ છે, પૂર્ણવિરામ. એ સ્વીકારવું જ રહ્યું.

તમે ક્યાં જશો, શું કરશો તેની અમને ખબર નથી, પણ તમારાં બધાંનાં નામ-ઠામ-ઠેકાણાં આ કાળી નોંધપોથીમાં છે જ. જરૂર પડે ફરીથી અમે તમને શોધી કાઢીશું. તમને જરૂર પડે, તમે અમને શોધજો.

થોડા સમય પહેલાં અહીં એક ચૈતન્યસભર દુનિયા હતી. નીચેની હલચલ ઉપરની પૃથ્વીને ધ્રુજાવતી હતી. એ ધ્રુજારી આપણા માટે આનંદની ધ્રુજારી હતી. આજે એ ધ્રુજારી નથી. જ્યાં ધ્રુજારી નથી ત્યાં જીવન નથી. આજે અહીં છે એવું માળખું, એક વિશાળ હાડપિંજર. એને કહેનાર વિકરાળ હાડપિંજર કહેશે. આપણે નહીં કહીશું. કેમ કે આપણી દુનિયા પરિશ્રમ, પડકાર અને વિજ્ઞાનની દુનિયા છે. એ ત્રિપુટીને માટે વિકરાળ કશું જ નથી.

તેમ છતાં વર્ષો પહેલાં જે રીતે આપણે કોલસાથી ભર્યાભર્યા આ કરામતી કૌવતને નમન વંદન કર્યા હતા, એ જ રીતે આજે આપણે આ માળખાનેય વંદન કરીએ. કોને ખબર છે, એ માળખું ફરી પાછું માંસલ દેહમાં રૂપાંતર નહીં થાય!

વિદાય, અમારા અપૂર્વ સાથીઓ, શુભેચ્છા અમારા સોનેરી દિવસના સમરાંગણિયાઓ, શુભકામનાઓ તમારી સદા સાથે રહે. અમારા કાળા-હીરાના હીરા પારખુઓ! ફિલસૂફી આપણે ઘણી હાંકી શકીએ. ફિલસૂફી વિચારવામાં જ વિલંબ થયો છે કદાચ, ઘણો મોટો વિલંબ થયો છે, પણ જ્યાં હકીકત છે ત્યાં ફિલસૂફીને સ્થાન નથી. અલબત્ત આપણે હકીકતને બદલવાની ફિલસૂફી જરૂર વિચારી શકીએ.

તો... વિદાય અમારી કાળી દુનિયાના ભૂરા વસ્ત્રધારીઓ! વિદાય લોખંડી ટોપીના લોખંડી નિર્ણાયકો! વિદાય ભારે બૂટના વજનદાર પગધારકો! વિદાય હાથ-પગના મજબૂત અડીખમ્મ મશલ્સબાજો!

તમને સહુને વિજ્ઞાનનો કોઈ દેવ કે સાક્ષાત્ વિજ્ઞાન સુખ બક્ષે, અહર્નિશ અવર્ણનીય આહ્લાદ બક્ષે એ જ અભ્યર્થના.

શ્રોતાઓએ ઇજનેરનો શબ્દેશબ્દ પ્રાર્થનાની જેમ સાંભળ્યો હતો. ઇજનેરની બોલવાની છટા જ એવી હતી. તેઓ જાણે શબ્દોને પણ લોખંડના બિંબની જેમ ગોઠવી શકતાં અને તેની તાકાત પ્રદર્શિત કરી શકતા.

વાતાવરણ હજી પણ શાંત અને સ્તબ્ધ હતું. કોઈની આંખમાં આંસુ ન હતાં, કેમ કે આંસુનો અહીં રિવાજ ન હતો. બધાં પોતપોતાના મજબૂત હાથ વડે એકબીજા સાથે હાથ મિલાવતા હતા. દરેક પંજો જિંદગીની અંદરની અને બહારની તાકાત દાખવતો હતો.

કારીગરોએ, કસબીઓએ, કરામતીઓએ એક સાથે યા છૂટક છૂટક ઇજનેર જેમ્સ સ્ટારનો આભાર માન્યો. ભારોભાર ધન્યવાદ આપ્યા તેમને એમ કહીને કે: 'ઓ ખાણના જ નહીં, પણ જીવનદૃષ્ટિના અદ્ભુત ઇજનેર ધન્યવાદ! અને ધન્ય તો અમે પણ થઈ ગયા કે અમને તમારી સાથે કામ કરવા મળ્યું. અમારામાં કેટલી તાકાત છે તે અમારા કરતાં તમે જ વધારે જાણતા હતા અને જ્યારે અમારી તાકાતને ઉછાળીને તમે પરિણામ મેળવતાં ત્યારે અમે જ અવાક્ બની જતાં. અમને માત્ર માનવમાંથી 'થિંકિંગ મશીન' (વિચારશીલ યંત્ર) બનાવવા માટે તમારો અનહદ પાડ ઉપકાર અને અભિનંદન. અમે તમને કદી ભૂલીશું નહીં ઇજનેર જેમ્સ સ્ટાર, કેમ કે તમે જ અમારું નાના નાના સ્વતંત્ર એકમના 'સ્ટાર'માં રૂપાંતર કરી દીધું છે. તમે કદી અમને 'મોટો'-'મહાન' શબ્દ વાપરવા દીધો નથી છતાં આજે વિદાય ટાણે અમે જરૂર કહીશું, વિદાય ઓ ગ્રેટર સ્ટાર વિદાય. ગુડબાય ટુ યુ, ગુડબાય ટુ અસ એન્ડ ગુડલક ટુ બોથ ઑફ અસ.'

ધીરે ધીરે હાથ મિલાવી મિલાવી બધા વિદાય થયા. વિદાયનો એ પ્રવાહ લાંબો સમય ચાલ્યો. ઇજનેર જેમ ખાણની એક એક ભૂમિના રજકણને પિછાનતા હતા, તેમજ એકેએક ખાણિયાને પિછાનતા હતા. બધા સાથેની બધી યાદો તેમની નજર સમક્ષથી પસાર થઈ જવા લાગી, પસાર થઈ ગઈ.

પણ એક દૃઢ માનવી પસાર થયો ન હતો. દૃઢતા કદી પસાર થવામાં માનતી નથી. એ હતો પહાડી સશક્ત અનુભવનો સાક્ષાત્ ખજાનચી ઓવરમેન સાયમન ફોર્ડ. ઇજનેર જેમ્સ સ્ટાર ઊભા હતા, સાયમન ફોર્ડ ઊભા હતા. સાથે જ ઊભો હતો એક તરવરિયો તરૂણ. પંદરેક વર્ષની ઉંમર. ખાણમાં જ કદાચ જન્મીને, ઊછરીને, ખાણની પાઠશાળાના પાઠો જ શીખીને તે ખાણમાં કિશોર-કર્મચારી તરીકે કાર્યરત થયો હતો.

ઇજનેર તથા ઓવરમેન એકબીજાને પિછાનતા હતા. કોઈક જુદી જ રીતની એ પિછાન હતી. બન્ને એકબીજાની પાસે એવી રીતે ઊભા રહ્યા જાણે ખાણમાં ઊતરવાની લોખંડી સીડીના બે મજબૂત પાઇપ હોય! ક્યાં સુધી મૌન સ્તબ્ધ રીતે ઊભા જ રહ્યા તેઓ.

છેવટે ઇજનેરે કહ્યું, 'શુભેચ્છા સાયમન, વિદાય.'

'શુભેચ્છા સર જેમ્સ.' પહેલી વાર 'સર' શબ્દનો ઉપયોગ કરી સાયમને કહ્યું, 'પણ હું વિદાય નહીં કહું. આપણે જરૂર મળીશું.'

'જરૂર મળીશું.' ઇજનેરે કહ્યું, 'તમને મળીને મને હંમેશાં ઘણો આનંદ થયો છે. ઓવરમેન સાયમન! આપણે જરૂર ફરી મળીશું અને વીતેલા સમયની યાદો તાજી કરીશું. એબરફોઇલ આપણા માટે ખાણ ન હતી, કુટુંબ હતી.'

'કુટુંબથી કંઈક વિશેષ,' સાયમન સહેજ ભાવુક બન્યો, 'મને બોલતાં નથી આવડતું, પણ એબરફોઇલ આપણી બેની વચમાંનો પુલ હતો.'

'મારું એડિનબર્ગનું નિવાસસ્થાન.' ઇજનેર જેમ્સ સ્ટારે કહ્યું, 'સદા તમારા સ્વાગત માટે ઉત્સુક રહેશે. હું તમારા પગલાં ઓળખું છું. તમે આવશો કે તરત મને ખબર પડી જશે.'

'જોકે ડોકાર્ટ પીટથી એ જરા દૂર ખરું જ...'

'એટલે વડીલ સાયમન! તમે ક્યાં રહેવા માગો છો? તાત્પર્ય કે હવે પછી રહેવા ક્યાં માગો છો?'

'અહીં જ મિસ્ટર જેમ્સ, અહીં જ.' કાળમીંઢ ખાણની મજબૂતીથી સાયમને કહ્યું, 'અમે ખાણ છોડવા માગતા નથી. છોડીશું પણ નહીં. અમારી એ ઘરડી મા જેવી મેટ્રન કે જેણે મને અહીં ઉછેરીને સથવારો આપ્યો છે. મારી પત્ની, મારો દીકરો અને હું. અમારી કાયા, અમારી માયા, અમારી ત્વચા, અમારા શ્વાસોચ્છ્વાસ કોલસિયા બની ચૂક્યા છે. આ કાળાશ અમારી જિંદગી છે, અમારા ધબકાર છે, અમારા શ્વાસ છે...'

'હું જાણું છું,' ઇજનેરે કહ્યું, 'હું સમજું છું. હું કોઈ પ્રતિવાદ નહીં કરું કે તમારા નિર્ણયની ચર્ચા પણ નહીં કરું. હું અનુભવું છું તમારી લાગણી ઓલ્ડ સાયમન, શુભેચ્છા અને ગુડબાય...!'

'ફરીથી,' ઓલ્ડ સાયમને કહ્યું, 'હું વિદાય શબ્દ નહીં વાપરું. આપણે ફરી મળીશું. એબરફોઇલ તમને જરૂર પાછા બોલાવશે.'

અનુભવી ઉંમરપ્રાપ્ત એબરફોઇલની આશા તથા શ્રદ્ધાને ડગાવવા માગતા ન હતા. તેમની ઝંખના જેવી હતી, તેવી જ અનામત રાખીને જેમ્સ સ્ટારે સાયમન સાથે હાથ મિલાવ્યા, તરુણ હેરી સાથે હાથ મિલાવ્યા. એ હાથ કોઈ કમનીય કિશોર કરતાં મક્કમ નવજુવાનનો વધુ લાગ્યો. હેરીએ કોઈક ભારે હાસ્ય સાથે ઇજનેર સ્ટાર સામે જોયું. ઇજનેરને હેરીના હાથમાંથી હાથ ખેંચવો પડ્યો અને ફરીથી સાયમનની વિદાય લઈ તેઓ આગળ વધી ગયા.

એ વાત દશ વર્ષ પહેલાંની છે. વિદાયને બદલે સાયમને 'ફરી મળીશું' શબ્દ ખાસ રુચિ સાથે ઉચ્ચાર્યા હતા, પણ તેમ છતાં આ દશ વર્ષમાં ઓવરમેન સાથેની મુલાકાતનો કોઈ મોકો ઊભો થયો ન હતો. ધીરે ધીરે સમય પસાર થતો ગયો. ઓવરમેન એ ખાલી ખાણમાં શું કરતો હશે,

કેમ જીવતો હશે, જીવતોય હશે ખરો? જેવા કંઈક ચિંતાપ્રશ્નો સ્ટારના માનસપટલ પર વિચારવાદળ પેદા કરતાં. પણ શંકાનું સમાધાન કરવાનો મોકો ઊભો થયો નહીં અને સમય પસાર થતો ગયો. હા, એ જ બરાબર છે. સમયને પસાર થતો તમે તમારી પ્રવૃત્તિથી ન રોકો તો એ પસાર થતો જ રહે છે.

અને અચાનક સાયમન ફોર્ડનો પત્ર આવી પહોંચ્યો. ઓવરમેનનું એ આમંત્રણ હતું. કંઈક વિચિત્ર પ્રકારનું. એમાં આગ્રહ, કુતૂહલ તથા કોઈને જાણ નહીં કરવાની ધમકી! કદાચ ધમકી ન કહીએ, પણ સાવધાનીભરી તાકિદ જરૂર હતી જ. કંઈક રસ પડે એવું યેરો શેફ્ટ, ડોકાર્ટ પીટ, એબરફોઇલમાં શું હશે? આટલાં વર્ષે?

એ બધાં નામો ઇજનેર સ્ટારના કામ સાથે સંકળાયેલાં હતાં. એ સ્થાનોની અલગ અલગ અને સામૂહિક યાદ ઇજનેરને ઝણઝણાવી ગઈ. ખાણનો દરેક ખૂણો ઘટના અને દુર્ઘટનાનો ચોપડો હતો, પણ ત્યાં વળી નોંધ કોણ રાખતું હોય? અને શા માટે નોંધ રાખે? ખાસ કરીને જ્યારે તમામેતમામ લોકો ત્યાંથી ચાલ્યા ગયા હોય ત્યારે? તમામેતમામ...?

જેમ્સ સ્ટારે એ જગાનું ફરી સ્મરણ શરૂ કર્યું. યાદદાસ્તને ત્યાં કેન્દ્રિત કરીને સ્મરણને સ્થિર કર્યું. ફરી ફરીને પત્ર વાંચ્યો અને ફરી ફરીને યાદ તાજી કરી.

ના, કંઈ જ યાદ કરવા જેવું યાદ આવ્યું નહીં. ઓવરમેન જરૂર ભાવુક બની ગયો હશે! લાગણીમાં ખેંચાઈને જ તેણે આ પત્ર લખી નાખ્યો હશે.

પત્ર ફરી વાંચ્યો તો એમાં લાગણીવેડા ન હતા. હકીકત હતી, સાથે કામ કરતો વડો સહાયક પોતાનાથી ચઢિયાતા અધિકારીને તાકિદ કરે એવી સૂચના હતી. હુકમ જ કહો ને!

તો શું ઓવરમેને કોઈક નવી ખાણ શોધી કાઢી હશે? અથવા યેરો શેફ્ટમાં કોઈ નવજીવનનો સંચાર તેને વરતાયો હશે?

ખાણની છેલ્લી ઘડીની તપાસ વખતે સાયમન તેમની સાથે જ હતો. અણુએ અણુની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. ડોકાર્ટ પીટ આગળ તો બન્ને ઘણું રોકાયા હતા! ત્યાંના ઊંડાણ, પોલાણ, થર તથા ગુફાઓના પહાડોની દીવાલને ઠોકી-બજાવીને ખાતરી કરવામાં આવી હતી. 'કંઈ નથી' એવા ભાવ સાથે ઊભા રહેલા સાયમનને પૂરી ખાતરી માટે ઇજનેરે ફરીથી પૂછ્યું હતું, 'શું માનો છો સાયમન, કોઈ સંજ્ઞા બાકી છે ખરી?'

સાયમને હા કહી ન હતી, ના પણ કહી ન હતી. તેણે આગળ ચાલવા માંડ્યું હતું. આગળ કહો કે અધિકારીની સાથે સાથે.

'ના.' ઇજનેર જેમ્સ સ્ટાર હાથમાંના પત્ર સાથે અત્યારે બોલી ઊઠ્યા, 'ના. સાયમનને પણ ખાતરી થઈ જ હતી કે ખાણમાં કોઈ જીવ નથી, ક્યાંય કોઈ જીવ નથી, ડોકાર્ટ પીટમાં નહીં, યેરો શેફ્ટમાં પણ નહીં.'

તો પછી આ સમન્સ જેવો પત્ર?

એ જે હશે તે. આ સાયમનનો પત્ર છે. અનુભવી, પીઢ વ્યવહારુ, ખાતરીદાયક અને દરેક કામ વિચારીને કરનાર તથા દરેક પગલું જોઈને મૂકનાર સાયમનનો પત્ર છે. હું જરૂર જઈશ.

ઇજનેર જેમ્સ સ્ટારે નિર્ણય કરી લીધો. જોકે જવાની તૈયારી સાથે વિચારોએ સાથ તો ન જ છોડ્યો. એકલી સૂની સન્નાટાભરેલી ખાણમાં આટલાં વર્ષો સુધી સાયમન શું કરતો હશે? એની સ્ત્રી કેમ સમય વિતાવતી હશે? અને પેલો હેરી...?

હેરી ફોર્ડ. હા, હેરી ફોર્ડ આખો દિવસ તેની રાહ જોવાનો હતો. એનો અર્થ કે જરૂર કોઈક ખાસ વાત છે જ.

'હું જરૂર જઈશ જ.' એવા નિર્ણય બાદ ઇજનેર કેવી રીતે જવું અને સાથમાં શું શું રાખવું એની પેરવી કરવા લાગ્યા. તેઓ ખાલી જવા માગતા ન હતા. ખાલી હાથે કે ખાલી ગજવે જવા માગતા ન હતા. સાયમન ફોર્ડનું આમંત્રણ ખાલી કે ઠાલું ન જ હોય!

જ્યારે કોઈ નવી ખાણ કે નવું રહસ્ય પ્રાપ્ત થતું ત્યારે બન્ને જણા કેવા ઊછળી પડતાં, એ સ્ટારને યાદ આવ્યું. તે વખતે બન્ને જણા તપેલા તવા પર છમછમ કરતાં પાણીનાં બુંદોની જેમ છમછમી રહેતાં.

અત્યારે પણ ઇજનેર એ જ રીતે છમછમી ઊઠ્યા, પણ છમ્મ કરતું એક જોરદાર પાણી છંટકાયું. જેટલો તવો તપેલો હોય અને પાણી જેટલું ઠંડું હોય એટલો જ છમકારો જોરથી થતો હોય છે. આ છમકારો એવો જ હતો.

સાંજના છએક વાગ્યાના સુમારે તેમનો સેવક એક બીજો પત્ર લઈને હાજર થયો. દિવસની ત્રીજી અને છેલ્લી ડિલીવરીમાં અગાઉની જેમ જ ટપાલમાં આવેલો એ પત્ર હતો.

ટપાલ પરનું સરનામું અગાઉની જેમ બરાબર હતું, પણ અક્ષરો અણઘડ હતાં. પરબીડિયું પણ જૂનુંપુરાણું અને ચૂંથાયેલું હતું.

ઘડી ભર એ ટપાલને ઊંચી ધરીને જોઈ રહ્યા બાદ ઇજનેર જેમ્સ સ્ટારે એક બાજુથી ફાડીને એ કવર ખોલી નાખ્યું.

અંદરનો કાગળ વાંકોચૂંકો જ્યાંત્યાંથી અને જેમતેમ મેળવેલો વરતાયો. સમય અને સંજોગો સાથે પીળો પડી ગયેલો એ પત્ર કોઈક જૂની નોંધવહી કે નોટબૂકમાંથી અજાણી કે ઉતાવળી રીતે ફાડેલો હતો.

એવા ખરબચડા ગીટપીટિયા કાગળ પર ઓછા શબ્દોમાં આ પ્રમાણે લખાયું હતું. ઓછા શબ્દોમાં એટલા માટે કે લખનાર કદાચ વધારે શબ્દોથી પરિચિત ન હોય, વધારે શબ્દોનો મહાવરો પણ ન હોય.

કે પછી વધારે શબ્દનો ઉપયોગ જ કરવો ન હતો?

સંદેશો આ પ્રમાણે હતો:

*ઇજનેર જેમ્સ સ્ટારને આવવાની કોઈ જરૂર નથી. સાયમન ફોર્ડના પત્રનો કોઈ હેતુ રહેતો નથી. એ વાતને ગંભીરતાથી સ્વીકારી જો શ્રીમાન જેમ્સ સ્ટાર ધસી જ આવશે તો એ તેમની મૂર્ખામી જ હશે.*

પત્ર નીચે કોઈ સહી ન હતી.

# માર્ગ મધ્યેના મુલાકાતીઓ

આનો શો અર્થ?

જેમ્સ સ્ટાર બીજો પત્ર હાથમાં હલાવીને બોલી ઊઠ્યા. તેઓ વાત કોની સાથે કરે? જે કંઈ કહેતા તે સ્વયંને જ ઉદ્‌બોધીને કહેતા?

પહેલાથી સાવ ભિન્ન પ્રકારનો એ વિરોધાભાસી પત્ર જેમ્સ સ્ટાર ફરી એક વાર ધ્યાનથી અવલોકવા લાગ્યા. અગાઉના પત્રની જેમ જ તેની ઉપર એબરફોઇલ ટપાલ ઑફિસની ‘પોસ્ટ-માર્ક’ હતી. એટલે સ્ટર્લિંગશાયર વિસ્તારમાંથી જ એ ટપાલ આવી છે, એ વાત નક્કી સાબિત થતી હતી. એટલે બન્ને ટપાલ લખનાર એક જ જગાના છે એ વાત સાચી.

વધુ ચોંકાવનારી વાત એ કે બીજા પત્ર લખનારને પહેલો પત્ર લખાયાની માહિતી ખરી જ. કેમ કે પહેલા પત્રના અનુસંધાનમાં જ બીજો પત્ર લખાયાની વિગતો તાકિદ ચેતવણી ઉચ્ચારાઈ હતી. એટલું જ નહીં, એમાં એવી સ્પષ્ટ ચેતવણી પણ હતી જ કે જો, ‘શ્રીમાન જેમ્સ સ્ટાર ધસી જ આવશે તો એ તેમની મૂર્ખામી હશે.’ તાત્પર્ય કે નુકસાન થશે.

પહેલો પત્ર લખાયા બાદ બીજો પત્ર ઝડપથી લખાયો હશે અને ઝડપથી પોસ્ટ થયો હશે. જેમ્સ સ્ટાર ઘરેથી નીકળી જાય તે પહેલાં એ બીજો પત્ર પહોંચે, એવી બીજા પત્ર લખનારની ધારણા હતી. જે પાર પડી હતી.

ટપાલ ખાતામાં ક્યારેક ટપાલ આગળપાછળ મળતી હોય છે. એક સાથે તથા એક જ વખતે લખાયેલી ટપાલમાંથી બીજો પત્ર પહેલો મળે છે અને પહેલો પત્ર ત્યાર બાદ મળે છે.

અહીં એવું થયું ન હતું. જો એમ થયું હોત તો જેમ્સ સ્ટારના મનમાં મોટો ગૂંચવાડો ઊભો થયો હોત! જેમ્સ સ્ટારના મનમાં જે દ્વિધા ઊભી થઈ તે એ કે બીજો પત્ર લખનાર સાયમન ફોર્ડનો વિરોધી હશે કે તેમનો પોતાનો?

તેમનો પોતાનો કોઈ પણ વિરોધી હોય એવું જેમ્સ સ્ટાર માનવા તૈયાર ન હતા. કેમ કે તેમણે કોઈને કંઈ અન્યાય કર્યો જ ન હતો. ખાણિયાઓની માનવ પ્રકૃતિથી તેઓ માહિતગાર હતા. રિસાયેલા, રોષે ભરાયેલા, નારાજ ખાણિયાઓને પણ તેઓ સમજાવી લેતા. તેના કોઈક ગુણ બદલ તેને પ્રોત્સાહિત કરી પોતાનો બનાવી લેતા. મોટે ભાગે તો તેમને કાંઈ થાય કે તેમને બચાવવામાં લાગી જનાર માણસો જ વધુ હતા. તેમાં ‘ખબરદાર, જો આ તરફ ફરક્યા છો તો!’ એવું કહેનાર તે વળી કોણ હોય?

સાયમન ફોર્ડ પણ એક અચ્છા માનવી હતા. તેમનાય કોઈ વિરોધી હોઈ ન શકે, પણ આ પત્ર દશ વર્ષનાં લાંબા ગાળા બાદ આવ્યા હતા. એટલે એ દાયકામાં કોઈક અવનવી ઘટના બની હોય અને તેનો પડઘો આમ દ્વિપત્ર દ્વારા પડ્યો હોય એ શક્ય છે.

પણ પડઘો વળી આ સૂમસામ ખાણમાં શેનો પડે? અહીં પડઘા પાડવા જેવું કે મેળવવા જેવું બાકી જ શું રહ્યું છે?

સંભવ છે, સાયમન ફોર્ડે કોઈ નવું જીવંત તત્ત્વ શોધી કાઢ્યું હોય અને ખાણને નવેસરથી પુનર્જીવિત કરવાની શક્યતા ઊભી થઈ હોય! જોકે એવું શક્ય જ નથી. જેમ્સ સ્ટારને ગળા સુધીની ખાતરી હતી કે ખાણ મરી પરવારી છે. એમાં ફરીથી શ્વાસ ધબકતાં થવાની કોઈ શક્યતા નથી. એવું હોય તોપણ વિરોધ કરનાર વિરોધ શું કામ કરે? અવરોધ શા માટે ઊભો કરે? ખાણને ફરીથી બેઠી કરવામાં જેમ્સ સ્ટાર સિવાય કોઈના પ્રયાસો કામ આવે તેવા ન હતા. બીજા પત્ર લખનારને ખાણ ચેતનવંતી ઊભી કરવી હોય તો તે માટેય તેણે જેમ્સ સ્ટારને 'આવો' એમ જ લખવું પડે. 'આવશો નહીં' એવું તો કોઈ સંજોગોમાં તે ન જ લખે.

એટલે ખાણના પુનર્જીવિત થવાનો કોઈ પ્રશ્ન ન હતો. તો પછી આ ધમકી શાને માટે?

ધમકીથી ડરી જાય તેવા જેમ્સ સ્ટાર ન હતા. તેમનું જીવન જ ધમકીઓથી ઘેરાયેલું હતું. ખાણની દુનિયા ધમકીની દુનિયા છે. એમાં કુદરત, અજાણી ભૂલ, અણઆવડત, ખોટી ગણતરી જેવી દરેક વાતો ધમકી ઉચ્ચારે છે. દરેક નવી સીમ નવી જિંદગી છે, દરેક નવું ક્ષેત્ર પુનર્જીવન છે, દરેક નવો જથ્થો ધમકીઓનો જ જથ્થો છે. જે ધમકીથી ડરે તે ખાણમાં ન પ્રવેશી શકે.

તેમને મન ધારદાર પ્રશ્ન એ જ હતો કે આ ધમકી આપનાર વળી છે કોણ? કેમ કે ખાણમાં તો સાયમન-કુટુંબ સિવાય બીજું કોઈ રહ્યું જ ન હતું.

પણ જેમ્સ સ્ટાર સહેજ રાજી થયા. આ બીજા પત્રે તેમની ત્યાં જવાની મક્કમતા વધુ દૃઢ બનાવી દીધી. તેમણે જવાનું નક્કી જ કરી નાખ્યું હતું, પણ હવે તેમાં ઉત્સુકતા અને અધીરાઈ વધી.

વહેલી સવારે ઘણાં વહેલા ઊઠવાનું નક્કી કરી તેઓ સૂવા ગયા ત્યારે બીજી વાતોની સાથે એક વાત ઘૂમરાતી હતી ખરી.

આ ધમકીપત્ર લખનાર પુરુષ હશે કે સ્ત્રી?

કેમકે મોટે ભાગે સ્ત્રીના અક્ષરો જ ગરબડિયા, ઉતાવળિયા, અણઘડ હોય છે. ખાણની આ દુનિયામાં ભણતરને ઓછું સ્થાન હતું. જેમ્સ સ્ટારે અહીંના બાળકો વધુમાં વધુ ભણે, વધુ સારી રીતે ભણે એવાં

પગલાં લીધાં હતાં. પણ તે અગાઉ પ્રવેશેલી સ્ત્રી વળી ક્યાંથી ભણી શકે? પણ સ્ત્રી જો આયા, માયા, ઘરકામ, બાળઉછેર સાથે સંકળાયેલી હોય તો અભ્યાસ ઓછો જ હોવાનો!

હસી દીધું જેમ્સ સ્ટારે. એબરફોઇલમાં હવે કોઈ એવાં કુટુંબો જ રહ્યાં નથી કે જે આયા, માયા તથા ઘરકામ કરનારી બાઈઓને રાખે? અને બીજી કોઈ સ્ત્રી વળી અહીં સન્નાટામાં રહે જ શું કામ?

ના ના, આ પત્ર સ્ત્રીનો નથી જ. જરૂર કોઈ પુરુષનો જ તે હોવો જોઈએ.

એક સંભાવના હતી, પત્ર બનાવટી હોઈ શકે.

તો વળી પ્રતિપ્રશ્ન એ થતો હતો કે પત્ર જો બનાવટી હોય તો પહેલો પત્ર બનાવટી છે કે બીજો? પહેલો પત્ર તો બનાવટી નથી જ. કેમ કે તે સાયમન ફોર્ડ દ્વારા લખાયેલો છે. બીજો પત્ર બનાવટી હોવાની શક્યતા ખરી કેમ કે તેમાં કોઈની સહી નથી.

જેમ્સ સ્ટારે બીજા પત્રનો આભાર માન્યો, કેમ કે તેમની એબરફોઇલની યાત્રા દૃઢ બની હતી. આટલા લાંબા સમયે એ મૂળ જગા જોવાની ઇંતેજારી કાંઈ જેવીતેવી નથી હોતી!

સવારે પાંચ વાગે જ તેઓ ઊઠી ગયા. ઝડપથી પ્રાત:કર્મથી પરવારી તેમણે જરૂરી હેન્ડબૅગ તૈયાર કરી લીધી. વાતાવરણ વરસાદિયું અને ધૂંધળું હતું. તેની પરવા જેમ્સ સ્ટારે કરી નહીં.

પોતાના લખવાના ટેબલ પર પહોંચી જઈ તેમણે ઉતાવળે બે પત્રો લખી નાખ્યા. એક પત્ર તેમણે રોયલ ઇન્સ્ટીટ્યૂટના પ્રમુખ સર ડબલ્યુ. એલ્ફીસ્ટનને લખ્યો કે, 'માનવંતા પ્રમુખસાહેબ, આપણી નિર્ધારિત મિટિંગમાં હું હાજર નહીં રહી શકું. બીજું ઘણું અગત્યનું કામ આવી લાગ્યું છે. માફ કરશો. હવે પછીની બીજી બેઠકમાં મારી ગેરહાજરી હું કવરઅપ કરી લઈશ.'

બીજો એવો જ પત્ર ભૂગર્ભીય વિજ્ઞાન સંશોધન શાળાના અધ્યક્ષને લખીને તેમણે જણાવ્યું, 'મહેરબાન સાહેબ, અનિવાર્ય સંજોગો ઊભા થયા છે, જે મને આપણી સભામાં ગેરહાજર રહેવાની પરવાનગી માગવા બાધ્ય કરે છે. મારી કામગીરી આપ જ સંભાળી લેશો એવી મારી વિનંતી છે. અગવડ બદલ ક્ષમા કરશો.'

ત્રીજો પત્ર તેમણે લખવાની શરૂઆત કરી, રહેવા દીધો. ના, ત્યાં પ્રવચન કરવા તો હું જઈશ જ. બધા અચરજપૂર્વક રાહ જોતાં હશે અને નિરાશ થઈ જશે. મારું એબરફોઇલનું રોકાણ કેટલું અને કેવું છે, જેની મને ખબર નથી, છતાં સમય કાઢી એ પ્રવચન તો પાર પાડીશ જ.'

ઉપરના બન્ને પત્રો ટપાલમાં નાખવાની સૂચના આપી જેમ્સ સ્ટાર નીકળી પડ્યા. હાથમાં દફતરિયા બૅગ ઝુલાવતાં તેઓ બહાર નીકળ્યા કે સેવકે પૂછ્યું, 'મૂકી જાઉં માલિક?'

'ના. જરૂર નથી.' જેમ્સ સ્ટારે કહ્યું, 'અને તને માલિક જેવા શબ્દપ્રયોગની મનાઈ ફરમાવી છે કે નહીં?'

'મને ગમે છે સાહેબ, કેવો સરસ શબ્દ છે માલિક...'

'મને નથી ગમતો, બિલકુલ નહીં...'

'આપને એ ઘણો જ શોભે છે.'

'મારે એ શોભાથી નથી શોભાવું મિત્ર...'

'તો હું આપને શું કહું?'

'મિસ્ટર જેમ્સ, ઓ.કે.? ટેઇક કેર. ખ્યાલ રાખજે!' કહીને વરસતા વરસાદમાં તેઓ નીકળી પડ્યા.

તેમના કેનનગેઇટમાં આવેલા નિવાસસ્થાનેથી તેમને ગ્રાન્ટન પિયર બંદરઘાટ પર જઈને સ્ટીમર પકડવાની હતી. એ માર્ગ ત્રણ કલાકનો હતો. ત્યાંથી સ્ટીમર ફૉર્થ થઈને સ્ટર્લિંગ પહોંચાડતી હતી.

આ સમગ્ર વિસ્તાર છૂટાછવાયા મહેલ-મહેલાત તથા ખંડિયરોનો હતો. જૂના કિલ્લા અને અવશેષરૂપ ઇમારતોય ઘણી હતી. મૂળ રાજારાણી ઉપરાંત આ બાજુ આવા રાજારજવાડાં ઘણાં હતાં. રાજા કે રાણીના સગાંઓ રાજાથી ઓછું સ્થાન શોભાવતા નહીં. તેમના કાકા, મામા, ભાઈબહેન, ભાણિયા, ભત્રીજાઓ પણ ઉમરાવ કે રાજવી બની જઈ મહેલ-મહેલાતની દોમદોમ સાહ્યબી ભોગવી રહેતાં. સમય જતાં સમૃદ્ધિ ન રહેતાં એ મહેલો ખંડિયર બની જતાં, વારસદારો વળી રખડતાંય થઈ જતાં. રાજ્યશાસનમાં બદલો આવતાં આવા કંઈક ઠાલા ઉમરાવો રખડતાં થયા હતા. કામ કરવા ન ટેવાયેલા એ ઉમરાવો ભંગાર જેવું બાકીનું જીવન ગુજારતા.

જેમ્સ સ્ટારને રાજાલક્ષી કે ઉમરાવલક્ષી આ જીવન-પદ્ધતિ જ ગમતી ન હતી. શા માટે જે અપાર અને અથાક મહેનત-મજૂરી કરે છે, એ નાગરિક સામાન્ય કે સરેરાશ જીવન પસાર કરે અને શા માટે જીવવા માટે કોઈ કામગીરી નહીં કરતા કહેવાતા શાસકો દોમદોમ સાહ્યબી ભોગવી એશઆરામમાં જિંદગી વિતાવે?

અમીર-ઉમરાવ જેવા શબ્દ જેમ્સ સ્ટારને ગમતાં નહીં. જે મહેનત કરે તે ખાય, એવું જ કાંઈક જીવનસૂત્ર હોવું જોઈએ. જીવવાનો હક માત્ર મહેનતકશને જ હોવો જોઈએ. બીજાઓ પાસેથી એ હક છીનવી લેવાવો જોઈએ. જો રાજ્યશાસનના તમામેતમામ માણસો કામ કરે તો રાજ્ય

કેટલું સમૃદ્ધ બને! જો તેમ બને તો એબરફોઇલ જેવી કંઈક ખાણો ઊભી થતી રહે, રાજ્યને કોલસો પૂરી પાડતી રહે, રાજ્યમાં 'ખોટ' કે 'અછત' જેવી ચિંતા જ ન રહે. જે શાસક હોય તે પણ શાસનની સાથે કામ શા માટે ન કરે? માનવ-માનવમાં આ વળી રાજા શું અને રાણી શું? અને તે વળી બીજાઓની મહેનતનું શા માટે ખાય? શા માટે અધધધ સમૃદ્ધિ-સાહ્યબી ભોગવે? ઉપરથી મહેનતુ મજૂરોનો ન્યાય કરવાનો હક પણ તેમને જ?

કોઈક જગાએથી કૂતરાંઓના ભસવાનો અવાજ આવતો હતો. આ કૂતરાંઓ પણ એ અમીરોના જ. કૂતરાંઓ ઘોડાઓની રમત માણવી એ જ એમનું કામ.

ખાણનાં ઉત્થાન-પતન સાથે કંઈક ખોખાં બજારો ઊભાં થઈ જતાં અને વિલીન થઈ જતાં. એવાં ખોખાં બજારો પસાર કરતાં કરતાં જેમ્સ સ્ટાર પસાર થવા લાગ્યા. આ બજારોમાં આવેલી શૂન્યતા તેઓ જોઈ શકતા હતા.

જો એબરફોઇલની ખાણ ચેતનવંતી બને તો આ તમામ માનવસંચાર ચેતનવંતો બની રહે. માનવ-શરીરમાં જે સ્થાન હૃદયનું છે, તે જ સ્થાન માનવજીવનમાં કોલસાની ખાણનું છે.

બજારોનાં ખાલીપણાને જોઈને જેમ્સ સ્ટાર બોલી ઊઠ્યા કે, 'હું આ તમામ પ્રવૃત્તિને ધમધમતી જોવા માગું છું. ચૈતન્યનું નામ જીવન છે. નહીં તો આ બધું નિષ્ક્રિય, નકામું થઈ જશે. નામશેષ થઈ જશે. પેલા ખંડિયરોની જેમ કે જેમણે એક જમાનામાં જાહોજલાલી જોઈ છે અને અત્યારે સાવ સૂમસામ છે. જ્યાં કાંકરાં, પથરાં, રોડાં રઝળે છે, ઘાસ ઊગી નીકળ્યું છે, કિલ્લા-મહેલની ચોરસ દીવાલો બહાર ધસી આવી છે.'

હજી કોઈક ખંડિયર ઇમારતોમાં મોટા ટોપાવાળા ચોકીદારો ચોકી કરતા હતા. જોકે તેમને ચોકી કરવાનું કંઈ જ ન હતું. જૂના હાઈલૅન્ડરો, જૂના સ્કોટીશો, જૂના બૅગપાઇપરો હજી ચળકતાં બટન તથા મોટા ટોપાઓ સાથે દબદબો ટકાવી રાખવાનો ઠાલો પ્રયાસ કરતા હતા.

આમાંની ઘણી ઇમારતો ઐતિહાસિક હતી અને સર વોલ્ટર સ્કોટ જેવા મહાન લેખકે 'ધી એબર' નામની કૃતિ આ અવશેષોની જીવંત કહાણી પરથી જ લખી હતી. રાજકુમારી મેરી સ્ટુઅર્ટે પોતાના સૌંદર્ય, પ્રભાવ, હાસ્યનો કેવો ભ્રષ્ટાચારી ઉપયોગ કર્યો હતો? તેના એ મોહક હાસ્યમાં નહોતો ફસાયો પ્રજાજનોનો નાયક જ્હોન નોક્સ. 'મને મેળવી લે અને સામ્રાજ્ય મેળવી લે.' એવા રાજકુમારી મેરીના પ્રલોભનકારી પ્રસ્તાવના બદલામાં જ્હોન નોક્સે કહ્યું હતું, 'હું એકલો આ બધું ભોગવીને શું કરું? તમેય વિચારો રાજકુમારી! આ બધું એટલું બધું છે કે પ્રજાની પ્રજા આરામથી ખાઈ-પી શકે. વહેંચી દો તેમને. તેમનું છે આ બધું. જો તમે રાજકુમારી મટી પ્રજાકુમારી બનવા તૈયાર હો તો આવો આપણે બીજા

બધાંની જેમ મહેનતકશ જીવન ગુજારીએ અને તમામ પ્રજાને, તેમની બાલિકાઓને રાજકુમારી બનાવી દઈએ. મહેનત, મજૂરી, શ્રમ-પરિશ્રમનું એ જીવન જ ગજબનું છે રાજકુમારી! સરળતા, નિખાલસતા, સ્વચ્છ આનંદ અને શાંત સ્વર્ગીય નિંદ્રા. અનહદ છે તેમનું નીડર જીવન.'

'તારે નીડર બનવું છે કે સમ્રાટ બનવું છે?'

'પ્રજા જે બની શકે તે મારે બનવું છે. તેમને ખાણીપીણી, કામ, રહેવાની જગા તથા વિકાસની સુવિધા મળી રહે...'

'તું સમ્રાટ બનીને એ બધું જ...'

'મને સમ્રાટ બનવું નહીં ફાવે. એ મારી નેમ નથી. મારાં માતાપિતા, મારા ભાઈભાંડુ, મારા સાથી પ્રજાજનોથી વિખૂટા પડવાનું કોઈ જ દુષ્કૃત્ય હું નહીં વિચારું.'

'તો પછી તારા માટેની એક જ વિચારણા બાકી રહે છે.' છંછેડાયેલી રાજકુમારીએ કહી દીધું, 'તારું મોત.'

કોઈક દેવળના ઘંટ રણકી ઊઠ્યા. બાળપણ તથા કિશોરાવસ્થા, તારુણ્ય તથા યુવાનીમાં વાંચેલાં આવાં કંઈક કથાનકો જેમ્સ સ્ટાર સામે સજીવન થઈ ઊઠ્યાં. જે જગાએથી પસાર થતાં એ ખંડિયરો આવા કથાનકનો તખ્તો બની રહેતાં.

જેમ્સ સ્ટાર એમાંથી અમર યાદગાર ભડવીર માથાફરેલ પાત્રોને શોધતા અને એ પાત્ર શોધવાનો પણ પ્રયાસ કરતાં કે જેણે પત્ર લખ્યો હતો. હા, તેમની ચકોર નજર બીજા પત્ર લખનારની શોધમાં લાગેલી રહેતી.

એ વ્યક્તિ જરૂર તપાસ કરતી જ હશે કે, જેમ્સ સ્ટાર નીકળ્યા કે નહીં? નીકળીને કયે રસ્તે જાય છે? તેઓ ડરીને કે પત્રનો બોધ સ્વીકારીને ઘરે તો નથી રોકાઈ ગયા ને?

'જનરલ રેલવે સ્ટેશન'થી ગાડીમાં બેસી અડધાએક કલાકે તેઓ ન્યુ-હેવન પહોંચ્યા. ત્યાંથી થોડુંક ચાલી લીથ થઈને પોર્ટ ઑફ એડિનબર્ગ પહોંચી ગયા. અહીંથી સ્ટીમર 'પ્રિન્સ ઑફ વેલ્સ' તેમને સ્ટર્લિંગ લઈ જનાર હતી.

વરસાદ ચાલુ હતો, પણ બધાં જાણે પલળવાનો આનંદ માણવા માગતા હતા. સ્ટીમર પર સવાર થઈને પણ કોઈ અંદરના શેડમાં જતા ન હતા. જેમ્સ સ્ટારની આંખો કોઈકને શોધતી હતી. એ કોણ હશે, તેની તેમને ખબર ન હતી, પણ જે રીતે તેમની આંખો શોધે છે, એવી જ આતુરતા કે જિજ્ઞાસા એ અજાણ્યા પાસે પણ હશે જ. એ જ એંધાણીથી તેને શોધી કે પકડી શકાશે!

કોલસાના ધુમાડા ઉડાડતી, ભૂંગળું વગાડી સ્ટીમર આગળ વધી. એકબે નાનાં મથકો પાર કરી સ્ટીમર મંઝિલે પહોંચવાની હતી, પણ જેમ્સ સ્ટારને શંકાસ્પદ કોઈ જ વ્યક્તિ જોવા મળી નહીં. તેમણે ડિટેક્ટીવ વાર્તાઓમાં વાંચ્યું હતું કે આવા સંજોગોમાં કોઈ સતત નજર રાખે છે.

કોઈ સામે ચાલીને વાત કરવા આવે તોય ખબર પડે અને આવ્યો જ એક માનવી. દૂરથી જ પોતાનો ટોપ ઉતારીને કહે, ‘ઓહો! સર જેમ્સ સ્ટાર કે?’

‘હા. જેમ્સ સ્ટાર ખરા, પણ સર નહીં.’ જેમ્સ સ્ટારે હાથ મિલાવતાં કહ્યું ‘તુ ટ્રોલીમેન ટ્રુમેન કે?’

‘હા સાહેબ. હું ટ્રોલીમેન ટ્રુમેન જ. ખરો ઓળખી કાઢ્યો સાહેબ...’

‘કેમ ન ઓળખું. તને જ શા માટે તારા તમામ સાથીઓ મળી જાય... પીન્ટો, વુલ્ફ, ગુન્ટર, રોડરીક, પરેરા, ફોન્ટેઇન, મૂર, જૉસફ...’

‘અરે સાહેબ, અરે સાહેબ, તમને તો ખરેખર અમે બધાં જ યાદ છીએ...’

‘બધું જ યાદ છે મને ટ્રુમેન. કહે, કેમ છે તું?’

‘ફાઇન છું સર. ખુશી-મજામાં છું. તમારા આશીર્વાદ હજી મારી સાથે છે...’

‘શું કરે છે તું?’

‘ગોદી પર સામાન ચઢાવું છું, ઉતારું છું. કદીક વળી માલસામાન એક જગાએથી બીજી જગાએ પહોંચાડું છું, પણ સાહેબ મજા નહીં, ખાણ જેવી મજા નહીં. આપણે બધાં મૂળ તો ખાણિયા. મહેનત વધારે, જોખમ વધારે, પણ મોજની જિંદગી તો બસ ખાણની જ, સાહેબ...’

‘કહે ટ્રુમેન...’

ખાણ પાછી સજીવન ન થાય?’

‘થઈ શકે ટ્રુમેન, પણ હું તને નિરાશ કરું તો માફ કરજે. તું તો જાણે છે કે હું સ્પષ્ટ માણસ છું. ખોટી આશા આપવાનું મને ગમતું નથી અને ફાવતું નથી. ખાણ ફરીથી સજીવન થવાની શક્યતા અને તક ઘણી ઓછી છે.’

‘આટલાં દશ વર્ષમાં તેમાં પ્રાણ નહીં આવ્યાં હોય?’

‘કુદરત છે, ટ્રુમેન. કુદરતનેય કોલસો સર્જતાં દાયકાઓ અને સદીઓ લાગે છે...’

અને પછી ટ્રુમેને જે પ્રશ્ન પૂછ્યો એથી જેમ્સ સ્ટાર સાવધ થઈ ગયા. ટ્રુમેને પૂછ્યું, 'આપ ક્યાં જાવ છો સાહેબ? ફરીથી એબરફોઇલ તો નહીં?'

જેમ્સ સ્ટારને 'હા' કે 'ના'માં જવાબ આપવાનું સૂઝ્યું નહીં, પણ કદાચ ટ્રુમેનને જવાબની રાહ જોવાની જરૂર જ ન હતી. તે બોલતો ગયો, 'સાહેબ, આટલે વર્ષે ત્યાં જરૂર સંચાર વરતાઈ શકે ખરો.'

'હા, એ શક્યતા ખરી.'

'સાહેબ...'

'બોલ ટ્રુમેન...'

'પણ...'

'પણ... શું કામ?'

'આ ખાણની સૂમસામ દુનિયા... કોઈક ભય... હું તમારુ રક્ષણ કરી શકું સાહેબ.'

'ભલા માણસ,' જેમ્સ સ્ટારે કહ્યું, 'મારા રક્ષણની તો ત્યારેય જરૂર ન હતી.'

'ત્યારની વાત જુદી સાહેબ, ત્યારની વાત જુદી...' એવું બબડતા ટ્રુમેનને જેમ્સ સ્ટારે કહી દીધું, 'ના, આભાર ટ્રુમેન. મારે રક્ષણની કાંઈ જરૂર નથી...'

'જેવી તમારી મરજી સાહેબ, કદાચ આપ મને સાથે લઈ જ જવા નથી માગતા.'

'મારે જરૂર નથી ટ્રુમેન...'

'સાહેબ,' એકાએક ટ્રુમેને પૂછ્યું, 'તમે પેલા સેન્ડર્સને ઓળખો કે?'

'પેલો ભજનો ગાતો હતો તે? રોય સેન્ડર્સ! સ્ટોર્સનો હિસાબનીશ હતો, ખરું?'

'હા સાહેબ, એ જ. એ હવે પાદરી બની ગયો છે.'

'પાદરી? શું કહે છે તું?'

'હા સાહેબ. ધર્મોપદેશક. દુનિયામાં માન આપનારા બે જ વ્યવસાય છે – ખાણિયા અને પાદરી. તે માનથી જીવવા માગતો હતો. પાદરીની પાઠશાળામાં અભ્યાસ કરી તે સાચેસાચ પાદરી બની ગયો અને શેમાં નિપુણ થયો જાણો છો સાહેબ?'

‘શેમાં?’

‘અંતિમક્રિયામાં. હા સાહેબ, તેનાં અંતિમક્રિયાનાં પ્રવચનો ખરેખરા આંખ ઉઘાડનારાં હોય છે. અંતિમક્રિયા વખતે લોકો તેને જ બોલાવે છે. તે ખાણનાં કામને સાંકળીને અંતિમ બોધ આપે છે. તે કહે છે, ‘માટી ખોદી આપણે કોલસો કાઢીએ છીએ. માટી ખોદી આપણે તેમાં મૃતદેહ સંચિત કરીએ છીએ. કોલસો જીવન છે. કોલસાનું મૃત્યુ નથી. માનવીનું પણ મૃત્યુ નથી. જે સચેતન રહ્યું છે, તેનું મૃત્યુ હોતું જ નથી. કોલસામાં સંચિત આંચ હોય છે, માનવશરીરમાં પણ, ભલે તે મૃત હોય, સંચિત આંચ ખરી જ...’

જેમ્સ સ્ટાર જરા સચિંત થવા લાગ્યા હતા. શા માટે આ ટ્રુમેન (કે ટ્રુમેનિયો) મૃત્યુની, મૃત્યુ વખતની વિધિની અંતિમક્રિયાની અને અંતિમક્રિયાના ઉપદેશની વાતો આગળ કરી રહ્યો છે?

જેમ્સ સ્ટારને ખામોશ થયેલા જોઈ ટ્રુમેને કહ્યું ‘સાહેબ, એનું ઍડ્રેસ આપું...’

‘શું કામ?’

‘કદીક કામ લાગે.’ એટલું કહી ટ્રુમેન કહે, ‘બાકી સાહેબ, એના અંતિમ ઉપદેશો ખરેખર ધારદાર હોય છે. એક વખત પોપશ્રીએ કહ્યું હતું કે, એના અંતિમ ઉપદેશ સાંભળવા માટે તો મરવાનું મન થઈ જાય છે.’

ટ્રુમેન હસ્યો. એના હસવામાં કોઈ ભેદ ખરો?

વચલા બંદરો અને પ્રવાહોમાં થઈ સ્ટીમર ક્યારે કયાંથી ક્યાં નીકળી ગઈ તેનીય જેમ્સ સ્ટારને ખબર પડી નહીં.

ઊતરતી વખતે ટ્રુમેને કહ્યું ‘સાહેબ, હું આપને ઊતરવામાં મદદ કરું?’

‘હું પણ ખાણિયો છું ટ્રુમેન, કેમ ભૂલે છે?’

‘ઠીક સાહેબ, કંઈ વાંધો નહીં સાહેબ. મળવાનું બહુ ગમ્યું સાહેબ. ફરીથી એક વાત પૂછું સાહેબ?’

‘પૂછ.’

‘પહોંચાડું?’

જેમ્સ સ્ટારે ટ્રુમેન સામે જોયું.

ટ્રુમેને પાછું પૂછ્યું, ‘એટલે કે પહોંચાડી દઉં?’

‘તારા ફરીફરીના આગ્રહ બદલ આભાર ટ્રુમેન. યુ આર રિયલી એ ટ્રુ મેન. પણ હું મારી જાતે જ પહોંચી જઈશ. મને એ જ ગમે છે, જાતે પહોંચવું.’

'જેવી તમારી મરજી. ગુડ-ડે સર, બાય સર, બેસ્ટ લક સર...' અને ટ્રુમેન ગયો.

જેમ્સ સ્ટાર એ કઈ દિશામાં જાય છે, તે જોઈ રહ્યા. શરૂઆતમાં ટ્રુમેન પાછળ ફરીફરીને જોતો હતો. તેમ કરવા જતાં તે અથડાઈ પણ પડ્યો. પછીથી સડસડાટ જતો રહ્યો.

જળમાર્ગ પૂરો કરી જેમ્સ સ્ટારે ફરીથી ટ્રેઇન પકડી. આ શટલગાડી હતી અને આ જ ગાડી સ્ટારને કેલેન્ડર સ્ટેશને લઈ જતી હતી.

ગાડીમાં બેઠા બાદ જેમ્સ સ્ટારને એક ખ્યાલ આવ્યો, ધારો કે હેરી તેમને લેવા નથી આવ્યો તો શું? ડોકાર્ટ પીટથી કેલેન્ડરનું સ્ટેશન ચાર માઈલ દૂર હતું. આખો દિવસ હેરી તેમની રાહ જોવાનો હતો. ધારો કે તે રાહ ન જુએ અથવા જેમ્સ સ્ટાર પહોંચે ત્યારે આઘોપાછો થઈ ગયો હોય તો શું?

બીજો પત્ર લખનાર પણ હેરીને રોકી શકે અથવા તેને ગેરમાર્ગે ચઢાવી પાછા વાળી શકે.

હેરી આવે કે ન આવે, તે કેલેન્ડર સ્ટેશને હોય કે ન હોય, પણ પોતે પોતાની રીતે જરૂર ડોકાર્ટ પીટ જશે. એબરફોઇલ પણ જરૂર જશે. ત્યાં તેમને સાયમન ફોર્ડના સમાચાર તો મળી જ જશે.

ગાડીમાં પણ તેમની નજર પેલા છૂપા પત્રલેખકને શોધતી જ હતી. આ ગાડી એબરફોઇલની ખાણ તરફ જતી હોવાથી પરિચિતોની સંખ્યા વધારે જ રહેતી. એમ ખાસ વધારે કહી શકાય તેવા પ્રવાસીઓ જ નહોતા.

'ઓહ, હલ્લો મિસ્ટર જેમ્સ સ્ટાર.'

બોલાવનાર સામે જેમ્સ સ્ટારે જોયું. તેઓ ઓળખી ગયા. સાયમનની જેમ જ ખાણ નહીં છોડવાની જીદ કરનાર આધેડ વેન્ટ હતો. તેણે પૂછ્યું, 'સાહેબ! મારી પાસે ખાણ છોડાવી, આપનાથી ખાણનો મોહ છૂટતો નથી.'

'ખાણ તો આપણી જિંદગી હતી, વેન્ટ.'

'વખતોવખત આવતા હશો સાહેબ...'

જવાબ આપવાનું જેમ્સ સ્ટારને સૂઝ્યું નહીં. આ તો બધાં તેમના વફાદાર સાથીઓ હતા. તેમ છતાં સાવધ રહેવું શું ખોટું?

'એવું કંઈ નહીં,' જેમ્સ સ્ટારે કહ્યું, 'આવી જવાય તો આવી જવાય...'

'રહેશો?'

'નક્કી નથી.'

‘મેં સ્ટીમર પ્રિન્સમાં તમને જોયા હતા, પણ આપ પેલા ટ્રુમેન સાથે રોકાયેલા હતા...’

‘અરે, મળવું હતું ને, એમાં શું?’

‘આપ તો જાણો છો મારો સ્વભાવ સાહેબ, બે માણસો વાત કરતા હોય ત્યારે હું વચમાં નથી આવતો.’

‘એમાં વચમાં આવવાનો સવાલ જ ન હતો, વેન્ટ! આપણે બધાં ખાણ-માણસો છીએ. આપણે એક છીએ, બે છીએ જ નહીં. આપણા પ્રશ્નો પણ એક જ છે, ખાણ સાથે સંકળાયેલા.’

‘તોપણ વર્તવું જુદી જુદી રીતે પડે છે. આપે સાયમનને ખાણમાં રહેવાની છૂટ આપી, મને...’

‘વેન્ટ, ત્યાં રહેવા જેવું શું રહ્યું હતું?’

‘સાયમન રહ્યો કે નહીં?’

‘મને ખબર નથી.’

‘આપ શું કહો છો સાહેબ, શેની ખબર નથી આપને? સાયમન ત્યાં છે કે નહીં તેની?’

‘લગભગ એની જ... એની જ...’

‘તો શું આ અગાઉ આપ એને કદી નથી મળ્યા?’

‘તું મળ્યો છે, વેન્ટ?’

‘એવા ભેદી માણસને મળવું જ હું પસંદ કરતો નથી.’

‘ભેદી? અને સાયમન પોર્ટ? આ તું શું કહે છે, વેન્ટ?’

‘ભેદી નહીં તો શું, શા માટે લોકો કબ્રસ્તાનમાં રહેવું પસંદ કરતાં હશે?’

‘કબ્રસ્તાન વળી શેનું? શું તું એબરફોઇલને કબ્રસ્તાન કહે છે? ત્યાં તો આપણી જિંદગી ધબકી છે, વેન્ટ!’

‘જિંદગી ધબકતી હતી ત્યારે ધબકતી હતી, પછી તો માત્ર કબ્રસ્તાન. યાદોનું પ્રવૃત્તિનું સ્વપ્નાંઓનું રોજીરોટીનું ઘટનાઓનું દુર્ઘટનાઓનું અને...’

‘અને શું, વેન્ટ?’

‘જીવતા માણસોનું.’

'ના ના. એમ ના કહે. એબરફોઇલમાં કદી કોઈ જીવતું દટાયું નથી. હંમેશા અંદર જનારાનું અને બહાર આવનારાઓનું રજિસ્ટર રહેતું હતું. એકાદને આવતાં વાર થાય તો તરત જ ચેકિંગ શરૂ થઈ જતું. વેન્ટ, મારા મિત્ર, હું તો ખાતરીથી કહું છું કે, જ્યાં સુધી આ જેમ્સ સ્ટારની હકૂમત રહી છે ત્યાં સુધી એબરફોઇલમાં કોઈ જીવતું દટાયું નથી.'

'આપ કદીક રજા પર જતા હો ત્યારે...'

'ત્યારે પણ નહીં. માણસોનું દટાવું કે ગુમ થવું એ કંઈ છૂપી રહી શકે તેવી વાત નથી...'

'તેમ છતાં કેટલાક હંગામી ખાણિયાઓ અંદર પહોંચી જ જતાં...'

'તેમની પણ નોંધ રહેતી જ...'

'હંગામીની નોંધ હંગામી. કોઈક હંગામી ગુમ થયો હોય તો કોણ એનું વળતર ચૂકવવાનું છે?'

'ખાણ હંમેશા વળતર ચૂકવતી આવી છે. વાગવું, અકસ્માત થવો એ બધી ખાણ સાથે સંકળાયેલી વાતો હતી, પણ કોઈ ગુમ થયાનો, દટાયાનો દાખલો મારા ધ્યાનમાં નથી.'

'ધ્યાન બહાર એવું ન બની શકે, સાહેબ?'

'ના. ધ્યાન બહાર પણ ન બની શકે.' જેમ્સ સ્ટારે પૂરા વિશ્વાસ સાથે કહ્યું અને સામું પૂછ્યું 'પણ તું આવી વાતો શા માટે કરે છે? તારી પાસે છે કોઈના ગુમ થયાની સાબિતી?'

'કબ્રસ્તાનમાં તખ્તી લખાય છે. ખાણમાં એવી તખ્તી થોડી જ તૈયાર થાય છે?'

'તું મને ઉદ્વિગ્ન કરી રહ્યો છે, વેન્ટ. તેમ છતાં શાંતિથી પૂછું છું, તારી પાસે કોઈ એવા ગુમ થયાનો દાખલો હોય તો મને કહે. એનું હજી વળતર ચૂકવી શકાશે, એનાં અવશેષ હજી શોધી શકાશે, એ જે સ્વરૂપમાં હશે એ સ્વરૂપમાં એને મેળવવાના પ્રયાસો થશે.'

'આત્મા સ્વરૂપે.'

'હું એમાં માનતો નથી, વેન્ટ.'

'મારું સ્ટેશન આવ્યું. હું વિદાય લઉં છું, સાહેબ!'

'વેન્ટ, જવાબ આપતો જા. આમ પ્રકરણ અધૂરું રાખીને ના જા.'

'પ્રકરણ સાયમન પૂરું કરશે.' ચાલુ ગાડીએ ઊતરીને દૂર પહોંચી ગયેલા વેન્ટે કહ્યું, 'આપનો પ્રિયજન છે ને!'

'વેન્ટ, સાંભળ. પાછો આવ, વાત કર કે...' ગાડીની બારીમાંથી જેમ્સ સ્ટારે બૂમ પાડે રાખી. વેન્ટ પાછો ન ફર્યો.

'તો એમ વાત છે,' જેમ્સ સ્ટાર સ્વગત બોલી ઊઠ્યા, 'માનવીમાં થોડોક તો અસંતોષ રહે છે જ. થોડીક ઈર્ષ્યા. શું થઈ શકે? સાયમનને એની પોતાની જાતે રહેવાનું નક્કી કર્યું હતું. મારુ કે ખાણના કોઈ અધિકારીનું દબાણ કે સૂચન ન હતું. અને ખાલી ખોખાં જેવી એ ખાણમાં રહેવું કંઈ સહેલી વાત ન હતી. હિંમત કરીને અને લાગણીના આવેશમાં ખેંચાઈને કોઈ રહેવા લાગે તોપણ ભાગી જાય! જ્યાં જીવન નથી, ત્યાં રહેવું શું?'

તો શું સાયમન હવે ત્યાં નહીં રહેતો હોય?

તો પછી તેનો પત્ર? એટલે કે તેના નામે લખાયેલો પહેલો પત્ર?

કેલેન્ડર સ્ટેશન આવી ગયું.

પ્લૅટફૉર્મ ઉપર પહેલાં જેવી ગિરદી ન હતી. ખાણિયાઓ ગાડીમાં જે ગિરદી અને હલ્લા-ગુલ્લા મચાવતાં, તેનો હવે આભાસ પણ ન હતો.

ગાડીમાંથી એકલદોકલ મુસાફર ઊતરીને પોતપોતાની રીતે ચાલ્યા જવા લાગ્યા. તીથ નદીની બહારની ડાબી બાજુ વસેલું આ ગામ પોતાની ખાણીપીણી માટેય મશહૂર થતું. ગામ જમણી બાજુએ થઈને જવાતું, કેમ કે એ તરફ ખાણ હતી, પણ ડાબી બાજુનાં ખાણીપીણી તથા બીજા આકર્ષણો એટલાં હતાં કે લોકો ડાબે થઈને જ જમણે જતાં. પોતે થોડીક સહેલ માણી લેતાં અને ઘર, કુટુંબ, બાળકોને માટે પણ કંઈક લઈ લેતાં.

આજે ડાબી બાજુ જનાર કોઈ ન હતું.

જેમ્સ સ્ટારે પહેલાં તો ડાબી બાજુએ જ જોયું. સંભવ છે કે એ તરફ કંઈક કે કોઈક જોવા મળી જાય.

પછી જમણી તરફ જોયું. પોતે ઊતર્યા નહીં, જોઈ રહ્યાં.

પ્લૅટફૉર્મ પૂરું થયું, ત્યાંના બાંકડા પર એક નવજુવાન બેઠો હતો.

ગાડી આવી ત્યારે તે ઊભો ન થયો. ગાડી આવીને ઊભી રહી, ત્યારે પણ તે ઊભો ન થયો.

તેણે ત્યાંથી બધાં પેસેન્જરોને ઊતરતાં જોયાં, જવા દીધાં.

પણ જેવા તેણે બારણે ઊભેલા ઇજનેર જેમ્સ સ્ટારને જોયા કે તે તરત ઊભો થયો.

વેગમાં ઇજનેરને મળવા, તેમનું સ્વાગત કરવા દોડ્યો.

એ હેરી હતો, સાયમન ફોર્ડનો પુત્ર હેરી.

# ખરેખરો ખાણિયો નામે હેરી ફોર્ડ

‘તું જ હેરી ફોર્ડ કે?’ પ્રાથમિક અભિવાદન વગર જ ઇજનેરે પૂછ્યું.

‘જી હા, સ્ટારસાહેબ.’

‘દશ વર્ષમાં તું તગડો નવજવાન બની ચૂક્યો છે. પણ જો, મેં તને ઓળખી કાઢ્યો કે નહીં?’

‘મેં પણ આપને એકદમ જ ઓળખી કાઢ્યા સાહેબ.’ સશક્ત ખાણિયા હેરી ફોર્ડે ઇજનેરનું સ્વાગત કરતાં હાથમાં હાથ લઈ કહ્યું, ‘આપ જરા પણ બદલાયા નથી. દશ વર્ષ પહેલાં ડોકાર્ટ પીટમાં છેલ્લી વાર આપણે મળ્યા, ત્યારે જેવા હતા તેવા જ આજે પણ છો.’

‘માથે ટોપ પહેરી લે હેરી.’ ઇજનેરે કહ્યું, ‘વરસાદ હજી ચાલુ જ છે, અને નમ્રતા તથા વિવેકનો અર્થ એવો હરગીઝ થતો નથી કે આપણે શરદીને આવકારીએ.’

‘સાહેબ, કોઈ શેડમાં થોડી વાર થોભવું પસંદ કરશો?’ હેરી ફોર્ડે સૌજન્ય દાખવ્યું.

‘ના હેરી, એની જરૂર નથી. વરસાદ જામ્યો છે અને આખા દિવસ પછી પણ કોઈ પરિવર્તન આવવાની શક્યતા નથી અને હું ઉતાવળમાં છું. તું જાણે છે ને! ચાલ જઈએ...’

‘જેવી આપની મરજી સાહેબ...’

‘હેરી, પહેલાં એ કહે કે તારા પિતાજી એકદમ સ્વસ્થ તો છે ને?’

‘એકદમ સ્વસ્થ, સાહેબ.’

‘અને માતાજી?’

‘તે પણ ખુશખુશાલ છે. સ્વસ્થ, સશક્ત અને ખડતલ...’

‘તારા પિતાજીનો પત્ર હતો કે મારે એમને ડોકાર્ટ પીટમાં મળવું.’

‘ના સાહેબ, એ પત્ર મેં જ લખ્યો હતો.’

‘ત્યારે શું પેલો બીજો પત્ર સાયમન ફોર્ડે લખ્યો હતો કે જેમાં મને નહીં આવવા...’

‘ના સાહેબ, મારા પિતાજી કોઈ એવો પત્ર શું કામ લખે?’

‘ઓહ!’ એ વાત કહેવાઈ ગયાનો અફસોસ થયો હોય એમ જેમ્સ સ્ટારે વાત આગળ વધારી, ‘હેરી, તું કહી શકે કે તારા પિતાજી શા માટે મને

મળવા માગે છે?'

'સાહેબશ્રી, મારા પિતાજી એ વાત પોતાની જાતે જ તમને કહેવા માગે છે.'

'પણ એ વાત શી છે, એ તો તું જાણતો જ હશે ને?'

'જાણું છું તો ખરો, પણ...'

'ઠીકઠીક હેરી, હું તને કાંઈ જ પૂછીશ નહીં. ચાલ આપણે જઈએ. હું તારા પિતાજી સાથે વાત કરવા ઘણો જ ઉત્સુક છું. દરમિયાનમાં... તેઓ ક્યાં રહે છે?'

'ખાણમાં જ.'

'એટલે કે ખાણની અંદર? ઠેઠ પેલી ડોકાર્ટ પીટમાં?'

'હા સાહેબ.'

'તો શું આટલાં વર્ષમાં તમારું કુટુંબ ક્યાંય બહાર નથી નીકળ્યું? એટલે કે ખાણ બંધ થઈ છતાં બધાં અંદર જ?'

'એમ જ સાહેબ. એક દિવસ માટે પણ અમે બહાર આવ્યા નથી. આપ તો મારા પિતાજીને ઓળખો છો. તેઓ ખાણમાં જ જન્મ્યા હતા અને ખાણમાં જ વિલિન થઈ જવાની ઇચ્છા ધરાવે છે. તેમના છેલ્લા શ્વાસ ખાણમાં જ...'

'હું જાણું છું, હેરી જાણું છું. ખાણ જ તેમના શ્વાસોચ્છ્‌વાસ છે. તેઓ કદી ખાણ નહીં છોડે. પણ... તું સુખી ખરો?'

'બહુ જ સુખી સાહેબ.' હેરીએ ઉત્સાહમાં કહ્યું, 'કેમ કે અમે બધાં જ એકબીજાને અત્યંત ચાહીએ છીએ અને અમારી જરૂરિયાતો સીમિત છે. ઉપરાંત સંતોષ અમારો મુદ્રાલેખ છે અને અમારો હેતુ...'

'હેતુ?'

'એટલે કે જીવનનો, જીવન જીવવા માટેનો હેતુ એક જ છે.'

'શાબાશ હેરી, જેવા પિતા તેવો જ પુત્ર, બરાબર? પણ ચાલ, પગલાં માંડીએ...'

કેલેન્ડર સ્ટેશનની બહાર ગામ પસાર કરતાં બન્નેએ પગલાં માંડ્યાં. દશ મિનિટમાં તો તેઓ કેલેન્ડર ગામ વટાવી ચૂક્યા હતા.

સાડા પાંચ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતો હેરી ફોર્ડ દરેક રીતે એક ફાંકડો નવજુવાન હતો. તેની મુખમુદ્રા ગંભીર ભાસતી, પણ એ ચહેરા પર એક ઉત્સાહભર્યો તરવરાટ સદાય જોવા મળતો. બાળપણથી જ ઓળખનારા એને પ્રતિભાવાન સ્વરૂપે ઓળખવું પસંદ કરતાં. જે કંઈ

જાણતો તે પ્રગટ નહીં કરી દેવાની તેની ઝંખના રહેતી અને ઓછા શબ્દો દ્વારા પણ સામા પાસે વધુ જાણવાની તેની ઉત્કંઠા રહેતી. મર્યાદા સાથે એ વાતો તે જાણી પણ લેતો. તેના બહારના દેખાવમાં ઊંડી ભૂરી આંખો, ફરફરતા વાળ, ગોરી દેહલતા સાથે કાળાશ ભળી જતાં તપેલી તાંબા જેવી કાયા! આ બધી વાતો તેના આંતરિક પ્રભાવ સાથે કોઈ જુદી જ રીતે દીપી ઊઠતી. તે કદાચ લૉ-લેન્ડર હતો, પણ હાઇ-લેન્ડરની તમામ ખાસિયતો તેનામાં હતી.

બાળપણથી જ કોલસાની ખાણમાં કામ કરતાં તેણે કોલસાની ખાણ વિષે એટલી માહિતી મેળવી લીધી હતી કે તેના પર ખાણ વિષે પૂર્ણ વિશ્વાસ મૂકી શકાય. જાણવાની ધગશ, સ્વતંત્ર રૂપે કામ કરવાની તમન્ના, વધારાની મહેનત માટે સદા તૈયાર તથા એકદમ ઉમળકાભર્યો સ્વભાવ – આ બધા ગુણો તેને ભવિષ્યના એક પાવરધા ખાણિયા તરીકે તૈયાર કરતા હતા. ઉપરથી સાયમન ફોર્ડ જેવા પિતાની નિઘરાણી અને માર્ગદર્શન! શબ્દોના સાચા અર્થોમાં તે બીજો ફોર્ડ જ તૈયાર થતો હતો. વધુમાં સાયમન ફોર્ડનું જ્ઞાન તેના અનુભવમાંથી આવતું હતું. જોકે એ અનુભવ કંઈ જેવોતેવો ન હતો. જ્યારે હેરી પુસ્તકોનો પણ રસિયો હતો. જ્યાંથી જે રીતે ભણી શકાય એ રીતે તે ભણ્યો હતો અને પુસ્તકોની ચાનક તેને લાગી હતી. તેમાંય ખાણ વિષેનાં પુસ્તકોમાં તેને ખાણની જેમ જ ઊંડાં ઊતરી જવું ગમતું. પ્રારંભિક બાળપણમાં તે આ પ્રકારના અક્ષરજ્ઞાનથી વંચિત રહ્યા ખરો, પણ એક વખત લગની લાગી પછી તે જેમ બીજાં કામો સામા પાસે આગ્રહપૂર્વક શીખી લેતો, તેમજ વાંચતાંલખતાં પણ શીખી ગયો. આ ખાણમાં એ માટેની સગવડ જેમ્સ સ્ટાર દ્વારા વિશેષરૂપે ઉપલબ્ધ કરાઈ હતી. તેઓ ઇચ્છતા કે ખાણ- બાળકો ભણેગણે તથા અચ્છા ખાણિયા બનવા સાથે અચ્છા જ્ઞાન-પિપાસુ ખાણ- સંશોધક બને.

ખાણની આ જિંદગીમાં અવકાશ જેવી તો વાત જ ન રહેતી. ચોવીસ કલાક ઓછા પડે, એવું આ ખાણનું જીવન! એટલે સ્તો કહેવાતું કે જે ખાણમાં પડ્યો તે ગયો જ સમજો. તેમ છતાં હેરીને જે સમય મળતો, જ્યાં સમય મળતો ત્યાં તે પુસ્તક મેળવી લેતો, વાંચવા લાગતો. જ્યારે સાયમન ફોર્ડ પુત્રને ચોપડીમાં ખૂંપેલો જોતા ત્યારે રાજી થઈને કહેતા, ‘આ બાબતમાં જરૂર તું અમારા કરતાં આગળ નીકળી જવાનો. અમને બધાને તારો આ વાચનશોખ ગમે છે. કદીક અમનેય બે શબ્દો સંભળાવતો રહેજે.’

ખાણિયાઓના ઘણા પત્રો તે પોતાની રીતે લખી દેતો અને ખાણિયાઓ જ્યારે ભેગા થઈને હેરીને વાંચતો સાંભળતાં ત્યારે રાજીના રેડ થઈ જતા.

આમ પૂછો તો પુસ્તક પણ એક ખાણ જ છે. એમાં જેમ તમે વધુ ખૂંપો તેમ તમે નવા નવા રહસ્યો શોધી કાઢો છો અને પામો છો. ખાણમાં ખૂંપી ગયેલા કંઈક ખાણિયાનું ખાણ-જ્ઞાન ઇજનેર જેમ્સ સ્ટાર કરતાં વધારે

હતું, એમ ઇજનેર સ્ટાર જાતે જ કહેતાં, પણ અનુભવ અને અક્ષર એ બન્નેનાં સામંજસ્યની તો ભાઈ કંઈ વાત જ ઔર.

પિતાની આજુબાજુ બાળક હરેફરે, રમે એ એક વાત છે. પિતાને જે-તે કામ કરતા જોઈ એ વિદ્યા હાંસલ કરવાનો નકલભર્યો પ્રયાસ કરે એ પણ એક વાત છે, પણ પિતાની જેમ પારંગત થવાના પ્રયાસો કે પેરવી કરે ત્યારે બાળકને માટે કહેવાય છે કે એ તેના બાપ કરતાં સવાયો થયો. હેરીમાં સવાયા સાયમન થવાના તમામ ગુણ હતા અને કોડ હતા. પિતા સાથે કોઈ સ્પર્ધાની રીતે નહીં, પણ ખાણની એ ક્રિયા-પ્રક્રિયામાં તેને આનંદ જ અનહદ આવતો હતો. એ જ તેની રમત હતી, એ જ તેની મઝા હતી, એ જ તેની કાર્યવાહી હતી. તેના ઓતપ્રોત થવાની એ વૃત્તિને લઈને તે કંઈકનું કંઈક નવું સત્ત્વ તથા તત્ત્વ શોધી કાઢતો. પિતા સાયમન ત્યારે પોતાની આંતરિક ખુશી સાથે બોલી ઊઠતાં, ‘શાબાશ બેટા, શાબાશ હેરી! અમે ખાણના અંતરિયાળ માનવી રહ્યા છીએ. તું ખાણ વિષેનો અંદર-બહારનો માણસ બની રહેશે. શાબાશ મારા દીકરા.’

એ વાતમાં કોઈ શંકા નથી કે એબરફોઇલની ખાણ ચાલુ રહી હોત તો હેરી જરૂર એના પિતાના વારસદાર સ્વરૂપે ઓવરમેન બન્યો જ હોત અને તે જો ઓવરમેન બની રહે તો સ્ટાફ તથા સંસ્થા બંને તેને વધાવવા તૈયાર થયા હોત. તાત્પર્ય કે એ છોકરો પહેલેથી જ કાર્યદક્ષ અને લોકપ્રિય હતો.

જેમ્સ સ્ટાર ઝડપી ચાલે ચાલનાર માનવી હતા, તેમ છતાં પોતાના માર્ગદર્શક જેટલી ઝડપ તેઓ સાધી શકતા ન હતા. ઉતાવળ હેરીને છે કે જેમ્સ સ્ટારને એ જ સમજાતું ન હતું. હેરી વચમાં વચમાં ધીમો પડીને ઇજનેરનો સાથ ન મેળવી લેત તો તે જરૂર ઘણો આગળ નીકળી જાત. જોકે તેને આગળ નીકળી જવાની કોઈ તમન્ના ન હતી કે ધગશ પણ ન હતી.

વરસાદ હવે ઓછો થયો હતો, પણ ઝરમરિયો છંટકાવ સતત ચાલુ હતો. આ બાજુની જમીન પથ્થરિયા હતી તથા તે પર કોલસાના થર બાઝચા હતા, એટલે ભૂમિ લપસણી થઈ ન હતી. ચાલવાની એક રીતે મજા આવતી હતી, પણ કોલસાઈ જમીન ચાલની ઝડપને જરૂર અવરોધતી હતી.

હોંશીલા હેરીએ સાહેબની હેન્ડબૅગ પોતાના હાથમાં લઈ લીધી હતી. નદીને કિનારેથી સહેજ આઘા રહી બન્ને વચગાળાના રસ્તે આગળ વધતા હતા. નીચે કોલસાની ખાણ હોવા છતાં જમીનની ઉપર જાતજાતનાં વૃક્ષો ઊગી નીકળ્યાં હતાં. એને કુદરતની કરામત જ કહી શકાય કે વનરાજિની જિજીવિષા! પોતપોતાની રીતે ખેતરોમાં, વાડમાં, મેદાનોમાં ઘાસ પણ ઊગી નીકળ્યું હતું અને ત્યાં પશુધણ ચરવા લાગ્યું હતું. જેમાં

મોટા ભાગે શિંગડાવિહીન ગાયો હતી તથા રેશમિયાં ઊન ધરાવતાં ઘેટાંઓ હતાં. સંકર પ્રકારની આ ગાયો પશુક્ષેત્રના વિજ્ઞાનનો ચમત્કાર હતો કે જેમાં વધારાના બીનઉપયોગી અંગો નાના કરવામાં આવતાં કે અદૃશ્ય કરી દેવાતાં અને માણસને ઉપયોગી એવાં દૂધ આપનાર અંગો વિકસિત બનાવી દેવાતાં. માણસને એક જ પશુ પાસેથી વધુ ને વધુ દૂધ મળવું જોઈએ, ડેરી-પ્રસાધનોનો વિકાસ થવો જોઈએ, એ જ માણસની લાગણી અને માગણી રહી હતી. ઘેટાંનાં રૂપરંગ, આકાર-પ્રકાર, કાયા-માયા પણ એ જ રીતે વિકસાવાયાં હતાં.

માણસ વિજ્ઞાનની દિશામાં આગળ વધતો હતો, પણ એ દિશા કદાચ સ્વાર્થની દિશા હતી. પશુપંખી, જળજમીન, આકાશવાયુ બધાંએ માણસ માટે જ જીવવું જોઈએ અને માણસ માટે જ કામ કરવું જોઈએ, એવો સિદ્ધાંત અજાણી રીતે પ્રતિપાદિત થતો હતો. કોલસાની ખાણનું જે શાસ્ત્ર હતું કે કોલસાની એ ખાણે છેલ્લા શ્વાસ સુધી માનવની જ સેવા કરવી, એ જ શાસ્ત્ર માનવી વિજ્ઞાન દ્વારા બીજાં ક્ષેત્રોમાં પણ અમલમાં લાવતો હતો, પણ કોલસાની ખાણ ખતમ થઈ શકે છે, એ જ્ઞાન તો અનુભવ જ તેને શીખવી રહે છે.

ગાય તથા ઘેટાંઓ પોતપોતાની મસ્તીમાં માથાં નીચાં રાખીને ચરતાં હતાં. કોઈ ભરવાડ દૃષ્ટિગોચર થતો ન હતો. એ કદાચ કોઈક ઝાડ હેઠળ આરામ કરતાં હોય કે મંડળી જમાવી બેઠાં હોય. આ પશુધણની ખાસ કરીને ઘેટાંઓની દેખરેખ કોલી-શ્વાન રાખતાં હતાં, જેની સંખ્યા બહુ ન હતી.

ચેરો શેફ્ટ કેલેન્ડર ગ્રામનગરીથી ચારેક માઇલને અંતરે આવેલી એક કામકાજી ખીણ કે કૂવાભૂમિ હતી. જેમ્સ સ્ટારને આટલા લાંબા સમયે આ બધું જોવું ઘણું ગમ્યું. ખાણના બંધ થવા સાથે ઘણાં ફેરફાર વરતાતા હતા. આ વિશાળ મેદાનો ઉપર અગાઉ ખાણની બહાર ખેંચી કાઢવામાં આવતો, કોલસો સંઘરાતો હતો. કોલસાના ચોરસિયા ઢગના ઢગથી આ ભૂમિ દટાઈ જતી. જમીનની અંદરના કોલસાના પહાડો બહાર આવીને ગોઠવાઈ જતાં. પછી તેને લેવા ગંજાવર ટ્રકો આવતી, ટ્રોલીઓ આવતી, ગુડ્ઝ-ગાડીના વેગનો આવતાં. ઊંટડાંઓ, ટ્રેઇનો, શેફ્ટસમૂહોનો લોખંડી રણકાર તથા ઘરઘરાટ અત્રે સતત ચાલુ રહેતો. ગ્લાસગો રેલવેનો આ બધો જ ભાગ એક કાળા થરથી છવાઈ લદાઈ ગયો હતો. આ તરફથી જતાં રસ્તાઓનાં નામ પણ બ્લૅક રોડ, કોલ-કાઉન્ટી, એશીઝફિલ્ડ જેવા પડી ગયાં હતાં.

માણસ કુદરતને ગમે તેટલી દબાવવા માગે તોપણ કદાચ તે દબાતી નથી. માનવી માટેના ઉપયોગી કોલસાનું સામ્રાજ્ય રહ્યું તો એ કાળા-સામ્રાજ્ય હેઠળ બધું દબાઈ ગયું, પણ જેવું કાળું હવામાન ઓસરી ગયું કે કુદરતે માથું ઊંચક્યું, પાંખો ફેલાવી. આ તરફ ઘાસ, વૃક્ષો, લીલોતરી,

રળિયામણું સ્વચ્છ વાતાવરણ જોઈ જેમ્સ સ્ટારને આનંદ થયો. વિજ્ઞાન કે માનવીની નિષ્ફળતા પણ ક્યારેક ફાયદાકારક સાબિત થાય છે. નહીં તો અહીં વળી આ લીલીછમ્મ ધરતી ક્યાંથી? અને અહીં વળી આ ઊંડા ઊંડા શ્વાસ લેવાનું મન થાય તેવી સ્વચ્છ હવા ક્યાંથી?

અત્યારે કૃષિનો ઉદ્યોગ ઉપરનો વિજય વરતાતો હતો. અગાઉ પણ ઘાસ-ફૂસે માથું ઊંચકવાનો પ્રયાસ તો કર્યો જ હતો, પણ કોલસાના ગંજ એ પ્રયાસને જમીનદોસ્ત કરી દેતાં, સાચા અર્થમાં જમીનદોસ્ત કરી દેતાં.

મોટા દાનવીય યંત્રોના ખણખણાટ, ગડગડાટ, કિડિંગ-ખિડિંગ, ધડધડાટ અને વ્હીસલો, ચીસો, ચિચિયારીઓ ઘોંઘાટોની કેવી દુનિયા હતી! હજી અવશેષ સાવ સમાપ્ત થયા ન હતા. પણ પેલો પરેશાન કરતો કાનફોડિયો કર્કશ ધ્વનિ ન હતો. એન્જિન, શેફ્ટ, લીફ્ટ, ટ્રોલીની કાનફોડતી વ્હીસલને બદલે અત્યારે ઠંડો આહ્લાદક પવન સંગીત-ધ્વનિ છેડતો હતો.

જેમ્સ સ્ટાર આટલી ઉતાવળમાંય ઊભા રહી ગયા.

હેરી જાણી ગયો. ખાણના એ બાળકે કહ્યું, ‘સાહેબ, બધું કેટલું બદલાયેલું લાગે છે ને?’

‘હા હેરી,’ જેમ્સ સ્ટારે કહ્યું, ‘ખરેખર બધું બદલાઈ ગયું છે. મને લાગે છે કે માણસે આ ધરતીને ઉપરતળે કરીને કાળી બનાવી તે પહેલાં બધું આવું જ હશે...’

‘તે પહેલાં, હા સાહેબ, તે પહેલાં...’

‘પણ આપણે જેટલી ઝડપથી કોલસો ખાલી કરવા લાગ્યા હતા એ જોતાં આ પરિણામની તો ખાતરી જ હતી.’ ઇજનેરે થોભીને કહ્યું, ‘હતી કે નહીં?’

‘હતી જ સાહેબ.’

‘તને... આ પરિવર્તન માટે કોઈ રંજ થાય ખરો?’

‘માફ કરજો સાહેબ. સાચું કહું? રંજ તો ખરો જ. આપણું જે કામ હતું તે કંઈ ખોટું ન હતું. માણસને ઉપયોગી હતું. જો આપણે એ કામ ન કર્યું હોત તો માણસ આ સદી-દોઢ સદી કેવી રીતે જીવી શક્યો હોત! પણ સાહેબ, હું એ વાતને મારી રીતે કહું?’

‘કહે હેરી.’

‘આપણું કામ બહુ મજાનું હતું. અઘરું હતું, સંઘર્ષથી ભરેલું હતું, જોખમી હતું, પડકાર ફેંકતું હતું, પણ સાહેબ! એ કામનો આનંદ અનેરો હતો. દિવસ અને રાત ક્યાં પસાર થઈ જતાં એનીય ખબર પડતી નહીં.

જરાક નાને મોઢે મોટી વાત કહી નાખું તો માફ કરજો સાહેબ, પણ સંઘર્ષમાં જે સંતોષ અને આહ્‌લાહ છે તેની ઉત્તેજના જ કોઈક જુદી.'

જેમ્સ સ્ટાર આ ખાણ-પ્રાણીને જોઈ રહ્યા, તેની ખાણ-વાણી સાંભળી રહ્યા અને એ ખાણિયો તો બોલતો જ હતો, 'અને સાહેબ... અને સાહેબ... પેલો ભરવાડ શાંતિથી બેઠો છે, જુઓ. એના કરતાં હું... ખાણિયાની જિંદગીને જરૂર વધુ પસંદ કરું... આ તો સાહેબ મારો અભિપ્રાય છે.'

'હું તારા અભિપ્રાયની કદર કરું છું. એની મેળે સ્વાભાવિક સ્વરૂપે મળી જતી શાંતિ કરતાં સંઘર્ષ પરના વિજયનો આનંદ અનેરો જ છે.'

'આલ્વાના ખાણિયાઓ એબરફોઇલના ખાણિયાઓ કરતાં નસીબદાર મનાય સાહેબ...'

'હા. નસીબદાર ખરા, પણ ક્યાં સુધી હેરી! એ ખાણ થોડીક વધુ ચાલશે એટલું જ. આપણો વહેલો વારો આવ્યો, તેમનો હવે આવશે...'

'સાહેબ...'

'કહે હેરી...'

'આ ધરતી પાસે એટલો બધો કોલસો કેમ નથી કે તે હજારો-લાખો વર્ષો સુધી ચાલ્યા જ કરે. જો એમ થાય તો આપણા માટે હજારો-લાખો વર્ષ સુધી જીવવાની ચિંતા જ નહીં ને!'

'ધરતી પાસે એટલો કોલસો છે જ, છે જ હેરી. આપણે માત્ર આપણો કોલસો ખાલી કર્યો છે. એબરફોઇલ ખાલી થવાથી કંઈ ધરતી ખાલી નથી થઈ, પણ આ માણસને તું ઓળખતો નથી. એ સ્વભાવે જ હીરાચોર છે.'

'સાહેબ... સાહેબ...'

'હા હેરી. કોલસો ધરતીનો હીરો છે. માણસને ખબર પડી કે એ હીરા અહીં છે તરત તેણે ધરતીને પાતાળ સુધી ખોદી નાખી. હીરાઓ ચોરી લીધા. એબરફોઇલની ખાણને હીરાવિહીન બનાવી દીધી. આ જ રીતે જ્યાં જ્યાં ખાણ હશે ત્યાં માણસ ખોદશે. હીરા ચોરી લેશે. ધરતીને હીરા વગરની અને હીર વગરની બનાવી દેશે. અત્યારે આ પ્રક્રિયા ચાલુ જ હશે, ચાલુ જ છે. બાકી આપણે એબરફોઇલના અનહદ વિશાળ કોયલાક્ષેત્રને કોયલાવિહીન બનાવી દઈશું, એવું આપણને કદી લાગતું હતું? તું કહે છે તેમ આ જ રીતે ધરતી પાસે હજારો-લાખો વર્ષ ચાલે એટલો કોલસો ખરો જ, પણ ધરતી પાસે માણસ છે. ઠેર ઠેર માણસ છે. હજારો-લાખ્ખો માણસ છે. હજારો-લાખ્ખો વર્ષનું ખોદકામ એક સદીમાં કે એક દાયકામાં પાર પાડવાની ક્ષમતાવાળો માણસ છે. તે નવા નવા યંત્રો શોધશે, ખોદકામ

માટેના ધડાકાઓ-ભડાકાઓ શોધશે, ધરતી ઉપરતળે કરવાના ગંજાવર પાવડા, તગારા, ખટારા, પટારા, વેગનો, એન્જિનો શોધશે...'

હેરી ઇજનેર જેમ્સ સ્ટાર સામે જોઈ રહ્યો.

'...અને ધરતીને ખાલી કરી નાખશે. ખોખું બનાવી દેશે. ખાલીખમ્મ કરી નાખશે.' જેમ્સ સ્ટાર ઇજનેરે કહ્યું, 'જેમ આપણે એબરફોઇલની ધરતી સાથે કર્યું...'

'તો શું સાહેબ, આપણે જ આપણા હાથે આપણો વિનાશ નોતરીએ છીએ?'

'વિનાશ શબ્દ ઠીક નથી. એક રીતે વિનાશ ખરો, પણ એને પરિવર્તન કહે. અગાઉ આપણે ઘાસ તણખલાં લાકડાં બાળીને ઊર્જા પેદા કરતા હતા. પછી કોલસો આવ્યો. હવે સેન્ડસ્ટોન, લાઇમસ્ટોન, ગ્રેનાઇટ આવી શકે છે કે જેને અગ્નિ પણ સંપૂર્ણપણે શોષી નહીં શકે, ખતમ નહીં કરી શકે.'

વરસાદ વિલીન થતો હતો, છતાં દૂર કોઈક જગાએ આકાશમાં વીજળી ઝબકી. એ ઝબકારા સાથે ઇજનેર કહે, 'અને હા, વીજળી આવશે, સૂર્યશક્તિ આવશે, જળશક્તિ આવશે, અણુ-પરમાણુ આવશે. આ માણસ કદી જંપીને બેસવાનો નહીં. તે અદક-પાંસળિયો છે...'

'પણ સાહેબ... પણ સાહેબ...' હેરી બોલી ઊઠ્યો, 'એબરફોઇલ ખાલી થવાનું મને ભારે દુ:ખ છે.'

'દુ:ખ તો ઇંગ્લૅન્ડની સરકારને થવું જોઈએ. તેણે સોનાના બદલામાં કાળા કીમતી હીરાઓ લોકોને વેચવા, વહેંચવા અને લૂંટાવવા માંડ્યા. ઊર્જાના બદલામાં સોનું! ખોટો ધંધો હતો. જીવનના બદલામાં પાઉન્ડ! ભૂલભરેલું ગણિત હતું. શ્વાસના બદલામાં શૃંગાર! મૂર્ખામી હેરી મૂર્ખામી.'

'ઉત્પાત આપણે કર્યો,' જીવનને સમજતો થયેલો ખાણિયો જુવાન બોલી ઊઠ્યો, 'પરિણામ પણ આપણે જ ભોગવવાનું? નહીં સાહેબ. કોલસો ખતમ નહીં થવા દઈએ. શોધીશું, નવેસરથી શોધીશું કોલસો, અગાઉની જેમ જ અને ફરીથી આ ધરતીને કાળી ડિબાંગ બનાવી દઈશું, જરૂર બનાવી દઈશું.'

# નિસ્તબ્ધ સન્નાટાનો સળવળાટ

નીચે જવા માટે હવે માત્ર હાથની બનાવેલી સીડી રહી ગઈ હતી. અગાઉ હાથથી ખેંચવાની લીફ્ટ હતી અને તે પછી યાંત્રિક લીફ્ટ આવી હતી. એ લીફ્ટમાંથી માણસ ઉપરનીચે આવતો જતો તો કોલસાઓ પણ લીફ્ટ દ્વારા ઉપર મોકલાતાં.

પણ એ બધાં યંત્રો કોલસાથી ચાલતાં એટલે કે એ બધી પ્રગતિના પાયામાં કોલસો હતો. હવે કોલસો ન હતો એટલે રહી ગઈ હતી આ હાથે-પગે ઊતરવા- ચઢવાની સીડી.

દર પચાસ પચાસ પગથિયે ઊભા રહેવા, થોભવા અને કોઈ ચઢનાર હોય તો તેને જવા દેવા જરૂરી પ્લૅટફૉર્મ બનાવાયા હતા. એ ઓટલાઓ પહાડમાંથી કે કોલસાના થરમાંથી બનાવાયા હતા. આ રીતે તમે પંદરસોથી બે હજાર પગથિયાં નીચે પહોંચો ત્યારે જ ખાણ શરૂ થતી. એ જગા હતી યેરો શેફ્ટ. ઉપરની ડોકાર્ટ પીટથી નીચે યેરો શેફ્ટ પહોંચવામાં ખાસ્સો પરિશ્રમ કરવો પડતો. ઝળહળતા અજવાળામાંથી અંધારામાં જવાની એ પ્રક્રિયા પ્રારંભમાં ભયમિશ્રિત લાગતી, પછી મહાવરો થતાં એ ચઢ-ઊતર સ્વાભાવિક બની રહેતી.

બહારની ઠંડી હવામાંથી નીચેની ઊની હવા દેખીતું પરિવર્તન દાખવતી. ઇજનેર જેમ્સ સ્ટાર અંદરની દુનિયામાં ઘણું રહ્યા હોવા છતાં તેમણે ઊંડો શ્વાસ લઈ બહારની ઠંડી હવા ફેફસામાં ભરી લીધી.

‘તું આગળ થાય છે, હેરી?’

‘હા સાહેબ...’

‘હું તને અનુસરું છું. ચિંતા કરતો નહીં. તારા જેવા સ્વપ્નશીલ, નવજવાનને અનુસરવું મને જરૂર ગમશે. તારી પાસે તારો દીવો તો છે ને?’

‘છે સાહેબ, પણ આપ સાથે છો ત્યારે ડેવીનો સલામત દીવો હોત તો સારું, એમ લાગે છે.’

‘મારો દીવો તું જ છે હેરી, પણ ડેવીઝ લૅમ્પનું શું થયું?’

‘હવે ખાણ ફોડવા-તોડવા માટેના ધડાકા-ભડાકા ન રહ્યા એટલે તેની જરૂર પણ નથી રહી સાહેબ, કોઈ પણ દીવો સલામત છે. આપણે તો આ હાથબનાવટનો દીવો જ ઉપયોગમાં લઈએ છીએ. પ્રકાશ તમને ઉપયોગી થાય એ રીતે હું દીવો ધરેલો રાખીશ.’

‘તારી કાળજી બદલ આભાર, હેરી.’

એકદમ સાવધાનીથી હેરી પાછળ થોડાં પગથિયાં ઊતરીને જેમ્સ સ્ટારે કહ્યું, 'હજી સીડી મજબૂત લાગે છે.'

'સીડી અને પગથિયાં,' હેરીએ કહ્યું, 'પણ સાહેબ સાવધાની જરૂરી ખરી જ. ખાણનું સૂત્ર છે, જાત ઉપર ભરોસો રાખવો.'

હસી દઈને જેમ્સ સ્ટાર કહે, 'અંધારામાં અને પાતાળમાં લઈ જતી આ સીડી તો મારે માટે પાઠશાળા બની રહી છે.'

'પાઠ તમારા તથા મારા પિતાના અને શાળા મારી.'

ફરી હસી દઈને ઇજનેર કહે, 'તારા જેવો ભડવીર જ્ઞાની સાથેના જોખમને પણ ગમ્મતમાં ફેરવી શકે છે. તારી સાથેનું અવરોહણ મારા માટે યાદગાર બની રહેશે.'

'હું તો વગર દીવાએ પણ ઝડપથી ઊતરી શકું છું. મહાવરો થતાં ઝડપ ચાલે છે, પણ તમે... સાહેબ... જરા આ પગથિયાં પર બહુ વજન ન મૂકશો. હું પકડી રાખું છું.'

'એક જમાનામાં હુંય તારા જેવો સ્ફૂર્તિલો હતો, હેરી! બાવડાં અને પગનાં નળાં બન્ને મજબૂત હતાં. શ્વાસ લેવાય હું રોકાતો નહીં.'

'હા, યાદ આવ્યું. થોડાક ઊંડા શ્વાસ લઈ લો, સાહેબ!'

'ખરેખર?'

'આપના માટે ખરેખર.'

'તું જબરો ગમ્મતી જુવાન છે...'

'પગથિયાં ગણો છો, સાહેબ?'

'ના કેમ?'

'એ એક પ્રવૃત્તિમાં રાખનારી સારી રમત છે. ક્યાં છીએ, કેટલું બાકી છે, તેનો રોમાંચક અંદાજ મનનાં કુતૂહલને જાગૃત રાખે છે.'

'આપણે કેટલાં પગથિયાં નીચે પહોંચ્યાં, હેરી?'

'આ પહેલો વિસામો આવ્યો.'

'ત્યારે તો પચાસ પગથિયાં આપણે ઘણાં ઝડપથી ઊતરી આવ્યા, નહીં?'

'ઊતરવાનું શરૂઆતમાં સહેલું લાગે છે સાહેબ, બાકી ચઢવા જેટલી જ તેની પદ્ધતિ પણ વિકટ છે. પગથિયાં ચઢવામાં ચઢનાર જલદી ચઢી જાય છે. ઉપરનાં છેલ્લાં પગથિયાં ચઢતાં તેનો દમ નીકળી જાય છે. કદીક ચઢવાનું બાકી જ રહી જાય છે. ઊતરવાનું એવું જ. પાછળથી

વિકટતા અનુભવાય, પણ મંઝિલે પહોંચવાનું મુલત્વી ન રાખી શકાય. અહીં તો ત્રણ ભાગ પહોંચ્યા પછી જવાની જગાએ જવું જ રહ્યું. નહીં તો... ન ઇધર કે રહે, ન ઉધર કે...'

'હવે બીજો તબક્કો શરૂ કરીએ...'

'વિસામો લઈ લીધો?'

'હા, મારા દીકરા.'

'શ્વાસ લઈ લીધો?'

'પૂરતો લીધો છે.'

'ત્યારે ચાલો...'

'અરે, મારો પગ કેમ પકડે છે તું?'

'તમારો પગ પકડીને હું પગથિયાં પર ગોઠવું છું. એક પગ બરાબર ગોઠવાય પછી જ બીજો પગ ઉપાડજો સાહેબ...'

'તું મને આટલી બધી કેળવણી શા માટે આપે છે?'

'આપ સાહેબ રહ્યા. આપના રક્ષણની જવાબદારી મેં મારે માથે લીધી છે. ઉપરથી આપ રહ્યા સાહેબઆદમી. યાંત્રિક લીફ્ટથી જ ચઢવા-ઊતરવા ટેવાયેલા! અને સાહેબ આપના અહીંના આગમનને કેટલાં વર્ષો થયાં? કાળજી વગરની ઘણી પગથીઓ ખખડી ગઈ હોય...'

'સત્તાવન, અઠ્ઠાવન, ઓગણસાઠ... મને ગણવું ગમવા લાગ્યું છે હેરી. મારું બાળપણ પાછું આવ્યું લાગે છે.'

'ગણતરી ચાલુ રાખો સાહેબ. બાળપણની એક મજા છે.'

'શી...?'

'પડી જઈએ તો કોઈ ઉઠાવી લેનાર હોય છે. પડી જઈએ તો લોકો ટોળે વળી જાય છે.'

'...નેવું, એકાણું, બાણું... તું ગણે છે હેરી?'

'મારે મોઢેથી બોલીને ગણવાની જરૂર નથી. મારા ટેવાયેલા પગ સ્વાભાવિક રીતે જ એ ગણતરી કરતા રહે છે.'

ત્યાં જ કોઈના બોલવાનો અવાજ આવ્યો. હા હા, કોઈ માણસના જ.

બીજા વિસામા સુધી પહોંચતાં જેમ્સ સ્ટારના પગ ઘડીભર રોકાઈ ગયા.

‘હેરી…’

‘જી સાહેબ.’

‘કોણ છે ત્યાં?’

‘ક્યાં?’

‘નીચે.’

‘કોને ખબર સાહેબ…’

‘તારા પિતાજી…’

‘મારા પિતાજી? ના સાહેબ.’

‘કોઈક પાડોશી?’

‘અમારે કોઈ પાડોશી નથી.’ હેરીએ કહ્યું, ‘નીચેના નરદમ ઊંડાણમાં વળી પાડોશી કેવા? અમે એકલા જ છીએ.’

‘તેમ છતાં કોઈક છે જ હેરી, બીજે વિસામે જ છે. એને જો ઉપર જવું હોય તો આપણે એક બાજુ થઈ જઈએ, એને જવા દઈએ. આ પ્રકારની એકાંકી સીડીઓનો એ જ શિરસ્તો છે.’

શબ્દો પહેલાં ગુંજારવમાં ફેરવાયા અને પછી તેમાંથી સંગીત વહેતું શરૂ થયું. સંગીત સાથે કોઈ વાજિંત્ર પણ હતું કે શું?

થોડી વાર રાહ જોયા બાદ બધું સ્પષ્ટ થયું. કોઈક સ્કોટીશ લોકગીત હતું.

હેરી બોલી ઊઠ્યો, ‘ધ સૉંગ ઑફ ધી લેઈક.’

‘સરોવરનું ગાન? એ વળી શું?’

‘સ્કોટ લોકોનું પ્રિય લોકગીત.’

‘પણ તેનું અહીં અંધારી અડધી આલમમાં શું કામ?’

‘એ ગાન માત્ર જેક રાયનના ફેફસાંમાંથી જ બરાબર આવી શકે.’

‘અને આ વળી જેક રાયન કોણ?’

‘કેટલું સુંદર ગાય છે, નહીં?’

‘અદ્‌ભુત ખરું જ, પણ આ જગાએ એ વધુ આહ્‌લાદક લાગે છે.’

‘જેક રાયન ખાણિયો છે, બીજો ખાણિયો. મારો મિત્ર છે. મારો ગાઢ મિત્ર.’ પછી થોડાંક પગથિયાં બાકી હતાં ને તેણે બૂમ પાડી. ‘હી જેક! હાય રાયન?’

'હેરી તું જ છે કે? કેવો સંજોગ! મજા આવી ગઈ. મારું સરોવર ધન્ય થઈ ગયું અને માંરુ ગાન...' એ સાથે જ ગાન ફરી આગળ વધ્યું. સાથે જ જેક રાયન ઉપર આવવા લાગ્યો.

'અરે, અરે, અરે!' હેરીએ કહ્યું, 'નીચે વિસામે જ થોભ. અમે આવીએ છીએ.'

હજી હેરી નીચે પહોંચે તે પહેલાં જ જેક રાયન તેને ભેટી પડ્યો. તે કહે, 'મને ખબર હોત કે તું ઉપર છે તો હું ઠેઠ નીચે તને શોધવા જવાની પંચાતમાં જ પડત નહીં, પણ સારું થયું તું મને મળી ગયો. હું તને આમંત્રણ આપવા આવ્યો હતો.'

નીચે વિસામા સુધી આવી ગયેલા જેમ્સ સ્ટારની મુલાકાત-ઓળખાણ કરાવી હેરી કહે, 'આ આપણા સાહેબ છે, મિસ્ટર જેમ્સ સ્ટાર...'

કદાચ સદાય ઉત્સાહમાં જ રહેતા જેક રાયને કહ્યું, 'ઓહ, હાય મિસ્ટર સ્ટાર. સારું થયું હેરીએ ઓળખાણ કરાવી દીધી, નહીં તો હું તમને ઓળખી જ શકત નહીં. જોકે હેરીના દીવાનો પ્રકાશ તો પડે છે, પણ મારી આંખ હજી આ લોકો જેટલી અંધારાંથી ટેવાતી નથી. એ લોકો તો હવે એવા અંધકારના જીવ બની ગયા છે કે અંધકારમાં પણ જોઈ શકે છે. સાહેબ, તમને મળીને ઘણોઘણો ઘણોઘણો આનંદ થયો. હું કેવી રીતે વ્યક્ત કરું?'

'હા, હા.' જેમ્સ સ્ટારે કહ્યું, 'હવે મને યાદ આવ્યું, મારા ખાણના છેલ્લા દિવસોમાં એક છોકરો આખો દિવસ સતત ગાયા અને વગાડ્યા કરતો એ તું જ કે?'

'હું જ સાહેબ,' જેક રાયને ખુશી પ્રગટ કરીને કહ્યું, 'મારા સિવાય આ ખાણને સંગીતમય બીજું કોણ બનાવે? ખાણ બંધ થતાં એમ તો મારે મારો વ્યવસાય બદલવો પડ્યો, પણ સ્વભાવ બિલકુલ બદલ્યો નથી, હં સાહેબ! મારી જિંદગીનો નારો ત્યારે જે હતો, એ જ આજે છે. રડવા અને ફરિયાદ કરવા કરતાં ગાવું અને હસવું શું ખોટું?'

'બહુ જ સરસ મજાનો નારો. તમે મિત્રો ખરેખર જિંદગીના સાચા ખેલદિલ ઉપદેશકો છો. પણ રાયન, ખાણ બંધ થઈ ગયા પછી તું શું કરે છે?'

'મેલરોઝ ફાર્મમાં કામ કરું છું. અહીંથી થોડાએક માઈલ જ દૂર છે. અશક્ય કામ પાર પાડું છું. કોલસાથી છવાયેલી પુરાયેલી આ ધરતીમાં ગુલાબ ઉગાડવાના પ્રયાસો કરું છું. પણ સાહેબ! આપણું ખાણનું કામ એટલે તો આપણું કામ. એના જેવો બીજો રોમાન્સ કે રોમાંચ જ નહીં. આપણે માટે તો કોલસો જ આપણું ગુલાબ. એની સુગંધ આગળ અચ્છા

સ્વર્ગના ગુલાબની સુગંધ પણ નકામી. ગાતો-વગાડતો ત્યારે હતો, આજેય ગાઉંવગાડું છું, પણ ખાણના સિસમિયા દીવાલો સામે જે પડઘા પડતા હતાં સંગીતના, એ બીજે ક્યાંય નથી પડતાં. આ ઉઘાડા બાગબગીચા અને ખેતરમાં વળી પડઘા કેવા? નીચેની કાળમીંઢ કામગીરી સાથે જ્યારે સરોવરનું ગાન રજૂ કરતો ત્યારે ધડાકાઓ પોતાનું ડ્રમ બજાવી રહેતાં. ગીતોની દુનિયામાં મેં મારા ઘણા સંગીત-જલસા ગોઠવ્યા છે, સાહેબા! પણ...'

એકાએક જ રોકાઈ જઈને તેણે કહ્યું, 'મારી આ જ ટેવ છે. કુટેવ કે સુટેવ તેની ખબર નથી, પણ હું હંમેશાં ખેંચાઈ જ જાઉં છું. અત્યારે પણ જુઓ ને... હા, આપ તો સાહેબ સાયમનપપ્પાને મળવા માગો છો ને? હેરીના પિતાજીને ને?'

'તને ક્યાંથી ખબર?'

'આ સીડી નીચે ઊતરીને બીજું કોઈ ક્યાં જવાનું છે?'

'હા, જેક રાયન, મારે મિ. સાયમન ફોર્ડને મળવું છે, મળવું જ છે.'

'તો પછી હું તમને એક ઘડીભર પણ નહીં રોકું. તમારે હજી ઘણે લાંબે જવાનું છે. એટલે કે ઘણાં પગથિયાં ઊતરવાનાં છે અને અંધકારનો માર્ગ ઉપરવાળાઓ માટે પ્રકાશ કરતાં વિકટ ખરો જ.'

જેક રાયનની વાત પૂરી થવાની રાહ જોતાં હેરીએ જેકને પૂછ્યું, 'કહે તો ખરો અલ્યા જેક કે, તારું અહીં પાતાળ-કુટીરમાં આવવાનું કેમ થયું?'

'મારે તને મળવું હતું હેરી,' જેક રાયને આવેશ સાથે કહ્યું. 'હું તને ઇરવીન ગેમ્સ માટે આમંત્રણ આપવા આવ્યો હતો. આ તરફનો હું પાઇપર છું, જાણે છે ને? અને ગેમ્સમાં હું મારી પાઇપ રજૂ કરવાનો છું, ખાસ રૂપે...'

'બૅગ-પાઇપ' સ્કોટીશ લોકોનું રાષ્ટ્રીય વાજિંત્ર છે. (આપણે તેને મરઘાં-વાજું તરીકે ઓળખી શકીએ.) મશક પ્રકારનાં એ વાજિંત્રને કેટલાક પાઇપ હોય છે, જે વાંસળી કે શરણાઈ જેવી હોય છે. એ પાઇપમાં જોરથી અને યુક્તિપૂર્વક ફૂંક મારીને એ સાજ વગાડવામાં આવે છે. 'બૅગ' એટલે કોથળી અને 'પાઇપ' એટલે મોઢા સુધી પહોંચાડતી ભૂંગળી. જે કલાકાર આ 'બૅગ-પાઇપ' વગાડે છે તેને બૅગ-પાઇપર કે પાઇપર કહેવામાં આવે છે. પાઇપર હોવું એ કોઈ પણ નાગરિકનું વિશેષ સન્માન છે.

'આભાર જેક, ઘણો બધો આભાર. તારી પાઇપનો તો હું પણ દીવાનો છું. મારે માટે તારો પ્રસંગ લહાવો જ બની રહે.' હેરીએ કહ્યું, 'પણ... માફ કરજે. કદાચ, મારે માટે આમંત્રણ સ્વીકારવું શક્ય નહીં બને.'

'શક્ય નહીં બને? મારા પાઇપ-મહોત્સવમાં તારું આવવું શક્ય નહીં બને? આ શું કહે છે તું?'

'કારણ છે જેક, ખાસ કારણ છે. તું તો જુએ છે કે મિસ્ટર જેમ્સ સ્ટાર અમારે ત્યાં ખાસ સ્વરૂપે પધાર્યા છે. ઘણાં લાંબા સમયે. કેલેન્ડર સ્ટેશનેથી હું સીધો જ તેમને રિસીવ કરીને અહીં લઈ આવ્યો છું. તેમને મારે એ જ રીતે મૂકવાય જવું પડશે. તેમનું અહીંનું રોકાણ કેટલું છે, તેની મને ખબર નથી અને મારે એમની સાથે રહેવું જ પડશે, તું સમજે છે ને!'

'નથી સમજતો, ભલા મિત્ર! મારું પાઇપ-વાદન તો અઠવાડિયા પછી છે. ત્યાં સુધીમાં તો કદાચ... માફ કરજો... મિસ્ટર સ્ટારની મુલાકાત પૂરીય થઈ જશે. પછી તારે કુટીરમાં રહેવાનું શું પ્રયોજન?'

આ વખતે જેમ્સ સ્ટારે મધ્યસ્થી કરી. તેઓ બોલી ઊઠ્યા, 'સાચી વાત છે જેક રાયનની, હેરી. તારે મિત્રની સંગીત મહેફીલનો આનંદ માણવો જ જોઈએ. આપણા પોતાના ઉત્સવમાં મિત્રનું ઘણું મહત્ત્વ છે. તું જરૂર જશે જ હેરી.' એટલું કહીને હેરી તરફથી પોતે જ વચન આપી દીધું 'જેક, હેરી તારા જલસામાં જરૂર આવશે. ખાતરી રાખજે.'

અને હવે હેરી પણ બોલી રહ્યો, 'એ સંજોગોમાં હું જરૂર આવીશ...'

અઠવાડિયા સુધી રોજ તો અમારા રિયાઝ ચાલશે અને અમારા રિયાઝ પણ મુખ્ય કાર્યક્રમ જેવા જ શિસ્તબદ્ધ હોય છે.'

'હું આવીશ.' હેરીએ કહ્યું, 'કહ્યું ને મેં એ મારો પોતાનો આનંદ હશે.'

'આભાર હેરી. તેં મને ખરેખર પ્રોત્સાહિત કર્યો છે. મારું અહીંનું આવવું ફળ્યું.' જેક રાયને વિદાય થતાં રસ્તો કરીને કહ્યું, 'અને સ્ટારસાહેબ આપનોય ઘણો ઘણો આભાર. મારા વંદન સ્વીકારશો. હું આપણા બધા સાથીઓને ગર્વપૂર્વક કહીશ કે હું જેમ્સ સ્ટારસાહેબને મળ્યો છું. એ બધાં ખૂબ રાજી થશે. સાહેબ, હજી એ બધાં આપને ખૂબ જ ચાહે છે, કોઈ આપને ભૂલ્યું નથી.'

'હું પણ તમને બધાંને યાદ કરું છું, તમામેતમામને. બધાંને મારી શુભેચ્છાઓ પાઠવજે...'

'બધાં વતી ફરીથી હું આપને વંદન કરું છું, સાહેબ. રજા લઉં?'

'ગુડ બાય જેક. તો મળીને આનંદ થયો.' જેમ્સ સ્ટારે કહ્યું.

પોતાની બત્તી લઈ જતાં જેક રાયનને હેરી ફોર્ડે પણ શુભેચ્છાઓ પાઠવી, 'ગુડ બાય જેક.'

ગાતો ગાતો ઝડપથી પગથિયાં ચઢતો જેક રાયન વિદાય થયો. તેના સંગીતસૂરો ક્યાંય સુધી ખાણમાં ગુંજતા રહ્યા.

ગાન વગરની એક ઘડી પણ ન હોઈ શકે, એ પરિચય જેક રાયનનો. બલકે તેની વાતચીતમાં પણ સંગીતનો રણકો અનુભવી શકાતો. તે જે કંઈ કરતો એ સંગીતમય રીતે કરતો અથવા કહો કે તે પ્રત્યક્ષ સ્વરૂપે સંગીતમય જીવન જ જીવતો હતો. કલાકારો આવા જ હોય છે. તેમનું પોતાનું જ કલામાં રૂપાંતર થઈ જાય છે, પણ જેક રાયનની વાત જુદી જ. એટલા માટે કે કોલસાની ખાણનો જીવ અને આટલી હદે કલાકાર!

બાકીની સીડીઓ ઊતરતાં તેમને પોણો કલાક જેટલો સમય થયો. પચાસમા પગથિયે જેવું વિરામસ્થળ આવતું તેવું જ વિરામસ્થળ સીડીઓ પૂરી થયે આવ્યું, પણ એ જગા જરા મોટી હતી.

'અહીંથી હવે આપણે પિતાજીની કુટીર સુધી જઈશું.'

'અંતમાં આપણે આવી પહોંચ્યા ખરા, સરસ હેરી.'

'આપને થોડોક આરામ કરવાનું મન થાય ખરું, સાહેબ?'

'ના, કેમ? અહીંથી હજી ઘણું દુર છે?'

'ના, હવે દૂર નથી. પણ આપ કદાચ થાક્યા હો! અજવાળામાંથી અંધારામાંનો આ પ્રવાસ ક્યારેક માનવીને થકવી નાખે છે.'

'હું થાક્યો નથી અને મારી ઉત્સુકતા પણ વધારે છે. હું ઝડપથી તમારી પાતાળ-કુટીર જોવા માગું છું અને પિતાજીને મળવા માગું છું.'

'ત્યારે તો ચાલ્યા આવો મારી સાથે અને મારી પાછળ પાછળ સાહેબ. હું આપને એ તરફ દોરી જઈશ. જોકે મને ખાતરી છે, આ બધું આપને અપરિચિત નહીં જ હોય, અંધકારમાં પણ...'

'તારી વાત સાચી છે હેરી, આ બધી જ દિશાઓ અને દુનિયાઓ મારી જ પ્લાન કરેલી છે. કઈ ટનલ કે કઈ ગુફા ક્યાંથી ક્યાં જાય છે એના નકશા કાગળ ઉપર અંકાઈ જવા સાથે મારા મન ઉપર પણ અંકાઈ ગયા છે, પણ એ બધી કેટલી જૂની વાત થઈ ગઈ, હેરી?'

હેરીએ દીવો એવી રીતે ઊંચો ધરી રાખ્યો કે આગળ ઉપરનો માર્ગ નજરે પડે. રસ્તો ઊબડ-ખાબડ અને અસમતુલ હતો. જૂના પાટાઓ તથા પાટા નીચેના લાકડાનાં બિંબોનાં માર્ગો બનાવવામાં ઠીક ઉપયોગ થયો હતો. આગળ ઉપર દેવળમાં દાખલ થવાના વળાંક જેવા દરવાજામાંથી તેઓ પસાર થવા લાગ્યા.

પણ પસાર થઈ શક્યા નહીં. એટલે કે જેવા તેઓ એ ગૃહમાર્ગમાંથી પસાર થવા જાય તેવો જ એક પથ્થર શ્રીમાન જેમ્સ સ્ટારના

પગ પાસે આવી પડ્યો. પથ્થર સારો એવો મોટો હતો.

'સાવધ રહેજો સાહેબ,' હેરીએ જેમ્સ સ્ટારનો હાથ પકડી લેતાં કહ્યું, 'શું થયું સાહેબ, શું થયું?'

'એક પથ્થર,' જેમ્સ સ્ટારે કહ્યું, 'આવી અવાવરું બનેલી જગામાં આ રીતે પથ્થર ખરી જ પડતાં હોય છે.'

'સાહેબ...!' વાંકા વળી એ પથ્થર શોધીને ઉપાડી લેતાં હેરીએ કહ્યું, 'આ પથ્થર એની મેળે ખરી પડેલો પથ્થર નથી.'

'શું કહે છે તું?'

'એટલે કે હું નથી માનતો કે આ પથ્થર ખરી પડેલો પથ્થર છે.'

'તો પછી?'

'એ ફેંકાયેલો પથ્થર છે.'

'ફેંકાયેલો પથ્થર...?'

'ફેંકાયેલો જ નહીં, તકાયેલો પથ્થર.'

હેરીએ એ પથ્થર મેળવી લીધો હતો. હાથ ફેરવી જોઈ તપાસી લીધો હતો. અહીંની ખાણમાંથી ખરી પડતાં પથ્થરથી તે ભિન્ન હતો. એટલે કદાચ કોઈ લાંબા સમયથી પથ્થર ઊંચકીને, તાકીને, મારવા પાછળ પાછળ આવતું હોય. એ પણ શક્ય છે. એવી શંકા જઈ શકે.

'પણ...' હેરી તરત જ બોલી ઊઠ્યો, 'આપ ચિંતા ના કરશો. ભૂલી જાવ એ પથ્થરની વાત. મારો ખભો જોરથી પકડી લો. આપણે આગળ વધીએ.'

'જરૂર આગળ વધીએ,' જેમ્સ સ્ટારે હેરીનો હાથ તથા ખભો પકડી લઈને કહ્યું. હેરી હજી ચારે દિશામાં પ્રકાશ ફેંકતો હતો. તેણે આંખ અને કાન સરવાં બનાવી દીધાં હતાં.

'હજી કેટલો સમય થશે પહોંચી જવામાં?' જેમ્સ સ્ટારે પૂછ્યું. 'હું સ્વાભાવિક રીતે જ પૂછું છું.'

'હવે માત્ર દશેક મિનિટ.'

'સરસ.'

'એટલું સરસ નહીં, સાહેબ.' હેરીએ કહ્યું, 'મારે માટે આ સતર્ક થવાની વાત છે. કેમ કે અમે અહીં આટલા લાંબા સમયથી રહીએ છીએ, છતાં કદી એક નાનોસરખો કાંકરો પણ અમારી પર ખર્યો નથી અને આ તો રીતસરનો પથ્થર જ છે.'

'હેરી, હેરી.' જેમ્સ સ્ટાર બોલી ઊઠ્યા, 'એ એક અકસ્માત હશે. ખાણમાં આમ કંઈક પડે એ આપણા માટે નવાઈ જેવી વાત છે શું?'

'અકસ્માત જ...' હેરી પાછો સળવળી ઊઠ્યો. પાછળના 'હશે' શબ્દ તે બોલી શક્યો નહીં અને ચારે દિશાએ જોવા લાગ્યો, સાંભળવા લાગ્યો.

'પાછું શું થયું હેરી?'

'મને... મને... પાછળ કોઈક આવતું હોય એવો અણસાર થયો...'

'ભ્રમ હેરી,' ઇજનેરે કહ્યું, 'ભ્રમ જ. ખાણમાં આવા ભ્રમ નથી થતાં શુ?'

'થતાં હશે,' હેરીએ કહ્યું. પછી પોતાની જાતને જ ઉદ્દેશીને તે કહે, 'પણ મારી સાથે નહીં.' અને તેણે જેમ્સ સ્ટારને ફરીથી ચેતવણી આપતાં કહ્યું, 'સાહેબ, મને મજબૂત રીતે પકડી રાખો, મજબૂત લાઠીની જેમ.'

'તું ખરેખર મારી મજબૂત લાઠી જ છે, હેરી.' જેમ્સ સ્ટારે કહ્યું, 'તારાથી ચઢિયાતી લાઠી મારા માટે બીજી હોઈ જ ના શકે, આ જગાએ તો નહીં જ.'

પછી બન્ને જણા મજબૂત રીતે પગલાં માંડવા લાગ્યાં. જોકે હેરી પાછળ ફરીને કે આમતેમ જોઈને કોઈક અણસાર પામવાનો પ્રયાસ કરતો જ હતો. કોઈક પગલાંનો, કોઈક ધ્વનિનો, કોઈક ફૂસફૂસાટનો, કોઈક સળવળાટનો.

તે પોતાનો પ્રકાશ પણ ખૂણેખાંચરે ફેરવીને જોઈ લેતો.

પણ ક્યાંય કંઈ જ ન હતું.

ક્યાંય કોઈ જ ન હતું.

હતો માત્ર અંધકાર, કાળો ઘાટ્ટો, કોલસાની ખાણમાં હોય છે તેવો જ. ભલે એ ખાણ બંધ પડી હોય!

હતી માત્ર શાંતિ, નિસ્તબ્ધતા, સ્વરવિહીનતા!

હતો માત્ર સન્નાટો, સૂસવાટવિહીન, સળવળાટવિહીન, સંકેત-વિહીન!

# અનોખું અલબેલું ફોર્ડકુટુંબ

દશેક મિનિટ પછી જેમ્સ સ્ટાર તથા હેરી છેવટે મુખ્ય કહેવાતી ગૅલેરીની બહાર આવી પહોંચ્યા.

તેઓ આ જગાની છેવટની મંઝિલે આવી પહોંચ્યા હતા. આ જગા પર કુદરતી અંધકાર-પ્રકાશની ગજબની રમત સદા ચાલુ રહેતી. જે રીતે ભરબપોરે ઘટાદાર વૃક્ષોની વચમાંથી તડકો-છાંયડો પકડાપકડી રમે છે, તેવું જ કુદરતી આયોજન અહીં હતું. ખાણ ખોદતી વખતે વિવિધ જગાએથી જે ગાબડાંઓ, ખાડાઓ, ભૂગર્ભમાર્ગો ઊભાં થયાં હતાં એમાંથી પ્રકાશ પ્રવેશી રહેતો. પ્રકાશનો મુખ્ય સ્રોત સૂરજ છે અને સૂરજની કરામત એવી છે કે તે પાતાળ સુધી ગમે તેમ કરીને પ્રવેશી રહે છે. વચમાં કોઈ નક્કર અવરોધ ન આવે તો સૂર્યપ્રકાશ પાતાળના ઊંડાણને પણ તડકાથી ઝળાંઝળાં કરી શકે છે અને મૂળ તડકાને અવરોધ નડે તોપણ તેના દ્વારા ફેંકાતા પરાવલંબિત અજવાળાં તો બધે પહોંચી જ જાય છે.

છાયા-પ્રકાશ જેવી જ રમત ઠંડી-ગરમીની હતી. આટલા ઊંડાણમાં ઊનો વાયુ ફેલાયેલો રહેતો, પણ ઉપરનો ઠંડો પવન કોઈ પણ રીતે નીચે આવ્યા વગર રહેતો નહીં. નીચેથી ગરમ પવન ઉપર પહોંચવા મથામણ કરતો તો ઉપરનો ઠંડો પવન નીચે આવીને જ રહેતો. એ રીતે અહીંનું હવામાન એક સાથે ઠંડું-ગરમ કે ગરમ-ઠંડું બની રહેતું. શરીરના એક ભાગને ઊનો વા ઉષ્મા આપી જતો તો બીજા ભાગને શીતળ હવા ચૈતન્ય બક્ષી જતી.

એક જમાનામાં આ જગા ખાણનું હૃદય મનાતી. સહુથી વધુ પ્રવૃત્તિથી આ જ જગા ધમધમતી રહેતી. લીફ્ટની બદલી, સ્ટાફની બદલી, કોલસાની બદલી જેવી હરેક પ્રકારની બદલી પ્રવૃત્તિ અહીં ચાલતી, તો ખાણ તરફથી એક મધ્યસ્થી-કૅન્ટીનની વ્યવસ્થા પણ અહીં કરવામાં આવી હતી. પાળી બદલાતા કારીગરો વહેલામોડા આવીને અહીં વિસામો લેતાં. હળવી ખાણીપીણીની મોજ માણતાં અને ખાણમાં કાંઈ આકસ્મિક માંદું પડી જાય તો તેના પ્રથમોપચારની સારવાર પણ અહીં થતી. કાર્યાલયનું એક હાજરી દફતર અહીં હતું. ઉપરથી હાજરી પુરાવીને આવેલા કારીગરને ફરીથી અહીં હાજરી પુરાવવી પડતી અને અહીંથી કયા પીટમાં, કઈ ટનલમાં, કયા ક્ષેત્રમાં તેને કામ પર જવાનું છે, તેના હુકમ કે સૂચન પણ તેને મળી જતાં. અહીં કદીક પેલો જેક રાયન પોતાની લોકગીતી સંગીત મહેફિલ જમાવતો અને અહીં કેરમ, ડ્રાફ્ટ, કોડી, પત્તાં, શેતરંજ જેવી નાની રમતો પણ રમવામાં આવતી. કદી મોટા ન થયેલાં કારીગરો અહીં વળી સંતાકૂકડીની રમત પણ રમી લેતાં.

પણ એ બધી એક જમાનાની વાત, જ્યારે અહીંનું વાતાવરણ ધમધમતું હતું. ઓવરમેન સાયમન ફોર્ડ દ્વારા આ જ જગાને ચિંરજીવી બનાવવામાં આવી હતી. ધમધમાટ ન હતો, પણ જીવન ચાલુ રહ્યું હતું. અગાઉની બધી સગવડો હતી જ, બાકીની રચનાઓ શ્રીમતી મજ સાયમને પોતાની રીતે ઊભી કરી હતી. માનવી ગમે તેટલો નાસ્તિક હોય તેમ છતાં તેને તેના ઘરની રચના કરવાનું કહેવામાં આવે તો તે દેવળના જ આકારપ્રકાર ઊભા કરે છે. સાયમન ફોર્ડની આ જીવનકુટીર પણ દેવળ જેવી જ બની હતી. એનો યશ મોટે ભાગે શ્રીમતી મજને ફાળે જતો હતો.

એમ તો સાયમન ફોર્ડને પણ છેવટના ફંડની સારી એવી રકમ મળી હતી. તેની બચત પણ માતબર હતી. અહીં ખાણના કાયદાઓ મુજબ નિયમિત પગાર ઉપરાંત વધારાનાં કામનો ઓવરટાઈમ મળતો અને આકસ્મિક કામનો બમણો પગાર મળતો. બધું મળીને સાયમનને એટલું ભંડોળ જરૂર મળ્યું જ હતું કે બીજાઓની જેમ તે બહારની દુનિયામાં વગર કામ શોધે બાકીનું જીવન વિતાવી શકે, પણ સાયમનને માટે 'પૈસો' મહત્ત્વની ચીજ ન હતી અને જેને તમે 'જીવન' કહો છો એ 'જીવન' તો સાયમનને માટે ખાણનું જ જીવન હતું. ખાણ તેની માતા હતી. 'માતા માંદી પડે, મરણપથારીએ પહોંચી જાય, અરે મરી પણ જાય! તો શું દીકરો એ માને છોડીને જતો રહે?' સાયમન કહેતો, 'હરગીઝ નહીં. આ ગુફા તો આપણી માતૃભૂમિ છે. માતૃભૂમિ છોડવા હું તૈયાર નથી.' એથી પણ આગળની વાત, 'મા માંદી પડી છે, મરવા પડી છે કે મરી ગઈ છે.' એવું માનવા જ સાયમન ફોર્ડ તૈયાર ન હતો. તે તો ગમ્મતમાં કહેતો કે, 'જ્યારે પ્રથમ વખતે આ ખાણની શોધ થઈ ત્યારે ગાંઠને પૈસે તેનું સંશોધન કરવામાં આવ્યું હતું અને પંડને પૈસે તેનો વિકાસ સધાયો હતો. ખાણે તો એ વળતર પછીથી ચૂકવી આપ્યું. મારી પાસે જે ધનરાશિ તથા પૂંજી જમા થઈ છે, તેનો હું ખાણના પુનઃવસવાટ પુનઃજીવન માટે પ્રયાસ કરીશ. આખર મારી પાસે છે, એ બધું એનું જ છે ને!'

ખરું પૂછો તો પુનઃજીવન જેવો શબ્દ વાપરવા તે તૈયાર ન હતો – તેને તો ખાણમાં હજી શ્વાસ ધબકતો વરતાતો હતો અને જે ચિકિત્સક કોઈને મૃત માનવાને જ તૈયાર ન હોય, જે પોતાની રીતે શ્વાસોચ્છ્વાસ સાંભળી શકતો હોય, ભલે ને ઊંડે ઊંડે, તે એવા દરદીને છોડીને જઈ જ કેવી રીતે શકે? ત્યજવાની તો વાત જ ક્યાં રહી? ખાસ કરીને જ્યારે એ દરદી 'માતા' હોય!

'એબોવ સી લેવલ,' દરિયાની સપાટીથી ઉપર, એવું આપણે ત્યાં ઊંચાઈ માપવાનું ધોરણ છે. સાયમન ફોર્ડ ધરતીની સપાટીથી એ જ રીતે નીચે પંદરસો ફીટના ઊંડાણમાં સહકુટુંબ હેમખેમ જીવન વિતાવતો હતો. તે ખુશ હતો. તેની ખુશીનાં ઘણાં કારણો હતાં. એક ખુશી તે આ રીતે પ્રગટ કરતો કે, 'અહીં કદી કોઈ ટેક્ષ કલેક્ટર આવતો નથી, કોઈ કરવેરા

ચૂકવવાની પંચાત નહીં, માલિકીવેરો નહીં, તો ભાડૂઆતવેરો પણ નહીં. આ મફત-ભૂમિ છે, આઝાદ-ભૂમિ છે, ફ્રી-લૅન્ડ.' અને પછી પેલું પરંપરાગત 'હેપ્પી મીલર'નું ગીત ગાતો, 'આઈ એન્વી નો બડી, નો નોટ આઈ, એન્ડ નો બડી એન્વીઝ મી.' (મને કોઈની ઈર્ષા નથી અને મારી ઈર્ષા કોઈ શું કામ કરે?)

એવો સાયમન ફોર્ડ ખરેખર સુખી હતો. તેનું એ સુખ તેની પાંસઠ વર્ષની મજબૂત ખડતલ કાયા પ્રદર્શિત કરતી હતી. તેની પંચાવન વર્ષની ઉંમરે ખાણ બંધ થઈ ત્યારે એકત્રીસ વર્ષ સુધી જે જોરદાર નિયમિતતાથી તે ખાણમાં કામ કરતો હતો, ત્યાર પછીનાં દશ વર્ષ પણ તેણે એ જ કામગીરી ચાલુ રાખી હતી.

સાયમન ફોર્ડની આ ખાણ પ્રીતિનું કારણ તે ખાનદાની ખાણ-કુટુંબમાંથી આવતો હતો, એ હતું. તેના વડવાઓ ખાણિયા હતા અને સ્કોટલૅન્ડની સહુ પ્રથમ કાર્બનીફેરસ ખાણમાં તેમણે કામ કર્યું હતું.

કોઇ પ્રકારના ભૂગર્ભીય સંશોધન વગર ગ્રીક અને રોમનો કોલસાનો ઉપયોગ કરતાં જણાયા હતા. ક્રાઇસ્ટ-યુગ શરૂ થયો તે પહેલાં ચીની પ્રજાએ ખાણ શોધી કાઢવાનું જાણવા મળે છે. ફ્રાન્સનો વિવિધ પ્રકારનો કોલસાનો ઉપયોગ જાણીતો છે. બેલ્જિયમનો કોલસાપ્રયોગ બારમી સદી સુધી પહોંચતો હતો, પણ ખાણનો ખાણ સ્વરૂપે વિકાસ સધાયો ગ્રેટબ્રિટનમાં. એ વાત એટલે સુધી ઐતિહાસિક મનાય છે કે, વિજેતા વિલિયમ જેને 'વિલિયમ ધી કોન્કરર'ની ખ્યાતિ મળી છે. તેણે એક કેસલની ખાણભૂમિનો કબજો પોતાની પાસે રાખ્યો હતો. વિજયની વહેંચણીમાં કૃષિભૂમિ કરતાં કોલસાભૂમિને વધારે મહત્ત્વ અપાયું હતું. તેરમી સદીમાં હેનરી ત્રીજાએ 'ખાણ' તથા 'દરિયાઈ-કોલસા' માટે લાયસન્સ ફરજિયાત બનાવ્યું હતું પણ સ્કોટલૅન્ડના કોલસાની ખાણોની તો વાત જ જુદી. એ ખાણની સરખામણી વેલ્સ કોલસા-ભૂમિ સાથે જ થઇ શકતી.

તે જમાનાથી ફોર્ડ વડવાઓ ખાણિયા બનીને ખાણભૂમિમાં કાળા થયા હતા. કેલિડોનિયન ખાણભૂમિ કે જે ખાણોની મૂળ માતા કહેવાય છે, એ માતાના ખોળામાં માથું ખૂંપાવ્યું હતું ફોર્ડ પરાપૂર્વજોએ. તે બધાં જ ધરતીના પાષાણી પેટાળમાંથી પ્રગતિકારક ઊર્જા જમીન ઉપર પહોંચાડવાની વાતને ગર્વથી ગાતા હતા. ફોર્ડકુટુંબના નબીરાઓએ ખાણની આ કાળી ભૂમિમાં સામાન્ય ખોદનાર, ઉપાડનાર, લોરી ચલાવનાર, સંશોધક, સુધારક, પ્રયોગકર્તા જેવા તમામ ક્ષેત્રોમાં કામ કર્યું હતું. ખાણના ઝડપી વિકાસ માટે એક વખત હજારો ગુલામોનો ઉપયોગ શરૂ થયો હતો. એ ગુલામો ઉપરના અત્યાચારોની હાહાકારી વાત પણ 'ગુલામોના બળવા' વખતે બહાર આવી હતી. ઇતિહાસ ન્યુકેસલ ખાણ-બળવાને ખાણ-ક્રાંતિ તરીકે ઓળખવા લાગ્યો હતો, ત્યારે પણ ફોર્ડકુટુંબના ખાણિયાઓએ ગમે

તે સંજોગોમાં ખાણ-માનવ બનીને જ રહેવું પસંદ કર્યું હતું. સાયમન ફોર્ડ આ જ પરંપરાગત ખાણકુટુંબનો ગર્વિલો વારસદાર અને વડવો તથા વડલો હતો. તેની પાસે તેના પૂર્વજોનાં કોદાળી, પાવડા, તગારાં, નરાજ હજી મોજૂદ હતાં.

તેની ત્રીસ વર્ષની ઉંમરે ડોકાર્ટ-પીટમાં જ્યારે તે ઓવરમેન બન્યો, ત્યારે એ તેનો સહુથી વધુ ખુશીનો દિવસ હતો. ઓવરમેન ખાણની દુનિયાની અગત્યની કામગીરી હતી. એ કામમાં તેને નવી નવી ખાણની દુનિયાની શોધ કરવાની રહેતી. એ શોધમાં તે એબરફોઇલની ખાણના ઘણા દૂર દૂરના ખૂણા તે ખૂંદી વળ્યો હતો. એબરફોઇલે જ્યારે છેલ્લા શ્વાસ લીધા ત્યારે, ઊંડા ઊંડા અને દૂર દૂરના ખૂણાઓમાં તેને શ્વાસોચ્છ્વાસ સંભળાતા હતા.

એ શ્વાસ કદાચ એટલા શક્તિશાળી ન હતા કે તે યંત્ર પર રૅકોર્ડ થઈ શકે. ડૉક્ટર મરતાં દરદીના હૃદય પર કાન મૂકીને ધબકારા સાંભળવા પ્રયાસ કરે, તેવા જ એ શ્વાસ હતા. તે એકલો એ શ્વાસ સાંભળતો હતો. બીજાને તે સંભળાવી શકતો ન હતો અને બીજાઓએ ‘ખાણના મૃત્યુ’ની જાહેરાત કરી દીધી. બધા ગયા. એ ન ગયો. તે જાણતો હતો કે ઉપર જે કોઈ ગયા છે, એ બધાં કંઈ જ કરશે નહીં. કંઈ જ કરી શકશે નહીં. ખારાં પાણીની માછલી મીઠાં પાણીમાં જીવી શકતી નથી, કાળા શ્વાસના જીવો ધોળા શ્વાસમાં નહીં જીવી શકે. એ બધાં જ નવી ખાણોની રાહ જોશે અથવા આ ખાણ ફરી ધબકતી થાય તેની પ્રાર્થના કરશે. એ તમામ ખાણિયાઓના લાભાર્થે પણ ફોર્ડને માટે આ ખાણને ચેતનવંતી બનાવવી જરૂરી હતી.

ખાણની સમાપ્તિ બાદ આજ સુધીમાં તે દશેક વાર પણ ઉપર ગયો ન હતો.

‘ઉપર? શું છે ઉપર?’ તે કહેતો, ‘જ્યાં કાળાશ નથી, જ્યાં અંધારું નથી, જ્યાં બધું સ્વાભાવિક છે એવી ઉપરની દુનિયામાં કરવાનું છે શું? ન જીવનની શોધ, ન રોજીરોટીની શોધ, ન જોખમ, ન ભેદભરમ, ન કૌતુક-કુતૂહલ! જી નહીં. જીવન ઊંડાણમાં છે, નીચે છે, તળિયે છે. હું અહીં જ જીવીશ, બધાંને માટેનાં જીવનનું આયોજન કરીશ. બધાં ફરી આવશે. ફરી આ કોલસાની ખાણ હીરાની ખાણ બની રહેશે.’

તે રોજ નોકરીના દિવસોની જેમ જ ખાણના ઊંડા અભેદ્ય અગમ ક્ષેત્રો તરફ ધસી જતો. જાણે તે નિવૃત્ત થયો જ નથી. મોટે ભાગે તે પોતાના પુત્ર હેરીને પણ સાથે જ રાખતો. શસ્ત્રસજ્જ ખાણિયા પિતાપુત્ર સવારે નીકળી સાંજે જ પાછા ફરતા. કોઈ નવી સીમનો અણસાર ન મળે તો તેઓ નિરાશ થતાં નહીં.

‘આપણે વધુ ઊંડાણમાં જઈશું?’ પિતા ફોર્ડ પૂછતાં.

'ઘણાં ઊંડાણમાં આપણે ગયા જ છીએ.' પુત્ર ફોર્ડ કહેતો, 'છતાં ચાલો, જરૂર પ્રયાસ કરીએ.'

પિતાની હરએક ઇચ્છા પૂરી કરવા પુત્ર તત્પર રહેતો. તે કદી પિતાનાં સૂચનનો પ્રતિવાદ ન કરતો.

'આપણે નવા નવા ખૂણા તરફ જવું જોઈએ.' પિતા કહેતા.

પુત્ર જવાબ આપતો, 'કોઈ ખૂણો બાકી નહીં રાખીએ.'

'જોખમ ખરું જ.'

'જોખમથી કોણ ડરે છે?'

'શાબાશ મારા દીકરા.'

'હું આપના જેવા પિતા મેળવીને ગર્વ અનુભવું છું.'

એ પ્રયાસોમાં તેમણે પૃથ્વીના પેટાળના ઘણાં અજાણ્યા ખૂણાઓ ખૂંદી નાખ્યા હતા. આમ તો તેઓ માત્ર બે જ જણા હતા, પણ સમય પૂરતો હતો. ધ્યેય ડગે તેવું ન હતું. શોધ-સંશોધનમાં તેમને હંમેશા કંઈક નવું જોવાજાણવાં મળતું. આશા ચંચળ બની રહેતી. ઊંડાણમાં લાંબા અંતરે આવ્યા બાદ તેમને તેમનાં ઘરે જવાનું મન પણ થતું નહીં. ખોદે જ રાખીએ, ખાણ ખોદે જ રાખીએ, એ તેમનો જીવનમંત્ર બની રહેતો.

પણ તેમને શ્રીમતી મજનો ખ્યાલ આવી જતો. પિતા કહેતા, 'તારી માતા જરૂર રાહ જોતી હશે, હેરી.'

'જરૂર રાહ જોતી હશે, પિતાજી.' હેરી કહેતો, 'પણ તે અધીરી નહીં જ બને. મારી મા આપણાં કાર્ય અને આપણી પ્રવૃત્તિની જાણકાર છે.'

'તેને કદી એકલવાયું નહીં લાગતું હોય, હેરી?'

'ના પિતાજી. તેની પાસે તેની પોતાની પ્રવૃત્તિ છે. તે એટલી ઉદ્યમી રહે છે કે સમયને પોતાને એકલવાયું લાગે, મમ્મીને નહીં.'

'ભલી પત્ની મજ' દરેક રીતે સ્કોટીશ ભલાઈથી સજ્જ હતી. ઊંચી, મજબૂત, આનંદી અને કામગરી મહિલા મજને ગાયા કરવાની આદત હતી. તેનું ગીતગુંજન સદા ચાલુ જ હોય. તેનાં જીવનના પરિચિત ગીતો તે ગાયે રાખતી, ઉપરાંત પોતાના તરફથી નવાં ગીતો પણ જોડી દેતી. ખાણની નીચેની દુનિયામાં કેટલી મજા છે, એ તેના ગીતોની કથાવસ્તુ બની રહેતી.

***તે કદી એકલા નથી, જેના સાથી કોલસા છે.***

***કોલસા કદી એકલા નથી, કેમ કે તેમની પાસે ઊર્જા છે.***

***તે કદી ગરીબ નથી, જેના સાથી કોલસા છે.***

***કેમ કે કોલસા તો હીરા છે, કીમતીમાં કીમતી હીરા છે.***

***તે કદી એકલા નથી, જેની પાસે જીવનનો હેતુ છે.***

***હેતુ એકલાને અનેક તથા ચેતનવંતા બનાવી દે છે.***

***તે કદી એકલા નથી, જેઓ બીજાને વિષે વિચારે છે.***

***કેમ કે બીજાને માટે જીવવાનું ધ્યેય, એકલતા મિટાવી દે છે.***

***તે કદી એકલા નથી, જેની પાસે ચેતનંવતા સપનાંઓ છે.***

***એ સપનાંઓ સતત શ્રમનો પ્રાણવાયુ ફૂંકે જ જાય છે.***

મજ પોતાની રીતના આવા કવિત જોડે રાખતી. પિતાપુત્ર સમક્ષ ગાતી પણ ખરી. રોજ થાક્યાપાક્યા આવેલા પિતાપુત્રનું તે ઉમળકાથી સ્વાગત કરતી. તેમને માટે હરહંમેશ અવનવી વાનગીઓ તૈયાર રાખતી.

બન્નેના પાછા ફરવા સાથે જ તે સમાચાર જાણી જતી. સમાચાર તેમના ચહેરા ઉપર જ લખેલા જણાઈ આવતાં અને તે ગાઈ ઊઠતી:

***હજી તો આજનો દિવસ પૂરો થયો છે.***

***દિવસ પૂરા થવા સાથે કંઈ જિંદગી પૂરી થતી નથી.***

***સવારનો સોનેરી સૂરજ નવી જ દિશા બતાવે છે.***

***ખાણના ઊંડાણનો સૂરજ વળી વધારે ચૈતન્યસભર ઉત્સુકતા લઈને આવે છે.***

***સૂરજ એક આદિ સંશોધક છે.***

***ચાલો આપણેય એના સાથીદાર સંશોધક બની રહીએ.***

ગજબની ત્રિપુટી હતી. હતાશા, નિરાશા જેવી કાંઈ વાત જ તેમની દુનિયામાં ન હતી. મજ તો સાક્ષાત્ પ્રેરણા જ પ્રેરણા હતી. તેમની પાસે પહોંચી જતાં જ નવું ચૈતન્ય સળવળી રહેતું.

પોતાના તરફના જ કોઈક સમાચાર સાંકળી લઈને મજ કહેતી, ‘એબરફોઇલ આરામ કરે છે. એને ઝોકું આવી ગયું છે. એવું થાય છે કદીક, પણ સાયમન, તમે કહો છો તેમ એ જાગશે ત્યારે સારો સંસાર જાગી ઊઠશે. નીચેનો ઉપરનો ચારે દિશાનો.’

મજને પણ બહારની દુનિયાની જરૂર ન હતી. તે ખાણની કાળી દુનિયાની કોઈક શાશ્વત સ્ત્રીદેવી હતી, શ્રીદેવી હતી. સુખ શબ્દની સાચા અર્થમાં અહર્નિશ જ્યોતિ હતી.

અહીં જ જેમ્સ સ્ટારનું અત્યારે આગમન થયું હતું.

ઇજનેરની અહીં અજંપાભરી રાહ જોવાતી હતી. સાયમન ફોર્ડ પૂરી ઉત્સુકતા સાથે દ્વાર પર ઊભા હતા અને હેરીના દીવાએ જેવા અણસાર આપ્યા કે તેઓ પોતાના પરમપ્રિય ઇજનેરનું સ્વાગત કરવા આગળ વધ્યા.

'ભલે પધારો મહાન શ્રીમાન જેમ્સ.' હૃદયનો ઉમંગ કોને કહેવાય તેનું પ્રત્યક્ષ પ્રમાણ આ શબ્દો હતા, 'ભલે પધારો આ જૂના ખાણિયા ઓવરમેનના કૉટેજમાં સાહેબ. જોકે અમારું આ ધામ પૃથ્વીના પેટાળના પંદરસો ફીટ ઊંડાણમાં છે. તોપણ સાહેબ, તેની મહેમાનગતિ ઉપરથી જરાય ઓછી કે ઊતરતી નહીં જ હોય! ભલે પધારો કોલસાની ખાણના જ્ઞાતા, ભલે પધારો.'

'અને આપ કેમ છો? મારા પરમપ્રિય મિત્ર સાયમન!' જેટલા જોરથી હાથ ગ્રહી શકાય તેટલા ઉષ્માભર્યા દબાણ સાથે હાથ મિલાવી ઇજનેર જેમ્સ સ્ટારે પૂછ્યું.

'ખૂબ જ મોજમજામાં છું, સાહેબ.' સાયમને કહ્યું, 'તે સિવાય આટલો સ્વસ્થ હું હોઈ જ કેવી રીતે શકું? સાહેબ, મારું તો સૂચન છે કે વખતોવખત હવાફેર ઝંખતી આપણી ઉપરની અમીર મહિલાઓએ એકાદ વખત આ હવામાન અનુભવવું જોઈએ. તેઓ પછી ન્યુહેવન પોર્ટોબેલોને ભૂલી જશે. એબરફોઇલનું આ હવામાન ખરેખર ચેતનવંતું અને આહ્લાદક છે સાહેબ, આપ ક્યાં નથી જાણતા?'

'તમારી કોઈ વાતનો હું કદી પ્રતિવાદ નથી કરી શક્યો, સાયમન.' જેમ્સ સ્ટારે કહ્યું, 'તમને આટલા ઉત્સાહિત જોઈને મને લાગે છે કે, શા માટે મેં અહીં જ તમારી સાથે રહેવું પસંદ કર્યું નહીં?'

'તમે અમારી સાથે જ હતા, વહાલા ઇજનેર!' સાયમને કહ્યું, 'હું જાણું છું, તમે અહીં હો કે ત્યાં કેનનગેઇટમાં, આપણા શ્વાસ તથા વિચારો એક જ રહ્યા છે. કોઈ દીવાલ કે સમય આપણને જુદા પાડી શક્યા નથી.'

'કેટલું સરસ બોલો છો તમે સાયમન.' જેમ્સ સ્ટારે કહ્યું, 'પૂરાં હૃદયનાં ઊંડાણમાંના જ એ શબ્દો છે. હું જાણું છું, પણ હા. શ્રીમતી મજ! કેમ છે તેઓ?'

'ભલી-પત્ની હંમેશાંની જેમ ભલી છે, વધુ ભલી અને વધુ સ્વસ્થ.' સાયમન ફોર્ડે કહ્યું, 'અને તે આપને સ્વાગતના ટેબલ પર મળીને ઘણી જ રાજી થશે. આપનું આગમન તેને માટે એક ઉત્સવ છે, સમજો છો ને આપ?'

'બરાબર સમજું છું, સાયમન. ભલાઈ, પરિશ્રમ અને મહેમાનગતિની વ્યાખ્યા એટલે શ્રીમતી મજ...'

'આપને ભૂખ તો લાગી જ હશે, મિસ્ટર સ્ટાર?'

'અરે, કેટલી? હું વર્ણન કરી શકું તેમ નથી. ઉપરાંત મારી મુસાફરીએ મને વધુ ભૂખ્યો બનાવી દીધો છે. હવામાન પણ કેવું ભૂખ જગાડે તેવું હતું, શું કહું સાયમન?'

'તો ઉપર વરસાદ પડે છે, ખરું?'

'આકરો, સાથે હવામાનની વિકટતાને લઈને દરિયો પણ તોફાની બન્યો હતો...'

'જોકે અહીં એવો વિકટ વરસાદ પડતો નથી મિસ્ટર જેમ્સ, તાત્પર્ય કે વરસાદ જ પડતો નથી. ઉપરના ઊભરાતાં થોડાંક પાણી કદીક અહીં સુધી આવી પહોંચે છે અને અહીંના બીજા ફાયદાઓની તો આપને શી વાત કરું?'

'જાણું છું સાયમન, જાણું છું. તમારા જેટલું તો નહીં, પણ...'

'ફરી એક વાર હું આપનું સ્વાગત કરું છું, ભલે પધારો મિસ્ટર જેમ્સ સ્ટાર...'

સાયમન ફોર્ડની સાથોસાથ જેમ્સ સ્ટાર એક મોટા ખંડમાં આવી લાગ્યા. અવનવા પ્રકારના દીવાઓથી એ ઓરડો પ્રકાશમાં ઝળહળતો હતો. સહુથી ઉપરનો લટકતો દીવો વધુ પ્રભાવશાળી હતો.

ખાણાનું લાંબું-પહોળું ટેબલ કલાત્મક રીતે સજાવાયેલું હતું. તે પરના ખાસ પ્રકારનાં ટેબલ-ક્લોથની કરામત પર ગૃહિણીની કલા-પ્રતિભાની છાપ હતી. સરખે અંતરે ચાર બાજુ ચાર ખુરસીઓ હતી. તેમાંની ત્રણ ખુરસીઓ કદાચ કાયમી ઉપયોગમાં આવતી હતી.

'નમસ્કાર શ્રીમાન મજ,' જેમ્સ સ્ટારે ખરેખરા ઉમળકા સાથે કહ્યું, 'આજે તમને મળીને જે આનંદ થયો છે, તેનું હું વર્ણન કરી શકું તેમ નથી.'

'મારે માટે પણ આજનું સ્વાગત અવર્ણનીય છે.' સ્કોટીશ મહિલાઓ જે સૌજન્યપૂર્ણ સ્વાભાવિક હાસ્ય માટે જાણીતી છે, એ હાસ્ય ફરકાવી શ્રીમતી મજે ઇજનેરશ્રીનું સ્વાગત કરતાં કહ્યું, 'આજે મારી ખાણકુટીર પાવન થઈ ગઈ.'

'પાવન તો હું થયો શ્રીમતી મજ...'

'જાણું છું. જેમની સાથે તમે હમેશાં ભલાઈથી વર્ત્યા છો, જેમની ઉપર તમે ઉપકારો કર્યા છે...'

'આ બધું તમે શું કહો છો, શ્રીમતી મજ?'

'મને કહેવા દો. મને એમાં આનંદ આવે છે. હા તો જેની સાથે તમારો મૈત્રી અને વ્યવસાયનો સંબંધ હતો, જેની સાથેના તમારા સુખદુ:ખ એક જ હતા, એ બધાને મળીને તમને જરૂર આનંદ આવતો જ હશે, પણ સામે પક્ષે મિસ્ટર જેમ્સ સ્ટાર, એ આહ્‌લાદ અમારા પણ છે જ.'

'કેટલી મધુરી વાત ઉચ્ચારો છો આપ શ્રીમતી મજ. મને તો એ જોઈને કૌતુક અને ખુશી ઊપજે છે કે દુન્યવી લોકોથી અહીં આ જગામાં દૂર રહીને પણ આપ સો ટકા વ્યવહારુ બની રહ્યા છો.'

'દુનિયાને ખાતર દુન્યવી બની રહેવાની મઝા જ કાંઈ ઔર નથી શું?'

'એ તો દુનિયા તમારી પાસેથી જ શીખી શકશે, પણ તમને જોઈને, હું સાયમન તથા હેરીના સ્વાસ્થ્ય આનંદમંગળ અને ધ્યેયનિષ્ઠાનું કારણ જાણી શકું છું.'

કૌટુંબિક પ્રશંસા વધુ પડતી ન થાય અને વાત એ દિશામાં જ ફંટાઈ ન જાય એ ઇરાદાથી સાયમન ફોર્ડે કહ્યું, 'તારો પ્રશંસિત સૂપ મિસ્ટર સ્ટારની રાહ તો નહીં જોતો હોય ને મજ? કેમ કે અમારા ઇજનેરસાહેબ પણ અણિશુદ્ધ ખાણિયા જ છે અને ખાણિયાની ભૂખને હું પિછાનું છું.' ખાણાનાં ટેબલ તરફ ઇજનેરશ્રીને દોરતાં સાયમન પોતાના પુત્રને કહે, 'દરમિયાનમાં હેરી, જેક રાયન આવ્યો હતો, થોડી વાર પહેલાં જ તને મળવા...'

'અમને તે યેરો શેફ્ટ આગળ જ મળી ગયો, પપ્પા!'

'ભારે આનંદી, વિશ્વાસુ અને ધગશવાળો નવજવાન છે તારો એ જેક રાયન,' સાયમને કહ્યું, 'પણ એને ઉપરની દુનિયા જ ગમતી લાગે છે. સંજોગોવશાત્ કદાચ એ ખાણિયો ભલે બન્યો હોય, પણ તેની નસોમાં ખાણિયાનું લોહી...'

'પિતાજી!' હેરીએ કહ્યું, 'અહીં સુધી એ મળવા આવે છે, એ શું બતાવે છે? મૈત્રી. એ મૈત્રી ખાણમૈત્રી પણ ખરી જ.'

'ચાલો મૈત્રીનાં માનમાં મિજબાની માણીએ.' પાપાજી સાયમને કહ્યું, 'મિસ્ટર જેમ્સ, ખૂબ પેટ ભરીને ભોજન માણજો, કેમ કે હવે પછીના બીજા ખાણાથી આપણે ઘણાં દૂર હોઈએ એવું પણ બની શકે.'

ભોજનના ટેબલ પર બેસી ગયા બાદ સામૂહિક પ્રાર્થના પતાવી, તાળી પાડી, રૂમાલથી હાથ સાફ કરી મિસ્ટર જેમ્સ કહે, 'સાયમન, તમે ઇચ્છો છો ને કે હું નિરાંતથી પેટ ભરીને ભોજન માણું? નિશ્ચિંતપણે?'

'જી હા, એવું જ અમે ઇચ્છીએ છીએ. એ અમારું સહુથી મોટું સન્માન હશે!'

'ત્યારે તો બરાબર. કોઈ ચિંતાને કારણ નથી જ. એ સાબિત થઈ ચૂક્યું કહેવાય, તેમ છતાં...'

'ફરમાવો સાહેબ...'

'એકાદ-બે પ્રશ્ન...'

'ભોજન અને પ્રશ્ન સાથે જ થવા દો, સાહેબ...'

'તમારા પત્રમાં તમે મને રસ પડે એવી કોઈક વાતનો ઉલ્લેખ કર્યો હતો...'

'તમને ઘણો બધો રસ પડશે સાહેબ, ઘણો બધો. તમારું અહીં આવવાનું વ્યથા નહીં જ જાય...'

'તમારે માટે?'

'આપણા બન્ને માટે એ બધું રસપ્રદ બની રહેશે, આપણા બન્ને માટે, પણ એ વાત હું આપ સમક્ષ ભોજન બાદ છેડવા માગું છું. ખાસ કરીને એ વિશેષ જગા પર જ. એ સિવાય વાત કરવાનો અર્થ નથી અને વાત આપ માનશો પણ નહીં.'

'સાયમન! મારા ભવ્ય ભૂતકાળના સાથી! મારી સામે આંખ મિલાવીને કહો...'

'હું આંખ મિલાવીને જ નહીં, આંખ કાઢીને કહું છું, સાહેબ! ભોજન તરફ લક્ષ આપો. આપણે ગૃહિણીને ન્યાય આપીએ...'

બધાં ખડખડાટ હસી પડ્યાં. ઇજનેર જેમ્સ સ્ટારે તો કહી પણ દીધું, 'હવે આગળ ઉપર કોઇ જ સવાલ હું નહીં પૂછું. વાહ, શો ભવ્ય સૂપ છે! મારી આજ સુધીની જિંદગીનો અલૌકિક સ્વાદ હું આજે માણી રહ્યો છું. શ્રીમતી મજ, સાયમન અને હેરી તો આવા સ્વાદિષ્ટ ભોજનથી આસાનીથી સો વર્ષ જીવી જ શકશે, પણ ખાતરી રાખજો કે હું જો સદી પૂરી કરું તો તેનું રહસ્ય આ સૂપ જ હશે...'

પાછાં બધાં હસવામાં પડ્યાં અને ત્યારે જ સાયમન ફોર્ડે પૂછ્યું 'અને મિસ્ટર જેમ્સ, આપનો બીજો પ્રશ્ન?'

'તમે પ્રશ્ન ઉઠાવવાની ના પાડી છે ને, સાયમન?'

'ભોજન-તૃપ્તિ સાથે જ કુતૂહલ-તૃપ્તિનો મેળ જામે તો શો વાંધો છે, સાહેબ? કે પછી આપ પણ મને ઘટનાસ્થળે જ...'

'ઘટનાસ્થળની મને કોઈ માહિતી નથી સાયમન! એ વિષે અને એ બધું હું તમારી પાસેથી જ જાણવા ઉત્સુક છું. ચાલો એ બીજો પ્રશ્ન પણ પૂછી જ નાખું. વાસ્તવમાં એ બીજો પ્રશ્ન બીજો પત્ર છે.'

‘બીજો પત્ર?’

‘હા સાયમન.’ પોતાના ગજવામાંથી પેલો કોઈની પણ સહી વગરનો બીજો પત્ર કાઢીને આગળ ધરતાં જેમ્સ સ્ટારે કહ્યું, ‘તમે કહી શકશો કે આ પત્ર કોણે લખ્યો હશે?’

ભોજનની વચમાં અને પોતાનું ભોજન થંભાવી સાયમન ફોર્ડે ઇજનેરશ્રી પાસે એ પત્ર લીધો. વાંચ્યો. ધ્યાનથી વાંચ્યો. પછી પત્ર હેરી સામે ધરી દઈને તે કહે, ‘દીકરા, તું કહી શકશે કે આ હસ્તાક્ષર કોના હોઈ શકે?’

પત્ર વાંચી હેરી કહે, ‘ના પપ્પા, હું કોઈ જ ક્યાસ કાઢી શકું તેમ નથી.’

‘અને સાહેબ,’ સાયમને પૂછ્યું ‘આ પત્ર પરની પોસ્ટલ-છાપ એબરફોઇલની જ?’

‘બરાબર એબરફોઇલની જ. તમારા પત્ર મુજબની જ અને તેવી જ.’ જેમ્સ સ્ટારે કહ્યું.

‘હેરી,’ સાયમને કહ્યું, ‘આનો શો અર્થ નીકળી શકે?’

હેરી કહે, ‘મારું માનવું છે પપ્પા કે, કોઈકનો આ બાબતમાં ખાસ હેતુ છે. એ ઇજનેરસાહેબને અહીં આવતાં અને તમે જે ઘટનાસ્થળે તેમને લઈ જવા માગો છો, ત્યાં જતાં રોકવા માગે છે. એનો આશય છે કે મિસ્ટર જેમ્સ સ્ટાર તેમના ઘરેથી નીકળે જ નહીં...’

‘પણ,’ પૂરી ગંભીરતા સાથે જૂનાપુરાણા ખાણિયા સાયમને કહ્યું, ‘પણ મારા રહસ્યનું જાણકાર એવું વળી કોણ હોઈ શકે? આટલી હદે જાણકાર? સમાંતર જાણકારી જ કહો ને!’

ચિંતામાં સરતા સાયમનને અને બીજાઓને ઉદેશીને વાતાવરણ હળવું બનાવતાં શ્રીમતી મજ કહે, ‘તમે લોકો સો વર્ષ જીવવા નથી ઇચ્છતા કે શું? હજી તો સૂપ જ પૂરો થયો નથી અને બીજી વાનગીઓ પણ સવાસો-દોઢસો વર્ષ જિવાડે તેવી છે.’

વાતનો દોર આ વખતે ઇજનેરે સંભાળી લીધો. તેઓ કહે, ‘આપણે જીવવું જ છે સાયમન, જીવવું જ છે. આપણી ધ્યેયપ્રાપ્તિ કદાચ આપણને એટલાં લાંબાં જીવનની ફરજ પાડે. ઓહ, આ વાનગી કેટલી અનહદ સ્વાદિષ્ટ છે. લગભગ તમામ સ્કોટીશ સ્વાદિષ્ટ વાનગીઓને એક કરીને બનાવવામાં આવી છે કે શું, શ્રીમતી મજ?’

‘એને ખીચડી કહે છે, સાહેબ.’

'ના ના, એવું સાદું નામ ન આપો આવી અજોડ વાનગીને. આપણે એને સર્વ-સ્વાદ કહીશું. કેટલા વાનાઓનું એકત્વ છે એમાં. ખરી મજા તો એની રાંધવાની કળામાં છે અને આ વિશેષતા વળી શી છે?'

'ખરેખર એ વાનગી ધન્ય થઈ ગઈ અને સાથે હું પણ.' શ્રીમતી મજે કહ્યું, 'એ વાનગી બિલાડીના ટોપમાંથી બની છે. અમુક ગ્રેવી, વસાણા, મસાલાનો તેમાં સાથ છે. આ કહેવાતી બિલાડીની છત્રીઓ અહીં ખાણમાં જ ઊગી નીકળે છે. કુદરતની પણ કેવી કમાલ છે, જે કોલસામાં કંઈ પણ ન ઊગી શકે તેમાં બિલાડીની છત્રીઓ? જ્યારે તે નાની અને કુમળી હોય છે ત્યારે તેનો સ્વાદ અત્યંત મધુર હોય છે...'

'પણ એ સ્વાદના સંશોધક તો તમે જ ને શ્રીમતી મજ?' જેમ્સ સ્ટારે કહ્યું, 'ખરેખર આખું કુટુંબ સંશોધકોનું જ બનેલું છે? બધાં જ પોતપોતાની જગાએ સંશોધન ચાલુ રાખે છે...'

થોડોક અજંપો આવી ગયો હતો. સાયમન ફોર્ડમાં ગાંભીર્ય વરતાતું હતું, છતાં મહેમાન જેમ્સ સ્ટાર વાતાવરણને હળવું બનાવતા હતા. તેમણે કોઈ ઉતાવળ વગર નિરાંતે ભોજન માણ્યું. એક પછી એક વાનગીઓને પૂરા આહ્‌લાદથી માણી. એમ તો બધી જ વાનગીઓ ખરેખર માણવા જેવી જ હતી. ઇજનેરશ્રીએ બધી વાનગીની વિસ્તૃત માહિતી મેળવવા સાથે, 'આને આપે લીચીલીકી કહ્યું ખરું? મારે એનો વધુ સ્વાદ માણવો પડશે. હું મારી જાતને એ સિવાય રોકી જ શકતો નથી.' એવાં શ્રીમતી મજને બિરદાવવા સાથેના ઉત્સાહ તેઓ દાખવતા ગયા અને ખાસ્સો કલાકનો સમય લઈ વિવિધતાભર્યાં સંપૂર્ણ ભોજનને ઉત્તમોત્તમ ન્યાય આપવાનું ધન્યકાર્ય પાર પાડ્યું.

ભોજન પછી ચીઝ, કેક અને આંગળિયા સ્ટીક ચગળતાં ચગળતાં મન મસ્ત બનાવી દે તેવી વ્હીસ્કીની મોજ હતી. એ પીણું હેરીની ઉંમર જેટલું જૂનું હતું. કહે છે કે આ પેય જેટલું જૂનું હોય તેટલી જ મસ્તી વધુ પ્રદાન કરે છે.

ચૂસકીઓ અને અવાજવિહીન ચટકારા સાથે ઇજનેર જેમ્સ અને સાયમન જૂના જમાનાની વાતોના ચકરાવે ચઢી ગયા. ખાણની ફરજમાં તેઓ એટલા બધા સાથે ને સાથે રહ્યો હતા કે વાતો ખૂટતી જ ન હતી. એક વાતમાંથી બીજી, બીજીમાંથી ત્રીજી, એમ અનુભવકથાનો દોર ચાલ્યા જ કરતો.

આ બધી વીતકકથાઓ દરમિયાન હેરી બહુધા ચૂપ જ રહેતો. બે વખત તે બહાર જઈ આવ્યો હતો. પેલા પથરા પડવાની કે ફેંકાવાની ઘટના બાદ તે જરા બેચેન બન્યો હતો. એ પથરાફેંકને તે મનોમન પથરાબાજી માનતો હોય તોપણ નવાઈ નહીં! એથી જ તે આજુબાજુનાં વાતાવરણ પર

નજર નાખતો અને રાખતો હતો. પેલા હસ્તાક્ષર વગરના પત્રે તેની એ બેચેનીમાં વધારો કર્યો હતો.

એક સમયે જ્યારે તે એ જ રીતે બહાર ગયો ત્યારે ઇજનેરશ્રીએ સાયમન-મજને સંયુક્તરૂપે પૂછ્યું, 'તમારો આ નવજવાન પુત્ર ખરેખર સોહામણો છે, ખરું કે નહીં?'

'ખરું,' સાયમને કહ્યું, 'અને ઘણો સમજુ, વફાદાર તથા કુટુંબવત્સલ છે.'

'તમારી સાથે એ... આવા વાતાવરણમાં ખુશી ખરો?'

'એકદમ ખુશી. અમને છોડીને એ કદી બીજે જવાની વાત પણ કરતો નથી. રહી વાતાવરણની વાત. તો કદાચ અમે ન હોઈએ તોપણ અમારી જેમ જ એ અહીં રહેવું પસંદ કરે.'

'એનાં... એનાં લગ્ન વિષે આપ કદીક વિચારો ખરાં કે નહીં? આ ઉંમરમાં છોકરાંઓ સાથીદાર મેળવવા અધીરાં થઈ જતાં હોય છે.'

'એવી અધીરાઈ અમને તો હેરીમાં જોવા મળી નથી, ખરું ને મજ?' સાયમને પત્નીની સાક્ષી માગી, 'પણ તમે કહો છો તેવો વિચાર અમને કે એને ન આવે, એ કેમ બને? ધારો કે એવો ખ્યાલ કરીએ પણ ખરા, તો એની સાથીદાર બનશે કોણ? ઉપરની કોઈક છોકરી કે જે ખુલ્લાં વાતાવરણમાં હરવાફરવા, નાચવાકૂદવા ટેવાયેલી છે, તે ઉઘાડું આકાશ છોડી અહીં વળી શું કામ આવે? અને કદાચ હેરી પણ એવી કોઈક ઊડતી પંખિણી નહીં પસંદ કરે...'

'સાયમન,' ઇજનેરશ્રીએ મહત્ત્વનો પ્રશ્ન પૂછ્યો, 'તો શું હેરીને કદી સાથીદાર મળશે જ નહીં?'

'એ સવાલનો જવાબ અમારાં બેમાંથી કોઈ આપી શકીશું નહીં.' સાયમને કહ્યું, 'પણ અમને એ બાબતની કોઈ ઉતાવળ નથી, કદાચ હેરીને પણ નથી, કોને ખબર છે? સંભવ છે...' પછી હસીને, 'એટલે કે અસંભવના વિચારની વચમાંથી પણ સંભવ છે કે હેરીને એને લાયક કોઈક છોકરી મળી જાય, જે એને અનુરૂપ હોય, એની પસંદગીની હોય...'

એ વખતે જ હેરી પાછો ફર્યો અને સાયમને એ વાત ત્યાં જ અટકાવી દીધી. હેરીએ તેને વિષે થતી વાત સાંભળી કે નહીં, તેની ખબર પડી નહીં!

જ્યારે બધાં ખાણીપીણીમાંથી સંપૂર્ણપણે પરવાર્યા અને ભારે ભોજન બાદ ઘેન ચઢવાને બદલે અનેરી સ્ફૂર્તિ અનુભવવા લાગ્યા ત્યારે ઇજનેરશ્રીએ પૂછ્યું, 'હા સાયમન, હવે હું મારા કાન સંપૂર્ણપણે તમને સોંપી રહ્યો છું.'

‘મારે તમારા કાનની નહીં,’ સાયમને કહ્યું, ‘તમારા પગની જરૂર છે, તમારા મજબૂત લાંબા કદાવર કસાયેલા ટાંટિયાની. તમે પૂરતો આરામ તો કરી લીધો છે ને મિ. જેમ્સ?’

‘જરૂર કરતાં વધારે આરામ કરી લીધો છે.’ ઇજનેરે કહ્યું, ‘અને જરૂર કરતાં વધારે તાજો દમ બની ગયો છું. તમે જ્યાં અને જેટલે દૂર લઈ જવા માગો ત્યાં સુધી હું આવવા તૈયાર છું. તમે પગની વાત કરો છો સાયમન, પણ હું ખાતરી આપું છું કે મારા હાથ અને મારું મગજ પણ તમને પૂરેપૂરો સહકાર આપશે.’

‘હેરી!’ જવાબમાં સાયમને કહ્યું, ‘જા આપણાં સેફ્ટી-લેમ્પ્સ પેટાવી આવ.’

‘આપણને સેફ્ટી-લેમ્પ્સની જરૂર પડશે?’ ઇજનેર જેમ્સ સ્ટારે એમ જાણીને આશ્ચર્ય પ્રગટ કર્યું કે અહીં હવે આકસ્મિક ધડાકાઓની તો કોઈ ચિંતા જ રહી નથી!

‘હા,’ સાયમને કહ્યું, ‘જરૂર પડશે જ. આપણી સલામતી, સુરક્ષા અને માર્ગદર્શન માટે...’

‘તો શ્રીમાન સાયમન, હવે આગળ ઉપર તમે મને ખાણિયાનો સુરક્ષિત પોશાક પહેરવાની પણ ફરજ પાડશો?’

‘અત્યારે તો નહીં,’ સાયમને ભેદી સ્મિત ફરકાવતાં કહ્યું અને તેઓ કુટીરની બહાર નીકળવા લાગ્યા ત્યારે ત્રણ સેફ્ટી-લેમ્પ્સ સાથે હેરી પણ અંદરથી આવી લાગ્યો હતો. બન્ને વડીલોને એક એક ઝળહળતો દીવો સોંપી દઈ હેરીએ ત્રીજો દીવો પોતાની પાસે રાખ્યો. ડાબા હાથે દીવો ધરેલા તેના હાથમાં એક જબરી મોટી લાંબી સિસમિયા લાઠી હતી.

‘ત્યારે આગળ વધીએ.’ સાયમને કોઈ નવજવાનની જેમ કૂદકો મારતાં કહ્યું.

‘જરૂર આગળ વધીએ, ચાલો.’ ઇજનેર જેમ્સ સ્ટારે એવા જ પડકાર સાથે કહ્યું.

‘આવજે મજ.’ સાયમને પત્નીની વિદાય લીધી.

‘બાય મમ્મા.’ હેરીએ માતાને વંદન કર્યું.

‘ગુડ બાય મિસિસ મજ સાયમન.’ ઇજનેર જેમ્સ સ્ટારે અંતરથી શ્રીમતી મજની વિદાય લીધી અને સ્વાભાવિક રીતે જ કહ્યું, ‘કાળજી રાખજો.’

‘એની જરૂર આપણને પડશે કદાચ.’ મૂછમાં હસીને સાયમને કહ્યું, ‘અને હવે ઝડપ કરીએ.’

શ્રીમતી મજે ત્રણે સંશોધન સાહસવીરોને ભાવભીની વિદાય આપતાં કહ્યું, ‘તમારો ગમે તેવો, ગમે તેટલો થાક ઊતરી જાય એવું સરસ મજાનું ખાણું તૈયાર જ હશે. હું તથા ભોજન તમારી રાહ જોઈશું. શુભેચ્છા, સુગમતી, સફળતા, વિદાય...’

# ભૂગર્ભના ભેદભરમ

'ભગવાન તમારું ભલું કરે', કે 'ભગવાન તમારી સુરક્ષા કરે' એવી કોઈ જ ભગવાનવાણી શ્રીમતી મજે ઉચ્ચારી ન હતી.

આવા સંજોગોમાં ભગવાનની યાદ આવવી સ્વાભાવિક છે. મહિલા ગમે તેટલી મજબૂત હોવા છતાં પતિ-પુત્ર અને મહામૂલા મહેમાનને કોઈ સાહસ કે દુ:સાહસ યાત્રા પર મોકલતાં પહેલાં ભગવાનની મહેર માગે જ.

જીવનના પ્રારંભિક દિવસોમાં કદાચ મજ પણ વિદાય વખતે ભગવાનનો સહારો લેતી, પણ કાળમીંઢ પાષાણના બનેલા કે સિસમિયા કોલસાના બનેલા આ કાળા માથાના પિતા-પુત્ર સાથે રહીને તે પણ ટેવાઈ ગઈ હતી.

તે જાણતી હતી કે ભગવાન સર્વત્ર છે, તો પછી તે આ કોલસાની પાતાળ ખીણ તથા ખાણમાં પણ છે જ અને જો ભગવાન છે તો તે ભલાઈનો રક્ષક છે, સારાં કામ કરનારાઓનો સુરક્ષક છે. મજ જાણતી હતી કે આ પિતાપુત્ર દ્વારા કદી કોઈ નાનુંસરખું પણ નઠારું કે બૂરું કામ થયું નથી. તેમને તેમના કોલસાની ખાણને જીવંત રાખવાના ધ્યેયની, વચમાંથી એવા કોઈ કામ વિશે વિચારવાની ફુરસદ જ ન હતી. એ બન્નેનું લક્ષ ઘણું ઊંચું હતું. કોલસો જીવવો જોઈએ, ખાણ જીવવી જોઈએ, તો જ ઉપરનો માનવી જીવી શકશે, દુનિયા આખી જીવી શકશે.

તેમના એ લક્ષ પાછળ તેઓ એટલા ખૂંપેલા રહેતા કે આડીતેડી ઢંગધડા વિનાની, પાયા વગરની વાતો સાંભળવાનો તેમની પાસે સમય જ રહેતો નહીં.

બાકી ભૂત, પલિત, ડાકણ, શાકણની વાતો કર્યા વગર કોણ રહી શક્યું છે? ઉપરની દુનિયા કે જ્યાં આશંકાને પણ કોઈ સ્થાન નથી, ત્યાં પણ અનેક પ્રકારની ભૂતાવળને સ્થાન છે. ભૂતની શંકા ગઈ નથી કે પવિત્ર ચિહ્નો ગોઠવાયા નથી. એવા અનિષ્ટથી બચાવનારા ભૂવા, પંડિતો, જ્ઞાનીઓ, ચલિતો એકઠાં થઈ જ જાય છે. ડાકલાંઓ વગાડી એવી વાતોને વધુ ઉશ્કેરે છે. પોતાના તરફથી એ વાતોનાં સમર્થનમાં પુરાવાઓ ઊભા કરે છે. ડરેલા લોકોને વધુ ડરાવે છે અને તેના નિરાકરણની ખાતરી આપી એ અમંગળ કહેવાતા સ્થાનને મંગળમય બનાવી દે છે. એવા અઘટિત ઘટનાના સ્થાનને તેઓ તીર્થધામનું જ સ્વરૂપ આપી દે છે. જ્યાં આવી કોઈ આશંકાઓ વહેતી થઈ હોય તેની આજુબાજુમાં કૌતુકપ્રદ પ્રાર્થનાગૃહો પણ તૈયાર થતાં જાય છે.

પરંપરાગત શાસ્ત્રો, પુરાણો અને ધર્મપુસ્તકોમાંથી પણ આવા 'અપ્રમાણ' કથાનકો સરકી આવે છે. સાથમાં માનવાની તાકિદ સાથે સ્પષ્ટ સૂચના હોય છે કે, 'આ બધી વાતો માન્યતાથી પર છે. માનવી જ રહી, માનો જ.'

ન માનનાર પર શાપ ઊતરવાનો ભય પણ સામેલ હોય છે.

ન સમજાય તેવી ઘટનાઓ માટે, ન સમજાય તેવી જગાઓ વધુ અનુકૂળ હોય છે. અવાવરું, ભેદી, ભંગાર, માનવીનાં પગલાં પડ્યાં વગરની, છાયાપ્રકાશની આકૃતિઓ સર્જતી જગાઓ આવી ભૂતકથાઓને વધુ હવા પૂરી પાડે છે અથવા વાવંટોળને તોફાન પૂરું પાડે છે.

કાળો ઘટ્ટ અંધકાર, અંધકારઘેરી રાત્રીઓ, ચૌદશ, અમાસ, પડવા, બીજની પાછલી રાતો, આવી કમકમાટીને વધુ કંપાવવા માટે પૂરક સાબિત થાય છે.

જ્યારે બહારની સમસ્ત ધરતી પર આવી ભૂતાવળને સ્થાન છે, ત્યારે કોલસાની ખાણ તો એ માટેનું એકદમ ઉપયુક્ત સ્થળ જ બની રહે છે. કેમ કે પાક્કી અમાસથી વધુ કાળો અંધકાર અહીં છે અને જાતજાતના અવાજો, પડઘાઓ, હલનચલન, પડતી ચીજોની ધ્રુજારી, કાચા મનને અચૂક થરથર ધ્રુજાવી રહે છે.

ખાણની દુનિયા જ અકસ્માતોની દુનિયા છે. કદીક વળી મોતની દુનિયા પણ ખરી જ. પૂરી નિષ્ઠાથી કામ કરનાર ખાણમજૂર પણ અજાણી કોલસાની કાળી કમકમતી વજનદાર ભેખડ હેઠળ દટાઈને મરી શકે છે. એક સાથે કંઈક મરે એવું પણ બનવાનો સંભવ છે. એ મોતને કોઈ 'કમોતનું મોત' કહે તો તેને કેમ રોકી શકાય?

ઘણાં નબળાં કાળજાના મજૂરો, પૂરી હિંમત સાથે આવ્યા હોવા છતાં ઘણી વાર કામ છોડીને જતાં રહે છે. એ લોકો ઉપરની દુનિયામાં વળી વધુ ભયાવહ વાતો ફેલાવે છે. તેઓ વાતનો વંટોળિયો જ વહેતો કરી દે છે.

મૃત્યુ જિંદગીનું અનિવાર્ય અંગ છે. જીવન જેટલું નિશ્ચિત છે તેટલું જ મૃત્યુ નિશ્ચિત છે, પણ મૃત્યુ પછી જીવનું શું થાય છે? એ કુતૂહલનો વિષય છે. તેમાં મોત કેવી રીતે, કેવા સંજોગોમાં થયું એનું આકર્ષણ મુદ્દાને વધુ ગૂંચવે છે.

ખાણમાં ઘણી વખત લીફ્ટ તૂટી પડતી, ઊંડાણના કોઈક ખોદકામમાં પાતાળનાં પાણી ધસી આવતાં, ઉપરની મોટી ભેખડ હેઠળ કંઈક લોકો કચડાઈ મરતાં. તે ઉપરાંત એકલદોકલ મૃત્યુની ઘટનાય બનતી. એવી જગાએ મજૂરો કામ કરવા તૈયાર થતાં નહીં, ત્યારે સાયમન નેતાગીરી લેતો. ત્યાં કંઈ જ નથી અને કંઈ જ થવાનું નથી, એવી ખાતરી કરાવી ફરીથી ખાણિયાઓમાં વિશ્વાસ પેદા કરતો.

ક્યારેક કોઈ જગાએ અજાણ્યા ભડકા થવા, કોઈક આકારના દર્શન થવા, અસ્પષ્ટ કોઈ અવાજો સંભળાવા જેવા તમામ ભેદોનું સાયમન નિરાકરણ કરી બતાવતો. સાયમન સાથે જ ઊછરેલો હેરી પણ એવી જ દૃઢ બની રહ્યો. સાયમન-પત્ની મજ પણ કુમાન્યતાઓથી પર બની, ઊંચી ઊઠી રહી.

તેમ છતાં દુર્ઘટના બની નથી કે વાતો ફેલાઈ નથી. વાતો ફેલાવનારા પોતાના તરફથી પણ અમુક અંશો જોડી દેતાં. જ્યારે વાત બહાર ફેલાતી ત્યારે તો કંઈક અફવાઓ, કિંવદંતિઓ, દુષિત દબાયેલા વિચારો તેમાં ભળી જતાં અને વાતનું વતેસર થઈ જ જતું, મોતનું મોતાંતર સર્જાઈને જ રહેતું.

અવનવી વાતોના ફેલાવામાં જેક રાયનનો પણ ખાસ ફાળો રહેતો. તે મૂળ તો સંગીતકાર અને ગીતોનો જોડનાર. નવા નવા બનાવોને તે પોતાની રીતે ગીતમાં જરૂર ગૂંથી લેતો. પછી મંડળી ભેગી થતી ત્યારે આલાપ-વિલાપ સહિત તે રજૂ કરતો. મરનારનાં સપનાંઓ, મરનારની અધૂરી ઇચ્છાઓ, આજે તે જીવતો હોત તો... અને એવા પ્રકારની વાતો ગીતમાં જોડી તે ગાતો કે મરનાર મર્યો જ નથી. એ મરે તેવો હતો જ નહીં. એની ઇચ્છાઓ એને સદાય જીવતો રાખશે. એ ફરીથી એનાં કામનાં સ્થળે કોલસો ખોદતો હશે કે ખોદીને જ રહેશે.

જેક રાયનની આ શ્રદ્ધાંજલિ ગીતકથાઓ ભારે લોકપ્રિય બની રહેતી. આપણી જ વાતો આપણને સાંભળવી ગમે છે, આપણી વચમાંથી ગત થયેલાઓની વાતો રટણ કરવાનો ઘણાંનો શોખ છે.

એને લઈને જ મરેલાં, મરેલાં હોવા છતાં તેઓ જીવતા હોય છે. બીજાઓએ તેને મરતાં જોયા હોવા છતાં તેઓ તેને જીવતા માને છે. એક યા બીજા સ્વરૂપે.

ઇજનેર જેમ્સ સ્ટાર, ઓવરમેન સાયમન ફોર્ડ, ટ્રોલીમેન હેરી ફોર્ડ તથા શ્રીમતી મજે ખાણિયાને આ ભૂત-સૃષ્ટિમાંથી મુક્તિ અપાવવાનું ઘણું મોટું કામ કર્યું હતું. એમાં તેમને શ્રમ પડ્યો હતો, પડકાર ઉઠાવવો પડ્યો હતો, પણ ચકાસીને ખાતરી કરવાનો ગુણ તેમણે ખાણિયાઓમાં પૂર્યો હતો.

એ વાતનેય પછી તો દશ વર્ષો થઈ ગયાં. પિતાપુત્ર પોતાની નિયમિતતા સાથે ખાણના ભેદ્ય-અભેદ્ય ખૂણાઓમાં જતાં અને નવી જિંદગીની શોધમાં લાગી જતાં.

તેઓ કોલસાના દરેક ખડકને કોદાળીનો ટકોરો મારી જોતાં. કોઈક પરિચિત અવાજની અપેક્ષા જાગે તો ફરીથી ત્યાં ટકોરા મારતાં તથા અવાજ સાંભળતાં. તેઓ પાતાળની ભીનાશને સૂંઘી જોતાં, ખડકને ખોદી

ખોદી તેમાંથી નીકળતાં ગ્રેનાઇટને ચકાસી જોતાં, ક્યારેક પાતાળકૂવા કે પાતાળખીણમાં મોટા ખડકો ગબડાવી અંતર તથા ધ્વનિનું માપ કાઢતાં.

ક્યારેક પિતાપુત્ર જુદીજુદી દિશામાં ફંટાઈ જતાં અને પોતપોતાની દિશાનું તારણ સરખાવી જોતાં. ક્યારેક વળી બન્ને એટલી હદે દૂર થઈ જતાં કે પાછાં ભેગા થવાની તક જ રહેતી નહીં અને કુટીરગૃહે જ ભેગા થતાં.

મજ ત્યારે પૂછતી, ‘હેરી નથી આવ્યો?’

સાયમન ફોર્ડ જવાબ આપતા, ‘આવશે, જરૂર આવશે.’

અને હેરી આવીને જ રહેતો.

એ જ રીતે હેરી કદીક આવી જતો અને ફાધર ન આવ્યા હોય તો માતા પૂછતી, ‘તારા પિતા ક્યાં છે?’

‘ખાણની સજીવતા ચકાસતા હશે. જરૂર એમને કોઈક જીવંત તત્ત્વની નિશાની મળી હશે મા! આવશે જ તેઓ, આવતાં જ હશે, આ આવ્યા...’

પિતાપુત્રની આ જુદી શોધકથાઓ એકબીજાને ઘણું મનોરંજન પૂરી પાડતી.

આવી જ એક એકાકી શોધકથા વખતે હેરીને શંકા જઈ શકે તેવા વિવિધ અણસારોનો સામનો કરવો પડ્યો.

તે સાંકડી જગાએથી જતો હોય અને કોલસાની ભીંત પણ સાંકડી હોય, ત્યારે એ દીવાલની બીજી બાજુથી તેને અવાજ સાંભળવા મળી જતાં. જાણે કોઈક બીજી વ્યક્તિ એ તરફથી કોલસાની ચકાસણી કરી રહી છે! જેવી રીતે તે કોલસાની ભીંતમાં કોદાળી ઝીંકતો, એવા જ અવાજો તેને અભેદ્ય પાછળની દીવાલ તરફથી સાંભળવા મળી જતા.

ખાતરી કરવા તે પૂર્ણ શાંતિથી એ ખચાખચ્ચ અવાજો સાંભળી રહેતો. વધુ ખાતરી કરવા તે પણ એવા જ ઘા ઝીંકતો તો સામા અવાજો શાંત થઈ જતા.

પછી તે ફરીફરીને ઘા ઝીંકતો, પ્રતિધ્વનિ સાંભળવા માટે ઉત્સુક બની જતો અથવા સામે કોઈક હોય તો તેને ઉશ્કેરવાનો પ્રયાસ કરતો, પણ બંધ થયેલા અવાજો ફરી ચાલુ થતા નહીં.

એ ટનલ પસાર કરી ગમે તેટલો દુર્ગમ માર્ગ પાર કરી, હેરી ખાતરી કરવા ત્યાં પહોંચી જતો તો તેને કોઈ જ અણસાર મળતો નહીં. દીવામાંથી ત્યાં પ્રકાશ ફેંકી તે પોતાની તલાશી ચાલુ રાખતો. દીવાલમાં કોઈ તાજાં ગાબડાં છે કે કેમ? નીચે કોઈ નવી રજકણો પડી છે કે કેમ? પોતે બીજી

બાજુ હતો ત્યારે આ બાજુની જે જગા હોવી જોઈએ, એ લાંબી કોલસા-ભીંતને તે જાસૂસની જેમ અવલોકી જતો. તાજા પ્રહાર કરી, તેણે સાંભળ્યા હોય તેવા જ અવાજો ફરી સાંભળવા તે પ્રયાસ કરતો.

પણ તેને કંઈ જ જાણવા મળતું નહીં. હેરી કોઈ 'અદ્‌ભુત' માયામાં માનતો ન હતો. આ કોઈ અદ્‌ભુત શક્તિનું કામ છે એવું કંઈ જ તે સ્વીકારવા તૈયાર ન હતો. તેમ છતાં તેને પોતાને આ કારસ્તાનનું કોઈ અનુસંધાન હાથ લાગતું ન હતું.

બીજી વખત વળી થોડેક દૂર એને કોઈ ધવલ પ્રકાશ નજરે પડી જતો. કોઈક ઝબકારો કે કોઈક કંઈક શોધી રહ્યું છે એવા એ પ્રકાશ સુધી પહોંચવા તે અચૂક ઝડપ કરતો, પણ માત્ર સોએક વાર જેટલી એ ઝબકક્રિયાનું તે કોઈ વાજબી કારણ શોધી શકતો નહીં.

એથી આગળ એક વખત તો તેણે કાળી ખરબચડી દીવાલ પર એક પડછાયો જોયો હતો. એ પડછાયાની માનવ આકૃતિનો તે ક્યાસ કાઢી શક્યો ન હતો, કેમ કે અટપટી ભીંત પર લાંબી રીતે ફેલાયેલી એ આકૃતિ મૂળ કાયાનો ખ્યાલ આવવા દેતી ન હતી. એટલું જ નહીં, આજુબાજુથી કોઈ આ તરફ પ્રવેશી શકે તેવું પણ ન હતું.

પોતાની શંકાને સદા જાગૃત રાખવા હેરીએ એક જ મહિનામાં બે વખત આ પશ્ચિમ વિભાગની મુલાકાત લીધી હતી. રાત ને દિવસની પરવા તેણે કરી ન હતી. એ ઝડતીમાં એક વખત તેણે પોતાના ખાણિયાઓ કરે તેવો જ ધડાકો સાંભળ્યો હતો. અલબત્ત, એ ધડાકા સુધી પહોંચતાં તેને સમય લાગ્યો હતો, પણ જ્યારે તે પહોંચ્યો ત્યારે એ ધડાકા દ્વારા થયેલું ગાબડું તાજું નજરે પડયું હતું. બીજી એક વાર તેણે ગન-પાવડર ઠાંસવા માટેનું એક તૈયાર ઊંડું ગાબડું પણ જોયું હતું. આવા ઊંડે સુધી એકસરખા તૈયાર કરાયેલાં ગાબડાંમાં જ દારૂગોળો ભરી ધડાકો કરવામાં આવે છે અને પછી ઊંડાણમાંથી જે કોલસો બહાર ધસી આવે તેનું પરીક્ષણ થાય છે.

એ બન્ને ક્રિયા વ્યવસ્થિત હતી. શું કોઈ બીજો સંશોધક આ ખાણ જીવંત છે કે કેમ તેની શોધ કરતો હતો?

કે પછી એક ધમાકા ધ્રુજારી બાદ ધસી આવેલી ખાણ એવી આગાહી કરતી હતી કે કોઈક બાકી બચેલી આ ખાણનો વિનાશ ઇચ્છે છે!

એ ગડગડાટી વખતે તે દૂર હતો, છતાં ખાણનું ઠેકાણું નહીં. પડવા લાગે છે તો ઉપરનો આજુબાજુનો ઘણો બધો ભાગ પડ્યો જ લાગે છે. ખાણ એકી જ વખતે પડી જતી નથી. પોલી, પોચી, આકાર વિનાની બની ગયેલી છત ફરી ફરીને ધડીમ્મ ધડીમ્મ કરતી પડે જ રાખે છે. ક્યારેક ધડાકો કરનારના ગયા બાદ પણ ખાણ ધ્રૂજતી પડતી રહે છે.

હેરીને માટેની એ ધમકી તો ન હતી શું? એ જે કોઈક હોય તે હેરીની ક્રિયા-પ્રક્રિયા પિછાનતું હોય અને હેરીને ખતમ કરવા માગતું હોય!

આ બધી વાત હેરીએ પિતા સાયમનને કરી હતી. બન્ને જણાએ પોતપોતાની રીતે અને સાથે શોધકાર્ય આગળ વધાર્યું હતું.

એક વખત તેમણે ચોંકાવનારું કૌતુક જોયું. અગાઉ જ્યાં માર્ગ ન હતો ત્યાં એકાદ માણસ પસાર થઈ શકે એવો માર્ગ થયાની તેમને શંકા ગઈ, પણ ત્યાંથી જવામાં જોખમ હતું. એટલા માટે કે નીચેનો થાંભલા જેવો માર્ગ પાતળો અને સાંકડો હતો. જે સ્તંભ ઉપર, ઉપરનો ખડક ટકી રહ્યો હતો, તેની નીચેનો ભાગ જ કોરી નાખવામાં આવ્યો હતો. એ ખોદકામ એવી રીતે કરવામાં આવ્યું હતું કે ત્યાંથી કોઈ પસાર થવા જાય તો ઉપરનો અધ્ધર ટકી રહેલો માર્ગ નિર્દય બનીને તૂટી રહે અને પસાર થનાર કાયમને માટે જ જમીનદોસ્ત અથવા કોલસાદોસ્ત બની જાય!

'બધી ઘટનાઓ વિચિત્ર છે.' હેરી સ્પષ્ટપણે કહેતો, 'પણ કોઈ અજાણી વ્યક્તિ ખાણમાં હોય એ શક્ય જ નથી.'

શક્ય એટલા માટે નથી કે અહીં રહેવું જ શક્ય નથી. રહેનારે તેમની જેમ જ રહેવું પડે. ધૂણી ધખાવીને યા જીવન સમર્પિત કરી દઈને જ જીવવું પડે. ખાણની ઉત્તર-દક્ષિણ, પૂર્વ-પશ્ચિમની તમામ દિશાઓ પિતાપુત્ર શોધી-સંશોધી વળ્યા હતા, ફેંદી-ફંફોસી વળ્યા હતા, પણ કદી કોઈ માનવ કે તેના સળવળાટનાં ચિહ્નો નજરે પડ્યાં ન હતાં.

આ ખાણમાં સાયમન ત્રિપુટી જેવા માથાફરેલ લોકો જ રહી શકે તેમ હતું, કેમ કે તેમણે અહીં રહેવાનું તત્ત્વ શોધી કાઢ્યું હતું. બીજા કોઈ – ત્રાહિતની – મજાલ નથી કે અહીં રહેવાની હિંમત કરી શકે!

તેમ છતાં તારણ એ પણ જાહેર કરતું હતું કે એ જે છે તે, અલૌકિક કે અજબ! તેની પાસે સાધનો છે, જ્ઞાન તથા માહિતી છે. સાધનો કેટલા છે. તેની ખબર નથી પણ સાધનોના ઉપયોગની આવડત છે.

જાણવાનું એ જ રહ્યું કે તેનો આશય શુભ છે કે અશુભ? સર્જનનો છે કે વિસર્જનનો?

આ ખાણને જો અમુક જગાએથી બ્લાસ્ટ કરવામાં આવે તો તે પ્રચંડ ધડાકા-ભડાકા સહિત પડી શકે, ઊંડે જમીનમાં પેસી શકે, લાંબા સમય સુધી આજુબાજુના મોટા વિસ્તારને ધરતીકંપના આંચકા આપ્યા કરે.

કેમ કે આજ સુધી કોલસો કાઢવા માટે ખાણને કોરીકોરીને પોલી બનાવી દેવામાં આવી હતી. ઉપરનો વિશાળ ભૂભાગ નીચે ધસી શકે અને માનવી કલ્પી ન શકે તેટલો પ્રચંડ દરિયાઈ ખાડો પાડી શકે. એક વખત જો એ રીતે જમીન નીચે ધસવા લાગે અને આજુબાજુના દરિયાઈ પાણી તેમાં પ્રવેશવા લાગે તો લાંબા સમય સુધીની વિનાશક પ્રક્રિયા શરૂ થઈ જાય.

ખાણના આ પ્રકારના વિનાશનો ખ્યાલ ખાણ ઇજનેરોને તથા સંશોધકોને હોય છે જ. એટલે જ તેઓ નવું ક્ષેત્ર શોધતી વખતે એવી યુક્તિથી ધડાકાઓ કરે છે કે ઊંડાણનો કોલસો બહાર આવે અને ઉપરનો કે આજુબાજુનો ભાગ ધસી પડે નહીં.

ખાણમાં કુદરતી અસમતુલા ઊભી થતાં ક્યારેક ભારે વિનાશ સરજાયા છે, પણ એબરફોઇલનો કોઈ વિનાશ શા માટે ઇચ્છે? તેમાંય જ્યારે એબરફોઇલ તો જાતે જ ખાલી, ખલાસ, ખતમ થઈ ગઈ છે, પછી તેને હચમચાવવાનું કારણ શું?

શું કોઈક ઉપરની સમગ્ર માનવજાતને ડરાવવા માગે છે? કે ખરેખર માનવજાતનો વિનાશ જ ઇચ્છે છે?

પણ શા માટે? શા માટે?

જ્યારે હેરી જોરદાર રીતે આ પ્રશ્ન પૂછતો ત્યારે પિતા સાયમન જવાબ આપતા, ‘હેરી, આપણી પાસે પૂરતો સમય છે અને આપણે ભ્રમણકર્તા પ્રવાસીઓ છીએ. એ જે હશે તેને જરૂર આપણે શોધી કાઢીશું અથવા એ આપણને શોધી કાઢશે. અલબત્ત આ નવી પ્રક્રિયા બાદ આપણે વધુ સજ્જ બનવું પડશે અને હેરી...’

પિતાના મગરૂબ મક્કમ સવાલના જવાબમાં હેરીએ કહ્યું, ‘જી, પિતાજી.’

‘એ અજાણી વ્યક્તિ કે શક્તિનો આશય જે હશે તે. આપણો આશય તો એબરફોઇલને પુનર્જીવિત કરવાનો જ છે. એમાં કોઈ અવરોધ ઊભો કરશે તો આપણે સામનો કરીશું અને હેરી...’

‘જી પિતાજી.’

‘આ અજાણ્યાં તત્ત્વોએ મને આપણા ધ્યેયમાં વધુ દૃઢ બનાવ્યો છે. આપણે માની લઈએ કે કોઈ આ વિશાળ ખાણખંડનો અથવા ભૂતળનો વિનાશ કરવા માગે છે તો એનો અર્થ કે આ ખાણ હજી જીવંત છે. કોઈ મરેલાને તો મારતું નથી. એની પાસે ખાણ જીવે છે, એ જાણવાને ક્યાં અને કેવાં સાધનો છે, તેની ખબર નથી દીકરા! પણ જે સાધનો હશે તેનો સામનો કરીને આપણે ખાણને ફરી ધબકતી કરી શકીશું. આજથી આપણે વધુ ચેતનવંતા બનીશું. ઉપરની તમામ છતની સાથોસાથ ઉતર-દક્ષિણ, પૂર્વ-પશ્ચિમની તમામ ખાણને ખૂંદી વળીશું.’

હેરી પિતાના જુસ્સાનું સમર્થન કરતો. તે પિતાની નિષ્ઠા સાહસિકતામાં જોડાઈ જતો. તેને ક્ષણેક માટે એક વિચાર પણ આવી જ જતો. શું ખાણ માત્ર પંચખૂણી ભૂમિતિની જ બનેલી છે? એટલે કે ઉપરની છત અને ચાર દિશાના ચાર ખૂણા!

શું ખાણનું એ સિવાયનું વધુ એક પ્રમાણ કે પરિમાણ ન હોઈ શકે?

‘જોકે,’ પિતા સાયમનની વાત આગળ ચાલતી હતી, ‘એ જે હોય તેણે કદી આપણને અવરોધ્યા નથી…’

‘જો તે હોય તો?’

‘હા હેરી, જો તે હોય તો! હેરી એણે આપણી રહેણીકરણીમાં પણ ખલેલ પહોંચાડી નથી. આપણે દિવસો સુધી અજાણી કાળાશમાં અદૃશ્ય રહેવા છતાં એ જે હોય તેણે તારી માતાને પણ ડરાવી નથી…’

‘મારી માતા ક્યાં ડરે તેવી છે, પપ્પા?’

‘ના. એમ હું નથી કહેતો, પણ મહિલાનાં મનમાં કૌતુક જગાવવા માટે કાંઈક કાવતરું તો જરૂર કરે જ…’

‘તમારી વાત સાચી પિતાજી, એવું કંઈ જ થયું નથી.’

‘માતા સાથે નહીં, આપણી સાથે નહીં.’

‘આપણી સાથે…?’ હેરી એ શબ્દ ઘૂંટી રહ્યો. તેને પેલા બીજા પત્રનો ખ્યાલ આવી ગયો અને જ્યારે તે ઇજનેર જેમ્સ સ્ટારને લઈને આવતો હતો ત્યારે આવી પડેલા પથ્થરનો પણ તે વિચાર કરવા લાગ્યો.

જેમ્સ સ્ટાર તો કહેતા જ હતા, ‘એ પથ્થર કોઈ અકસ્માત પણ નથી હેરી. ખાણમાં એવા નાનામોટા પથ્થર રહી રહીને પડતાં રહે છે ઘણી વાર. આપણે ખાણમાં ટોપા એટલા માટે જ પહેરીએ છીએ. જ્યારે બ્લાસ્ટ કરીએ છીએ ત્યારે એવા કેટલા પથ્થરો ઊડે છે, ઊડે છે કે નહીં?’

‘ઊડે છે, સાહેબ.’

‘એમાંના કેટલાક ઊડેલા, ફેંકાયેલા પથ્થરો એવી જગાએ જઈને ગોઠવાઈ જાય છે કે ત્યાં અડીને તેઓ રહે. તત્પૂરતો ટેકો તેમને મળી ગયો હોય છે. બીજી વખત એવી હલનચલન કે ધ્રુજારી વરતાય કે તરત જ એ પથ્થર નીચે આવી પડે છે.’

હેરીએ ઇજનેરશ્રીનું આ કથન સ્વીકારી લીધું નહીં. તેણે એક પથ્થર ઉપર ઉછાળીને નીચે પડવા દીધો. બીજો કોલસા-પથ્થર નીચે પડતો હોય એમ હાથમાંથી છોડી બતાવ્યો.

ત્રીજો પથ્થર તેણે કોઈક નિશાન લઈ તે ઘા કરતો હોય તેમ ફેંકી બતાવ્યો.

‘સાહેબ,’ હેરીએ કહ્યું, ‘સ્વાભાવિક રીતે પડતાં અને નિશાન તાકીને ફેંકાતા પથ્થરની ગતિમાં તથા ફોર્સમાં ફેર હોય છે. હોય છે કે

નહીં?'

હેરી પોતાનાં સમર્થનમાં એવું પણ કહેવા માગતો હતો કે, 'સાહેબ, પથ્થર ફેંકાયો હતો અને પત્ર પણ ફેંકાયો જ હતો. બન્ને 'પ' નિશાન લઈને ફેંકાયા હતા.'

હેરીની વાતનો સ્વીકાર કરવામાં આવે તો એ જે નિશાન લેતું હતું તેનું નિશાન કોણ હતું? ઇજનેર જેમ્સ સ્ટાર?

કેમ કે આજ સુધી ખાણત્રિપુટીને તો કોઈ હરકત થઈ ન હતી!

# જોખમી પ્રયોગ: જોખમી નૃત્ય

આગળ આગળ હેરી, તેના દીવા વડે પ્રકાશ દાખવતો. પાછળ બન્ને વડીલો. મોટા ભાગનો સામાન હેરીએ ઊંચક્યો હતો. બાકીનો થોડોક સાયમન પાસે હતો.

ઇજનેર કહે, ‘મિત્રો, મને મારો સામાન ઊંચકવા દો. ખાણનો રિવાજ છે. પોતાનો બોજ પોતે જ ઉઠાવવો જોઈએ.’

‘જરૂર ઉઠાવજો, શ્રીમાન!’ ઓવરમેન સાયમને કહ્યું, ‘ખાણના રિવાજ મુજબ દરેક જોખમ પોતાનાં છે, દરેક બોજ પોતાનો છે, પણ અત્યારે આપ મહેમાન છો. લાંબા સમયે પધાર્યા છો. એક વખત આપની આંખ ટેવાઈ જાય…’

‘અને પત્ર…’ હેરીએ કહ્યું.

‘પણ આપણે બેએક માઈલ પસાર કરી ચૂક્યા છીએ અને મને બધું પરિચિત લાગે છે…’

હેરી હવે પોતાના દીવાનો પ્રકાશ ચોતરફ ફેંકતો હતો. કોઈ પણ શંકાસ્પદ પડછાયો, હલનચલન કે નવી પ્રક્રિયા આંખથી છટકી જાય નહીં તેની તે કાળજી રાખતો હતો.

‘આપણે આ રીતે ક્યાં સુધી જઈશું, સાયમન?’

‘સહુ પ્રથમ અડધો માઈલ. અગાઉ આપણે આ જ મુજબ રેલ-વેગનમાં પસાર કરતા હતા, યાંત્રિક ટ્રામ-માર્ગ આપણને ગતિ આપતો, પણ એ બધી જૂના જમાનાની વાત છે. પ્રવૃત્તિથી ધમધમતા જમાનાની, સાહેબ…’

‘તો શું આપણે ખાણની છેલ્લી નસના છેવાડા સુધી જઈશું, સાયમન?’

‘તમે મિસ્ટર જેમ્સ, હજી ખાણને બરાબર પિછાનો છો, પણ એક વખતનો છેવાડો બીજી વખતનું છેવટ ન પણ હોઈ શકે.’

‘પણ સાયમન,’ ઇજનેરે સાવધાની સાથે કહ્યું, ‘મારું માનવું છે કે આથી આગળ જવું જોખમભરેલું નહીં, તો કપરું તો હશે જ.’

‘જોખમી અને કપરાં ચઢાણ આપણી જિંદગી રહી છે મિસ્ટર જેમ્સ સ્ટાર. આપણે એનાથી વળી ક્યારે ડર્યા છીએ? આ જગા તમે કહો છો તેમ છેવાડાની ખરી જ. યાદ છે, આપણે અહીંથી જ છેલ્લો કોલસો ઉપર મોકલ્યો હતો. એ છેલ્લો ઘા મારો જ હતો, પણ કોલસા ભેગો નક્કર ધોળો ખડક નીકળી આવતાં હું ચિંતામાં પડ્યો હતો. આપણા માટે કાળી

વસ્તુ જીવન છે. ધોળી વસ્તુ બીમારી, ચિંતી, દ્વિધા. પણ ઉપર જઈને જોયું તો કોલસાને બદલે ખડક જ ખડક હતા. નર્યા પથ્થરો. મને ત્યારે જ થયું હતું કે ખાણના ધબકતા શ્વાસ પર પથ્થર પડ્યા છે.'

'એ બધી વાતનો હું પણ સાક્ષી છું, સાયમન.' એ ખડક-પથ્થર જોઈને કોઈક બોલી ઊઠયું હતું, 'ખાણ મૃત્યુ પામી છે.'

'આપણે બધાં જ ખોટા હતા.' સાયમને જુસ્સામાં કહ્યું, 'ખાણ મૃત્યુ પામી ન હતી. આપણે મૃતદેહને પાવડા નહોતા માર્યા. એવું આપણે હરગીઝ કરી શકીએ નહીં અને હજી આજે પણ હું એ જ કહું છું. ખાણ જીવંત છે. એનું હૃદય ધબકે છે, કદાચ આપણને સૂક્ષ્મ સ્ટેથોસ્કોપની જરૂર પડે...'

'સાયમન!' જેમ્સ સ્ટારે સ્પષ્ટપણે પૂછ્યું, 'શું તમે કોઈ નવી જીવંત નસ શોધી કાઢી છે કે જેમાં કોલસાનું જાડું ઘાટું કાળું લોહી વહેતું હોય, ધસમસતું હોય?' એટલું કહી ઇજનેરે જાતે જ આગળ ચલાવ્યું 'જરૂર એમ જ હશે સાયમન, તમારા પત્રમાં તમે એ જ વાત લખી હતી. મને રસ પડે એવી અને મારાં કૌતુકની તથા આકર્ષણની એ જ વાત હોઈ શકે, સાયમન! મને એ બધી જ જીવંત વાત બતાવો, કહો...'

'મિસ્ટર સ્ટાર,' સાયમન ફોર્ડે કહ્યું, 'એ વાત હું બીજા કોઈને કહેવા માગતો ન હતો, માત્ર આપને જ...'

'આભાર સાયમન! પણ કહો તો ખરા કે કયા બોર-હોલ્સમાં તમને પ્રાણના ધબકતા અણસાર જણાયા...'

'સાહેબ, માત્ર અણસાર જ નહીં...'

'તો...'

'ચોખ્ખી ખાતરી. પાક્કી સાબિતી.'

'મારી ઉત્સુકતા ઘણી વધી ગઈ છે ઓવરમેન...'

'આપ જ કહો ઇજનેર, કોલસામાંનું આગતત્ત્વ શું કદી છૂપું રહી શકે ખરું?'

'ના, કદી નહીં. એ જ તો કોલસાની ઊર્જા છે, કોલસાના પ્રાણ છે...'

'જેમ કે, જ્યાં ધુમાડો છે ત્યાં અગ્નિ હોવાની ખાતરી ખરી જ.'

'એ બન્ને જાણીતી કહેવત છે, સાયમન...'

'મને એ જ કોલસા માંહેનું ઊર્જાતત્ત્વ હાથ લાગ્યું છે, આગતત્ત્વ...'

'સાયમન! એ કોઈ બીજો ગૅસ ન હોઈ શકે? તમે તો જાણો છો અનુભવી ઓવરમેન કે ફાયર-કૅમ્પમાં કોઈ જ વાસ નથી હોતી, એનો રંગ પણ નથી હોતો, માત્ર ધડાકાઓ વખતે જ એ છેતરામણી આપણી સમક્ષ પ્રગટ થાય છે.'

'મિસ્ટર સ્ટાર,' કંઈક ઠપકાના સ્વરમાં સાયમને કહ્યું, મહેરબાની કરી મેં શું કર્યું અને શું મેળવ્યું તે મને મારી રીતે અને મારી ભાષામાં કહેવા દેશો? મારી ભાષાની કે વ્યક્ત કરવાની ધીમી ગતિ માટે માફી માગી લેવા સાથે જ...'

ઇજનેરે એટલું જ કહ્યું, 'અધીરાઈ છે જ, પણ હું તમારી વાતો જરૂર સાંભળીશ. તમને તમારાં વક્તવ્યની વચમાં જરૂર વગર અવરોધીશ પણ નહીં.'

'મારા માનવંતા સાહેબ!' સાયમન ફોર્ડે શરૂ કર્યું, 'છેલ્લાં દશ વર્ષમાં મેં તથા મારા પુત્રે ખાણને જીવંત જોવા સિવાય બીજા કોઈ સપનાં જોયાં નથી અને બીજા કોઈ પ્રયત્નો કર્યા નથી. પુનરાવર્તન માટે માફી! પણ નિયમ મુજબ રોજ વહેલી સવારથી જ અમે અમારી સંશોધનયાત્રા પર નીકળી પડતાં અને કોઈક જીવંત સીમ મને યા હેરીને જોવાજાણવા મળે તો એની પર કામે લાગી જતા. અમારા એ નિયમમાં કોઈ અડધો દિવસ શનિવાર નહીં કે કોઈ રવિવાર નહીં, પણ એ બધું કેવી રીતે પાર પાડવું? કેવી રીતે ફંફોસવું? બોર-હોલ્સ દ્વારા? અમારે માટે એ શક્ય ન હતું, પણ અમારી પાસે ખાણિયાઓની છઠ્ઠી ઇન્દ્રિય હતી. અમારી એ સૂઝ અમને માર્ગ બતાવતી હતી...'

'તમારી એ છઠ્ઠી સૂઝ તથા અતિન્દ્રિય માટે મને માન છે ઓવરમેન.' ઇજનેરશ્રીએ કહ્યું, 'અગાઉ મેં એ કમાલનો લાભ લીધો જ છે.'

'પશ્ચિમના છેવાડાના ખૂણાઓમાં, બસ, હેરીએ આવા જ કૌતુક નિહાળ્યા. અચાનક સળગી ઊઠતી આગ. અચાનક હોલવાઈ જતી આગ. ક્યારેક કોલસાની કિનારી કિનારીએ દોડતી અને દોડીને આગળ વધી જતી આગ. એ જ્વાળાઓ કેવી રીતે પ્રજ્વલિત થઈ જતી તેનો મારી પાસે કોઈ તર્ક નથી. અત્યારે પણ મારું તર્કવિજ્ઞાન ઊણું ઊતરે છે, પણ સાહેબ! જ્યોત ભલે સળગી ઊઠે, ભલે દોડે, ભલે હોલવાઈ જાય, પણ આગ છે એનો અર્થ એ જ કે ફાયર-ડૅમ્પ છે. મારે મન આ જ આગતત્ત્વ, આ જ ઊર્જાતત્ત્વ, આ જ ગર્ભતત્ત્વ જીવન છે. ખાણની ધબકતી જીવંત નસ છે.'

'જ્યોત, જવાળા કે આગનું જે સ્વરૂપ તમે જોયું તે સાયમન,' ઇજનેરે પૂછ્યું, 'શું એ કોઈ ધડાકા નહોતું કરતું? કેમ કે ખાણમાં તો નાનીસરખી આગ પણ ધડાકાઓ કરી શકે છે, ક્યારેક ઘણા મોટા ધડાકાઓ...'

‘હા સાહેબ, ધડાકાઓ થતા જ હતા, પણ નાના...’

‘નાના...?’

‘આપણે જ્યારે ખાણજીવનની શરૂઆતમાં ભૂગર્ભનું ચૈતન્ય ચકાસવા નાના નાના કાળજીપૂર્વકના ધડાકાઓ કરતા હતા, પૂરી સાવધાની સાથે અને એટલા વર્તુળને જ આવરી લેતાં. એમાં જે જોખમ રહેતું એનાથી બચવા સ્તો હંફ્રી ડેવીએ ખાણિયાઓ માટેના સલામત-દીવાની શોધ કરી હતી?’

‘સેફ્ટી-લૅમ્પ!’ ઇજનેરે કહ્યું, ‘બરાબર છે અને સાયમન તમે પેલા “મોન્ક”ની વાત તો નથી કરતા ને? પણ મેં કદી એવા કોઈ “મોન્ક” જોયા જ નથી!’

‘તમે ઘણા નાના છો મિસ્ટર સ્ટાર. તમારી પંચાવન વર્ષની ઉંમર છતાં નાના છો, પણ તમારા કરતાં દશેક વર્ષ વધુ અનુભવી એવા મેં એ “મોન્ક”ને ખાણમાં કામ કરતો જોયો છે. આપણે તેને “મોન્ક” કહેતા કેમ કે તે પોતાની વિશાળ કાયાને માથાથી પગ સુધીના સફેદ ઝભ્ભામાં ઢાંકી રાખતો. એ ખડકના હાથનો આપણે અનુભવ કરી શકતા અને પગનો સ્પર્શ પણ પામી શકતા. કાળા ધબ્બ કોલસાના પહાડની એ ધવલ-આકૃતિને “મોન્ક”નું નામ અપાયું, પણ હું એને “અગ્નિમાનવ” કહેવું પસંદ કરીશ.’

‘અગ્નિ તો સમજ્યા સાયમન, પણ માનવ શા માટે?’

‘એને અગ્નિદિવ્ય કહો, અગ્નિમાન કહો, અગ્નિશક્તિ કહો, પણ એ જ તાકાત દૂષિત ગૅસનો અંત આણતી હતી. એ ગૅસનો ફેલાવો એક જ રીતે અટકતો હતો, મોન્ક દ્વારા. મોટા જથ્થામાં એ વિપરિત ગૅસ જમા થાય તે પહેલાં નાના ધડાકા દ્વારા જ મોન્ક તેનું અસ્તિત્વ મિટાવી દેતો. આપણી પાસે તે દિવસોમાં અણવીતરા એ ગૅસને કાબૂમાં લેવાની બીજી કોઈ યુક્તિ ન હતી. જો એ ગૅસ મોટા પ્રમાણમાં જમા થઈને છત ઉપર પહોંચી જતો તો છત ઊડી જવાની સંભાવના રહેતી. ગૅસનો એ પ્રવાહ મોટું સ્વરૂપ ધારણ કરે, મોટા જથ્થામાં જમા થાય તે પહેલાં એ મોન્ક મહાશય જ તેને નાની નાની જ્યોત દ્વારા વિલીન કરી દેતી. એ “મોન્ક”ને પોતાના દૈત્ય-વિનાશ માટે પ્રાણવાયુયુકત શુદ્ધ હવાની જરૂર રહેતી. તે તેને મળી જ રહેતી. આ “મોન્ક”ની આપણી પર મહેરબાની એ રહેતી કે તે કદી મોટા જોખમ ઊભા થવા દેતો નહીં, સાહેબ...’ હસીને સાયમને કહ્યું, ‘કોઈક તો આવા મોન્ક હરતાફરતા હોવાની કિંવદંતી પણ કહેતા. ઘણાં ખાણિયાએ આ “મોન્ક”ને જોવાની વાત પણ સાબિતી સાથે કહી સંભળાવતા. જ્યાં સુધી ડેવીઝ-લૅમ્પ અસ્તિત્વમાં આવ્યો નહીં, ત્યાં સુધી આ “મોન્ક”ની જ માયા ફેલાયેલી રહી, સાહેબ! મને જીવંત આગતત્ત્વની માહિતી આ મોન્ક દ્વારા જ પ્રાપ્ત થઈ છે. મને એ દોડતી, દોડીને અદૃશ્ય

થતી જ્યોત કે જવાળાઓ કહી રહી છે કે ખાણ જીવંત છે, જીવંત બની શકે છે...'

ખાણની શોધના પ્રારંભકાળના આ 'મોન્ક'ની જે વાત હતી તેનો પ્રતિવાદ કરવાને ઇજનેર પાસે કોઈ કારણ ન હતું. ગૅલેરીની છત પર જમા થતો જોખમી ગૅસ આ જ રીતે 'ભપ્પ' કરતો ભડકો થઈને ઊડી જતો કે નીકળી જતો.

આ આગતત્ત્વ, આ માર્શ-ગૅસ, આ કાર્બુરેટેડ હાઇડ્રોજનનો કોઈ રંગ નથી હોતો, એની ગંધ નથી હોતી. તે કદીક ધીમે ધીમે બળે છે, તારામંડળ જેવા ઝબકારા કરે છે, પણ ગાફેલાવસ્થામાં શ્વાસોચ્છ્વાસની મુશ્કેલી જરૂર ઊભી કરે છે. ખાણિયા કદી આવા ગૅસયુક્ત ખાણ-વિભાગમાં રહી શકે નહીં. 'મોન્ક' દ્વારા એ ગૅસનું વિલીનીકરણ થાય, ત્યાર પછી જ ખાણિયાઓ પોતાના કોલસા મેળવવા આગળ વધી શકે. આ ગૅસમાં પ્રાણવાયુના પાંચથી આઠ ટકા ભળી જાય છે તો તે ભડકી ઊઠે છે. કોલસો મેળવવા માટે કોલસાને આ ગૅસથી મુક્ત બનાવવો જ રહ્યો. એ ગૅસને ભડકાઓ દ્વારા બહારનાં આકાશમાં ફેંકી દેવો રહ્યો.

ક્યારેક 'મોન્ક' જોખમી બન્યાની ઘટનાઓ પણ ભૂતકાળમાં બની છે, પણ અકસ્માત-મૃત્યુ અહીં ફરજનો એક ભાગ બની રહે છે. અકસ્માત-મૃત્યુનું વળતર ઘણું મોટું હોય છે. કોઈક અહીં મૃત્યુ પામે તો એથી કામ અટકતું નથી. બીજા ખાણિયાઓ આગળ આવે છે, 'મોન્ક'ને પ્રાર્થના કરીને કોલસો ઉઠાવવાની વિનંતી કરે છે.

એ બધી જ વાતો હોવા છતાં 'મોન્ક' કોલસાની ખાતરી આપે છે એટલે ખાણિયાઓ 'મોન્ક'ને પસંદ કરે છે. હજારો જીવતા રહે, એ માટે એકાદને મરવું પડે તો એ શહીદીનું મૃત્યુ કહેવાય છે. મરનાર ધન્ય થઈ ગયેલો મનાય છે. બીજા ખાણિયાઓ પણ મોત આવે તો એવું જ આવે એવી પ્રાર્થના કરે છે.

'મોન્ક'નું આ રીતનું સ્થાન ખાણના ઈશ્વરનું છે. તે કદીક કોઈને અકસ્માત કરે છે કે મારે છે, તોપણ સારા માટે જ તેવું મનાય છે. માનવીનું મૃત્યુ માનવીએ સ્વીકારી લીધેલી વાત છે, એમાં કુદરતનો સંકેત જ મનાઈ રહે છે. કોઈ ઈશ્વર કે કુદરતને દોષ દેતું નથી.

'મોન્ક'ના આશીર્વાદ મેળવવા એક જ કાર્ય કરવાનું રહે છે, દૂષિત ગૅસની વિદાય, તેનું વિલિનીકરણ, તેનો ઉપરની ઉઘાડી દુનિયામાં નિકાલ.

ફાયર-ડૅમ્મ, માર્શ-ગૅસ અથવા કાર્બુરેટેડ હાઇડ્રોજન રંગવિહીન, ગંધવિહીન વાયુઓ છે. તે સૂક્ષ્મ રીતે પ્રજવલે છે અને શ્વાસોચ્છ્વાસની તકલીફ ઊભી કરે છે. માનવી જેમ ગૅસ ભરેલી કોઠી કે ઓરડીમાં જીવી શકે નહીં, તેમજ આ પ્રકારનાં વાતાવરણમાં પણ જીવી શકે નહીં.

આ બધી ખાણની શોધના પ્રારંભિક દિવસોની વાત હતી અને ખાણની પૂર્ણાહુતિ બાદ એ જ બધી પ્રારંભિક વાતો ફરીથી શરૂ થઈ ગઈ હતી.

ખુશીની વાત એ જ હતી કે ‘મોન્ક’ છે, તો એનો અર્થ એ કે ખાણ જીવંત છે. ઇજનેર જેમ્સ સ્ટારનાં મનમાં હજીય એ પ્રશ્ન તો હતો જ કે ખાણમાં જીવ છે, તો કેટલો જીવ છે? શું ફરીથી ખાણ ઉપરની દુનિયાને પૂરતી ઊર્જા પૂરી પાડી શકે છે?

તેમણે પૂછ્યું, ‘આપણે ખાણના લગભગ છેવટના પશ્ચિમ છેવાડે આવી ગયા, ખરું ને?’

‘સાહેબ, પૃથ્વી ગોળાકાર છે એ તો આપ જાણો છો ને?’

‘તમારું તાત્પર્ય, સાયમન?’

‘તાત્પર્ય એ જ સાહેબ કે ગોળાકાર ચીજને છેવાડો નથી હોતો. આપણે ગોળાકાર ફરતાં જઈએ તો ગોળાકારે આગળ વધતાં જ જઈએ. જો ગોળાકારની બહાર નીકળી જઈએ તો જ છેવટ શબ્દનો ઉપયોગ કરી શકીએ.’

‘તો શું આપણે ગોળગોળ ફરવાનું છે? ખાણની અંદર?’

‘આપણે એ રીતે ફર્યા જ છીએ સાહેબ. આપણી ખાણ બે જ રીતે આગળ વધી છે. ગોળાકારની રીતે અને ઊંડાણની રીતે...’

આગળ વધતો હેરી રોકાઈ ગયો હતો.

તરત જ સાયમને કહી દીધું, ‘આપણે આવી પહોંચ્યા છીએ, સાહેબ! આપની અધીરાઈ અને કૌતુકનો અહીં જ અંત આવવો જોઈએ...’

ઇજનેર તો ઇજનેર હતા. અલબત્ત ઓવરમેન સાયમન જેટલું અનુભૂત જ્ઞાન તેમનું નહીં જ, પણ તેઓ જાણી ગયા કે સાયમનની વાતમાં તથ્ય છે. નાના બાળકની જેમ તેઓ આઘાપાછા થયા, આયનામાં જોતા હોય એમ ખાણની દીવાલો નિહાળી, થોડા ખડક, થોડા કોલસા, થોડીક ભૂમિ, થોડીક રજકણો, થોડીક પગ હેઠળની પગથી નિહાળી તેઓ બોલી ઊઠ્યા, ‘સાયમન! સાયમન! તમે ધન્ય છો. તમે તમારું ધ્યેય પાર પાડયું. તમે અદ્‌ભુત છો, ખરેખર દૃઢ પ્રતિજ્ઞાના મજબૂત માનવી છો. હું... હું... મારો ઉશ્કેરાટ રોકી શકું તેમ નથી, પણ મને હવે વધુ તડપાવો નહીં...’

અહીંથી એક પહોળી ટનલ શરૂ થતી હતી. ગૅલરી પ્રકારની. ખાણમાં આવી કુદરતી ગુફાઓ હોય છે. એ ગુફામાર્ગની આગળની વાત જાણી શકાતી નથી અથવા અનુભવથી અને આગળ વધવાથી જ જાણી શકાય છે. અહીં હજી સુધી કોઈએ કોદાળી, પાવડા, નરાજ, સળિયા,

હથોડા ઠૂંસ્યા ન હતા કે ઝીંક્યા ન હતા. પૃથ્વીની સપાટીથી આ ભાગ ઘણો દૂર હતો, કદાચ સપાટી અને અહીંની ભૂગર્ભીય પાષાણી પોલાણને કોઈ લેવાદેવા ન હતી.

જોકે સંશોધનના કોઈક સંકેતો હતા. અમુક દારૂગોળાની નિશાનીઓ, અમુક કોદાળી ઝીંકાવાના આઘાતો, અમુક નાનાસરખા ભેગા થયેલા ઢગલા.

ઇજનેરે માની લીધું કે એ સાબિતીઓ પિતાપુત્રના પ્રયોગ વખતની હશે!

એ તરફ કોઈ શંકા કર્યા વગર ઇજનેર જેમ્સ સ્ટાર એક જ વાત વિચારવા લાગ્યા કે અહીંથી કોલસો ફરીથી કેવી રીતે લઈ જવો? અહીંનો કોલસો ઘટ્ટ હશે કે નરમ? વિદાય થયેલા કારીગરોને બોલાવતાં કેટલો સમય લાગશે? નાહકનાં બધાં યાંત્રિક સાધનોને ભંગાર બનાવી દેવાયા!

‘આપણે અહીં પહેલો ઘા કરવો જોઈએ.’ એક મજબૂત જગા બતાવી સાયમને કહ્યું, ‘અહીંના આક્રમણ ઉપર જ આપણાં ભવિષ્યનો આધાર રહેલો છે.’

‘આપણે મોડું ન કરવું જોઈએ.’ જેમ્સ સ્ટારે કહ્યું, ‘સમય બગાડે નહીં ચાલે. તે સાથે જ સાયમન, કહો તો ખરા ફાયર-ડૅમ્પનો સહુ પ્રથમ તમને સંકેત અહીં જ મળ્યો હતો?’

‘અહીં જ મિસ્ટર જેમ્સ.’ ઓવરમેને કહ્યું, ‘અને અહીંની તિરાડ સુધી હું પહોંચી ગયો હતો. હેરીએ મને એ બાબતમાં ઘણી મદદ કરી છે. એ તિરાડ...’

‘કેટલે ઊંચે તમને જોવા મળી?’ મિસ્ટર જેમ્સે ઉત્તેજિત ઓવરમેનને અવરોધીને પૂછ્યું.

‘જમીનની નીચેથી દશ ફીટ ઉપર.’ હેરીએ જવાબ આપ્યો.

ઇજનેર આજુબાજુની કાળી કઠિનાઈઓ અવલોકતા હતા. તેઓ વારાફરતી અને વારંવાર પિતાપુત્ર તરફ જોતા હતા. એ બન્નેને તો ખાતરી જ હતી, ખાતરી તો ઇજનેર જેમ્સ સ્ટારને પણ હતી, તેમ છતાં આવું મહાન વિકટ અને અશક્ય ભગીરથ કાર્ય એ બે જણા જ કેવી રીતે કરી શક્યા? એ બાબતની તેમની મૂંઝવણ હતી.

શંકા તો નહીં, પણ તેમની બીજી દ્વિધા એ હતી કે જોખમી ધડાકાઓ વગર આ બધું પ્રાપ્ત થવું શક્ય જ નથી!

શું એ જોખમો કે ધડાકાઓની વાત પિતાપુત્ર છુપાવતાં હશે? ભલે ખાનદાની ખાતર, કે પછી તેમને કોઈ ત્રીજી શક્તિની મદદ મળી હોય?

ત્રીજી શક્તિ?

ના ના. અહીં વળી ત્રીજી શક્તિ કેવી? જરૂર બન્ને પિતાપુત્રની જ આ સફળતા!

'પિતાજી...!' એકાએક હેરીનો અવાજ આવ્યો. અવાજમાં ધ્રુજારી હતી, 'પિતાજી! ગૅસ તિરાડમાંથી નીકળી જતો નથી...'

'ગૅસ નીકળી જતો નથી?' સાયમનના અવાજમાં ચિંતી હતી. તેઓ આજુબાજુની હવા સૂંઘવા લાગ્યા, સૂંઘી સૂંઘીને ફેફસાંમાં ભરી ખાતરી અનુભવવા લાગ્યા.

એકદમ જ તેમણે કહ્યું, 'હેરી, તારો દીવો મને આપ તો.'

હેરી પાસે સલામત-દીવો મેળવી થરથરતા પણ મક્કમ હાથે સાયમને એ દીવાને બંધનમુકત કરવા માંડ્યો. એટલે કે દીવાની જ્વાળા તથા ધુમાડો બહાર આવે તેવી યોજના કરી.

'સાયમન!' જોરદાર ઘાંટો પાડીને ઇજનેર જેમ્સ સ્ટારે કહ્યું, 'આ શું કરો છો, સાયમન? સળગતી જ્યોતિનો જો એક ઝબકારો પોતાનું કારસ્તાન બતાવશે તો આ તરફની ખાણ અને આપણે ત્રણે કાયમને માટે ધરબાઈ જઈશું.'

સાયમનને ઇજનેરની ભયસૂચક ચેતવણીની કોઈ પરવા ન હતી. દીવાની ઉઘાડી જ્યોત બહાર આવી ચૂકી હતી અને... અને... કોઈ તણખો કે ઝબકારો થયો ન હતો. ધડાકાની તો વાત જ ક્યાં રહી?

'આ શું કરો છો, સાયમન?' ખળભળી ઊઠેલા ઇજનેરને સાયમનની વર્તણૂક વિચિત્ર અને જોખમી લાગતી હતી.

'ઉઘાડી જ્યોત, સાહેબ...' સાયમને સળગતો દીવો બતાવીને કહ્યું, 'અને કોઈ ઝબકારો નહીં? નાનોસરખોય કોઈ ધમાકો નહીં? સાહેબ... સાહેબ...'

'શું છે સાયમન?'

'ફાયર-ડૅમ્પ નથી? આશ્ચર્ય! એવું કેવી રીતે બની શકે? મેં અહીં જ, આ વાતાવરણમાં જ એ આગતત્ત્વ, એ ગૅસનો અણસાર મેળવ્યો છે અને અત્યારે એ વાયુનો એક કણ પણ નહીં? હેરી, તારી પેલી લાઠી આપ તો!'

હેરીની મજબૂત લાંબી લાઠી લઈ સાયમને દીવો તેની પર બાંધી દીધો અને દરેક રીતે સોએ સો ટકા જોખમી કહેવાય એવો દીવો તેણે લાઠી સાથે ઊંચે ઊંચે જવા દીધો.

'આ શું માંડ્યું છે, સાયમન?'

‘સાહેબ, વાયુ થોડોઘણો પણ હશે તો છત ઉપર જમા થયો હશે, વાયુનું પડ એ જ રીતે છતને ચોંટે છે અને પછી અવકાશ મળતાં જ બહાર નીકળી જાય છે.’

વાતાવરણ કાળું જ નહીં, કંપાયમાન બનતું હતું.

પણ જે ધડાકાની અપેક્ષા હતી એની કોઈ ઝલક મળતી ન હતી.

ઉઘાડી સળગતી જ્યોત ઠેઠ ઉપર પહોંચી તોપણ ઝબકારો કે ધડાકો થયો નહીં. કાર્બુરેટેડ હાઇડ્રોજનનો કોઈ અણસાર ન હતો.

અને હવે ઇજનેરશ્રીએ પણ કહ્યું, ‘છતની વધુ નજીક દીવો જવા દો સાયમન, છતની વધુ નજીક, એકદમ નજીક...’

‘હા સાહેબ,’ સાયમને કહ્યું, ‘એમ જ કરું છું. અમારો અંદાજ ખોટો ન જ પડી શકે. મેં તથા હેરીએ અહીં જ ફાયર-ડૅમ્પનો સાક્ષાત્કાર કર્યો છે.’

પણ સાયમનને નિષ્ફળતા મળી તો તેણે કહ્યું, ‘હેરી, તું વધુ ઊંચે સુધી પ્રયાસ કર તો! આ આપણી જિંદગીની મંઝિલ છે અને આપણે મિસ્ટર સ્ટારને અહીં નકામા નથી બોલાવ્યા...’

જેટલા ઊંચા થઈ શકાય, જેટલે ઊંચે જઈ શકાય તેટલે જઈને હેરીને પણ સફળતા ન મળી. જે ધડાકો થવો જોઈએ તે ન જ થયો, પણ એકાએક હેરી ચીસ પાડી ઊઠ્યો. ચીસ સાથે તે થરથરતા અવાજમાં બોલી ઊઠ્યો, ‘એ જ... એ જ...’

બન્ને વડીલોએ એક સાથે પૂછ્યું, ‘એ વળી કોણ?’

‘એનું જ કારસ્તાન.’

‘કોનું?’

‘ખબર નથી.’ હેરીએ કહ્યું, ‘પણ જે તિરાડ આપણી આશા જાગૃત કરતી હતી, એ તિરાડો સીલ થયેલી છે. કોઈકે તાજા ચૂના-સિમેન્ટથી તેને બંધ કરી દીધી છે.’

જેમ્સ સ્ટારને અગાઉ આવી આશંકાનો અણસાર આવ્યો જ હતો, પણ પિતા સાયમને પ્રશ્ન પૂછ્યો, ‘તિરાડો બંધ કરી દીધી છે? કોણે?’

‘એણે જ.’ હેરીએ કહ્યું, ‘જેનાં છમકલાં તે વખતોવખત કરતો હતો. મને સાવધ કરતો હતો. કદાચ મને આગળ નહીં વધવા માટે ડરાવતો હતો...’

‘એ વળી કોણ?’ સાયમને પૂછ્યું, ‘તેં તો મને કદી વાત કરી નથી!’

'ખાતરી વગરની કે સાબિતી વગરની વાત હું કેવી રીતે કરું પપ્પા? ઉપરાંત હું એવી નાની વાતો મારી જાતે જ પતાવી દેવા માગતો હતો, પણ હવે...'

'એ વાતો નાની નથી, એમ જ ને?'

'મને ખબર નથી, પપ્પા.' હેરીએ કહ્યું, 'પણ સાહેબ જેમ્સ સ્ટાર પર જે પથ્થર પડ્યો હતો, એ પથ્થર પડ્યો ન હતો, પણ ફેંકાયો હતો. નિશાન તાકીને ફેંકાયો હતો...'

'પણ એવું વળી એ કોણ હોઈ શકે, મારા પુત્ર?'

'પેલા બીજા પત્રનો લખનાર, જે ઇજનેરસાહેબને અહીં આવતા રોકવા માગતો હતો તે...'

જેમ્સ સ્ટારની અકળામણ સહેજ વધતી હતી. સાયમન કહે, 'નીચે આવ દીકરા.'

હેરી નીચે આવ્યો.

સાયમન બેસી ગયો. તે કહે, 'બેટા, હજી આ તારો પિતા એટલો જ મજબૂત છે અને તારા ભારને તો એણે કદી ભાર નથી માન્યો. દીકરાનો કોઈ ભાર નથી હોતો. ઊભો થઈ જા મારા ખભા ઉપર અને પહોંચી જા જેટલે ઊંચે પહોંચી શકાય એટલે...'

બાકી, દીવો, કોદાળી, નરાજ... વગેરે બધાં સાધનો સહિત હેરી પિતાના ખભા ઉપર ઊભો થયો.

થોડી થોડી વારે તે પિતાને 'હજી ઊંચા થાવ, હજી ઊંચા' કહેતો રહ્યો.

ઠેઠ ઉપર એક બંધ થયેલી તિરાડ જોઈ. એ તિરાડ બીજી દિશામાંથી આ તરફ આવીને કદાચ ઉપર જતી હતી. બાજુમાંથી ખેંચેલી ભૂંગળી ઉપરની તરફ લઈ જઈને બંધ કરી દેવામાં આવે એવી તિરાડની રચના હતી.

હેરીએ પ્રયાસ કરીને જોરજોરથી એ તિરાડ ઉપર ઘા ઉપર ઘા કરવા માંડ્યા. તેની નેમ એક પ્લાસ્ટરને તોડી પાડવાની હતી.

એ માટે તેને વધુ ઊંચા થવું પડ્યું, ઊછળવું પડ્યું. તેણે સમતુલાય ગુમાવી, પણ એના વાનરકૂદકા સાથે તેણે જોરદાર પ્રહાર પેલા પ્લાસ્ટર પર કર્યો.

ધડામ્મ, ધડીમ્મ, ધડડડ ધુમ્મ! કરતો પોતાનાં બધાં સાધનો સહિત હેરી પડ્યો. તેના પડવા સાથે સાયમનપાપાય પડ્યા અને આ બધી કરામત

નિહાળતાં નજીક ઊભેલા ઇજનેર જેમ્સ સ્ટાર પણ બચી શક્યા નહીં. પડ્યા.

એ પડવાનો, વાગવાનો, ઘાયલ થવાનો કોઈને રંજ ન હતો. હેરીને તો નહીં જ. સહુ પ્રથમ તેણે જ ઉપરનો અવાજ સાંભળ્યો.

હા, તેના છેલ્લા પ્રહારથી ઉપરનું પ્લાસ્ટર ઊખડી ગયું, તિરાડ ખૂલી ગઈ અને 'ભપ્પ' કરતો એક ભડકો બહારની દુનિયામાં પહોંચી ગયો. શેમ્પેઇનની બોટલ ખૂલે તેવો એ અવાજ હતો. ભૂરી કિનારીવાળા એ લાલ ભડકાને જોઈને હેરી નાચી ઊઠ્યો, 'આપણી શોધ સાચી છે, આપણી ઝંખના સાચી છે, આપણી જિજ્ઞાસા સાચી છે, આપણી આશા સાચી છે...'

'હીપ હીપ હુરરે... હીપ હીપ હુરરે... હીપ હીપ હુરરે...' નાના બાળકની જેમ પિતાજી સાયમન નાચી ઊઠ્યા. સાહેબશ્રી ઇજનેરજી જેમ્સ સ્ટારને લઈને તેઓ ખરેખર નાચવા જ લાગ્યા, 'ટારારમપમ... ટારારમપમ, મિસ્ટર જેમ્સ ફાયર-ડૅમ્પ છે. આગતત્ત્વ છે જ. આપણી મહેનત નકામી નથી ગઈ.'

ઝડપથી હોલવાઈ જતાં દીવાને સમાલી લઈ, તેની આજુબાજુ ફેલાતી જ્યોતને ઝડપથી જાળવી લઈ, હેરી વડીલોની સાથે વિજય-નૃત્યમાં લાગી ગયો. ત્રણે ખરેખર અનેરા ઉત્સાહમાં હતા, ઉત્તેજનામાં જ કહો ને!

એકમાત્ર હેરી શબ્દો જોડી જોડીને ગાતો હતો:

***ખાણ જીવી ગઈ***

***આપણે જીવી ગયા***

***દુનિયા જીવી ગઈ***

***એબરફોઇલ જીવે છે, જીવે છે, જીવે છે...***

એ ખુશીના નૃત્યની વચમાં પિતા સાયમન કહે, 'હેરી, તું પણ જેક રાયનની જેમ જ ગીતો જોડતો થઈ ગયો ને શું?'

આ ખુશી જ એવી હતી. શબ્દો એની મેળે જ જોડાઈ જાય અને ગીત બનીને ખુશીથી વાતાવરણને ગુંજાવી મૂકે. ભલે એ વાતાવરણ કાળું રહ્યું બંધ રહ્યું.

# ખૂલ જા સિમસિમ

અનુભવી અને આજીવન ખાણને સમર્પિત ઓવરમેનના પ્રયોગોને સફળતા મળી હતી. શંકા-કુંશકા, સાહસ-દુ:સાહસ, આશા-નિરાશા અને ધીરજ તથા સમયના કંઈક વક્રાકાર ચક્રવ્યૂહમાંથી પસાર થઈ સાયમને આ પુનઃસિદ્ધિ પ્રાપ્ત કરી હતી. જોકે એને નવી સિદ્ધિ જ કહેવી બહેતર છે. કેમ કે એબરફોઇલની પહેલી શોધ અને આ બીજી શોધમાં ઘણું અંતર આવી ગયું હતું.

તેમ છતાં ફાયર-ડૅમ્પ અથવા આગતત્ત્વની મૂળ ફોર્મ્યુલા જ કામમાં આવી હતી. આ પ્રકારનું આગતત્ત્વ કોલસાના જથ્થાની આગાહી જ છે. અહીં જીવંત કોલસાનો જથ્થો છે એની હવે કોઈ ના પાડી શકે તેમ ન હતું.

હા, એમાં જથ્થો કેટલો છે અને તેની ગુણવત્તા કેવી છે તેની ચકાસણી હજી બાકી ખરી.

‘એ દીવાલની પાછળના કાર્બોનીફેરસ શૈયાપથની.’ ઇજનેર જેમ્સ સ્ટાર કહેતા હતા. ‘આપણને પહેલાં જાણ થઈ ન હતી. આપણાં બોર-હોલ્સ અને ધડાકા-ધિંગાણાને પણ સફળતા મળી ન હતી.’

‘ત્યારે નહીં, આજે પણે નહીં.’ સાયમને અત્યારથી જ પોતાનું કામ આગળ વધારતાં કહ્યું, ‘પણ સાહેબ, હવે શું?’

‘મને મારી જાત પર ચીઢ ચઢે છે.’ ઇજનેરે કહ્યું, ‘મેં ખાણનાં તમામ સમૃદ્ધ સાધનો તથા ઓજારોનું શા માટે વિસર્જન કરી નાખ્યું? એ બધાં પ્રચંડ સાધનો આપણે ફરી વસાવવાં પડશે. જેમાં સમય જશે, જે હું સહન કરી શકીશ નહીં.’

‘તમારી સાથે અમે પણ નહીં, સાહેબ.’

‘તેમ છતાં, જે નસોને આપણે સુકાઈ ગયેલી માનતા હતા...’

‘માની બેઠા હતા...’

‘હા. માની બેઠા હતા. એ નસોની અંદર પૂરજોશમાં કોલસારૂપી લોહી ધસમસતું વહી રહ્યું છે, એ કાંઈ જેવી તેવી ખુશીની વાત નથી.’

‘મિસ્ટર જેમ્સ સ્ટાર, ઇજનેરસાહેબ,’ સાયમને ધબકતા સ્વરમાં પૂછ્યું ‘આ શોધ વિષે આપનું શું માનવું છે? મેં તમને તકલીફ આપીને કંઈ ખોટું તો નથી કર્યું ને? તમને ફરી વાર ડોકાર્ટ પીટ આવવાનો કોઈ અફસોસ તો નથી થતો ને?’

‘અરે મારા પરમ વિશ્વાસુ ખાણિયામિત્ર,’ ઇજનેરે જોરથી સાયમનનો હાથ પકડીને, દબાવીને, હચમચાવી નાખતાં કહ્યું, ‘મને કોઈ અફસોસ થતો નથી બલકે હું તમારો ભારોભાર આભાર માનું છું. આપણે જે સમય લીધો તે ભલે વધારે હોય, પણ હવે જો આપણે વધુ સમય લઈશું તો એ સમય બગાડેલો જ કહેવાશે.’

‘આપ ઝડપથી કુટીર તરફ પાછા ફરવાનો સંકેત કરી રહ્યા છો ને સાહેબ!’

‘હા. ઝડપથી. કાલ સુધીમાં તો આપણે શું પાછા ફરી શકીશું? પણ જેટલા જલદી પાછા ફરી શકીએ એટલા જલદી પાછા ફરીશું અને તમામ સાધનો સહિત ધડામ્મ્મ્...’

‘ડાયનેમાઇટ, સાહેબ?’

‘હા સાયમન, આ દીવાલને આપણે ડાયનેમાઇટથી ઉઘાડી નાખીશું. આપણે નવી સીમને જાગૃત કરીશું અને આપણાં બોર-હોલ્સ દ્વારા જો આપણને જાણવા મળશે કે સીમ સમૃદ્ધ છે તો...’

‘તો, સાહેબ...?’

‘તો આપણે નવી એબરફોઇલ કંપનીની તત્કાળ સ્થાપના કરીશું. આપણા જૂના શેરહોલ્ડરોને ઉશ્કેરવા માટે આ શોધ પૂરતી છે. મને ખાતરી છે કે લોકો નાણાંનો ઢગલો કરવા માટે તૂટી પડશે, તૂટી જ પડશે...’

‘એમાં સમય નહીં લાગે, સાહેબ?’

‘ત્રણ મહિના સાયમન, ત્રણ મહિનાથી વધારે સમય નહીં લાગે અને નહીં જ લાગવા દઉં.’

‘ખૂબ સરસ વાત કહી આપે, ઇજનેર સાહેબ.’ આંખમાં આંસુ સાથે ઓવરમેન સાયમન ફોર્ડે કહ્યું, ‘આપણી જૂની ઘરડી ખાણ ફરીથી નવયુવાન બની જશે, કોઈક વયપ્રાપ્ત વિધવા પુનર્લગ્નથી નવયુવાન બની રહે છે તેમ. ફરીથી બધી ખચાખચ્ચ, ખટરપટર, ગડગડગડગડ, ખડખડખડ, ઇંઇંઇંઇં... હર પ્રકારની પ્રવૃત્તિ ચાલુ થઈ જશે. પાવડા, કોદાળી, ત્રિકમ, ખટારા, ગાડીના પાટા, વેગનો, માલ ખેંચતા ઘોડાઓ, યંત્રોના કાન ફોડતાં ઘરઘરઘરઘર અવાજો, નવીજૂની શોધો અને કીડિયારાની જેમ ઊભરાતાં ટોપ પહેરેલા દીવાધારી હાથમાં કોદાળી લઈ આગળ વધતાં હજ્જારો ખાણિયાઓ... હું એ બધું ફરીથી જોઈ શકીશ...’

‘અવશ્ય જોઈ શકશો, સાયમન...’

‘સાહેબ,’ ગળગળા થઈ સાયમને કહ્યું, ‘મિસ્ટર જેમ્સ સ્ટાર ઇજનેરસાહેબ...’

'હા હા, કહો કહો, શું કહેવું છે તમારે સાયમન?'

'સાહેબ,' સાયમને શબ્દો છૂટા પાડતાં પણ દરેક શબ્દ પર વજન મૂકતાં કહ્યું, 'હું ઓવરમેનની મારી ફરજ બજાવવા માટે ઘરડો તો નહીં સાબિત થાઉં ને?'

આ ફરજપ્રિય ખાણિયાને જોશભરી રીતે ભેટી પડતાં ઇજનેર કહે, 'ના ના સાયમન, ના. તમારા જેવો ઓવરમેન આ ખાણને તો શું, દુનિયાભરની કોઈ ખાણને નહીં મળે અને સાયમન! તમે તો મારા કરતાં વધુ મજબૂત, દૃઢનિશ્ચયી, કદાવર અને કસાયેલા છો.'

'પણ કાયદા?'

'કાયદા કાબેલિયતને સલામ કરે છે, સાયમન! આ ખાણમાં હજ્જારો નાનામોટા હોદેદારો, ઇજનેરો, ખાણિયાઓ લગભગ બધાં જ નવયુવાન કામ કરી ગયા, પણ નવી ખાણની શોધ કરવા કોણ રોકાયું સાયમન? નોંધી રાખો સાયમન કે સમય સમર્પણને, સેવાને, સંશોધનને સલામ કરે છે. તમે આજે છો એનાથી પણ ઘણી મોટી ઉંમરના હોત તોપણ ખાણ તમને દૂર નહીં કરી શકે, કાયદો પણ નહીં જ નહીં. માટે એ ભય તમારા મનમાંથી કાઢી નાખો અને હું તમારી સાથે ઊભો છું. સાયમન, તમારી અણુએ અણુ પ્રવૃત્તિથી માહિતગાર છું, તેમ છતાં તમને એ ખ્યાલ આવ્યો જ કેવી રીતે?'

'ક્યારેક સિદ્ધિના શિખર પછી...'

'બસ, બંધ કરો એ પ્રકરણ સાયમન.'

'ખાણના અજબગજબ અને અદ્ભુત "મોન્ક" આપણું રક્ષણ કરો...'

'તમારે મોઢે આવી વાત સાયમન! જો ખાણની દુનિયાના કોઈ ઉપકારક મોન્ક હોય તો તમે જ છો. તમે અમારા નવા ઓવરમેન જ નહીં, નવા નિરીક્ષક હશો અને આપણે બન્ને એકબીજાનો સાથ લઈને લાંબાં લાંબાં વર્ષો સુધી ખાણની સેવા કરીશું. હું મારું આયુષ્ય તમને બક્ષીને વિદાય થઈશ અણિશુદ્ધ ખાણિયા ઓવરમેન સાયમન...'

'એવું ન કહો સાહેબ...'

'અને મારી આંખ મિંચાય ત્યારે ખાણ ધમધમતી હોય, જીવંત હોય...'

'સાહેબ... સાહેબ...'

'અને તમે પણ આવા જ ઉષ્માભર્યા ધગશ તથા સ્વપ્નાંઓ સાથે જીવંત છો, કેમ કે નવી નવી ખાણ તમે શોધશો, જૂની મૃત ખાણને તમે

પુનર્જિવીત કરશો. તમારી આંખો સો વર્ષની ઉંમરે પણ ખાણની ક્રિયાપ્રક્રિયા માટે જરાય ઝાંખી નહીં પડે.’

સાયમન ફોર્ડ ઇજનેર જેમ્સ સ્ટારને ફરી ફરીને વળગી પડતા હતા. તેમનો હાથ વખતોવખત પકડીને હલાવતા હતા. ઇજનેરશ્રીએ પણ એવા જ ભાવો દ્વારા પ્રતિભાવ આપ્યો. બન્નેનું આ ઘડીનું મિલન ખરેખર અદ્‌ભુત હતું.

હેરી આ બધાં દૃશ્યો મૌન ભાવે જોતો-નિહાળતો હતો. તેણે પિતાને આ રીતે ભાંગી પડતાં કદી અનુભવ્યા ન હતા. જોકે આ ક્ષણે ‘ભાંગી પડવા’ જેવો શબ્દપ્રયોગ વાજબી નથી. લાંબા સમય બાદના પરિશ્રમને મળેલી સફળતાનો જ આ ઊભરો હતો.

જ્યારે બે વડીલો પોતપોતાને લાગતી-વળગતી વાતમાં તલ્લીન અને તરબોળ હતી, ત્યારે તે પોતાના એક જુદા જ વિચારમાં ગૂંથાઈ ગયો હતો. આજ સુધી અત્યાર સુધીના દરેક પ્રસંગને તે સિલસિલાવાર ગોઠવીને તેનું તારણ કાઢતો હતો. એ અનુભવો બધા સરળ તો ન જ હતા, એટલે એ કંઈક ચિંતિત પણ હતો. હજી જાણે બધું હેમખેમ પાર પડી જ ગયું છે, તેવું માનવાને તે તૈયાર ન હતો.

આવ્યા હતા તેના કરતાં વધુ ઝડપથી તેઓ કુટીર તરફ પાછા ફરવા લાગ્યા. વચમાં વચમાં તેઓ બાળસહજ કેટલાક પ્રયોગ કરતા હતા. એક વખત સાવ અંધારામાં માર્ગ કાપવાનો પ્રયાસ તેમણે કર્યો.

અંધારી એ ટનલમાં ઇજનેરશ્રીએ પૂછ્યું, ‘કોણ કોનું માર્ગદર્શન કરશે આ અંધ-કૂપમાં?’

‘હું તો છું જ.’ હેરીએ કહ્યું.

‘ના.’ સાયમને કહ્યું, ‘બધાંએ પોતપોતાનો માર્ગ શોધવો જોઈએ. માર્ગદર્શન વળી શા માટે?’

‘શાબાશ.’ જેમ્સ સ્ટારે કહ્યું, ‘તમે ફરીથી નવયુવાન બની ગયા છો ખરા...’

એક વખત જેમ્સ સ્ટારે બૂમ પાડે રાખી, ‘સાયમન... સાયમન... ક્યાં છો તમે? હેરી, તું ક્યાં છે?’

કોઈએ જવાબ આપ્યો નહીં, પણ થોડી જ વારે ‘કૂ-ઉ-ક’ કરતાં બન્ને જણા પ્રગટ થયા. ઇજનેરનો હાથ પકડી લીધો. ત્રણે જણા ખૂબ હસ્યા, ખૂબ હસ્યા.

એવા જ છલકાતાં હાસ્ય સાથે વિજયી ત્રિપુટી જ્યારે કુટીર પર પહોંચી ત્યારે શ્રીમતી મજે તેમનું એ જ પ્રકારના ઉમળકાથી સ્વાગત કરતાં કહ્યું, ‘સફળતા હંમેશાં સ્મિતનો સંદેશ લઇને આવે છે, પણ તમારું

અટ્ટહાસ્ય મને મોટ્ટા ધન્યવાદની ફરજ પાડે છે. સ્વાગત નવીન ખાણના નિર્માતાઓ.'

'અનહદ આભાર શ્રીમતી મજ.' જેમ્સ સ્ટારે કહ્યું, 'આટલાં વર્ષો દુનિયાથી દૂર રહ્યો, પણ વિવેકની વિશેષતા તો હજી લોકોએ તમારી પાસે જ શીખવી પડશે, પણ આજે શ્રીમતી મજ, માત્ર મધુર ભાષાથી નહીં ચાલે, વધુ શ્રમ કરનાર શ્રમજીવીઓને વધુ ભોજનની અપેક્ષા રહે છે, વધુ મિષ્ટ ભોજનની...'

ટેબલ તરફ ત્રણે હોંશીલા હુંશીલાલોને દોરી જઇ મજ કહે, 'જુઓ, ભોજન તમારી રાહ જ જુએ છે અને સ્વરછ થઈને આવો તે પહેલાં વાનગીઓનું નિરીક્ષણ કરી લેવું હોય...'

મહેમાન જેમ્સ સ્ટાર કહે, 'સ્વીટ પુડિંગ? મને એમાં કોઈ વિશેષ આસવની સુગંધ આવે છે.'

'અને આ બર્થ-ડે કેક,' હેરીએ પૂછ્યું, 'મમ્મા! કોની વરસગાંઠ છે આજે, પિતાજીની?'

'ખાણની મારા દીકરા ખાણની,' સાયમન ફોર્ડે પત્નીનો લાડથી આભાર માનતાં કહ્યું, 'કેમ કે ખાણ જ આ માતાની જેમ આપણી માતી છે અને ખાણ જ તારા આ પિતાની જેમ આપણા સહુના પિતા છે.'

'શ્રીમતી મજ! આજે આપ નવી એબરફોઇલની પહેલી વર્ષગાંઠ ઊજવી રહ્યો છો કે શુ?' જેમ્સ સ્ટારે પૂછ્યું.

'વર્ષગાંઠ નહીં.' શ્રીમતી મજે બાકીનો ભોજનનો સામાન ખાણાનાં ટેબલ પર ગોઠવતાં કહ્યું, 'વર્ષગાંઠ તો એક વર્ષ પૂરું થાય ત્યારે ઉજવાય છે. ત્યારે તો આપણે આનાથીય ધૂમધામથી એ વર્ષગાંઠ ઊજવીશું. આજે તો જન્મગાંઠ છે જન્મગાંઠ. બાળકનાં જન્મના સમાચાર આવતાં જ બધાં જે ઉત્સાહથી ઉજવણી કરે...'

પૂરી રીતે સ્વચ્છ થઈને આવ્યા બાદ ટેબલ પર ગોઠવાઈ જતાં જેમ્સ સ્ટારે પૂછ્યું, 'પણ શ્રીમતી મજ, તમને કેવી રીતે જાણ થઈ કે નવી એબરફોઇલનો જન્મ થયો છે?'

અગાઉની અનુભવી સાયમનની એક વાતનો ઉલ્લેખ કરી શ્રીમતી મજ કહે, 'છઠ્ઠી ઇન્દ્રિય ઇજનેરસાહેબ! એ ખુશખુશાલીની અતિન્દ્રિય માત્ર ખાણિયા પુરુષો જ ધરાવતા નથી, ખાણિયા ગૃહિણીઓ પણ ધરાવે છે...'

'વાહ! શાબાશ!' શબ્દો સાથે ત્રણે પુરુષોએ ખુશખુશાલ પડઘો પાડ્યો.

ત્રણેના સરખા આગ્રહથી કેક શ્રીમતી મજે જ કાપી અને પહેલો ટુકડો દરેક સામે એપીટાઇઝરની સાથે રજૂ કર્યો.

સાયમને તો કેક પોતાના હાથે મજના મોઢામાં મૂકી દઈને કહ્યું, ‘સફળ મનાતા દરેક પુરુષની સફળતા પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે જ…’

પોતાના તરફથી એક કેકનો ટુકડો માતાના મોઢામાં મૂકી દઈને હેરી કહે, ‘અને પુત્રની સફળતામાં તો તેની માતાનો જ હાથ હોય છે…’

સાયમને કટાક્ષ કર્યો, ‘પિતાનો નહીં કે?’

આનંદ-વિનોદ સાથે બધાંએ સરસ મજાનું ભોજન પૂર્ણ કર્યું.

પરિતૃપ્તિનું પીણું માણતાં ઇજનેર જેમ્સ સ્ટાર કહે, ‘આવું ઉમદા ભોજન અને તે પહેલાંનો આનંદપૂર્ણ થાક. મને ઊંઘ જોરદાર આવશે. આ કુટીર મારે માટે નવા જ પ્રકારની ઊંઘનો અનુભવ હશે…’

‘સંપૂર્ણ ઊંઘ સંપૂર્ણ સ્વપ્નાંઓને સાથ આપે છે.’ સાયમને કહ્યું.

જવાબમાં જેમ્સ સ્ટાર કહે, ‘હેરીને માટે તો કદાચ સપનાંઓ જ સપનાંઓ હશે.’

હેરી કહે, ‘સાહેબ, હું તો આપને તથા આપનાં સપનાંઓને જ અનુસરું છું.’

‘તારી ઉંમર,’ સાહેબે કહ્યું, ‘બીજા કોઈને પણ અનુસરવાની છે, તને નથી લાગતું?’

‘એ બધું લાગવાનું મેં મમ્મી-પપ્પાને સોંપ્યું છે.’ કહીને હસતો-શરમાતો સપનાં રમાડતો તે બહાર ચાલ્યો ગયો. વડીલો પરિપૂર્ણતા સાથેની શાંત નિંદ્રા માણે એ માટે તે સાવધ રહેવા માગતો હતો. તેને એ જરૂરી લાગતું હતું.

બીજે દિવસે બધાં જ વહેલા ઊઠી પડ્યા. ઘસઘસાટ નિંદ્રા અને સ્વપ્નાંઓએ તેમને તાજામાજા બનાવી દીધા હતા. પ્રાત:કર્મથી માંડીને ભરપેટ સ્વાદિષ્ટ નાસ્તો ઝાપટી લીધેલા ઇજનેર કહે, ‘ભાઈ, હું તો આપણી મંઝિલે જવા અધીરો બન્યો છું.’

જેટલો લેવાય તેટલો સામાન લઈને તૈયાર સાયમને કહ્યું, ‘અધીરાઈ શું ચીજ છે સાહેબ, એ આપ શું જાણો?’

‘આપ વડીલો અધીરાઈ ઊંચકજો. બાકી સહુથી વધારે સામાન હું જ ઊંચકીશ.’

જેમ્સ સ્ટાર કહે, ‘આજે હું ઇજનેર નહીં, ખાણિયો બનવા માગું છું અને ખાણિયા પોતાનો સામાન પોતે જ ઊંચકે છે.’

'જુઓ આમ,' શ્રીમતી મજે કહ્યું. ટોપ, હોલબુટ, ઉપરણા અને બીજા સુરક્ષા પોશાક સાથે તે એકદમ ખાણિયા જેવી જ શોભતી હતી. તેના અવાજ સિવાય કોઈ તેને ઓળખી શકે નહીં કે આ કોઈ સ્ત્રી છે.

આગળ પૂર્ણ પ્રકાશિત લેન્ટર્ન સાથે હેરી, પાછળ પૂરા બાર કલાક સુધી કામ આપે તેવા સેફ્ટી-લૅમ્પ સાથે માતા. તેની પાછળ રહેવા માટે ઇજનેર જેમ્સ સ્ટારે સાયમનને આગ્રહ કર્યો હતો. પણ સાયમન કહે, 'હું આપણી શોધગાડીનો ગાર્ડ બની રહેવા માગું છું.'

જ્યારે ઉત્સાહ અને સફળતાની ખાતરી હોય છે ત્યારે મજલ જલદી કપાઈ જાય છે. વાતો કરતાં ઝડપ વધારતા ક્યારે તેઓ આવી પહોંચ્યા તેનીય ખબર પડી નહીં.

'ચાલો કામે લાગી જઈએ.' હજી શસ્ત્ર-સરંજામ હેઠો મુકાયો હતો તે પહેલાં જ ઉત્સુક સાયમને કહ્યું. તેઓ ઠેઠ કિનારે પહોંચી ગયા હતા અને તેમના મજબૂત હાથ કોદાળીનો ઘા કરવા માટે સળવળતા હતા.

'જરા થોભી જાવ સાયમન.' ઇજનેર જેમ્સ સ્ટારે કહ્યું, 'જરા જોઈ લઈએ આપણે કે કંઈ બદલાયું તો નથી ને? અને હજી ફાયર-ડૅમ્પ પેલી તિરાડમાંથી ગૅસ પસાર થવા દે છે કે નહીં?'

'આપની વાત સાચી છે.' હેરીએ કહ્યું, 'ગઈ કાલે જેણે કરામત કરી હતી તેણે વળી આજે કોઈ છમકલું તો નથી કર્યું ને?' મજ એક બેઠક જેવા કોલસા-ખડક પર બેસીને આજુબાજુનું વાતાવરણ નિહાળતી હતી. કોઈ ગૃહિણી પોતાનું નવું ઘર કેવી રીતે ગોઠવવું, એવો વિચાર કર્યા વગર કેવી રીતે રહી શકે? એ ગોઠવણી કદાચ તેણે શરૂ જ કરી દીધી હતી. આજુબાજુ સ્ટોર-રૂમ એવી રીતે સજાવી દીધો હતો કે જે સાધન માગો તે ઝટ ને પટ તે આપી રહે. સાથે જ તે કોલસાની દીવાલમાં ક્યાં બ્લાસ્ટ થશે, એનો પણ અંદાજ લગાવવા લાગી હતી, 'એ કામ જો મને સોંપવામાં આવે...' તે મનમાં વિચારતી હતી.

બધું બરાબર હતું. જે રીતે તેઓ મૂકીને ગયા હતા તેમ જ હતું. તિરાડ સાથે નવી કાંઈ છેડછાડ કરવામાં આવી ન હતી. કાર્બુરેટેડ હાઇડ્રોજન એ જ રીતે ફિલ્ટર થતો હતો, તેની ગતિ જરા મંદ હતી, કેમ કે જથ્થો ઓછો થઈ ગયો હતો. હવા સાથે ભળી જઈને તેના ધડાકા થવાની તો કોઈ સંભાવના જ ન હતી. નીચેની હવા ચોખ્ખી હતી, કેમ કે ગૅસ ઉપર પહોંચી ગયો હતો.

'હવે હું રાહ જોઈ શકું તેમ નથી.' સાયમને કહ્યું અને તેના જોરદાર પ્રહારોથી કોલસાના નાનામોટા ખડકો ઠેરઠેર ઊડવા લાગ્યા.

જે ખડક પર પ્રહાર થતા હતા તે મુખ્યત્વે સૅન્ડસ્ટોન, પથ્થર, રેતી તથા ચૂનાના ઢગ કરતા હતા.

જેમ્સ સ્ટારે આ પદાર્થોને ભેગા કરીને ચકાસી જોયા, એ ખાતરી કરવા કે આમાં કોલસા નામનો પદાર્થ છે કે નહીં?

એક કલાક સુધી બધાંએ જોરદાર કામ કરે રાખ્યું. પરીક્ષા માટે ઊંડાણનો એક કોલસા-ખડક નક્કી થઈ ગયો.

જેમ્સ સ્ટારે ડ્રીલિંગ કરીને બાકોરું ક્યાં પાડવું એ જગા નક્કી કરી આપી. એ જગાએ હેરી પૂરી ત્વરાથી કામે લાગી ગયો. દારૂગોળો તથા કારટ્રીજ અંદર દબાવીને ધકેલી દેવામાં આવી. તેમાંથી લાંબો લાંબો ફ્યુઝવાયર દૂર સુધી લઈ જવામાં આવ્યો.

'હા, થવા દે.' જેમ્સ સ્ટારે સૂચના આપી. હેરીએ પોતાના તરફનો ફ્યુઝવાયર અથવા સળગતું સળગતું આગળ જતું દોરડું સળગાવ્યું.

બધાં દૂર જઈને ઊભાં રહ્યાં. મજે કાને હાથ દઈ દીધાં અને તણખાનાં ઝારણ ઉડાડતો એ જીવંત સ્પાર્ક દૂર પેલા બ્લાસ્ટ નજીક જવા લાગ્યો.

ત્યારે સાયમન ફોર્ડ બોલ્યા વગર રહી શક્યા નહીં, 'ઇજનેરસાહેબ, મારું હૃદય આટલાં જોરથી કદી ધબક્યું નથી. ખરેખર હું એ જીવંત કોલસાની શિરાને મેળવવા માટે બાવરો બન્યો છું.'

'ધીરજ રાખો સાયમન,' ઇજનેરશ્રીએ કહ્યું, 'આપણે શું એવી કલ્પના કરી શકીએ કે આ ધડાકા પાછળ કોલસાની લાંબી લાંબી ગૅલેરી મળી આવશે?'

'માફ કરજો સાહેબ,' બાવરા સાદમાં જ સાયમને કહ્યું, 'મારી ધારણા તો એ જ છે, જે શુભેચ્છાએ મને તથા હેરીને આ જગા શોધી આપી છે, એ જ શુભ-પળ આપણને ગૅલેરી બક્ષી દેશે ગૅલેરી.'

તેના શબ્દો પૂરા થાય તે પહેલાં જ ધડાકો થયો. થોડા સમય સુધી ખડક, પથરા, ચૂનો, રેતી, કોલસાની રજકણો ઊડતી રહી. અંતરિયાળ આ જગાએ કંપ અનુંભવ્યો.

જેવું વાતાવરણ શાંત થયું કે ચારે જણાં એ તરફ દોડી ગયાં.

'મિસ્ટર જેમ્સ! મિસ્ટર જેમ્સ!' નાચી ઊઠેલા ઓવરમેને કહી દીધું, 'જુઓ, જુઓ દરવાજો ખૂલી ગયો છે.

અનુભવી ખાણિયાની આ વાત અરેબિયન નાઇટ્સની 'ખૂલ જા સિમસિમ' જેવી હતી. સિમ ખૂલી જ હતી. કોલસાની એ સિમ કદાચ સિમસિમ બની રહેવાની શક્યતા હતી.

સાયમનની કલ્પના સાચી હતી, પણ જેમ્સ સ્ટારના હિસાબે ગુફાનું ઊંડાણ અજાણ્યું હતું. બાકોરું ક્યાં, કેટલે સુધી પહોંચ્યું છે, એ કેમ

જાણી શકાય?

હેરી એ બખોલમાં ઘૂસી જવા તત્પર બન્યો હતો ત્યારે જ ઇજનેરે કહ્યું, ‘જરા થોભી જા હેરી. હવાને ચોખ્ખી થવા દે. કંઈક અજાણ્યા વાયુઓ એમાં સામેલ હોય છે. રાખ હેઠળના અંગારાની જેમ મલબા હેઠળના પ્રજવળી ઊઠવાને સક્ષમ તત્ત્વની પણ આપણે શંકા કરવી જોઈએ.’

રાહ જોતાં હેરી અકળામણ અનુભવવા લાગ્યો. અંતમાં હસીને ઇજનેરશ્રી જેમ્સ સ્ટારે કહ્યું, ‘હવે તું આગળ વધી શકે છે.’

લાઠીના આગળના ભાગને હેરીએ લેન્ટર્ન બાંધી દીધું અને તૈયાર થયેલ એ બખોલમાં લાઠી દાખલ કરી. હેરીએ લાઠીની ઝડપ વધારી.

હેરીએ ઇજનેર સામે જોયું. આખો એક ગુફામાર્ગ કે બુંગદા જ તૈયાર થઈ ગયો હતો. હેરીનો અડધો દેહ અંદર પ્રવેશી ચૂક્યો હતો.

ઇજનેરશ્રી કહે, ‘જા હેરી, અંદર જા. અમે તારી પાછળ જ આવીએ છીએ.’

ડાયનેમાઈટે તૈયાર કરેલો આ તરફનો ભાગ એક વખતે એક જ માણસ અંદર જઈ શકે તેવો હતો.

હેરી ધીરે ધીરે અંદર સરતો સરકતો ગયો. કોઈક વનપશુ પોતાની પરિચિત બોડમાં પ્રવેશે તેમ હેરી ગયો. તેને કોઈ ભય હતો? જોખમની આશંકા હતી? ખબર નથી. કદાચ કંઈક નવું જોવા-જાણવાની ઉત્કંઠા તેને સાવ નિર્ભય અને નીડર બનાવી દેતી હતી.

ગયો. હેરી અંધારી ટનલમાં અદૃશ્ય થઈ ગયો.

ઇજનેર જેમ્સ સ્ટાર તથા ખાણિયા પતિપત્ની કિંકર્તવ્યમૂઢ દશામાં ઊભાં રહ્યાં. હેરીની પાછળ અંદર જવું કે કેમ?

હેરી પાછો ફર્યો નહીં. તેણે કોઈ અવાજ કે સંકેત પણ મોકલ્યો નહીં.

અંદરની અંધારી દુનિયાને પોતાની રીતે અજવાળવા માટે હેરી પાસે પ્રકાશ હતો જ.

જેમ્સ સ્ટારે અંદર ઊંડું ડોકિયું કરી જોયું તો એ પ્રકાશની આછેરી ઝલક પણ જોવા મળી નહીં. બસ અંધારુ જ અંધારું.

શું હેરીના પગ હેઠળની કોઈક પોલીપોચી જમીન નીચે ધસી ગઈ? શું હેરી કોઈક ઊંડા અપરિચિત ખાડામાં પડી ગયો? એનો અવાજ પણ કેમ અહીં બહાર સુધી આવતો નથી?

* * *

સારા એવા સમય બાદ જે રીતે લાઠી સાથે ટાંગેલું લેન્ટર્ન અંદર દાખલ થયું હતું, એ જ રીતે લાઠી અને લેન્ટર્ન ધીમે ધીમે બહાર આવવા લાગ્યા. પાછળ પાછળ હેરી હતો.

બહાર જોરથી કૂદી આવીને તેણે કહ્યું, ‘ઇજનેરસાહેબ, પિતાજી, ચાલો, નવી એબરફોઇલમાં પ્રવેશવા તૈયાર થઈ જાવ!’

# કરાળ કાળકૂપની કપરી કેદ

પોતે જે રીતે અંદર જઈને આવ્યો હતો એ જ રીતે હેરી ઇજનેર જેમ્સ સ્ટાર, પિતાજી સાયમન ફોર્ડ, માતા શ્રીમતી મજ એમ બધાંને લઈ ગયો.

અદ્‌ભુત અનુભવ હતો. ઘૂંટણિયે પડીને ચાલવાનો અને બીજી દુનિયામાં જવાનો એક અલૌકિક આહ્‌લાદ હતો. સહુ પ્રથમ હેરી પોતાની રીતે ગુફાદ્વાર દ્વારા બીજી દિશામાં પહોંચી ગયો. તેની સૂચના મુજબ પહેલાં માતાને તેણે એ નવી આલમમાં મેળવી લીધી. શ્રીમતી મજ ન ગભરાઈ, ન ડરી. તે કહેતી હતી, 'હેરી, માત્ર મને માર્ગદર્શન આપ. ટેકો ના દે. હું મારી રીતે જ તારી પાસે આવી જઈશ.'

કદાચ એ બોર-હોલ ઘણું લાંબું હતું કે પછી ત્યાં પહોંચી બીજે ઊતરાણ કે ચઢાણ કરવાનું હતું, પણ અવાજને અવકાશ ન હતો. 'હવે તમે આવી જાવ ઇજનેરસાહેબ.' એવા કોઈ આવકારની યોજના સધાઈ ન હતી. શ્રીમતી મજ હવે પહોંચી જ ગયા હશે એમ માનીને ચોક્કસ સમયે જેમ્સ સ્ટાર બોર-હૉલમાં દાખલ થયા. ત્યાર બાદ એ જ રીતે ઓવરમેન સાયમન ફોર્ડ બીજી દિશામાં પહોંચી ગયા.

તેઓ સાચા અર્થમાં એક નવી દુનિયામાં પહોંચી ગયા હતા. નવી ખાણમાં અથવા નવી ખાણની નવી નવલાઈ ભરેલી સૃષ્ટિમાં.

ડોકાર્ટ પીટ અને આ નવી એબરફોઇલની અભેદ્ય દીવાલ તેમણે ભેદી નાખી હતી. એક જ ધડાકે એ ભેદ ઉકેલાઈ ગયો હતો. એ ઇજનેર જેમ્સ સ્ટારની નિપુણતા હતી કે સંજોગ હતો? એ વિષે ઇજનેરશ્રી જાતે કંઈ કહી શકે તેમ ન હતું, પણ તેણે નિર્ધારિત કરેલા બોર-હોલને ગજબની સફળતા મળી હતી. એ બોર-હોલ જ નવી ખાણનું પ્રવેશદ્વાર બની રહ્યું. અલબત્ત એ માત્ર પ્રવેશબારું હતું, બીજી દુનિયાની વિગતો જાણવાની હજી બાકી જ હતી.

થોડીક વિકટતા બાદ બધાં સ્થિરરૂપે પગ મૂકી શકે તેવી સલામત કોલભૂમિ પર આવી લાગ્યા. અહીંથી જે અનુભવી શકાય તે જોતાં આ એક વિશાળ કોલગૅલેરી હતી કે ગૅલેરીયુક્ત ગુફા હતી. જે રીતની અંદરની રચના હતી એ જોતાં આ ભૂગર્ભીય ખાણયોજના કોઈક માનવે કે માનવોએ જ કરી હોય તેવી શંકા જતી હતી. જ્યારે મૂળ એબરફોઇલ શોધવામાં આવી ત્યારે વર્ષો પહેલાં, જે ખાણસૃષ્ટિની રચના ત્યારના ખાણશોધકોએ કરી હતી, લગભગ એવું જ તૈયાર દૃશ્ય અહીં જોવા મળતું હતું.

ઇજનેરશ્રી તો આ ખાણ-રચનામાં માનવહાથનું જ સમર્થન કરતા હતા, પણ સાયમનનો અંગુલિનિર્દેશ કુદરત તરફ હતો. 'કુદરત પણ એક માનવ જ છે ને!' એવી માનવપ્રકૃતિ કુદરતને બક્ષતા ઓવરમેન સાયમનની ધારણા હતી કે...

જ્યારે પૃથ્વીના આ પેટાળમાં, ભૂગર્ભીય ભૌગોલિક પરિવર્તનો આવતાં ગયાં ત્યારે વિવિધ પ્રકારના દબાણો દ્વારા જ ખડકોની આવી આકૃતિ અને પ્રકૃતિ તૈયાર થઈ ગઈ. કોઈ પ્રચંડ જળપ્રવાહે પણ અહીં અટપટા માર્ગ ઊભા કરી દીધા હોય! પાણીના એ ધોધે આજુબાજુની ભૂગોળને અવનવી કરામત પૂરી પાડી હોય એટલું જ નહીં, જો એ ધોધ પૂરા વેગ સાથે નીચે પડ્યો હોય તો નીચેના ઊંડાણમાં પણ કૌતુક કૃતિઓ સરજાઈ જ ગઈ હોય! પ્રથમ ભેજ અને પછી સૂકી હવા ઘણાં ભૂમિજન્ય ચમત્કારો સર્જે છે.

નીચેનું ઊંડાણ, પોલાણ, ભેલાણ કેટલું હશે એ જાણી શકવાની શક્યતા ન હતી! કોઈક પાતીળસૃષ્ટિની કલ્પના પણ થઈ શકે. સહુથી મહત્ત્વની વાત એ હતી કે અત્રે ચારે તરફથી આવતી ઠંડી કુદરતી હવા એ વાતની જાહેરાત કરતી હતી કે આ ભેદી દુનિયામાં હવા પ્રવેશવાના કોઈક સીધા કે અટપટા માર્ગો પણ કુદરતે ઊભા કરી દીધા છે અથવા નાનીમોટી એવી ગુફાબારીઓની સંરચના કુદરતી રીતે જ થઈ ગઈ હોય કે જ્યાંથી થોડી વધારે કે વધારે થોડી હવા વખતોવખત અંદર ફૂંકાતી જ રહે!

એ તરફ નિર્દેશ કરીને ઇજનેરશ્રીએ કહ્યું, 'અહીં હવાની મોકળાશનો પૂરેપૂરો લાભ આપણે લઈ શકીશું.'

હવાના પુરવઠાનો એ લાભ અત્યારે સંશોધકોને મળતો જ હતો. અંદર આવતી સ્વચ્છ હવા દૂષિત હવાને ઉપર લઈ જતી હતી અને બહાર વિદાય કરી આવતી હતી. એથી દૂષિત વાયુ દ્વારા આગ ભડકી ઊઠવાના જોખમો ઓછા થઈ જતા હતી. તેમ છતાં સુરક્ષાના ખ્યાલ ખાતર હેરીએ સેફ્ટી-લૅમ્પ સાથે રાખ્યો હતો. એ દીવામાં બારેક કલાક સુધી પ્રકાશ આપવાની ક્ષમતા હતી.

ઇજનેર જેમ્સ સ્ટાર તથા સાથીઓ અનહદ ખુશી અનુભવતા હતા. તેમના સંતોષ, આનંદ અને આશાભર્યા ઉત્સાહનો પાર ન હતો. તેમની ચારે બાજુ કોલસો જ કોલસો હતો.

સાયમન ફોર્ડ કોઈ મોટાં મોટાં વાક્યો દ્વારા પોતાની ઉત્તેજના પ્રગટ કરતા ન હતા, પણ નાના નાના 'આહ-ઓહ-અરે-વાહ' જેવા શબ્દો દ્વારા તેઓ બધાની જ વાત કહી જતા હતા.

અત્યારે તેઓ થોડે થોડે અંતરે આગળપાછળ ગમે ત્યાં હલનચલન કરી શકતા હતા. થોડીક મોકળાશ હતી, જાણે કે એ મોકળાશ

પ્રલોભનભર્યું આમંત્રણ આપતી હતી.

આ એક વિશાળ ગુફા જ હતી, ખાણ જ હતી. તેમને માટે તો જાણે પરિચિત સૃષ્ટિ જ હતી, પણ અંધકારને ભેદી શકતો હતો એકમાત્ર હેરીનો સલામત દીવો. તે સિવાય અંધકારને ભેદવાનો કોઈ કીમિયો ન હતો અને દીવાનો પ્રકાશ ફરી ગયા બાદ અંધારું વધુ ઘેરું અને ગાઢું બની જતું. ક્યારેક તો દીવો દૂર સુધી પ્રકાશ નાખતો અને કંઈ જ જોવા મળતું નહીં. દીવાના પ્રકાશની 'રૅન્જ' પણ ઓછી પડી જતી.

એક કલાક સુધી બધાં એક સાથે તથા પોતપોતાની રીતે હરતાફરતા રહ્યા, હાથ તથા પગ ઠોકીને સંશોધન કરતા રહ્યા, હવામાં બાચકાં ભરતા રહ્યા, પણ એક વખત એક એવી સીમા આવીને ઊભી રહી કે તેમને સ્તબ્ધ થઈ જવું પડ્યું.

એક એવી વિશાળતમ ગુફા સમક્ષ તેઓ આવીને થોભી ગયા કે જેના અંધકારનો જ નહીં, ઊંડાણ પોલાણનો ક્યાસ પણ તેઓ કાઢી શકે તેમ ન હતું. ઉપરની છત કેટલી ઉપર છે તથા આજુબાજુની બીનઆકૃતિવાળી દીવાલો કેટલી દૂર છે, તેનો અંદાજ કાઢવાનું પણ અઘરું હતું.

તેઓ ક્યાં ઊભા છે, એ માત્ર તેઓના પ્રકાશ વડે જ તેઓ જાણી શકતા હતા. હા, એક અટકળ લગાવી શકાતી કે આ અપ્રમાણિત અલૌકિક અદ્ભુત ગુંબજમાં આજુબાજુ નીચે કે ક્યાંક પાણી ભરાયેલાં હોવાં જોઈએ. એ પાણી કોઈ ખાડા, કૂવા, તળાવ કે સરોવર જેવા પણ હોઈ શકે!

'થંભી જાવ!' ઓવરમેન સાયમન બરાડી ઊઠ્યા, 'એક ડગલું આગળ ભર્યું છે તો આપણે પહોંચી જઈશું ભેદી પાતાળમાં અને આપણે અત્યારે કોઈ પાતાળપ્રવેશ માટે તૈયાર નથી.'

હાથ પહોળા કરી બધાને પાછળની સલામત જગાએ રોકતાં ઇજનેરશ્રી જેમ્સ સ્ટાર કહે, 'આપણે થોડી વાર અહીં રોકાઈએ એ જરૂરી છે.'

'રોકાવાની વાત? અને ઇજનેરશ્રી કરે?' એવો પ્રશ્ન પિતાપુત્ર બન્નેનો હતો.

'હા,' જેમ્સ સ્ટારે કહ્યું, 'આપણે નવી ઉપલબ્ધિના જોશમાં આગળ અને આગળ ધસતા રહ્યા છીએ. આપણે પાછળ કોઈ નિશાનીઓ છોડી છે ખરી? આ અંધકાર આપણને ભુલાવામાં નાખી શકે છે અને... આપણે પાછું આપણી કુટીર પર પણ જવાનું છે.'

'સાહેબ,' હેરી બોલી ઊઠ્યો, 'મારો આ દીવો હજી દશ કલાક પ્રકાશ આપી શકે તેમ છે.'

'એ બધી વાત ખરી, પણ અંધારામાં અંદાજ ન ચાલી શકે. નક્કર ખાતરી જોઈએ.' જેમ્સ સ્ટારે કહ્યું, 'મારું સૂચન છે કે આપણે અહીં થોભીએ. મારા પગ થોડોક આરામ ઝંખે છે અને શ્રીમતી મજ, તમારા પગ શું કહે છે?'

'મારા પગ તો ચાલવાનું જ કહે છે.' એ મજબૂત સ્કોટ-નારીએ કહ્યું, 'બસ જાણે ચાલ્યાં જ કરું. પગ ચાલવા માટે છે, થોભવા માટે નહીં. હું આ પિતાપુત્ર સાથે આવા ઘણાં શોધ-સાહસ-પ્રવાસે ગઈ છું અને મારા તરફથી મેં એમને કોઈ તકલીફ નથી આપી. ઉપરાંત,' એ મહત્ત્વાકાંક્ષી મહિલા બોલે જતી હતી, 'આ રીતે મને તમારી બધાંની સાથે રહેવાનું ઘણું ગમે છે. એ લહાવો જ અનેરો છે. ક્યારેક મને થાય છે કે હું એક આવી જ મહિલા ટુકડી તૈયાર કરું અને માનવોપયોગી આવા શોધસાહસો પાર પાડું. એટલે માફ કરજો ઇજનેરસાહેબ, થાક જેવો શબ્દ મારે માટે નકામો છે.'

'એકદમ નકામો છે.' સાયમને સમર્થન કર્યું, 'મજ હજી આથી દશ ગણી મજલ પાર પાડી શકે છે. એની શક્તિ-સ્ફૂર્તિ અમારે માટે પ્રોત્સાહક બની રહે છે, એટલે જ અમે એને અમારી સાથે રાખીએ છીએ, પણ... સાહેબ...'

'કહો સાયમન.'

'ફરીથી પૂછું છું, તમને અહીં આવવાનો કોઈ અફસોસ તો નથી થતો ને?'

'સાયમન... સાયમન...! આ તમે શું પૂછો છો?' જેમ્સ સ્ટારે કહ્યું, 'તમારું આમંત્રણ મારે માટે મારી જિંદગીનો અલભ્ય લહાવો બની રહ્યો છે. હું અંતરનાં ઊંડાણમાંથી તમારો અનહદ આભાર માનું છું અને જે કંઈ થોડીઘણી આ સૃષ્ટિ આપણે જોઈ છે, તે ઉપરથી હું કહી શકું કે, આ ખાણ અજબ અદ્‌ભુત અલૌકિક અને વિશાળ છે. ઘણી વિશાળ આકાર-પ્રકારમાં અને જથ્થામાં. એક વખત જો સાચી હીરાઓની ખાણ મને મળી જાય તો તેને અવગણીને પણ હું આ જગા પસંદ કરું...'

'એની વિશાળતા અને લંબાઈ-પહોળાઈનો કયાસ આપણે કાઢીને જ રહીશું, ઇજનેરસાહેબ.'

'મને અનુભવી ઓવરમેન ખાણિયાની સમસ્ત શક્તિ પર પૂરો ભરોસો છે સાયમન. તમે મને તાબડતોબ અહીં બોલાવીને મારી પર ઘણો મોટો ઉપકાર કર્યો છે. એ ઉપકારના બદલામાં હું આગાહી કરું છું કે હું તમને તથા માનવજાતને સદીઓ સુધી ચાલે તેવી ખાણ...'

'દશ સદી કે સો સદી કહો, સાહેબ...'

'તમારી ધારણાઓ સાચી ઠરે સાયમન! સાથે જ અહીંના કોલસાની જે ગુણવત્તા અને અત્યાર સુધીના થોડા સમયમાં જોવા મળી છે

તે ઉપરથી હું કહી શકું કે આ ગુણવત્તા પણ અત્યાર સુધી મળી આવેલા કોલસાથી ચઢિયાતી છે.'

અત્યાર સુધી તોડીભાંગીને ભેગા કરેલા એક મોટા કોલસા પર પ્રહાર કરીને ઇજનેર આગળ કહે, 'જુઓ જુઓ સાયમન,' ઓવરમેન જોઈ શકે એ રીતે હાથમાં કોલસો દીવાના પ્રકાશમાં ધરીને જેમ્સ સ્ટાર કહે, 'આ કોલસો કેવો ચળકે છે. જાણે આપણું અને પૃથ્વી પરની તમામ માનવજાતનું નસીબ ચળકી રહ્યું છે. એમાં ઊર્જાશક્તિ ભરપૂર છે, ખનીજતત્ત્વો પારાવાર છે. ભાંગે છે પણ કેટલી જલદીથી, એમાં ફેલાઈ જતી રજકણો પણ નથી. શેરદલાલો તો આના શેર માટે કૂદી જ પડશે...'

'આહ! ઇજનેરસાહેબ, આ ખાણ આપણને દશ વર્ષ અગાઉ મળી હોત...'

'એવા કોઈ અજંપાને સ્થાન નથી સાયમન! આ કોલસો દશ વર્ષના એ સમયગાળાની ખોટ પૂરી કરી દેશે. કેમ કે મારું માનવું છે કે આ કોલસાને બહાર કાઢવામાં પણ સુગમતા રહેશે, ઘણા મોટા પ્રમાણમાં કારીગરોને રોજી આપશે. તેમનું પગારધોરણ પણ ઊંચું રહેશે...'

ઇજનેરના હાથમાંથી ઓવરમેનના હાથમાં ગયેલો એ મોટો કોલસો પોતે મેળવી લઈને શ્રીમતી મજ કહે, 'એના ઊંચા ધોરણના સન્માનમાં આ પ્રથમ કોલસો હું મારી પાસે રાખવા માગું છું. ઘેર જઈ હું એની પર જ રસોઈ કરીશ અને પ્રથમ કોલસાની એ પ્રથમ ઉજવણી નવી એબરફોઇલની પ્રથમ ઉજવણી હશે...'

'મજ! મજ! તેં મને કેટલું પ્રોત્સાહન અને કેટલો સાથ આપ્યો છે, એ હું શી રીતે કહી શકું? આપણાં બેની એક જ પ્રાર્થના છે, હેરીને પણ તારા જેવી જ જીવનસાથી મળે અને એ નવયુગલ પણ આપણી જેમ જ...'

પોતાના ભવિષ્યની એ વાતો સાંભળવાને બદલે હેરી તો ખાણના અને માનવજાતના ભવિષ્યના જ વિચારો કરતો હતો. તેના હાથમાંનો નવો કોલસો તેને અત્યારે કોઈ નાજુક નવયુવતીના હાથનો સ્પર્શ કરતાં વધુ રોમાંચ આપતો હતો.

'સાહેબ,' હેરીએ પૂછ્યું, 'આપણે જ્યાં છીએ ત્યાંથી આપણે કઈ જગાએ છીએ એનો અંદાજ આપ લગાવી શકો છો?'

'ના હેરી,' ઇજનેરે કહ્યું, 'કમ્પાસ વડે હું કોઈક અંદાજ લગાવી શક્યો હોત, પણ કમ્પાસ વગર હું ધુમ્મસિયા દરિયામાં ખોવાયેલા જહાજી જેવો છું.

મહેરબાની કરીને,' સાયમન ફોર્ડ બોલી ઊઠ્યા, 'સાહેબ, આપણી જાતને દરિયા સાથે, દરિયાના ખલાસી ખારવા જહાજીઓ સાથે,

ધુમ્મસિયા દીવાલ સાથે ન સરખાવો. આપણે કંઈ અટવાયેલા અજાણ્યા સાગરિતો નથી, આપણા પગ નીચે મજબૂત ધરતી છે, આપણો ભાર ઝીલી આપણને આગળની દિશામાં મૂકી આપનારી ધરતી અને આપણી સામે નિશાન નિશ્ચિત છે.'

'એ માત્ર સરખામણી હતી સાયમન,' ઇજનેરશ્રીએ કહ્યું, 'નારાજ ન થાવ. આપણી નવી એબરફોઇલને હું જરાય ઊણી કે ઓછી વર્ણવતો નથી. મારે તો માત્ર એટલું જ કહેવું હતું કે આપણે ક્યાં છીએ તે વિષે હું કંઈ કહી શકું તેમ નથી.'

'આપણે સ્ટર્લિંગ પરગણાની ભૂમિ હેઠળ છીએ મિસ્ટર સ્ટાર અને હું અંદાજ લગાવું છું તેમ...'

'થોભી જાવ,' હેરી બોલી ઊઠ્યો. હેરી કંઈક ધ્યાનથી સાંભળતો હતો. તેના ઇશારે બધાં જ એ અવાજ, એ ધ્વનિ ધ્યાનથી સાંભળવા લાગ્યા. તેમની સતેજ શ્રવણેન્દ્રિય પર કોઈ ધીમો ઝીણો ફુસફુસ અવાજ સંભળાતો હતો. એ અવાજ કંઈક દૂર હતો. સાથીઓ એ અવાજ વધુ ધ્યાનથી સાંભળવાના કાન-ખેંચતા પ્રયાસો કરવા લાગ્યા. એ અવાજ ખડક ઉપરના હોઈ શકે, કંઈક ગબડવાના હોઈ શકે, કોઈક યાંત્રિક વાહન ચાલવાના હોઈ શકે!

સાયમન ફોર્ડે તો પૂછ્યું પણ ખરું, 'ઇજનેરસાહેબ, નવી લેબરફોઇલ રેલવે પર ટ્રકો પણ દોડવા લાગી કે શું?'

'પપ્પા!' હેરીએ કહ્યું, 'મને તો એ અવાજ દરિયાના ઊછળતાં દોડતાં મોજાંઓ જેવો લાગે છે.'

સાયમન કહે, 'તો શું દીકરા, આપણે દરિયા હેઠળ છીએ? હું નથી માનતો...'

'પણ આપણે લોક-કેટ્રીન હેઠળ તો હોઈ જ શકીએ. જ્યારે દરિયાનાં પાણી ધસમસીને લોકની પ્રકારના પેસે છે ત્યારે હર પ્રકારનાં અવાજ જરૂર કરે છે.'

'જો એ પાણીનો જ અવાજ હોય સાહેબ,' સાયમને કહ્યું, 'તો ઉપરનું છાપરું વધુ જાડું કે ગાઢું હોવાની શક્યતા નથી!'

'નહીં જ હોય.' જેમ્સ સ્ટારે કહ્યું, 'અને એથી જ આ નવી ખાણનું મૂલ્યાંકન ઔર વધી જાય છે.'

'આપણી એક પછી એક આશાઓ વધતી જ જાય છે.' હેરીએ કહ્યું.

'મારી સંજ્ઞા કહે છે,' ઇજનેરે આગળ કહ્યું, 'બહારનું હવામાન જરૂર તોફાની હશે. જ્યારે દરિયો તોફાને ચઢીને લોકની ખાડી તરફ ધસમસે

છે ત્યારે જ અવનવા અવાજો પેદા થાય છે.’

‘દરિયો તોફાની હોય કે અવાજ કરે,’ સાયમને કહ્યું, ‘તેની સાથે આપણે શી લેવાદેવા છે? પાણી હેઠળ આ ખાણ છે એથી એની ઉપયોગિતા જરાય ઓછી થતી નથી. આ અગાઉ દરિયા હેઠળ ખાણ મળી આવ્યાની ઘટનાઓ બની જ છે. આપણે જ્યારે કેલેડોનિયન કેનલ હેઠળની ખાણમાં કામ કરી ચૂક્યા છીએ ત્યારે વળી લોક-ખાડીની શી પરવા?’

‘શાબાશ સાયમન!’ ઇજનેરશ્રી જેમ્સ સ્ટારે કહ્યું, ‘આપણે આ દરિયા હેઠળ જ શા માટે, કેલેન્ડરની જેમ આટલાન્ટીક મહાસાગર હેઠળની ખાણમાં કામ કરવા પણ તૈયાર છીએ. કદાચ એવો સંજોગ પણ ઊભો થઈ જાય કે દરિયા હેઠળના ખાણમાર્ગે જ આપણે ઠેઠ અમેરિકા સુધી પહોંચી જઈએ…’

‘આપ મારી મશ્કરી તો નથી કરી રહ્યા ને મિસ્ટર જેમ્સ?’ સાયમને શંકા વ્યક્ત કરતાં પૂછ્યું.

‘મશ્કરી,’ જેમ્સ સ્ટારે કહ્યું, ‘તમારી? હરગીઝ નહીં. હું એવી હિંમત કદી ન જ કરું, પણ તમારા ખ્યાલ સાથે હું સ્વપ્નમાં ખેંચાઈ ગયો. સાચું કહું સાયમન તો દરિયા હેઠળના કોઈ સળંગ ભૂગર્ભિય માર્ગની કલ્પના સાવ તુક્કો નથી. એ કલ્પનાને પાયો છે, આધાર છે, તર્ક છે. કોઈક દિવસ કોઈક સાધનો જરૂર એ માર્ગ પાર પડશે. પણ સાયમન! અત્યારે આપણે કુટીર સુધી જવાનો માર્ગ પાર પાડીશું? આપણે ઘણાં કામ ઉપાડવાના બાકી છે, ઝડપથી.’

ખરેખર ઘણું મોટું કામ ઉપાડવાનું બાકી હતું. ગંજાવર સાધનો, રાક્ષસી યંત્રો, હજ્જારો અનુભવી પડકાર ઝીલનારા ખાણિયા કારીગરો અને… અઢળક કદી ન ખૂટે તેટલો પૈસો. એ બધી જ વિદ્યા ઝડપથી પાર પાડવાની હતી, પણ એ માટે સહુ પ્રથમ કુટીર પર પહોંચવું જરૂરી હતું.

પાછા જવાનો આધાર તેઓ કેટલા અંદર ધસી આવ્યા હતા તેના પર હતો. અને એમ તો ચાર અનુભવી સાહસિકોને પાછા જવામાં શી અડચણ આવે તેમ હતી?

એકબીજાને ટેકે, અણસારે, ચારે જણા કાળજીપૂર્વક પાછા ફરતા હતા ત્યારે જ સાયમન કહે, ‘મારા બૂટમાં પાણી ભરાઈ રહ્યા છે. અનોખો ઠંડો આહ્લાદ પામી રહ્યો છું હું મજ.’ તેણે પત્નીને પૂછ્યું, ‘તારી પરવાનગી હોય તો હું એક વાત ઇજનેરસાહેબને કહી દઉં?’

‘કઈ?’

‘એ જ કે સાહેબ, અમે અમારી નવી કુટીર અહીં જ ટ્રાન્સફર કરવાનું વિચારીએ છીએ. અમારી વધુ સગવડવાળી કુટીરની અમે અહીં જ

રચના કરીશું. અહીંનાં પાણીના કૂવા, તળાવ, સરોવર, ઝરણાં, ખાબોચિયાં અમને અનેરી મોજ આપી રહેશે અને તમે જોજો સાહેબ, ત્યારે... ત્યારે હું એકલો નહીં હોઉં, અહીં મારા ઘણાં સાથીદાર હશે. એક સારી એવી કોલોની જ અહીં વસી જશે.'

જેમ્સ સ્ટાર મજબૂત રીતે પકડેલા સાયમનના હાથને જોરથી દબાવી શાબાશી આપવા સાથે જ, ચારેય પૂરી સાવધાનીથી ડોકાર્ટ પીટ તરફના મધ્ય દ્વાર તરફ પગ ઘસડતા આગળ વધવા લાગ્યા.

એકાદ માઈલ સુધી કંઈ જ બન્યું નહીં. હેરી માથા પર દીવો ધરીને સહુની આગળ ચાલતો હતો. મુખ્ય ગૅલેરીની મજબૂત ખડકાવલિ પર તે એવા જ મજબૂત પગ મૂકતો હતો. આજુબાજુની સાંકડી પોલી ઊંડી જગામાં ધસી ન જવાય એની તે પૂરી સંભાળ રાખતો હતો, જોકે કોઈ મુશ્કેલી નહીં આવતી હોવાથી તે વળી વેગમાંય ચાલવા લાગતો.

તે ત્રણેય વડીલોને દોરતો થોડીક વધુ ગતિથી આગળ વધી ગયો હોત, પણ ત્યાં જ...

કોઈક તાજી હવાનો થપેડો તેણે અનુભવ્યો. એ અનુભવ હાથપંખાની હવા જેવો હતો.

તે વિચાર કરે તે પહેલાં જ તેને લાગ્યું કે કોઈક પંખી છે, સારુંએવું મોટું પંખી, તેની ઊડતી પાંખો જ એ હવા ફેંકી રહી છે!

પણ તે એ વિષે કંઈ જાણે તે પહેલાં તેના દીવાએ જોરથી ઝાપટ અનુભવી. એ ઝાપટથી પોતેય સમતુલા ગુમાવી બેઠો. તેનો દીવો તો નીચે પડી જ ગયો.

દીવો હળવેથી પડ્યો હોત તો તેના ભાંગવાફૂટવાની શક્યતા ન હતી. નીચે કઠણ ખડક પર દીવો જોરથી ફેંકાયો-પટકાયો હતો. બલકે ઝીંકાયો હતો. દીવો ચકનાચૂર થઈ ગયો. તેલ ઢોળાઈ ગયું. દીવો નકામો થઈ ગયો.

ચારેય સાહસિકો એકી ઝાપટે બેવડા ગાઢા કાળા અંધકારમાં ફેંકાઈ ગયા. એક તો આ વળી શું થયું? તેનો આઘાત અને બીજું ચારે બાજુ ધુપ્પ અંધકાર. થોડાઘણા પ્રકાશના વિદાય પછીનો આ અંધકાર વિકટ ભાસતો હતો. અંધારાં લાવી દેતો હતો. અંધારુ કે આંધળાપણું શું છે, તેનો ખ્યાલ હવે જ આ સંશોધકોને આવતો હતો!

'શું થયું હેરી?' ત્રણે જણા હેરીને વધુ જોરથી વળગી પડ્યા હતા. હેરી ફાનસ મેળવવા તથા આજુબાજુના ટેકાને શોધવા અંધારાં ફંફોસતો હતો.

તે વાત કરતો ન હતો. ચૂપ થઈ ગયો હતો. તે કોઈ નકામી કે ભય પમાડનારી વાત ઉચ્ચારવા લાગતો ન હતો.

પણ કોઈકે ઝાપટ મારી હતી ખરી. એ માનવી ન હોય અને પક્ષી હોય એવુંય બને. જો પક્ષી હોય તો તે જરૂર ઘણું મોટું હોવું જોઈએ. આવા અંધ-કૂપોમાં અમુક પ્રકારનાં પક્ષીની સંભાવના નકારી ન જ શકાય!

પણ ધારો કે એ પક્ષી હતું તો એણે સ્વબચાવમાં જાતે જ ઝાપટ મારી? પોતાની અંધારી આલમને તે અક્ષુણ્ણ રાખવા માગે એ શક્ય હતું.

કે પછી કોઈના નિર્દેશથી?

કોઈના નિર્દેશથી? પક્ષી હુમલો કરે?

અથવા હુમલો કરનાર જાતે જ હુમલો શા માટે ન કરે?

જેણે અગાઉ ઇજનેરસાહેબ જેમ્સ સ્ટારને તાકીને પથ્થર ફેંક્યો હતો, એ જ માનવી ફરીથી પથ્થર ન ફેંકી શકે?

આ વખતે વળી તે નિશાન ન ચૂકે એવું પણ બને!

એ જે હોય તે પણ આ વખતનો હુમલો નક્કર હતો. ફાનસ ફેંકાવી દેવામાં તેને સફળતા મળી જ હતી.

પણ કોણ હોઈ શકે? કેવી રીતે હોઈ શકે? શું કામ હોઈ શકે? તેનો આશય શો હોઈ શકે?

શું નવી ખાણ શોધાય એ તેને પસંદ નહીં હોય? કે પછી એ નવી ખાણનો તે જ માલિક સંશોધક કે સર્વેસર્વા બનવા માગતો હોય?

એવા વિચારો અને વિમાસણમાં ખોવાયેલો અને ફેંકાયેલો હેરી કંઈ બોલતો ન હતો. અંધારામાં કંઈક શોધતો-ફેંદતો-ફંફોસતો તે પોતાના વડીલોને સહીસલામત રીતે લઈ જવાના પ્રયાસોમાં તે પરોવાયેલો હતો.

તેના હાથ સહેજ ધ્રૂજતા હતા.

'હેરી,' માતા મજે પૂછ્યું, 'તું કંઈ બોલતો કેમ નથી?'

'હેરી,' પિતા સાયમને પૂછ્યું, 'હા, શું થયું? તું એકદમ ચૂપ કેમ થઈ ગયો?'

'મારા નવયુવાન મિત્ર,' ઇજનેરશ્રી જેમ્સ સ્ટારે કહ્યું, 'અમારા માર્ગદર્શક, જે કંઈ થયું હોય તે કહે. જવાબદારી તારા એકલાની નથી, આપણાં બધાંની છે.'

જવાબમાં હેરી કહે, 'પેલી પ્રચલિત કહેવત સહુને યાદ છે ને?'

'કઈ?'

'મૂર્ખાઓ ધસી જાય છે ત્યાં, જ્યાં દેવદૂતો પગ પણ મૂકતાં વિચાર કરે છે.'

'આપણે મૂરખ હરગીઝ નથી હેરી.' સાયમને કહ્યું, 'આપણે એક ચોક્કસ હેતુ માટે અહીં આવ્યા છીએ.'

'અને આપણે દેવદૂતો નથી.' જેમ્સ સ્ટારે કહ્યું, 'એ પણ એટલું જ સાચું.'

'પણ દીકરા મારા,' માતા મજ બોલી ઊઠી, 'આ અંધાધૂપ દુનિયામાં તને વળી કહેવત કેમ યાદ આવી? અને તે પણ આવી?'

'એટલા માટે ભલી મા! કે આપણે આગળ વધીએ છીએ કે પાછળ એ જ સમજાતું નથી.' હેરી કહેતો હતો, 'કદાચ આપણે ગોળગોળ ફરતાં હોઈએ એવું પણ બનતું હોય. પેલી આંખે પાટા બાંધીને માટલું ફોડવાની રમત તમને ખબર છે ને? આંખે પાટા બાંધતા અગાઉ હરીફ માટલાની સીધાણ તથા વચ્ચેનું અંતર માપી લે છે. પછી ચોક્કસ ખાતરીથી તે લાઠી ઝીંકે છે અને લોકો હસી દે છે. કેમ કે એટલી વારમાં જ એ ક્યાંનો ક્યાં ચાલી ગયો હોય છે. તે ન તો માટલાની સીધાણમાં હોય છે કે ન તો તેની લાઇનમાં.'

'કહેવા શું માગે છે તું હેરી?' સાયમને કહ્યું, 'શું આપણે માર્ગ ભૂલી રહ્યા છીએ કે ભૂલી ગયા છીએ?'

'એ જ સમજાતું નથી પિતાજી...'

'તું એક વખત આપણે આવ્યા હતા એ દ્વાર સુધી લઈ જા.'

'એ દ્વારથી આપણે કેટલે દૂર નીકળી આવ્યા, એનો જ ખ્યાલ રહ્યો નહીં.'

'તો શું તને નવીજૂની ખાણને જોડતી એ ડોકાબારી નહીં જડે?'

'નહીં જડે એમ તો નહીં કહું, પણ હું એ જ શોધું છું અને અંદાજ કાઢી શકતો નથી.'

'એક વખત અમને ત્યાં લઈ જા. પછી ત્યાં બીજા દીવા પડ્યા છે. તે વડે આપણે કુટીર સુધી પહોંચી જઈશું.'

'ત્યાં સુધી પહોંચ્યા પછી તો કદાચ દીવાનીય જરૂર નહીં પડે. આપણે એ જૂની ખાણથી ટેવાયા છીએ. ક્યારેક અંધારામાં માર્ગ કરવાની ગમ્મત પણ આપણે રમ્યા છીએ અને એ જગાએ આપણે સંશોધન માટે વખતોવખત આવ્યા છીએ.'

'તો શું?' સાયમન આકળા બન્યા, 'આપણે ત્યાં સુધી નહીં પહોંચી શકીએ?

‘એવું હું ક્યાં કહું છું પિતાજી, પણ…’

‘આઘો ખસ.’ સાયમને કહી દીધું, ‘હું તમને બધાને દોરું છું. ઘરડાં વગર ગાડાં નહીં વળે.’

હેરીને ક્યાં વાંધો હતો? તેણે પિતાજીને કૅપ્ટન બનવા દીધા, પણ અંધારી દુનિયા કદાચ બધાંને આંધળાં બનાવી દે છે.

થોડી વાર સુધી સાયમન સાથે અટવાયા બાદ ઇજનેરશ્રી કહે, ‘સાયમન, હું પ્રયાસ કરી જોઉં?’

થોડીક નારાજી સાથે સાયમન કહે, ‘લો, તમે હાથ અજમાવો.’

જેમ્સ સ્ટારે હાથ તથા પગ બન્ને અજમાવ્યા. એવી કોઈ જગા આવી નહીં કે જ્યાં પેલી પ્રવેશબરી આવી મળે.

અને હવે શ્રીમતી મજ કહે, ‘જ્યાં પુરુષો ન ફાવે ત્યાં સ્ત્રી માર્ગ કરી શકે છે, એવું સાંભળ્યું હશે તમે બધાંએ. હું પ્રયાસ કરું?’

‘ખુશીની સાથે,’ ઇજનેરશ્રીએ કહી દીધું. જોકે સાયમન નારાજ હતા. તેઓ બબડતા હતા કે, ‘આ કંઈ ઘરને ખૂણે અથાણાંની બરણી કે દીવાસળીની પેટી શોધવાની વાત નથી!’

ખરેખર એવી વાત ન જ હતી. શ્રીમતી મજ પણ કોઈક રસ્તો બતાવી શકી નહીં.

પછી તો બધાં ‘આમ જવું જોઈએ’, ‘ના, આમ ચાલો’, ‘આમ કહું છું ને?’, ‘એમ ક્યાં ખાડામાં પડવા જાવ છો, આમ ચાલો?’ એવાં ચોતરફ માર્ગદર્શન સાથે બધાં માર્ગને વધુ ગૂંચવવા લાગ્યા.

કેટલાં ભલાં હતાં ચારે જણાં? એકબીજાં પર કેટલો વિશ્વાસ હતો? છતાં પહેલાં બધાં શાંત રહ્યાં, મનમાં જ બબડતા રહ્યા. પછી આક્ષેપ કરવાની હદ સુધી આવી લાગ્યા કે, ‘આણે જ ઊંધું માર્યું’, ‘ના, આણે જ’, ‘આણે જ, આણે જ’, ‘મેં તો ના જ પાડી હતી, આટલા બધા આગળ નીકળી જવાની.’

‘જુઓ,’ એકાએક હેરી બોલી ઊઠ્યો, ‘આ જ જગા એ પ્રવેશદ્વાર નથી?’

સાયમને અંધારામાંથી માર્ગ કરી ત્યાં પહોંચી જઈને કહ્યું, ‘લાગે છે તો એ જ જગા જ્યાંથી આપણે ઘૂંટણિયે પડીને આવ્યા બાદ કૂદકા માર્યા હતા…’

‘મને ખાતરી કરવા દો.’ ઇજનેરે કહ્યું અને ખાતરી થઈ હોય તેમ કહે, ‘હા હા, મને એ જ જગા લાગે છે, એ જ ડોકાબારી, એ જ પ્રવેશદ્વાર…’

‘સાહેબ,’ હેરીએ કહ્યું, ‘લાગે છે અને છે વચ્ચે કોઈ ભેદ ખરો? ચોખવટ કરશો?’

‘ચોખવટ પ્રકાશ હોય તો થાય.’ શ્રીમતી મજે કહ્યું, ‘અને ભલે એ ગરનાળા જેવી ડોકાબારી વળાંક લઈને આવતી હોય, પણ અજવાળું તો આવી શકે કે નહીં, થોડુંઘણુંય?’

‘હા.’ સાયમને કહ્યું, ‘થોડુંઘણું અજવાળું તો આવવું જ જોઈએ. એ અજવાળું આવે તો તરત આપણે આપણી જૂની દુનિયામાં પહોંચી જઈએ.’

‘અજવાળું આવવું જ જોઈએ.’ ઇજનેરશ્રી જેમ્સ સ્ટારે કહ્યું, ‘અહીંથી પસાર થયા ત્યારે દીવો હતો તેમ છતાં કોઈક આભાસ હતો જ. અજવાળાનો આભાસ. એ અજવાળું કેમ નથી?’

‘હું કહું?’ હેરીએ લાંબા મૌન બાદ કહ્યું.

‘હા હા, કહે કહે.’ બધાં બોલી ઊઠ્યાં.

‘કોઈકે કદાચ,’ તેણે શબ્દો છૂટા પાડતાં કહ્યું, ‘કોઈકે કદાચ એ અજવાળું બંધ કરી દીધું હોય!’

‘આ... આ... તું શું કહે છે, હેરી?’ સાયમને કહ્યું. માતા મજનો તેમાં ટેકો હતો.

હેરી કહે, ‘હું કહેવાની હિંમત નથી કરી શકતો, પણ કદાચ કોઈએ આપણો આવવા-જવાનો માર્ગ બંધ કરી દીધો હોય!’

‘તો શું?’: સાયમન.

‘તો શું?’: શ્રીમતી મજ.

‘તો શું?’ ઇજનેર જેમ્સ સ્ટારે કહી દીધું, ‘આપણે અહીં કેદ થઈ ગયાં છીએ? આ અંધકૂપમાં?’

તેમણે હેરીને શોધી-પકડીને હચમચાવી નાખતાં કહ્યું, ‘પણ કોઈ આપણને શું કામ કેદ કરે? શું કામ? આપણે કોઈનું બગાડ્યું છે શું? આપણે તો દુનિયાના ભલા માટે નવી ખાણ શોધી રહ્યા છીએ.’

‘હા હા, બોલ હેરી.’ સાયમને હેરીને ઢંઢોળતાં કહ્યું, ‘કોઈ શું કામ આપણને આવા અવાવરુ અંધકારમાં કેદ કરે, શું કામ? અને અહીં વળી એવું વિચિત્ર માનવી કોણ હોઈ શકે?’

હેરી કહે, ‘કોણ હોઈ શકે એની તો હું કલ્પના કરી શકતો નથી, પણ કોઈક છે એવું માનવાને કારણ મળતાં જાય છે! મારા ઊંચા હાથ પરની ઝાપટ અમસ્તી કે અકસ્માતની ઝાપટ ન હતી. આપણા દીવાને પાડી

નાખવાની એ ચોક્કસ પેરવી જ હતી. મારું માનવું છે કે જો એ દીવો ત્યારે ન પડ્યો હોત તો મારનાર બીજી ઝાપટ મારત...'

'પણ તું તો કહેતો હતો,' સાયમન કહે, 'એ પંખી જેવું કોઈક હતું, પાંખ ફફડાવતું?'

'એ પંખી હોય કે માનવ,' હેરી કહે, 'હું ફરીથી કહું છું કે એ જે હોય તે, પણ આપણે જો આપણાં સાચા પ્રવેશદ્વાર આગળ જ આવીને ઊભા હોઈએ તો એ માર્ગ બંધ કરી દેવામાં આવ્યો છે. કદાચ જડબેસલાક અને હવે નક્કર હકીકત એ છે કે આપણે બધાં જ આ કૂપ કે કાજળકોટડી કે કાળી દુનિયાના કેદી છીએ, કેદી.'

# અદ્‌ભુત અગનપરી

ઉપરની ઘટનાઓ બની ગયા બાદ, એકાદ અઠવાડિયા પછી તો જેમ્સ સ્ટારના મિત્રો તથા સાથીઓ અજંપિત બની ગયા. ઇજનેરશ્રી એકાએક અદૃશ્ય થઈ ગયા હતા અને તેમનો કોઈ પત્તો લાગતો ન હતો. તેમના આ રીતે ગુમ થવાનું કોઈ કારણ જાણી શકાતું ન હતું.

સહુ પ્રથમ માહિતી ઇજનેરશ્રીના નોકર દ્વારા મળી કે, સાહેબશ્રી ગ્રેન્ટન પિયર ગયા હોય તેમ લાગે છે. ત્યાંથી તેઓ 'જહાજ પ્રિન્સ ઑફ વેલ્સ'માં સ્ટર્લિંગ જવા રવાના થયા હોય! જહાજના કૅપ્ટન સાહેબશ્રીના મિત્ર હતા, તેમના દ્વારા પણ માહિતી મળી શકે.

એટલી માહિતી મહામહેનતે મેળવી શકાઈ, પણ ત્યાંથી સાહેબ ક્યાં ગયા? એ જાણી શકાયું નહીં. કેમ કે ઇજનેરશ્રી જેમ્સ સ્ટારને ઓવરમેન સાયમન ફોર્ડનો જે પત્ર મળ્યો હતો, તેમાં વાત ખાનગી રાખવાની તાકિદ કરવામાં આવી હતી. એથી સાહેબે કોઈને કંઈ કહ્યું જ ન હતું.

એડિનબર્ગમાં એટલે ઇજનેર જેમ્સ સ્ટારના અજાણી રીતે ગુમ થવાના સમાચાર સિવાય, વધુ કંઈ જ ચર્ચાતું ન હતું.

રોયલ ઇન્સ્ટીટયૂટના પ્રમુખશ્રી સર ડબલ્યુ. એલ્ફિન્સ્ટને પોતાના મિત્રોને જેમ્સ સ્ટારનો તેમને મળેલો પત્ર બતાવ્યો, જેમાં ઇજનેરશ્રીએ જણાવ્યું હતું કે તેઓ મિટિંગમાં હાજર રહી શકશે નહીં. એ માટે ઇજનેરશ્રીએ હાર્દિક માફી માગી હતી. મિટિંગ પત્ર મળ્યાને બીજે દિવસે હતી.

બીજી મિટિંગના આયોજકોએ પણ જેમ્સ સ્ટારનો એવો જ પત્ર રજૂ કર્યો કે જેમાં તેઓ હાજર નહીં રહી શકે, એ બાબતની સૂચના હતી.

આ હકીકતો એક વાત જાહેર કરતી હતી કે જેમ્સ સ્ટાર ઘરેથી નીકળી ગયા છે, પણ તેઓ ક્યાં જવા નીકળ્યા છે, કયા કામે નીકળ્યા છે અને કેટલા સમય માટે નીકળ્યા છે એવી કોઈ જ જાણ કોઈને થઈ શકી નહીં. એ વિષે લગાવનારે માત્ર અટકળો જ લગાવવી રહી.

હવે ઇજનેરશ્રી જેમ્સ સ્ટાર જેવા ખાણોના રાજા, ખાણોના મહામાનવ કે ખાણોના દેવતા મનાતા માનવી આમ એકાએક અદૃશ્ય થઈ જાય, એ તે કંઈ જેવીતેવી વાત છે?

તેમની ઊઠવા-બેસવાની, હરવા-ફરવાની, વાંચવા-લખવાની, સૂવા-બેસવાની બધી આદતોનો અભ્યાસ કરવામાં આવ્યો. તેમના સાથીમિત્રો-સગાંઓ-સંપર્કોની યાદી બનાવવામાં આવી.

ઇજનેરશ્રી એબરફોઇલ ગયા હશે એવું કોઈ જ કહેતું ન હતું. કેમ કે ખાણ સાથે સંકળાયેલા હોવા છતાં, અને ખાણના સંસ્મરણો સદાય વાગોળતા હોવા છતાં, ઇજનેરશ્રીએ કદી એબરફોઇલ જવાની વાત કરી ન હતી! છેલ્લો કોલસો બહાર આવી ગયો અને ખાણની સમાપ્તિ જાહેર થઈ ગઈ, પછી ક્યારેય તેઓ એબરફોઇલ ગયા જ ન હતા! જે કોઈ બાકીનું કામ નીકળી આવતું, એ પણ તેઓ માણસો દ્વારા કે સૂચના દ્વારા જ પતાવી દેતા.

પણ સ્ટીમરે તેમને સ્ટર્લિંગ ઉતાર્યા હતા, એટલે એ દિશામાં જ શોધ શરૂ થઈ.

સ્ટર્લિંગની એ શોધ જરા પણ વધુ માહિતી આપી શકી નહીં. જથ્થાબંધ માણસોને પૂછવામાં આવ્યું. એમ તો જેમ્સ સ્ટાર પરિચિત વ્યક્તિ હતા. લોકો તેમને સલામ જરૂર કરતા. એવા કોઈ સલામ કરનારનો પણ ભેટો થયો નહીં.

એકમાત્ર જેક રાયન થોડોક ઉલ્લેખ કરી શક્યો, એટલો જ કે તેણે ઇજનેરશ્રી તથા હેરીને યેરો શેફ્ટની સીડીઓ પર જોયા હતા.

અત્યારે એ આનંદી ગાયક રેન્ફ્યુ તરફના મેલરોઝ ફાર્મ ખાતે કામ કરતો હતો. એ જગા દક્ષિણ-પશ્ચિમમાં ચાળીસેક માઈલ દૂર હતી.

જેક રાયનની જે છેલ્લી મુલાકાત જેમ્સ સ્ટાર તથા હેરી સાથે થઈ ત્યારે એ બન્ને કંઈ ચિંતાગ્રસ્ત કે ખોવાયેલા લાગતા ન હતા. બન્ને પોતપોતાની રીતે ખુશખુશાલ જ હતા.

એથી એક સપ્તાહ પછીના તેના ગાન-વાદનના કાર્યક્રમમાં તે પહોંચી ગયો હતો. ઇરવીન કલાન ફેસ્ટીવલના એ સમારંભમાં જતી વખતે જેક રાયનને ઇજનેરશ્રી કે હેરીની કોઈ ચિંતા ન હતી, જરા સરખીય નહીં.

ઇજનેરશ્રી જેમ્સ સ્ટાર માત્ર આ દિશા કે વિભાગ માટે જ નહીં, સમસ્ત સ્કોટલૅન્ડ માટે ખૂબ કામના માનવી હતા. એથી તેમના ગુમ થવાથી ન્યાયતંત્ર પણ ખળભળી ઊઠયું હતું. તેમણે પોલીસતંત્રને સાબદું કરતો પ્રશ્ન પૂછ્યો હતો કે, 'શું કરો છો તમે બધાં?'

એડિનબર્ગના મુખ્ય ન્યાયાધીશ ધી લૉર્ડ પ્રોવોસ્ટ વધુ જલદ બન્યા હતા. તેમણે જાતે તેમનાં સાધનો, વકીલો, સરકાર, બેલીફોનું તંત્ર સાબદું કરીને ખળભળાવી મૂક્યું હતું. તેમણે બધાંને ભેગાં કરીને જાહેરમાં અને ખાનગીમાં કહી સંભળાવ્યું, 'જેમ્સ સ્ટાર જેવી ગજબની પ્રતિભા હવામાં ઓગળી જાય અને તમે બધાં હાથ જોડીને બેસી રહ્યા છો? તમારી નાગરિકી ફરજ કે સ્વદેશાભિમાન તમને શું કહે છે? જેમ્સ સ્ટારે દુનિયાને શું આપ્યું છે, એની કંઈ જાણ તમને લોકોને છે? બીજા હજાર માણસો અદૃશ્ય થાય તોપણ તેની ક્ષતિપૂર્તિ થઈ શકે, પણ આ એક માનવના નહીં

હોવાથી ઉલ્કાપાત સર્જાઈ શકે છે. દુનિયાને સો વર્ષ આગળ મૂકનાર એ કુનેહબાજ દીર્ઘદૃષ્ટા ન હોવાથી દુનિયા સો વર્ષ પાછળ ધકેલાઈ શકે છે. અંધારામાં ભંડારાઈ રહેલો એ પ્રકાશમાનવ હતો, ટાઢે થથરતી માનવસૃષ્ટિ માટેનો એ ઊર્જામાનવ હતો. શોધો એને! કોઈ પણ સંજોગોમાં મેળવો. આપણા પોતાને માટે તથા દુનિયાને માટે, જાવ, જાગો, ઊઠો, દોડો...'

જેમ્સ સ્ટારની શોધ માટે નિષ્ણાત જાસૂસોની એક ટોળકી નિયુક્ત કરવામાં આવી. તેમને પૂરતો સ્ટાફ આપીને કહી દેવામાં આવ્યું, 'તમારું આજથી બીજું કોઈ કામ નથી. બસ, જેમ્સ સ્ટારને શોધો, શોધીને જ રહો.'

શોધના એક આગવા પ્રયાસરૂપે નાનાંમોટાં તમામ છાપાંઓમાં જેમ્સ સ્ટારની મોટી છબી તથા વિગતો સાથે જાહેરાત પ્રગટ કરવામાં આવી. જેમાં તેમનું મહત્ત્વ, તેમના અગત્યના કામની નોંધ અને તેમની અગત્યની વિશ્વ નાગરિકી ભૂમિકા સહિત જણાવવામાં આવ્યું કે, 'ઇજનેરશ્રી જેમ્સ સ્ટારનું અદૃશ્ય થવું આપણે કોઈ રીતે સહન કરી શકીએ તેમ નથી. આપણે વધુ એક ક્ષણ પણ રાહ જોઈ શકીએ તેમ નથી. આપણા તમામ સામૂહિક પ્રયાસો એક જ હોવા જોઈએ, આપણી વચમાં જેમ્સ સ્ટાર પ્રગટ થવા જોઈએ, વહેલામાં વહેલી તકે, અત્યારે જ.'

આવી જ જાહેરાતો, પોસ્ટરો, ઠેરઠેર ઝાડ પર, દીવાલો પર, જાહેર જગાએ લગાડવામાં આવ્યા. ખૂટે નહીં એટલા પ્રમાણમાં પેમ્ફ્લેટો વહેંચવામાં આવ્યા. ખુદ જેમ્સ સ્ટારને વિનંતી કરવામાં આવી: 'ક્યાં છો અમારા માનવંતી ઇજનેરશ્રી જેમ્સ સ્ટાર, આપ ક્યાં છો? જ્યાં હો ત્યાંથી પ્રગટ થાવ. અમારી ચિંતા અને દ્વિધા દૂર કરો. તમને પ્રગટ થવામાં કોઈ આડખીલી કે હરકત હોય તો અમને જણાવો. અમે તમારા ધામ સુધી આવીને જ રહીશું.'

ચર્ચા સર્વત્ર જોરદાર જાગી, પણ સરવા કાન સુધી સંદેશો કોઈ જ પહોંચ્યો નહીં.

વૈજ્ઞાનિકોનું વિશ્વમંડળ તથા ખાણિયાઓના ખાણ સંશોધન તથા વિકાસ મંડળે તો માની લીધું કે: 'અમારો એક આગવો વૈજ્ઞાનિક અને સાહસિક સંશોધક કાયમને માટે અમે ગુમાવી બેઠા છીએ.'

જ્યારે સર્વત્ર ઇજનેર જેમ્સ સ્ટારની ચિંતા વિશ્વ આખું કરતું હતું ત્યારે નવયુવાન ખાણિયા હેરી ફોર્ડનું નામ કોઈની જીભ ઉપર ન હતું. કેટલાકને તો એના નામની પણ માહિતી ન હતી. બીજું કંઈ નહીં તો પોતાનાં માતાપિતા સાથે નવી ખાણની શોધમાં જીવન સમર્પિત કરનાર આ માતૃપિતૃભક્ત હેરી ફોર્ડનો એ રીતનો ઉલ્લેખ તો થવો જ જોઈએ, પણ ઘણી વાર એવું બનતું જ હોય છે. મોટા નામ હેઠળ સાચું અને શાંત કામ

કરનાર ઘણાં નાના માણસો અણપૂછ્યા અણપ્રીછ્યા જ રહી જતા હોય છે.

પણ જેક રાયન એ નામ શે ભૂલી શકે? અથવા એક ઘડી પણ એ નામને યાદ કર્યા વગર શ્વાસ કેવી રીતે લઈ શકે?

છેલ્લે જ્યારે પેરો શેફ્ટ પર જેક રાયન હેરીને મળ્યો ત્યારે તેણે પૂરા ઉમળકાથી તેને પોતાના જાહેર તથા મહત્ત્વના ઇરવીન ક્લાન ફેસ્ટિવલમાં આવવાનું આમંત્રણ આપ્યું હતું અને હેરીએ જ નહીં, જેમ્સ સ્ટારે પણ તે સ્વીકાર્યું હતું. જેમ્સ સ્ટાર તો મોટા માણસ કહેવાય અને કદાચ માત્ર સૌજન્ય દાખવ્યું હોય! પણ હેરી તો જેકનો જીગરજાન મિત્ર હતો. એવો વિશ્વાસુ મિત્ર કે બોલે તે પાળે જ. અથવા બોલે જ નહીં.

હવે જ્યારે ઇરવીન મહોત્સવ શરૂ થયો ત્યારે તેમાં કોઈ રીતની કોઈ જાતની કચાશ ન હતી. ગીત-નૃત્ય, ખાણી-પીણી, હળવા-મળવાની, ફરવાની, દેખાવાની, રજૂઆતની મોજ જ મોજ હતી.

જેક રાયન એ મહોત્સવનો દરેક રીતે હીરો હતો. તે પૂરી મસ્તીથી પોતાની કળા રજૂ કરતો હતો, પણ વચમાં વચમાં તે હેરીને યાદ કરી લેતો. એટલું જ નહીં, વારંવાર મુખ્ય દ્વારે નજર નાખી દેતો. તેને સતત ભણકારા વાગ્યા કરતાં કે, એ હેરી આવ્યો!

હેરીની ગેરહાજરી તથા એ ગેરહાજરીની બેચેની તેના ખેલદિલ ખુશખુશાલ આનંદભર્યા સ્વભાવને પણ ક્ષતિ પહોંચાડતી હતી. ક્યારેક કોઈ ગીતની વચમાં જ તેનું ધ્યાન મુખ્ય દરવાજે જતું અને હેરી જેવા કોઈકને જોતાં જ તે ગાતો ગાતો રોકાઈ જતો. તેના પોતાના મહત્ત્વાકાંક્ષી ગીતનૃત્ય ‘સ્વોર્ડ-ડેન્સ’માં એવું જ થયું. શ્રોતાઓએ મહેમાનોએ એ વાનગીની ખાસ સિફારશ કરી હતી. તેની શરૂઆત ખરેખર ભવ્ય અને નચાવનારી હતી, તાળીઓના તાલ સાથે શરૂ થયેલી એ ‘આઇટેમ’ની વચમાં જ જેક રાયનને લાગ્યું કે, હેરી આવ્યો, સાથમાં જેમ્સ સ્ટાર પણ ખરા. પણ એ ભ્રમણામાં તે રિધમ ચૂક્યો, તાલમાં થોડુંક અંતર આવ્યું અને પોતાની અંગત ખલેલને લઈને જેક જેવી તોફાની રજૂઆત કરવી જોઈએ તેવી કરી શક્યો નહીં. માનમરતબાભર્યા શ્રોતાઓને પણ એવું લાગ્યું ખરું.

જેમ્સ સ્ટાર વિષેની જાહેરાતો અને પોસ્ટરો સર્વત્ર જોવા મળતાં પણ કોણ જાણે કેમ હજી જેક રાયનની નજરમાં એ વાત આવી ન હતી! ક્યારેક માનવી પોતાનામાં જ એટલો ડૂબેલો ખોવાયેલો આત્મસાત્ થયેલો હોય છે કે દુનિયામાં બનતી મહત્ત્વની ઘટનાઓથી પણ તે અજાણ રહી જાય છે! એટલે જેક રાયનની જે મૂંઝવણ હતી તે હેરી બાબતની હતી. જરૂર હેરીને કંઈક થઈ ગયું છે, નહીં તો એ વિશ્વાસુ મિત્ર વચન પ્રમાણે સમારંભમાં હાજર રહ્યા વગર રહે જ નહીં!

એટલે ઇરવીન ફેસ્ટિવલના બીજા દિવસે જેક રાયન જાતે જ ગ્લાસગોથી ગાડી પકડી ડોકાર્ટ પીટ જવા રવાના થઈ જવાનો હતો. એ સફર તેણે પૂરી ઈચ્છા અને આતુરતાથી પાર પાડી જ હોત, પણ એક અલાયદા પ્રકારના અકસ્માતમાં તે સંડોવાઈને અટવાઈ ગયો!

૧૨મી ડિસેમ્બરની રાતે જ એ બધું બની ગયું. આત્મા-પરમાત્મા, ભૂત-ભૂવા, છાયા-પડછાયાના ભયાવહ ખ્યાલોમાં માનતા લોકોને માટે એ વાર્તા હચમચાવનારી હતી. મેલરોઝ ફાર્મમાં એવા લોકોની ઘણી મોટી સંખ્યા હતી.

ઇરવીન, રેનક્રેશાયર નજીકનું એક નાનું દરિયાઈ બંદર છે. સ્કોટીશ દરિયાકિનારાના કંઈક તિક્ષ્ણ કહી શકાય તેવા વળાંક પર તે આવેલું છે. ફર્થ ઑફ ક્લાઇડના દરિયામાં મોજાંઓ ઘણી વાર ત્યાં ધસી આવીને હલચલ મચાવતા હોય છે. ઇરવીનનું એ પરંપરાગત બંદર દરેક પ્રકારની એવી સુરક્ષા પંક્તિઓથી સાવધ બનાવાયું છે કે આ તરફ આવનાર નાનીમોટી હોડીઓ, જહાજો કદી આડાઅવળાં થઈ જ શકે નહીં. જહાજોના અકસ્માતો એટલે જ આ તરફ ક્વચિત જ થતાં. અંધારામાં અંધારી રાતે પણ અહીંથી પસાર થતાં જહાજોને કદી કોઈ તકલીફ પડતી નહીં.

જ્યારે કોઈક નગર પોતે ઐતિહાસિક પૃષ્ઠભૂમિ ધરાવવાના બણગાં ફૂંકે છે ત્યારે એ નગરમાં જૂનાપુરાણા કોટકિલ્લા, કોઠી કે મહેલો હોવાનાં જ. જીવંત સ્વરૂપમાં, થોડાક ચાલુ કે પછી સદાને માટે ખંડિયેરના અસ્તિત્વમાં.

સ્કોટલૅન્ડની ભૂમિ આવા ઐતિહાસિક, પ્રાગૈતિહાસિક, ભૌગોલિક ખંડિયરો માટે પણ જાણીતી છે. તેમાંય રોબર્ટ સ્ટુઅર્ટના ભવ્ય ભૂતકાળ સહિતના કોટ-કિલ્લા-કોઠીના મહેલની તો ખ્યાતિ જ જુદી.

સ્કોટલૅન્ડના આ તરફના મોટા ભાગના હાઇલૅન્ડર્સ તથા લૉ-લૅન્ડર્સ જાતજાતની માન્યતાઓ ધરાવે છે. તેમની પાસે એ માન્યતાઓને માટે કારણો છે. એ માન્યતાઓમાં ભૂતપલિત, જીનઆત્મા, શેતાનડાકણ વગેરે તત્ત્વોનો ખાસ સમાવેશ છે.

આવા દરેક ત્યજાયેલા ખંડિયરોના પોતપોતાના ભૂતો કે આત્માઓ હતા, પણ એમાં સહુથી વધુ બદનામ નામ રોબર્ટ સ્ટુઅર્ટ કેસલનું હતું. એ કિલ્લા-મહેલને ડુન્ડોનાલ્ડ કેસલનું નામ આપવામાં આવ્યું હતું.

કહે છે કે આવાં વર્ષોથી, દાયકાઓથી, સદીઓથી ત્યજાયેલા ભવ્ય પ્રકારના ખંડિયરોમાં જ રખડતાં, ભટકતાં, અજંપિત આત્માઓ પોતાનો વસવાટ સ્થાપે છે. અજંપિત પ્રકારના બીજા વધુ જીવો પણ ક્રમશ: ત્યાં આવીને પોતાનું કાયમી સ્થાન જમાવે છે.

નગરથી બે માઈલ દૂર, દરિયાકિનારાની ઘણી ઊંચી ટેકરી પરનો આ કિલ્લો દરેક રીતે ભેંકાર બની ગયો હતો. તેના ઊંચા મિનારાઓને કહે છે કે ત્યાંના ભૂતપૂર્વ આત્માઓએ જ અડિખમ્મ રાખ્યા હતા, નહીં તો આજ સુધી આટલા મગરૂબીથી આ મિનારાઓ આકાશને આંગળી બતાવી શકે નહીં.

કોઈ ત્યાં જતું નહીં. કોઈને ત્યાં જવા દેવામાં આવતું નહીં. 'ત્યાં તો હરગીઝ ન જ જવાય.' એવી એક ભયપ્રદ લોકવાયકા લાંબા સમયથી આ વિસ્તારમાં પ્રવર્તતી હતી. ત્યાં જવાની વાત કરનાર કોઈ અજાણ્યા પ્રવાસીને એક જ વાત કહી દેવામાં આવતી, 'મરવું છે ત્યાં જઈ ને?' પછી દાખલાઓનો દોર શરૂ થઈ જતો કે ત્યાં જનાર કોઈ પાછું ફરી જ શકતું નથી. જો કોઈ જીદ કરીને જાય છે તો એ પણ ભૂતસૃષ્ટિનો એક ભાગ બની જાય છે. ભૂતકુટુંબ સ્વરૂપે જ કાર્ય કરે છે.

આમ છતાં માથાફરેલ કંઈક લોકો એ દિશામાં ગયા હતા ખરા, પણ તેમનું પછી શું થયું એ કોઈને જાણવા મળતું નહીં અથવા એ સાહસિકો છાતી પડકારીને કદી કહેવા આવ્યા ન હતા કે, 'જુઓ, અમે ત્યાં જઈને પાછા આવ્યા અને અમને કંઈ જ થયું નથી.'

આ ભૂતોમાં પૂરા તાકાતવાળાં પશુપંખીઓનો સમાવેશ મનાતો. વિકરાળ, વિશાળ, મોટી પાંખવાળાં, આક્રમક એ જીવો અર્ધ-માનવ પશુપંખીનો આકાર ધરાવે છે એવું પણ મનાતું. એક માન્યતા એવી છે કે આ અતિન્દ્ર જીવો માનવ સ્વરૂપ કે માનવઆકૃતિ ધારણ કરવા તરફડતા-તડપતા હોય છે. એમાંથી કેટલાકને અર્ધમાનવ કાયા પ્રાપ્ત થાય છે, પણ એથી તેમનો રોષ-ક્રોધ-ગુસ્સો ઔર વધી જાય છે.

એ બધી ભૂતકથાઓની વચમાંથી સહુથી અદ્ભુત અને અલૌકિક કથાઓ હતી અગનપરીઓની. કોઈકે આ આગપરીઓને મોરના આકારમાં ઊડતી જોઈ હતી, કોઈકે એનું આગઝરતું બાજ કે ગીધનું આક્રમક રૂપ જોયું હતું, કોઈક વળી ઘુવડ કે ચામાચીડિયા જેવી અગ્નિપરીની વાત સાબિતીઓ સાથે બહેકાવતું. મોટા વાળ લહેરાવતી અનુપમ ધવલરૂપ ધારિણી માત્ર પાંખ ધરાવતી નિર્વસ્ત્ર માનવ સ્વરૂપે અગનપરીઓનો ઉલ્લેખ તો ઘણાં બધાં લોકો કરતાં. એ પરીઓ મોટે ભાગે ઊંચા આકાશમાં આગ છોડવાનું કામ જ કરે રાખતી. તે પોતાની આંતરિક આગથી એટલી દાઝી ઊઠેલી મનાતી કે આ રીતે આગના ભડકાઓ વખતોવખત બહાર કાઢીને જ તે પોતાની જાત ટકાવી શકતી.

આ અગનપરીઓની કૃપાની અવકૃપાની તો વાત ન પૂછો. એ વાતો માત્ર થરથરતા શરીરના રૂંવાડાંઓ સાથે જ સાંભળી શકાય. રાતની કંપારીઓ એ વાતોને એટલી ધ્રુજારીપૂર્ણ બનાવી દેતી કે વાત કહેનાર કે સાંભળનાર પણ મરી ગયાના દાખલા અહીંના લોકો ગણાવી બતાવતા. તેમ

છતાં એ વાતો ચાલ્યા જ કરતી, વહેતી જ રહેતી. નવી ઉમેરાતી વાતો સાથે એ વાતોનો કોઈ અંત ન હતો.

એ વાતો માનનારાઓમાં, બહેકાવનારાઓમાં, તેની રોમાંચક રીતે રજૂ કરનારાઓમાં એક નામ હતું જેક રાયન. તેની ગીતગાથાઓમાં ગૂંથાયેલી આવી કંઈક રચનાઓ રાત્રીના તાપણાને થરથરાવતી હતી.

એનું મૂળ કારણ જાણવા જઈએ તો એક જ વાત બહાર આવતી કે એ કિલ્લા-મહેલના ઊંચા મિનારામાંથી વખતોવખત તિવ્ર અગનજવાળાઓ બહાર આવ્યાં કરતી. ક્યારેક એ જવાળાઓ મુખગુંબજ પરથી બહાર ફેંકાતી, ક્યારેક ઘાસ ઊગેલી કોટની પાળી પરથી એ જ્વાળાઓ દોડી જતી, ક્યારેક આમતેમથી 'ભપ્પ ભપ્પ' થતી એ જ્વાળાઓ કોઈક ચીસ પ્રકારના અવાજ સાથે આકાશમાં પહોંચી જતી કે થોડીઘણી વાર પ્રજ્વલિત પણ રહેતી.

જોનારા અને માનનારા કહેતા કે આ જ્વાળાઓ અગનપરીની આકૃતિ ધારણ કરતી કે એવો ભાસ ઊભો કરી મોં દ્વારા આગની લપટ ફેંકતી.

કોઈ વૈજ્ઞાનિકે આનું અનુસંધાન કેમ પાર પાડ્યું નહીં, એ એક પ્રશ્ન રહેતો. જોકે એ પ્રશ્ન નગરવાસીઓ સમક્ષ છેડી શકાતો નહીં. તેઓ તો તરત જ કહી દેતાં કે, 'એમાં વિજ્ઞાનનું શું ચાલે? કંઈક વૈજ્ઞાનિકોએ ત્યાં જઈને પ્રાણ ગુમાવ્યા છે. અમે જાણીએ છીએ ને!'

જેક રાયન પણ એમ તો બહાદુર નવજવાન હતો. ખાણની વાસ્તવિક દુનિયાથી તે પરિચિત હતો. પણ તે માત્ર પાતાળસૃષ્ટિથી માહિતગાર હતો, આકાશી જ્વાળાઓના તે માત્ર ગીતો રચવાનું પસંદ કરતો. તેને કોઈએ ઠસાવ્યું હતું કે તારી બેગપાઇપ સળગી ઊઠશે, જોજે અગનપરીની આગને સંગીતમાં સામેલ કરતો!

એક એવી કિંવદંતીએ પણ દહેશત ફેલાવી રાખી હતી કે કોઈ આ અગનકથાઓ પૂરી કરી શકતું નથી. જે એની સાથે છેડછાડ કરવા જાય છે, તેની સાથે વહેલામોડા અજાણ્યા શાપ ઊતરે છે અને આવા કથાકથ્થક ભયભરેલા અજાણ્યા મોતને ભેટે છે.

'મારે માટે તો કોલસાની પાતાળી ખાણના નજરે જોયેલા અકસ્માતો જ પૂરતા છે.' જેક રાયન કહેતો, 'એ મારા સાથીઓ બેગપાઇપમાં જાતે જ ફૂંકો મારીને તેમની-મારી રચનાને વધુ ચગાવવામાં મદદરૂપ થાય છે, મારા તરફના પ્રેમને લઈને.'

સાંજનાં કે રાતનાં તાપણાં સમક્ષ આ વાતો શરૂ થતી ત્યારે હકીકત છે કે બધાં જ હચમચી જતાં. છતાં ડરની ધ્રુરજારીભરી એ વાતો સાંભળવી કોણ જાણે કેમ શ્રોતાઓને ગમતી. એમાં કહેનાર આજુબાજુની

સાચી હસ્તીઓનો ઉલ્લેખ કરી જગાઓને પણ પાત્ર બનાવી દેતાં. એવી ઘટના કંઈ એકાદ વખતની નથી કે જ્યારે કથા ચાલુ હોય ત્યારે જ કિલ્લામાંથી ભડકાઓ ઊઠ્યા હોય અને બધાં ભગવાનનું નામ લઈ હુડુડુ કરતાં ડરીને માથું ઓઢી પથારીમાં પોઢી ગયા હોય!

જેક રાયનને ક્યારેક ફરમાઈશ થતી અને ફરજ પડતી કે તે આવી કોઈક અગનપરીની અદ્‌ભુત રોમાંચક ગીતગાથા સંભળાવે. જેક રાયનની બેગપાઇપ સાથે એવી સંગીતિકા વધુ સ્તબ્ધતા જમાવી દેતી.

ગત રાત્રીના મહોત્સવમાં એ વાત કેવી રીતે ઊઠી તેની ખબર નથી. હર પ્રકારના રંગરંગીન દીવાઓની નાનીમોટી ધ્રુજતી-કંપતી જ્યોતમાં વાતાવરણ છાયા-પડછાયાનાં નૃત્યો પાર પાડતું હતું. રાત્રી જામી હતી. પૂર્ણાહુતિએ પહોંચેલા મૂળ કાર્યક્રમથી કદાચ લોકો તૃપ્ત થયા ન હતા. બિયર, બ્રાન્ડી અને વ્હીસ્કીથી તનમન સૃષ્ટિ કંપાયમાન બની હતી. આંખો અડધું જ કામ કરતી હતી. થોડોક અસર પીણાંની હતી, થોડોક વાતાવરણની, થોડોક ખાણીપીણીની, બાકી સંગીતની અને સહુથી વધારે પાછલી ઘેરાતી રાત્રીની હતી. કાન, હાથ, ખભા, કમર, ઘૂંટણ, પગના નળા અને પંજા બધું જ અસ્થિર હતું, હાંડી ઝુમ્મરમાંના દીવાઓની જ્યોતની જેમ લપકતું-ઝપકતું હતું અને ત્યારે જ વાતનો દોર અગમનિગમની આ સૃષ્ટિ તરફ ફંટાઈ ગયો. ભૂત, ભૂવાઓ, ભૂતાવળો અને અગનપરીઓ!

બહારનું હવામાન ક્યારનું તોફાની બનવા લાગ્યું હતું. દરિયાનાં મોજાંઓ ઉપર ગાઢું ધુમ્મસ છવાવા લાગ્યું હતું. ધુમ્મસે દરિયા પર એક સિમેન્ટી પડદો જ નાખી દીધો હતો. દક્ષિણ-પશ્ચિમના પવનોએ માઝા મૂકી હતી. મોજાંઓને તે જેટલા ઊંચા ઉછાળવા ધારે તેટલા ઉછાળતા હતી. દરિયાઈ વાવંટોળ અને વાવાઝોડાંનાં આ તોફાનમાં એટલા બધા અવાજો સામેલ હતા કે જોવાની સાથે કંઈ પણ સાંભળવુંય મુશ્કેલ થઈ પડતું હતું.

રાત તેના ભયાનક સ્વરૂપમાં કાળી હતી અને એ કાળરાત્રીને કાળાં વાદળ વધુ કાળી બનાવતા હતા. પૃથ્વી-પાણી-આકાશ જાણે કે એક થઈ ગયાં હતાં. કોઈ પણ જહાજને માટે ઇરવીનની ખાડી સુધી આવવાનું શક્ય ન હતું. જે કોઈ એ દિશામાં આવવાના પ્રયત્નો કરતું એ બીજી દિશામાં ફેંકાઈ જતું. બલકે જહાજને દિશા નક્કી કરવાનો કોઈ અધિકાર જ ન હતો. તે માત્ર તોફાની મોજાંઓ સાથે ઊછળ્યા કરતું પટકાયા કરતું પછડાયા કરતું.

ઇરવીનનું નાનું બંદર કદી મોટાં જહાજોને અનુકૂળ આવતું નહીં. આ રસ્તેથી જતાં જહાજો વાતાવરણ શાંત હોય ત્યારે નાની હોડીઓ જ બંદરે મોકલી આપતાં. મોટે ભાગે મોટાં જહાજો બારોબાર પસાર થઈ જતાં.

સાંજ રાત્રીમાં ફેરવાતી હતી ત્યારે આ તરફના દરિયામાં એક જહાજને એક માછીમારે જોયું. એ માછીમારને આશ્ચર્ય કરતાં ભય વધારે લાગ્યો. તેને ખાતરી હતી કે એ જહાજ કોઈ પણ સંજોગોમાં બંદર સુધી પહોંચી શકવાનું નથી અને પવન તથા મોજાંઓ સાથે બેફામ રીતે ઊછળીને તે ખડક પર કે ખડકાવ શિલાવાહિનીઓ પર ટિચાઈ મરવાનું છે. તોફાને તેને પછાડીને કકડભૂસ કરવાની જાણે પ્રતિજ્ઞા જ લીધી હતી.

જેક રાયનની સંગીતકથા ત્યારે બરાબર આવી જ અમાનવીય, અકુદરતી, અદ્‌ભુત, રોમાંચક કથા પૂરી ભયપ્રદ સૂરાવલિઓ સાથે ગુંજતી-ગાજતી હતી. દરેક રીતે બાવરા, બેબાકળા, બેચેન બનેલા શ્રોતાપ્રેક્ષકો કંઈ પણ માનવા તૈયાર થઈ ગયા હતા. આ બધું જે કંઈ બની રહ્યું છે, એ તેમની કથામાં બની રહ્યું છે એવો બેશુદ્ધ ભાવ તેમને થતો હતો.

અને ત્યારે જ બહારની દુનિયાનો કાગારોળ કુદરતી તોફાન જેટલો જ ઉગ્ર અને તીવ્ર બન્યો.

જેક રાયને પોતાની સંગીતિકા એકાએક બંધ કરી દીધી અને લગભગ તમામેતમામ શ્રોતાઓ દોડ્યા બહાર.

દરિયાઈ પવનો તથા વરસાદ જે કોઈ રસ્તામાં મળે તેને આ તરફ ધકેલતા હતા. વિચિત્ર અવાજો સાથે કેટલાક ખારવા- ખલાસીઓ આ તરફ દોડી આવતા હતા, પણ તેઓ ચીસો પાડી પાડીને દરિયા તરફ જોવાનો કે જવાનો નિર્દેશ કરતા હતા.

જેક રાયન તથા તેના પ્રેક્ષકો એ તોફાનગ્રસ્ત ભીના ખલાસીઓને ઘેરી વળ્યા. પ્રથમ નજરે એ જાણવા મળ્યું કે એ લોકો કિનારા પરની માછીમાર વસતી ઊડી જવાની કાગારોળ કરતાં નથી, પણ ઊછળી ઊછળીને અણીદાર ખડક પર ટકરાવા જઈ રહેલા જહાજને બતાવી રહ્યા છે.

બિલકુલ દબાઈને બેસૂરા થઈ ગયેલા ઘાંટામાંના અવાજ સાથે તેઓ દરિયો બતાવી બતાવીને કહેતા હતા, ‘જહાજ મુશ્કેલીમાં છે, પારાવાર મુશ્કેલીમાં...’

જેક રાયને પૂછ્યું, ‘જહાજને બચાવી શકાય?’

‘ખબર નથી. ઘણું મોડું પણ થયું હોય.’ ગભરાયેલા ખલાસીઓએ કહ્યું, ‘પણ કોઈક રીતે સિગ્નલ પહોંચાડો. તેને નિર્દેશ આપો કે તે દૂર રહે, દૂર રહે...’

‘કેવા સિગ્નલ? આવા ઝંઝાવાતમાં વળી જ્યોત કઈ સળગતી રહેવાની છે?’

‘મશાલ સળગાવો...’

'મશાલ? અહીંથી? તેઓ કંઈ દેખી શકવાના છે?'

'કોઈક પ્રકારના ધ્વનિથી તેમને સંદેશો મોકલો.'

'આ વિનાશક ધ્વનિમાં વળી માનવીય ધ્વનિની શી વિશાત?'

'ચર્ચા નહીં કરો, શંકા નહીં કરો, વિચારો નહીં. એ જહાજને ખડકભૂમિથી દૂર રહેવા કહો.'

તોફાનમાં જે ફસાયા હોય છે તેમની બુદ્ધિ આવી ક્ષણોમાં ચકોર બની જાય છે, પણ જેઓ તોફાન જુએ છે તેઓ તો અટવાઈ જ જાય છે. ઠાલમઠાલી દોડાદોડી કરે છે અને સાવ નકામા અવાજો કરે છે.

'ઓહ નો,' જેક રાયન બોલી ઊઠ્યો. જ્યારે બધી રીતના બચાવના સંકેતો નકામા જાય તેમ હતા ત્યારે જ ડુન્ડોનાલ્ડ કેસલના ટાવર પર તેની નજર ગઈ. ત્યાંની વિશાળ ભડકા-જ્યોત આકાશમાં ઊંચે ઊંચે જઈ રહી હતી. આવાં તોફાનનો જાણે કે પ્રચંડ શક્તિથી સામનો કરતા હોય એમ એ ભડકાઓ આકાશમાં ફેંકાઈને ચારે બાજુ ફેલાઈ જતા. છતાં એ ભડકા કે જ્યોત ક્યાંથી ઊઠે છે એ કોઈ પણ જોઈ શકે તેમ હતું. દરિયાના તોફાનમાં અટવાયેલું જહાજ તો ખાસ.

અને જહાજ એ જ્યોતને દીવાદાંડીની કોઈ સૂચક નિશાની સમજીને એ તરફ જ આવતું હતું. તાત્પર્ય કે ડુન્ડોનાલ્ડ કેસલની એ જ્યોત જહાજને પોતાની તરફ ખેંચતી હતી અને બચવા માટેનો કોઈ સહારો મળ્યો હોય એમ જહાજ ફેંકાઈ ફેંકાઈને કેસલ તરફ આવવા પ્રયાસ કરતું હતું, જ્યાં ખડકો હતા, આકરા અણિદાર ખડકો. બીજી કોઈ પણ રીતે અહીંથી દૂર થઈને બચી જનાર જહાજને કેસલની કાળી લબકારા મારતી જ્યોત વિનાશ તરફ ખેંચતી-આકર્ષતી હતી.

અને એ ભડકામણી ભટકતી જ્યોતમાં જોનારા જોઈ ગયા તથા ચીસો પાડી ઊઠ્યા: 'અગનપરી, આગપરી, જલનપરી, અગ્નિપરી! હવે કોઈ નહીં બચે, કોઈ નહીં, કોઈ નહીં.'

અંધશ્રદ્ધાળુ, અભણ, અજાણ્યા, અજ્ઞાની લોકોએ રાડારાડ કરી મૂકી, 'અગનપરી, ભૂતપરી, ડાકણપરી... હવે કોઈ નહીં બચી શકે.'

તેઓ નહીં જોવાનો પ્રયાસ કરીને પણ જોતાં અને જોવાની ઇચ્છા સાથે પણ નહીં જોવાયાની પ્રર્થના કરતાં. જેમને જે આવડે તે ભગવાનનાં, ઈસુનાં, મેરીનાં, માતાનાં નામ લેતા થઈ ગયા હતા. એ બધાંની દશા અગાઉથી જ અસમતુલ હતી. હવે બરાબર ઝંઝાવાતમાં ફસાયેલાં જહાજ જેવી થઈ ગઈ હતી.

ભડકામાં ઘડીમાં ઉપર જતાં, ફંટાતાં, ફેંકાતાં, બંધ થઈ જતાં. તરત જ થોડી વારે વધુ જોરથી ભડકાઓ આકાશમાં ફેલાતા. ફેલાઈને દૂર

થઈ જતાં અદૃશ્ય ભડકાઓ સાથે ઘણાને અગનપરી પણ અદૃશ્ય થતી નજરે પડતી. કોઈકને વળી લાગતું કે એ અગનપરી જ પોતાના મોઢામાંથી લબલબતી જ્વાળાઓ ફેંકી રહી છે. કેમ કે આવી કુદરતને પણ અજાણયાં એવાં તોફાન સામે બીજું કોઈ જીભ લબકારી શકે નહીં.

જહાજ એમ તો હજી થોડુંક દૂર હતું, પણ તે ઊછળીને આ તરફ આવવાનો પ્રયાસ કરતું હતું. જે કોઈ બુદ્ધિગમ્ય સ્થિર માણસો હતા તેમણે આવી અશાંતિમાં પણ શાંત વિચાર પ્રગટ કર્યો. કોઈકે કેસલ પર જઈને જહાજને જણાવવું જોઈએ કે આ ઇરવીન હારબરની દીવાદાંડી નથી, પણ આ તો વિનાશક અગનપરીઓ છે, જે મોતમાં ખેંચવા માટે જહાજને આકર્ષિત કરી રહી છે.

પણ કેસલ પર જાય કોણ? કેટલા લોકો જાય? કેટલો મોટો અવાજ કરે કે જેથી જહાજને તે સંભળાઈ શકે? અથવા કેસલના ભડકા સામે કેટલાક વિપરિત ભડકાઓ કરે કે જેથી જહાજને કંઈક વિચારણાનો સમય મળે!

આવા અણધાર્યા ભયમાંથી જહાજને કોઈક બચાવી શકે તો તે જેક રાયન છે, તે પણ અંધવિશ્વાસમાં ખેંચાયો-ખોવાયો હતો. માન્યતાઓના ચક્રવ્યૂહમાં તે પણ આવી તો ગયો જ હતો. તેમ છતાં કોલસાની ખાણના અણધાર્યા ભડકામાંથી તેણે કદીક હિંમત કરી હતી. અકસ્માતમાં ફસાતા ખાણિયાઓને તેણે બચાવ્યા હતા. ન સમજાય તેવી જવાળાઓની અગનપરી જેવી વાત કોલસાની ખાણમાં પણ પ્રવર્તતી જ હતી, પણ તેને ખાતરી થઈ હતી કે એવી કોલસાપરી, જવાળાપરી, ભડકાપરી, ભૂતપરી જેવી કોઈ પરી નથી હોતી. એ બધી માન્યતા છે માન્યતા.

જે રીતે તે કોલસાની ખાણમાં પોતાના મનમોકળા મિજાજે હરીફરી શકતો હતો. તેમજ તે કેસલપરીની પણ મુલાકાત લઈ શકે છે.

તેણે એ મુલાકાત અત્યારે જ લેવી જોઈએ અને તોફાનમાં સપડાઈ ગુમરાહ થતાં જહાજને બચાવવું જોઈએ.

તે કેસલ તરફ દોડ્યો, તેની સાથે થોડાક સાથીઓ દોડ્યા.

પણ થોડુંક જ દોડ્યા હશે અને એક પ્રચંડ વિનાશક અવાજ સંભળાયો. એ અવાજ ફરીફરીને સંભળાતો રહ્યો. જહાજ અણિયાળા ખડક પર ઝીંકાયું હતું, કકડભૂસ થઈ ગયું હતું. ફરીફરીને મોજાંઓ ઉછાળી ઉછાળીને તેને ખડક પર ફંગોળતાં હતાં અને કોઈક ધોબી લૂગડાં ધૂએ એમ પથ્થરીય શિલાઓ પર એ જહાજ ફરીફરીને પટકાતું-પછડાતું-ઝીંકાતું હતું.

આશ્ચર્યજનક રીતે કેસલ પરના ભડકાઓ શાંત થઈ ગયા હતા. મૌન.

જેક રાયન તથા સાથીઓએ તરત નિર્ણય કરી લીધો. કેસલ પર જવાને બદલે જહાજની દિશામાં જવું જોઈએ અને જહાજમાં જે કોઈ, જે કંઈ બચ્યું હોય તેને બચાવવું જોઈએ.

જેક રાયન તથા સાથીઓ મોડા પહોંચ્યા હશે જરૂર, પણ એટલા મોડા તો ન જ હતા કે જહાજના પ્રવાસીઓને બચાવી ન શકે.

કેટલા જહાજીઓ હતા તેની તો પછી ખબર પડવાની હતી, પણ જેક રાયનની ટુકડી આઠ જણાને બચાવી શકી હતી, જેમાંનો એક ખુદ કૅપ્ટન હતો.

એ જહાજ નોર્વેજિયન જહાજ મોટાલા હતું, ટીમ્બર જહાજ હતું. લાકડાંઓનો મોટો જથ્થો લઈ તે ગ્લાસગો જતું હતું.

બચાવકામ હજી જોરશોરથી ચાલુ જ હતું. પણ ઘેરાઘોઘરા અવાજની વચમાં તેણે આશ્ચર્યચકિત થઈને કહ્યું, ‘અમને કોઈ પ્રચંડ જ્યોત બચાવતી હતી કે આ તરફ આવો, આ તરફ આવો અને આ તરફ ખડક? અમને પછાડી-પટકીને ખતમ કરનારા વિનાશક ખડક?’

# જીવતાં મરેલાં કે મરેલાં જીવતાં?

જહાજને વિનાશના ખડક પર ફટકારતી અગનજ્વાળાઓને જેક જૂથ રોકી શક્યું ન હતું. ત્યાં સુધી પહોંચવાની શક્યતા જ ન હતી. અટપટા ચઢાણવાળા એ કિલ્લા પર જઈને પણ તેઓ શું કરત?

પણ જે કામ શિખરથી ન થઈ શક્યું એ કિનારાથી થયું. જેક તથા સાથીઓએ ભંગાર જહાજના ડૂબતા સાથીઓને જે રીતે બચાવ્યા એ આખી ઘટના જ શૂરવીરતાને કાયમી સલામી આપે તેવી હતી.

ડૂબતા જહાજીઓને બચાવવા માટે કિનારાના લોકો કૂદી પડ્યા, પણ તેમને સાધનોય મળી રહ્યા. ખાસ કરીને અહીંના જહાજીઓનાં મોટાં મોટાં દોરડાંઓ તેમને ઘણાં જ ખપનાં સાબિત થયાં.

જેક તો કેડે મજબૂત દોરડું બાંધીને ઊછળતાં તોફાની મોજાંઓમાં કૂદી પડતો અને જ્યાં જ્યાં ડૂબતા માનવનો અણસાર વરતાય ત્યાં પહોંચી જતો. ડૂબતા માનવીને જકડી લેતો.

તેની કેડે બંધાયેલું દોરડું ક્યાં તો ખડકોની કોઈક અણિયાળી શિલા સાથે બંધાયું હોય કે પછી કિનારાના માણસોએ પકડી રાખ્યું હોય!

અજબ પ્રકારના દરિયાઈ તોફાનની તથા તેમાંથી બચાવાયેલા જહાજીઓની કથા કદાચ આખો અધ્યાય રોકી શકે. એ પ્રકરણની જેટલી વાત થઈ શકે તેટલી ઓછી.

પણ એ કામ જેમ સરળ ન હતું તેમ જ લાંબી સમયસીમા ખેંચી શકે તેમ પણ ન હતું. કેમ કે બચાવમાં કૂદી પડનાર નવજુવાનો હાડ-માંસના માણસો હતા. તેમનું ધ્યેય જે હોય તે, તેમના પડકારનીય કચાશ નહીં, પણ એ સાહસમાં તેઓ ચિરંજીવી તો ન જ હતા. તેઓ જાતે ઘાયલ થયા, ઘવાયા, અથડાયા, કુટાયા, બચાવનારા એ બચાવવા જતાં બંધનમાં આવ્યા. બધું જ થયું.

જહાજનાં ટીમ્બર મદદરૂપ થયાં હતાં. તો ડૂબતા જહાજ માટે જોખમી પણ સાબિત થયાં હતાં. કોઈક જહાજીના હાથમાં બિંબ આવી જતાં તે સ્વયં બિંબને પકડી લેતો, બચી જતો, જ્યારે કોઈક પાટિયું તરતાં જહાજના માથા પર ટિચાઈને મુશ્કેલી પણ ઊભી કરતું.

જેક રાયન તથા ત્રણ ઘાયલ સાથીઓ અત્યારે મેનરોઝ ફાર્મમાં સારવાર હેઠળ હતા. ત્રણે સાથી કરતાં જેક વધુ ઘવાયેલો હતો. તેની ઇશારતથી જ્યારે દોરડું ખેંચવામાં આવ્યું ત્યારે તેણે એક જહાજીને બચાવી લીધો હતો, પણ દરિયાઈ ઝપાઝપી તથા લાંબા સમયને લઈને જેક ભાન ગુમાવતો હતો. તેના દેહ પર ઊઝરડા પડ્યા હતા અને માથે-પગે

ટિચાયેલા કાષ્ટના કષ્ટ હતા. કિનારે જ્યારે તેને ખેંચવામાં આવ્યો ત્યારે પોતે બેહોશ થતો હતો, છતાં તેણે ડૂબતા જહાજીને છોડ્યો ન હતો. જોરથી પકડી રાખ્યો હતો. અલબત્ત કિનારે ખેંચવામાં આવ્યા ત્યારે બેય જણા બેહોશ હતા. બચેલો ખલાસી ઊં-આં કરતો હતો, જેક રાયન હોશ ખોઈ બેઠો હતો.

બચાવકાર્યની બહાદુરી કે શાબાશીની પરવા વગર જેક રાયનને અહીં ઉપાય માટે સારો એવો વખત પડી રહેવું પડે તેમ હતું. જેકને માટે એ વાત અસહ્ય હતી. એક ઘડી નિષ્ક્રિય રહેવાનું તેને ગમે તેમ ન હતું અને ઇચ્છા પણ ન હતી.

પીડા, પાટાપિંડી અને પલંગાવસ્થામાંય તે ગાઈ શકતો, એ છૂટ હતી, એ સારી વાત હતી. પોતાની બેગપાઇપ જેમતેમ ગોઠવીને તે ગાતો, આનંદમાં આવી જઈને ગાતો, પીડાની પરવા ઊંચી મૂકી દઈને ગાતો, પોતાનો આ સમય ઝડપથી પસાર થાય તેવી પ્રાર્થના કરતો. તેની ખબર લેવા, તેને મળવા-જોવા આખું મેલરોઝ ફાર્મ જમા થઈ જતું. આજુબાજુના લોકોય ભેગા થઈ જતા. ત્યારે, 'કેમ છે જેક રાયન હવે તમને?' એવા સવાલના જવાબમાં જેક કોઈક ગીત સંભળાવતો, ચિંતાતુર બનીને આવેલા લોકો ખુશ થઈ જતા.

જેક રાયન જૂના ઉદાસ ચંચળ ગીતો સાથે નવાં ગીતો પણ જોડતો. એ ગીતો દ્વારા તે તાજી ઘટનાની માહિતી આપતો. પોતે ખુશ થતો અને આગંતુક શ્રોતાઓને ખુશ કરી દેતો.

તેનાં તાજાં ગીતોમાં તે વળી સારા શબ્દોમાં ભૂતપલિત ડાકણને અતિન્દ્રિય કહેતો, સંજ્ઞા ઉપરના જીવો કહેતો અને આભાર માનતો. તે કહેતો: 'તમે જે હશો તે, પણ તમારામાંય હજી માનવતા બચી છે, થોડીઘણી દયા તો છે જ. તમે જહાજનો ભાંગીને ભુક્કો બોલાવો છો, તો અમને એવી પ્રેરણા આપો છો કે અમે ડૂબતાઓને બચાવી લઈએ. આભાર અજાણી શક્તિઓ.'

ધીરે ધીરે તેનું મોટાલા-ગીત, તેની રીતના એક ગાઈ શકાય તેવા મહાકાવ્યમાં જ ફેરવાતું હતું: 'શું કોપ થયો, મોટાલાને જ તેં ઝીંકી દીધું, એક પહાડ પર.'

પછી જહાજ મોટાલાના ઉછાળા, હડસેલા, તે પરની કાગારોળ, તેમની અસમર્થતા, તેમનું ખડકો સાથે નાળિયેર ઝીંકાય તેમ ઝીંકાવું, ફૂટી જવું, ભાંગી જવું, છિન્નભિન્ન થઈ જવું, ટીમ્બરોનાં બિંબનું દરિયાનાં મોજાંઓ પર પથરાઈ જવું... એ બધાં જ ગીતભર્યાં વર્ણનો બાદ તે કહેતો, 'અને અંતમાં, અમને જીવતાં મૂકી દીધા, તેં પહાડ પર.'

અગનપરીઓ નથી કે એવી કોઈ જ્વાળાશક્તિ નથી જે દુનિયા પર વિનાશ લાવી શકે. માનવજાતનું ભૂંડું કે ખોટું વિચારી શકે. એ વાત માનવાને તે તૈયાર ન હતો. કિલ્લા-શિખર પરથી ઊઠતી જ્વાળાઓ પાછળ કોઈક માનવીય કારણ હશે, વૈજ્ઞાનિક તથ્ય હશે, ભૂગર્ભીય સત્ય હશે, એવી કોઈ વાત તે સ્વીકારવા તૈયાર ન હતો.

એવી કોઈ અલૌકિક અતિન્દ્રિય શક્તિ છે જ, જેવી માન્યતા બચેલા લોકો કરતાં, જેક રાયનને તેમ માનવાને પ્રોત્સાહિત કરતાં કે તેના પર દબાણ લાવતાં.

ન્યાયતંત્રને માટે આ દુર્ઘટનાની તપાસ ઘણી મુશ્કેલ બની ગઈ. કેમ કે લાગતા-વળગતા અને ઘટના સાથે સંકળાયેલા લોકો એમ જ કહેતા કે, 'અગનપરી જ નારાજ હતી. ધરતી પરના કે દરિયાના લોકોને તેમના કોઈક અપકૃત્યોની સજા કરવા અગનપરીએ જ દરિયામાં તોફાન સરજ્યું, જહાજને ઉછાળ્યું, જહાજનો ભાંગીને ભુક્કો કરી નાખ્યો. માનવજાતનું એવું ક્યું અપકૃત્ય હતું કે જેનાથી અગનપરી આટલી બધી નારાજ થઈ ગઈ? એ કારણ કોઈ કહી શકતું નહીં.

કહે તોપણ ન્યાયતંત્ર એવી વાતને કેવી રીતે સ્વીકારે? ધારો કે ન્યાયની દુનિયા 'જ્વાળા'ને ગુનેગાર ઠેરવે તો એને પકડે કેવી રીતે? એને બેડી કેવી રીતે પહેરાવે? એને સમન્સ કેવી રીતે પહોંચાડે? એને કેદમાં કેવી રીતે નાખે?

જે મોટી ફોજ કાયદાનો અમલ કરવા ગઈ એ તરંગે ચઢીને પાછી ફરી. આ અતિન્દ્રિય અને આત્મા-પરમાત્માનો કેસ વળી તે કેવી રીતે ઉકેલે? તેમાંના કેટલાક બોદા તલાશ અધિકારી જાતે પણ એવું માનતા થઈ ગયા કે, 'હા, એવું હોય તો હોય પણ ખરું. આપણે સાવધ રહેવું જ સારું.'

કડક અને ધરતી પરના કાનૂનને વાસ્તવિકરૂપે સ્વીકારતા ન્યાયાધીશે જાતે લાગતા-વળગતાઓને પોતાની પાસે બોલાવી મંગાવ્યા. વિગતોમાં એ બધાંએ એક જ વાત કહી, 'એ હકીકત છે કે ડુન્ડોનાલ્ડ કેસલના શિખર પરથી જ્વાળાઓ ઊઠી, એ જ્વાળાએ જહાજને વિનાશ તરફ ખેંચ્યું, જહાજ ખડકો સાથે ટકરાયું, ભાંગીને ભુક્કો થઈ ગયું. એ જ્વાળા અગનપરીની જ હોઈ શકે. કોઈક અલૌકિક શક્તિ જ આવું અગમ્ય કાર્ય કરી શકે.'

ફરીફરીને એની એ જ વાત સાંભળીને સ્થિર મગજના ન્યાયાધીશ ચિઢાઈ જતાં, 'પણ એ શક્તિ આવું વિનાશક કાર્ય શા માટે કરે? શા માટે?'

જવાબ મળતો, 'એ શક્તિ વિનાશક કાર્ય જ કરે. એટલા માટે જ એ શક્તિનું અસ્તિત્વ હોય છે. સંભવ છે, એનો કોઈક હેતુ હોય! એ

માનવજાતને તેના કોઈ અપકૃત્યની સજા...'

પાછી એ જ વાત? રોષે ભરાયેલા ન્યાયાધીશે પૂછ્યું, 'માનવજાતનું કયું અપકૃત્ય?'

એના જ્વાબમાં કહેનાર હિંમત કરીને કહેતા પણ ખરા કે, 'જલદીથી એ અપકૃત્ય શોધવું જ પડશે. નહીં તો અગનપરી અને અગમ્ય શક્તિ આવાં બીજાં તોફાનો નોતરશે, વિનાશની વીજળીઓ ત્રાટકી દેશે. જેઓ મૃત્યુથી પર થયા હોય છે તેઓને માનવના મૃત્યુમાં અનેરો આનંદ આવે છે, વિનાશથી તથા વિનાશના ભય અને ગભરાટથી તેઓ ગર્વ અને સંતોષ અનુભવે છે.'

ન્યાયતંત્રે આ કેસ હાથમાં લીધો તો આ મુદ્દો જાહેર ચર્ચાનો વિષય બની ગયો. લેખો, ચોપાનિયાં, સમાચારો, ઇતિહાસ, પ્રવચનો, પ્રાર્થનાઓ, સંશોધનો જેવાં તમામ સાધનો પોતપોતાની રીતની છણાવટ કરવા લાગ્યા.

બહાર આવતી વિગતોમાં આ રીતે અગમ્ય અગનજ્વાળાથી ખેંચાઈ-ફંટાઈને ભાંગી પડેલા જહાજની કંઈક ભૂતકાળની વાતો બહાર આવી. તે સાથે જ અગનજ્વાળા દ્વારા જહાજોને લૂંટવાના દરિયાઈ ચાંચિયાઓના કારસ્તાનો પણ છેડાયા. અરે કિનારા પરના સારાય જંગલોને એવી રીતે આગ લગાડવામાં આવતી કે જહાજ બચી શકે નહીં, લૂંટારાઓ દ્વારા લૂંટાઈને જ રહે. ખુદ બ્રિટને એવા અનુભવોનો સામનો કર્યો હતો કે ભેદી અગનજ્વાળા દ્વારા તેનાં જહાજો ગેરમાર્ગે દોરાઈ જતાં, લૂંટાઈ જતાં અથવા લૂંટારાઓનો સામનો કરી બચી જતાં. ક્યારેક વળી કોઈક ઊંચી જગાએ ચેતવણી આપતું મોટું લાલ ફાનસ ગેરમાર્ગે દોરતું. ખોટી બનાવટી દીવાદાંડીની ઘટનાઓ પણ છેડવા-છંછેડવામાં આવી.

આવી કોઈ કિંવદંતીઓની ચર્ચા સાંભળવા ન્યાયતંત્ર તૈયાર ન હતું. મુખ્ય ન્યાયાધીશ મુદ્દાસર રીતે એક વાત કહેતા, 'અકસ્માતને ચગાવો નહીં, કારણ શોધો. આડીતેડી કે આગળ-પાછળની વાત સાથે ન્યાયને કોઈ લેવાદેવા નથી. ન્યાય મૂળ સુધી પહોંચવા માગે છે.'

મુખ્ય સાક્ષીઓ તો જેક રાયન તથા તેના સાથીઓ જ હતા. જ્યારે મામલો વધુ ઉગ્ર બન્યો ત્યારે એ ટોળકીના જ બે ભાગ પડી ગયા. એક પક્ષ કહે: 'હા, અતિન્દ્રિય આત્માઓ છે છે ને છે. તેની અગમ્ય લીલા તમે નહીં પામી શકો.' જ્યારે બીજો પક્ષ કહેતો: 'અમને કાંઈ સમજાતું નથી. જે વખતે અમને જે સૂઝ્યું તે અમે કર્યું. ઊંડાણમાં જવાનો જ ક્યાં સમય હતો?'

ન્યાયતંત્ર કોઈ રીતે અગમનિગમનું શરણું સ્વીકારી શકે તેમ ન હતું. એક મજબૂત મનવાળા અને દૃઢ નિર્ધારવાળા પોલીસ અધિકારોનું જૂથ

તૈયાર કરી તેમને શાપિત કિલ્લામાં મોકલી આપી, બીજા ગુનાઓ જેવી જ તલાશી લેવાની તેમને તાકિદ કરવામાં આવી.

પહેલી શોધ થઈ આંગળાંઓની છાપની, પગલાંઓનાં નિશાનની. આંગળાની છાપ મળવાની શક્યતા ન હતી અને ધોધમાર તોફાની વરસાદને લઈને કિલ્લામાં ઠેરઠેર એટલાં પાણી ભરાઈ ગયાં હતાં કે પગલાંના નિશાનને અવકાશ જ ન હતો.

જ્વાળાઓ નીકળતી હતી તો ક્યાંથી નીકળતી હતી? એ માટે ઊંચી જગા નક્કી થઈ, પણ ત્યાં આગનું કોઈ ચિહ્ન જોવા જાળ્યું નહીં. કોટની રાંગે દોડતી આગની વાત નીકળી તો રાંગના કાંગરેકાંગરા તલાશી લેવાયા, પણ આગની ઝાળ, ઝાપટ, કાળી જગા કંઈ જ હાથ લાગ્યું નહીં.

જો આગ હતી તો શાની હતી? લાકડાની, ઘાસની, કપડાં-કાગળની, મશાલની, તેલની, કોઈ બીજા ચરબીયુક્ત પદાર્થ યા પ્રવાહીની?

કોઈ જ નિશાની યા સંજ્ઞા મળી નહીં.

આગ સળગાવી હોય તો શેનાથી સળગાવી હોય? દીવાસળીથી, ચકમક પથ્થરથી કે કોઈક સળગતું લાકડું લાવવામાં આવ્યું હોય?

ના, કોઈ પણ અણસાર પ્રાપ્ત થયો નહીં.

અગનલીલામાં માનનારા તરત જ ટીકા કરતાં, ઊડતા આત્માઓના વળી આંગળાં કે પગલાંનાં નિશાન ક્યાંથી મળવાના છે? સ્વયં ફૂંક મારીને હવા સળગાવતી અગનપરી આગની છાપ શાની મૂકી જાય? જેને આગ પ્રગટાવવા કોઈ સાધનો જ જોઈએ નહીં, એવી જ્વાળા જક્ષણીઓને ઘાસ, વરાળ કે લાકડાંની વળી શી જરૂર? તેને વળી આગનો ઝબકારો કરવા દીવાસળીનીય શી જરૂર?

આ કેસ અધૂરો મૂકવા ન્યાયતંત્ર કોઈ રીતે તૈયાર ન હતું. મજબૂત પોલીસ અધિકારીઓ દ્વારા એની તલાશી ચાલુ રહી. લોકોને માટે 'મોટાલા-હત્યાકાંડ' એક વધુ જોરદાર દંતકથા બની રહી. ઠેરઠેર મોટાલા જહાજ, અગનપરી, અગમ્ય જ્વાળા, તોફાની દરિયો, બાથોડિયા મારતાં જહાજીઓ અને હા, જેક રાયનની છબીઓ વેચાતી થઈ ગઈ. ચોપાનિયાંઓ પોતપોતાની રીતે નવીનવી વાતો જોડે જ રાખતાં. છાપાંઓ સંયમ સાથે પણ મથાળું બાંધતાં, 'મોટાલા-કાંડ: હજી પોલીસ અંધારામાં. અટવાતું ન્યાયતંત્ર. અદ્‌ભુત સૃષ્ટિમાં વધતો જતો લોકોનો વિશ્વાસ.'

જેક રાયન હજી પણ ન્યાયતંત્રનો એક મજબૂત આધાર હતો. તેમણે ચિકિત્સાતંત્રને તાકિદ કરી કે, તેને ઝટ બેઠો કરો.

બેઠો થયો જેક રાયન. આમેય તે પડી રહે તેવો ન હતો. જેવો તે બેઠો થયો કે સહુ પ્રથમ એ ઇરવીન મહોત્સવનાં ગીતો ગણગણવા લાગ્યો.

હા, બધી શરૂઆત ત્યારથી જ થઈ હતી, પણ જેકને માટે અતિ મહત્ત્વનો પ્રશ્ન હતો કે હેરી ફોર્ડ એ કાર્યક્રમમાં કેમ આવ્યો ન હતો?

તેણે નક્કી કર્યું કે પોતે મેલરોઝ ફાર્મ પરના પોતાના કામે ચઢે તે પહેલાં હેરી ફોર્ડને જરૂર મળશે જ. વચન આપીને ન આવે એવો હેરી નથી જ. ઉપરાંત મોટાલા-કાંડ પછી તો ઠેરઠેર જેક રાયનનું નામ જાણીતું થયું છે. કોઈ સારા સમારંભમાં કદાચ હેરી ન આવે, પણ જેક ઘાયલ થયો છે, તેની ચિકિત્સા ચાલી રહી છે, તેને મળવા ઠેરઠેરથી આખી દુનિયા ટોળે વળી રહી છે, ત્યારેય હેરી ફોર્ડ ન આવે એ વળી કેવું?

જેકને લાગ્યું કે જરૂર હેરી સાથે કોઈક ઘટના યા દુર્ઘટના ઘટી છે. જરૂર એને કે એનાઓને કંઈક થયું છે.

હેરીને દોષ દેવાને બદલે, મારે જાતે જ જઈને હેરીને મળવું જોઈએ અને બધી વિગતો જાણવી જોઈએ. પોતાની આદત મુજબ ગાતો-ગણગણતો તે હેરીને મળવા ચાલી નીકળ્યો. તે ચાલવા લાગ્યો તો તેને સારું લાગ્યું. વધુ ચાલ્યો તો વધુ ઉત્સાહ આવ્યો.

ગાડીમાં બેસી તે ગ્લાસગો થઈને સ્ટર્લિંગ તથા કેલેન્ડર જવું, એવું તેણે વિચારી લીધું.

તે ગાડી આવવાની રાહ જોતો હતો, ત્યાં જ તેણે એક મોટું પોસ્ટર જોયું. કોઈનું પણ ધ્યાન ખેંચે તેવું એ પોસ્ટર હતું:

> *ચોથી ડિસેમ્બરે ખાણની દુનિયાના પ્રસિદ્ધ ઇજનેર જેમ્સ સ્ટાર એડિનબર્ગથી ગ્રેન્ટોન પિયર પહોંચ્યા. ત્યાંથી જાણીતા પ્રવાસી જહાજ ‘પ્રિન્સ ઑફ વેલ્સ’માં સવાર થયા. તેઓ તે જ દિવસે સ્ટર્લિંગ પહોંચ્યાનું મનાય છે.*
>
> *પણ ત્યાર બાદ તેમનો કોઈ પત્તો નથી.*
>
> *જે કોઈને આપણા લોકપ્રિય ખાણનેતા અને ભલા માનવી જેમ્સ સ્ટારની માહિતી મળે, તે તરત જ એડિનબર્ગ, રોયલ ઇન્સ્ટીટ્યૂટના પ્રમુખનો સંપર્ક કરે.*

જેમ્સ સ્ટારની ધ્યાન ખેંચતી છબીને જેક રાયન જોઈ રહ્યો. તેણે એ લખાણ ફરીફરીને વાંચ્યું અને તે આશ્ચર્ય પર આશ્ચર્ય અનુભવતો રહ્યો.

કેમ કે, ‘હા, ચોથી ડિસેમ્બરે જ હું ડૉકાર્ટ પીટની સીડીઓ પર હેરી સાથે મિસ્ટર જેમ્સ સ્ટારને મળ્યો છું. મળ્યો જ છું. એ વાતને આજે દશ દિવસ થયા. કેટલી બધી ઘટનાઓ બની ગઈ અને હજી ઇજનેરશ્રીનો પત્તો નથી. એનો અર્થ... એનો અર્થ... જરૂર હેરી પણ સાથે હતો જ અને એટલે જ હેરી ફોર્ડ મહોત્સવમાં આવી શક્યો નહીં. ઓહ હેરી હેરી...’

અને રોયલ ઇન્સ્ટીટ્યૂટના પ્રમુખને કોઈ માહિતી આપવાના ખ્યાલને બદલે પોતે જ ઝડપથી ડોકાર્ટ-પીટ પહોંચી જવાનું નક્કી કર્યું કે શું થયું? એ તે જાણી શકે.

તે કૂદીને ગાડીમાં બેઠો અને યેરો શેફ્ટ મુકામે હેરી-જેમ્સને મળ્યો હતો, એ બધી ઘટના ફરી વ્યવસ્થિત રીતે યાદ કરી, ક્ષણેક્ષણનું પુનઃસ્મરણ કરવા લાગ્યો.

ત્રણ કલાક બાદ કેલેન્ડર સ્ટેશને ઊતરી તે ઝડપથી યેરો-શેફ્ટ તરફ દોડ્યો. એટલે કે ખરેખર દોડ્યો જ.

‘તેઓ ત્યાંથી જ ફરી આવ્યા નથી?’ તે પોતાની જાતને પૂછવા લાગ્યો, ‘કેમ નહીં? શું કોઈએ તેમને એમ કરતાં રોક્યા? શું કામ? શું ખાણના ઊંડાણમાં કોઈક એવી તાકિદ ઊભી થઈ કે તેમને રોકાઈ જવું પડ્યું? મારે બધું જાણવું પડશે, બધું અને ઝડપથી.’

પગથિયાં કેવાં છે એની પરવા કર્યા વગર સડસડાટ તે યેરો-શેફ્ટ પહોંચી ગયો.

બહારની દુનિયામાં તેને શંકાસ્પદ કંઈ જ જોવા મળ્યું ન હતું. બધે એવી જ શાંતિ, એવી જ સ્તબ્ધતા, એવું જ નિર્જન વાતાવરણ.

દરેક ડગલે, દરેક અંધકારે, દરેક ખૂણામાં, દરેક પથ્થરે, દરેક કોલસે તેણે ચીવટભરી નજર નાખી. કંઈ દેખાયું નહીં, કંઈ સંભળાયું નહીં.

‘અને મારો દીવો?’ તે બોલી ઊઠ્યો, ‘તે તો એની જગાએ હશે જ ને?’

જ્યારે તે નીચે જતો ત્યારે તે પોતાનો દીવો ખૂણામાંથી મેળવી લેતો. સીડીનાં પગથિયાં નજીકની એ એક ખાસ જગા હતી.

પણ દીવો ન હતો.

‘એથી મુશ્કેલી જરૂર પડવાની.’ જેક આગળ બોલી ઊઠ્યો. જરાક અજંપિત પણ બન્યો ખરો જ.

અને અગમનિગમમાં માનતો હોવા છતાં તે બોલી ઊઠ્યો, ‘હું નીચે જઈશ. ભલે ગમે તેટલું અંધારું હોય, હું પાતાળ સુધી પહોંચી જઈશ, મારા મિત્ર માટે.’

તે સીડીનાં લાકડિયાં પગથિયાં ઊતરવા લાગ્યો. તેને ઉતાવળ હતી, પણ ઊતરાણ તેને સ્વાભાવિક લાગતું ન હતું.

જેક રાયન પોતાની ખાણની રીતરસમો ભૂલ્યો ન હતો. ડોકાર્ટ-પીટને તો તે બરાબર પિછાનતો હતો. ત્યાં જવામાં કદી તેને જોખમ જણાયું ન હતું, પણ આજે તે સાવધાની વરતવા લાગ્યો. પગથિયાં યા

લાકડાં તેને અપરિચિત જણાવા લાગ્યાં. એકાદ ઉતાવળિયું પગલું તેને પંદરસોથી વધુ ફીટના અંધારા ઊંડાણમાં પટકી શકે છે!

તે દરેક પગથિયું ગણતો હતો. તેને ખાતરી હતી કે એક વખત તે ત્રીસમાં પગથિયે પહોંચી જાય પછી વાંધો નહીં. ત્યાંથી કુટીર પહોંચવું શક્ય અને સરળ હતું.

તે છવ્વીસમે પગથિયે પહોંચ્યો, હજી બસો ફીટ બાકી હતા.

સત્યાવીસમે પગથિયે તેણે પૂરી કાળજીથી પગ મૂક્યો, પણ પગ ઝોલા ખાઈ ગયો. એટલે કે સત્યાવીસમું પગથિયું જ ન હતું કે શું?

કોઈકે એ ઉઠાવી લીધું હતું કે તોડી નાખ્યું હતું?

તેની અંધશ્રદ્ધાની માન્યતાઓએ તેને સહેજ ધ્રુજાવી દીધો. સ્વાભાવિક પ્રાર્થના પણ થઈ ગઈ.

તે થોભી ગયો. હવે આગળ નહીં વધે? એટલે કે નીચે નહીં ઊતરે?

પગ મૂકવાની જમીન, આ ધરતી તથા પગથિયાં વચ્ચે કોઈ મેળ ન હતો. જમીન હતી જ નહીં.

એનો અર્થ કે છેલ્લી વખતે તે જ્યારે અહીં આવ્યો ત્યારથી જ આ સીડીની આ હાલત હોય તો શું થયું હશે. ઓવરમેન સાયમન ફોર્ડનું? ભલી મહિલા શ્રીમતી મજનું? મારા મિત્ર હેરીનું? અને ઇજનેર શ્રી જેમ્સ સ્ટારનું?

શું જેમ્સ સ્ટારની તેની અહીંની મુલાકાત બાદ એ ઇજનેરશ્રી અહીંથી જ ગુમ થયા હશે?

અને સીડી જ જો અધૂરી હોય તો કુટીરમાં ખાણીપીણી તથા જીવન જરૂરિયાતનાં સામાન કેવી રીતે પહોંચતાં હશે?

અત્યાર સુધીમાં પંદરસો ફીટ નીચે રહેતાં એ નિવાસીઓનો ખોરાક સાવ ખૂટી જ નહીં ગયો હોય શું?

તેને ખાતરી થઈ ગઈ કે જરૂર કંઈક અયોગ્ય બન્યું છે અને જે કંઈ બન્યું છે તે અહીંથી જ બન્યું છે.

તે જોરજોરથી બૂમ પાડવા લાગ્યો, 'હેરી...! મિત્ર હેરી...! હું જેક રાયન બોલું છું. તું મને સાંભળી શકે છે? તું ક્યાં છે? હેરીઈઈ...! હેરીઈઈઈ...!! હેરીઈઈઈઈ...!!!'

હેરીના નામના પડઘાઓ પડ્યા, દબાયા, ફેલાયા, શાંત થઈ ગયા. કાળા કોલસાના કાળમીંઢ ખડકોએ ચાળા પાડ્યા. કોઈ નક્કર જવાબ

આપ્યો નહીં.

જેક રાયન ફરીથી ઉપર ચઢવા લાગ્યો. સાચવીને પણ ઉતાવળથી. કેલેન્ડર સ્ટેશને થઈ સમય બગાડ્યા વગર તે એડિનબર્ગ એક્ષ્સપ્રેસમાં બરાબર ત્રણ વાગે લોર્ડ પ્રોવોસ્ટ સમક્ષ જઈને ઊભો રહી ગયો.

તેણે એવા અને એટલા વિસ્તાર સાથે અણિશુદ્ધ એવી ઝીણવટભરી રીતે સ્ટેટમેન્ટ આપ્યું કે તેની પર કોઈ શંકા જ જઈ શકે નહીં.

જેમ્સ સ્ટારના અંગત મિત્ર અને રોયલ ઇન્સ્ટીટ્યૂટના પ્રમુખ સર વિલિયમ્સ એલ્ફીન્સ્ટનને પણ તરત માહિતી આપવામાં આવી. તેમણે આગળ ઉપરની શોધના હુકમો તરત જ જારી કરી દીધા. તેઓ જાતે ખાસ તલાશી અધિકારીઓ સાથે એ કાર્યમાં જોડાયા. પૂરતા દીવાઓ, કોદાળી, પાવડા, નરાજ, તગારાં, દારૂગોળો, દોરડાં, સીડીઓ વગેરે બધાં સાધનો પૂરતા પ્રમાણમાં લઈ, લાંબા સમય સુધી ખાણીપીણી ચાલી રહે તેટલો પુરવઠો બાંધી આખી સંશોધન ટુકડી કામે લાગી ગઈ. સાથમાં જેક રાયનને પણ લીધો કે તે દરેક જગા વિસ્તારથી બતાવી શકે.

સાંજના જ ખોજી ટુકડી યેરો શેફ્ટ સુધી પહોંચી ગઈ. જેક રાયને ધ્યાન ખેંચ્યું કે, ‘અહીંથી છવ્વીસમા પગથિયે થોભી સત્યાવીસમા પગથિયાંને સ્પર્શ કરવા પ્રયાસ કરજો.’

દોરડે બાંધીને વધુ પ્રકાશ આપનારા દીવાઓ નીચે ઉતારવામાં આવ્યા. એ રીતે તપાસ કરતાં લાગ્યું કે નીચેની ચાર સીડીઓ છે જ નહીં, એટલે કે એકદમ ગુમ છે.

એનો અર્થ કે ખાણની અંદરની બાજુનો સંબંધ બહારની દુનિયા સાથે બિલકુલ કાપી નાખવામાં આવ્યો છે અને એ કામ ચોક્કસ હેતુસર પાર પાડવામાં આવ્યું છે.

‘હવે શેની રાહ જુઓ છો?’ જેક રાયને અધીરાઈથી પૂછ્યું.

‘દીવાઓ ફરીથી મેળવીને એવી રીતે ગોઠવીએ કે આપણને ઠેઠ નીચે જવાની અનુકૂળતા રહે.’ સર વિલિયમ્સ એલ્ફીન્સ્ટને કહ્યું. ‘મારા અધીરા મિત્ર જેક, અમે પણ તારા જેટલા જ ઉત્સુક છીએ અને તું જ અમને આગળની શોધમાં માર્ગદર્શન પૂરું પાડશે.’

‘કુટીરમાં પહેલાં પહોંચવું પડશે, સાહેબ.’ જેક રાયને કહ્યું, ‘અને હું તો મારા સાથીઓની શોધમાં સાતમા પાતાળ સુધી જવા તૈયાર છું.’

‘આપણા સાથીઓની શોધ કહે, નવજવાન!’ સર વિલિયમ્સે કહી દીધું અને સ્ટાફને હુકમ કર્યો કે, ‘ખૂટતી સીડીઓ તૈયાર કરી દો. એવી રીતે બાંધી-ગોઠવી દો કે પછી ઠેઠ તળિયે સુધી જવામાં વાંધો ન આવે.’

એ કામ જોકે સરળ ન હતું. લટકતી સીડીઓ બાંધવી, ગોઠવવી, નિર્વિઘ્ને ઊતરાણ થઈ શકે તે માટે તૈયાર કરવી. સમય પસાર થતો અને જેક ધૂંધવાઈ ઊઠતો.

છતાં જ્યારે અંતિમ પ્લૅટફૉર્મ પર તેઓ પહોંચ્યા ત્યારે એ જગા ખાલી થઈ ચૂકી હતી. તાત્પર્ય કે ત્યાં કોઈ જ ન હતું. ત્યાં જ જેક રાયને આશ્ચર્યચકિત ઉદ્‌ગારો કાઢ્યા, ‘જે કપાયેલી સીડીઓ હતી તે બધી આ રહી, પણ એ બધી સીડીઓને સળગાવી મૂકવામાં આવી છે.’

‘સીડીઓ સળગાવી મૂકી?’ સર વિલિયમ્સે કહ્યું, ‘હા.’ તેમણે ખાતરી કરી. ‘સીડીની રાખ પણ ઠંડી પડી ગઈ છે. આ કારસ્તાનને સારો એવો સમય પસાર થઈ ગયો છે.’

‘સાહેબ,’ જેક રાયને પૂછ્યું, ‘ઇજનેર સ્ટારને તો આ સીડીઓ નહીં સળગાવવી પડી હોય ને?’

‘ઇજનેર સ્ટાર સીડી સળગાવે શું કામ, જેક?’

‘કોઈક કારણ તમે વિચારી શકો સાહેબ...’

‘એવી એલફેલ વાતો કરવાને બદલે નવજવાન!’ સર વિલિયમે કહ્યું, ‘અમને કુટીરમાં લઈ જા. આપણને પુરાવાઓ કદાચ ત્યાં જ મળી રહેશે.’

‘કદાચ રાખ સ્વરૂપમાં,’ આકરા બનેલા જેકે કહ્યું અને એક માણસના હાથમાંથી દીવો લઈ તે ડૉકાર્ટ પીટની ગૅલેરી પસાર કરતો સાયમન ફોર્ડની કુટીર તરફ આગળ વધી ગયો.

આખું લશ્કર તેની પાછળ જવા લાગ્યું, તેની પોતાની ઉતાવળે જ.

કુટીરની આજુબાજુ કે અંદર કોઈ જ પ્રકાશ ન હતો.

જેક રાયને જોરદાર હડસેલાથી બારણું ખોલી નાખ્યું.

ઘર સાવ ખાલી હતું.

કુટીર ગૃહનો ખૂણેખૂણો તપાસી જોવામાં આવ્યો. તોફાન, દોડાદોડી, મારામારીનાં કોઈ ચિહ્નો ન હતાં. બધું જ વ્યવસ્થિત હતું. શ્રીમતી મજ જે રીતે ઘર ગોઠવી સજાવીને ગઈ હતી, તેમ જ બધું ગોઠવાયેલું હતું. ઘરના ડબ્બાઓમાં ખાણીપીણીનો સામાન પણ જેવો ને તેવો જ હતો. અહીંની ખાધાખોરાકી થોડા દિવસ સુધી આસાનીથી ચાલે તેવી હતી, એટલે તેઓ પાછા ફરવાના હતા એ વાત તો ચોક્કસ.

કુટીરમાં કોઈ ન હતું અને જનાર કેટલા દિવસથી તથા કેટલા દિવસ માટે ગયું છે એ કેમ કહી શકાય? અહીં તો રાત કે દિવસની પણ ખબર પડતી ન હતી.

હા, એકાએક જેકને યાદ આવ્યું. શ્રીમતી મજ પોતાની રીતે એક કેલેન્ડર રાખતી હતી. હાથના તૈયાર કરેલા એ પંચાંગપત્રમાં તે જાતે જ તારીખવાર નોંધે રાખતી.

દીવાલ પરના એ કેલેન્ડરમાં છઠ્ઠી ડિસેમ્બરની નોંધણી છેલ્લી હતી અને તે પર (✝)નું નિશાન હતું. જેક રાયને તરત ગણતરી કરીને કહ્યું કે દશ દિવસ અગાઉ જ એ બધાં અહીંથી વિદાય થયાં છે. તેના પોતાના અહીં આવી ગયા બાદ ત્રીજે જ દિવસે એ ચારુ-ચોકડી ક્યાંક જવા ઊપડી, જેમાં ઇજનેર જેમ્સ સ્ટાર, ઓવરમેન સાયમન ફોર્ડ, શ્રીમતી મજ તથા ઉત્સાહી ખાણિયો હેરી ફોર્ડ સામેલ હતા.

ચારે જણા એક સાથે જાય એનો શો અર્થ? અલબત્ત ઇજનેરશ્રી જેમ્સ સ્ટારનું આગમન કોઈ નવી શોધ માટે જ હોઈ શકે. ઓવરમેન સાયમન તથા હેરીને કોઈક અણસાર મળ્યો હોય અને તેમણે ઇજનેરને બોલાવ્યા હોય એ વાત શક્ય છે. પણ સાથમાં શ્રીમતી મજ શું કામ જાય? અને જાય એટલે જાય? પછી પાછાં જ ન ફરે? તૂટેલી, બળેલી સીડીઓ, ચારે જણા લાપતા? હવે આગળ ઉપર શું?

સર વિલિયમ્સને પોતાને કંઈ ખબર પડતી ન હતી, પણ તેમણે લાઇટોનો તીવ્ર પ્રકાશ ફરતો રાખવાના હુકમ આપ્યા હતા.

એવા જ એક દીવાનો પ્રકાશ દૂર સુધી ફેંકાયો.

'ત્યાં... ત્યાં...' જેક રાયને જોરથી ઘાંટો પાડ્યો.

અંદરની ટનલમાં કોઈક દૂર દૂર ચાલ્યું જતું હતું. એ કોઈ તો દેખાતું ન હતું, એકલી પ્રકાશરેખા જ આગળ જતી દેખાતી હતી.

'એને પકડો, એને પકડો,' તે બોલી તો ઊઠ્યો પણ સાથે જ કહ્યું, 'નહીં પકડી શકાય. એ જરૂર અગનપરી છે યા આત્મા.'

'વળી પાછો આત્મા?' ગુસ્સે થઈને સર વિલિયમ્સે કહ્યું, 'તમને આત્મા પરમાત્મા સિવાય કંઈ દેખાતું જ નથી? માણસો! પીછો કરો એ પ્રકાશરેખાનો અને જેક રાયન! તું આગળ રહેશે કે પાછળ? આજે આપણે ખાતરી કરી લઈએ કે એ આત્મા-પરમાત્મા અને અગનપરી વગેરે શું છે?'

જે માહિતી પ્રકાશરેખાને હોય એ રસ્તો આ બધાંને તો ન જ ખબર હોય! એટલે પ્રકાશરેખા ઝડપથી ઊંચીનીચી થતી આગળ નીકળી જતી અને આ ખોજી ટુકડી ઝડપનો પ્રયાસ કરવા છતાં ઝડપ કરી શકતી નહીં. ખાણની આ કાળી દુનિયામાં માત્ર ખાણિયાઓ જ કામ આવે, પોલીસો કે જાસૂસો નહીં જ.

પણ પેલી પ્રકાશરેખા જાણે બધાંને પાછળ આવવાની સંજ્ઞા આપતી હોય એમ આગળ જઈને થોભી જતી, અજવાળું હલાવતી, પાછી

ચાલવા મંડી પડતી.

એ રીતે એ પ્રકાશરેખા કોણ જાણે બધાંને ક્યાંની ક્યાં લઈ ગઈ? વચમાં વચમાં તે સાવ અદૃશ્ય થઈ જતી. ‘ગઈ?’ એવું ટોળકી ઉચ્ચારે તે સાથે જ ફરી દેખાતી. ફરી અમુક વખતે અંધારામાં ખોવાઈ જતી. અલબત્ત તે તલાશી ટુકડીને કદી નજીક આવવા દેતી નહીં. ટુકડીનો પ્રકાશ કોઈ રીતે એ પ્રકાશિત દીવાના માધ્યમને પામી શક્યો નહીં.

ખાણની અંદરની આ કુદરતી અસમતૂલ ભુલભુલામણીના એક ચાર રસ્તે છેવટે એ ઝળહળતી પ્રકાશછાયા રમત રમી ગઈ. પછી કાયમને માટે અદૃશ્ય થઈ ગઈ.

બધાં ત્યાં સુધી અથડાતા-કુટાતા જવા લાગ્યા. સાધનો હોવા છતાં જવાનું મુશ્કેલ ઉપર મુશ્કેલ બનતું હતું.

‘હવે એ નહીં દેખાય.’ જેક રાયને કહ્યું, ‘કેમ કે એ લોકોનું કામ માણસોને રવાડે ચઢાવવાનું હોય છે. જે રીતે જહાજ ટકરાવી માર્યું તે જ રીતે આપણને અહીં ટકરાવી મારવામાં આવ્યા છે.’

‘ચૂપ રહેશે હવે તું?’ જેક રાયન માર્ગદર્શક હતો છતાં સર વિલિયમ્સે તેને ધમકાવી નાખ્યો. બીજી જ ઘડીએ તેઓ કહે, ‘એ જે હોય તે, જહાને ટકરાવી શકે જેક, આપણને નહીં, આ વિલિયમ્સને નહીં.’

‘અને જો આપણી પાછળનો રસ્તો બંધ થઈ ગયો હોય તો?’ જેક રાયને પૂછ્યું, “જે રીતે સીડીઓ બાળી નાખવામાં આવી…’

‘તું આવી નિરાશાજનક વાતો કર્યા વગર આગળ કેમ નથી કહેતો જેક? શું ખાણની આ દુનિયાથી તું પરિચિત નથી?’

‘આપણે એટલા આગળ વધી ગયા છીએ કે અટવાઈ ગયા છીએ સર વિલિયમ્સ! મને મારી પરિચિત દુનિયા પણ પાછળ છૂટી ગયેલી લાગે છે. આ હવા, આ થપેડા, આ પહોળો થતો જતો ફંટાતો માર્ગ બધું મારે માટે નવું છે.’

એ વાતની સાબિતી આપવી જ હોય એમ જોરદાર હવાની ઝાપટ આવી અને આવતી જ રહી.

પેલી પ્રકાશરેખા પાછી નજરે પડી. આગળ જવા લાગી. જાણે બધાને તે પાછળ ચાલવા આવવાની સૂચના આપતી હતી.

‘જેક,’ સર વિલિયમ્સે કહ્યું, ‘હું કોઈક નવી જ અનુભૂતિમાંથી પસાર થઈ રહ્યો છું.’

‘કેવી, સર?’

‘આ જે કોઈ આપણને દોરીને લઈ જાય છે, એ વ્યક્તિ આપણને પટકીને પછાડીને મારીને ચાલી કેમ જતી નથી? શું એ આપણને કોઈક ચોક્કસ જગાએ લઈ જવા માગે છે?’

‘એવું જ હોય સર, એવું જ હોય. એમના કારસ્તાનોથી કોણ પરિચિત હોઈ શકે?’

‘આપણે પરિચિત થઈશું.’ ઘાંટો પાડીને સર વિલિયમ્સે કહ્યું, ‘આપણે પરિચિત થઈશું.’

‘તો આનાથી પરિચિત થાવ જોઈએ.’ ક્યાં, કેટલે દૂર આવ્યા બાદ જેક રાયને નીચેની કોઈક વસ્તુઓ તરફ સર વિલિયમ્સનું ધ્યાન દોર્યું.

કોઈક મોટી ખાઈ શૃંખલા બાદ તેઓ અહીં આવી લાગ્યા હતા અથવા કહો કે તેમને અહીં લાવવામાં આવ્યા હતા.

જેક રાયને નીચેની જે વસ્તુ બતાવી એ વસ્તુ ન હતી, જિંદગી હતી, જીવંત કાયા હતી એટલે કે માનવદેહ હતો.

સર વિલિયમ્સ એ દેહને ફેંદીફંફોસીને જોઈ ગયા. એ દેહ પર હાથ ફેરવ્યો અને પછી ખાણ પણ હચમચી ઊઠે એવી ચીસ સાથે તેઓ પોકારી ઊઠ્યા, ‘જેમ્સ સ્ટાર, મારા મિત્ર, નિપુણ ઇજનેર...! જેક રાયન, આ જેમ્સ સ્ટારનો દેહ છે.’

‘અને આ,’ બીજા એક દેહ તરફ આંગળી ચીંધી તેને ઓળખી બતાવી જેક રાયન કહે, ‘અનુભવી ઓવરમેન સાયમન ફોર્ડની કાયા છે.’

નજર પડતાં જ ત્રીજી વ્યક્તિ તરફ ધસી જઈને સર વિલિયમ્સ કહે, ‘તારા જેવા નવયુવાનનું માનવશરીર... જરૂર એ હેરી ફોર્ડ હશે.’

‘હેરી! હેરી!’ જેક રાયન ક્રંદન કરી ઊઠ્યો ત્યારે સર વિલિયમ્સ કહેતા હતા, ‘આ દેહલતા જરૂર મહિલાની જ.’

‘એ શ્રીમતી મજ,’ હેરી પાસેથી દોડી જઈને જેક રાયને કહ્યું, ‘હેરીની માતા.’ અને પોતાની જ માતા હોય એમ એ કકળી ઊઠ્યો, ‘મમ્મી...! મમ્મી...!’

પણ ચારેયને મૃત માનતા હતા એવા એ દેહમાંની છેલ્લી મહિલા આકૃતિ ધીમે રહીને બોલી ઊઠી, ‘એમને... એમને...’

એટલે કે એમને પહેલાં બચાવો. આ માનવંતી માનવતાભરી માતા આવા સંજોગોમાંયે બીજાને મહત્ત્વ આપવામાં પોતાની ભલાઈ જોતી હતી.

પ્રકાશ ફેંકીને ચારેય કાયાને જોવામાં આવી તો જણાયું કે એ ચારેય મર્યાં નથી. દશ દશ દિવસથી ભૂખ્યા રહેવાથી બેહોશ થઈ ગયાં છે.

ઝડપથી ચારેયનું મોઢું ખોલી ખોલીને તેમનાં મોઢાંમાં ઉત્સાહવર્ધક સ્ફૂર્તિદાયક બ્રાન્ડી રેડવામાં આવી.

એકમાત્ર ભૂખની જ વાત કરીએ તો દશ દિવસના આ પોષણવિહીન દિવસોથી જ તેઓ મૃત્યુ પામ્યાં હોત, પણ તેમણે જોયું તો તેમની પાસે પાણીનો એક જગ તથા એક મોટી નાન પ્રકારની બ્રેડના અવશેષો પડેલા હતા. પાણી ખાલી હતું, બ્રેડની ચીવડ રીબીનો રહી ગઈ હતી. કોઈકે આ જરૂર સાહસ ટુકડીને બચાવવાના પ્રયાસો કર્યા હશે. અથવા તેમને ટેકો થઈ રહે માટે જ આ યુક્તિ કરવામાં આવી હશે, પણ અગાઉથી જ થાકેલા ભૂખ્યા આ ચારેય સ્વસ્થ સાહસિકોને માટે એટલાં અલ્પ ભોજન-પાણી વળી શું ટેકો કરી શકે?

જે ટેકો થયો તે, એ ટેકો દશ દિવસ સુધી તો તેમને જીવતા રાખી શક્યો. એ કૃપા કરનાર કોણ હશે એ જાણવાની તો શક્યતા જ ક્યાં હતી? અને માત્ર એક જ વખત આ દયા કરનાર દયાળુ વ્યક્તિ દયા કરી ગઈ, એનો અર્થ કે બીજી વખતના તેના આગમનની શક્યતા જ નહીં હોય? અથવા કોઈકની ચોરછૂપીથી, ભય સાથે જ તેણે આવું અલ્પ જીવતદાનનું કાર્ય કર્યું હોય!

સર વિલિયમ્સની વિચારણા એ દિશામાં પણ ખેંચાઈ રહી ખરી કે જે પ્રકાશરેખા ભલે જોખમી કે ન સમજાય તે રીતે, અહીં સુધી તેમને લાવી શકી. એ જ પ્રકાશરેખાએ તો આ ચારે જણાને નહીં બચાવી લીધા હોય?

એ જે હોય તે, ઇજનેર જેમ્સ સ્ટાર, ઓવરમેન સાયમન ફોર્ડ, શ્રીમતી મજ તથા નવયુવાન ખાણિયા હેરીના બચી જવાનો આનંદ જ કંઈ જેવોતેવો ન હતો.

જેક રાયન ભલે આત્મા-પરમાત્મા-જીવાત્માની વાતો કરી રાખે, આજે સર વિલિયમ્સને એક નવો અનુભવ થયો હતો કે એ જે અગમસૃષ્ટિ હોય તે ખરી, પણ એવી અગનપરીઓ આવી ભલી હોય, એ નવી જ વાત કહેવાય!

સહુથી વધુ કૌતુકની વાત એ હતી કે જે દિવ્યજ્યોતના ઉપકારથી તેઓ બચ્યા હતા, કદાચ એ જ દિવ્ય કે અગમ્ય શક્તિએ જૂની-નવી એબરફોઇલ વચ્ચેનો માર્ગ પણ મોકળો કરી આપ્યો હતો. અગાઉ આ જ માર્ગ સુધી ચાર સંશોધકો આવ્યા હતા ખરા, પણ એ બાકોરું કોઈકે મોટા ખડકો, પથરાઓ, રોડાઓ દ્વારા બંધ કરી દીધું હતું. એવું જડબેસલાક રીતે એ મધ્યમાર્ગ બંધ કરવામાં આવ્યો હતો કે બહારની પ્રકાશની એક નાનીસરખી રેખા પણ તેમાંથી પ્રવેશી શકે નહીં કે બહાર આવી શકે નહીં.

એ જ સાંકડા પૅસેજમાર્ગથી બધાંને બહાર કાઢીને કાળજીપૂર્વક કુટીર સુધી લઈ જવામાં આવ્યા. જે રીતે ઘૂંટણિયે પડીને અંદર જઈ શકાયું

હતું એ જ રીતે બહાર આવવું કે બહાર લાવવું સરળ ન હતું.

પણ હવે તેમની પાસે સારો એવો સામાન હતો, ચિકિત્સા દ્રવ્ય હતા, સ્ટાફ હતો, પ્રયાસો હતા.

તેમ છતાં માનવું હોય તો માની શકાય અને માનવું જ રહ્યું કે તેમના પ્રયાસોમાં અત્યારે આડખીલી ઊભી કરે તેવું કોઈ ન હતું. અથવા એવા પ્રયાસો કોઈ કરતું ન હતું. એને લઈને પણ મુશ્કેલ કામ સરળ બનતું હતું.

જો ફરીથી કોઈ અહીં સામનો કરે, આ માર્ગને મોટા ખડક શિલાઓ દ્વારા બંધ કરી દે, તો આ બધાં કેવી રીતે ફાવે?

તર્ક એટલો જ થઈ શકે કે નવી ખાણસૃષ્ટિના વિકાસમાં બે પક્ષો છે. એક પક્ષ ઇચ્છે છે કે અહીંની શાંત સૃષ્ટિમાં કોઈ ખલેલ ન પડે. અગાઉની એબરફોઇલની જેમ અહીંનો વિકાસ ન થાય. એ પક્ષની તાકાત જેવીતેવી નથી જ. જે ડોકાબારીને રોડા-પથરા તથા ખડક-શિલાઓથી બંધ કરી દે, એ શક્તિ નાનીસૂની ન હોય!

તથા બીજો પક્ષ નવી એબરફોઇલને જીવતી થતી જોવા માગતો હોય! અલબત્ત એ પક્ષ સાવ નાનો અલ્પ કે ક્ષીણ હોવાનું જણાતું હતું!

એ બન્ને પક્ષ વચ્ચે કોઈ વિવાદ કે અંતર હોવાની શક્યતા ખરી જ. કેમ કે નાનો ભલો પક્ષ જે કંઈ ઉપકૃત કૃત્ય કરતો તે ક્ષીણ માત્રામાં કરતો અને તાકાતવાળો પક્ષ તે ચોરીછૂપીથી કરતો.

પણ આ બધી ધારણાઓ હતી, કલ્પનાઓ.

આવી અભેદ્ય પાતાળસૃષ્ટિમાં કોઈના હોવાની જ વાત વિચારી ન શકાય, ત્યાં વળી આ માયાજાળ કેવી?

માનવીય તત્ત્વોની કે અગમ્ય તત્ત્વોની?

# અજબ-ગજબનું કોયલાનગર

ઉપરની ઘટના બાદ ત્રણ વર્ષ પછીની આ દુનિયા પ્રવાસપુસ્તિકાઓ તથા પરિચયપુસ્તિકાઓ દ્વારા નવી જ શૈલીની જાહેરાત કરતી હતી:

પૃથ્વી પરની અજોડ અજાયબી. પૃથ્વી ઉપર કે નીચે જોવાલાયક કોઈ અજબ નગરી હોય તો તે બસ અહીં જ છે. નવી એબરફોઇલની આ ખાણનગરીમાં પધારો અને આજ સુધી કદી ન માણ્યા હોય એવા આહ્‌લાદના નવા રોમાંચ માણો. તમારી અહીંની મુલાકાત તમારો જિંદગીભરનો લહાવો બની રહેશે.

ચારે તરફ થતી આવી જાહેરાતોથી ધાડાંના ધાડાં પ્રવાસીઓ સ્ટર્લિંગશાયર ઊતરી પડતાં અને ત્યાંથી નવી એબરફોઇલની અજાયબ પ્રદર્શન સૃષ્ટિનાં દર્શને પહોંચી જતાં.

જે રીતે જાહેરાત કરવામાં આવતી તેમાં સ્પષ્ટપણે દાખલા- દલીલ તથા સાબિતીઓ સહિત જણાવવામાં આવતું કે આ દેશની કે દુનિયાના બીજા કોઈ પણ દેશની જૂની કે નવી કોઈ પણ ખાણદુનિયા નવી એબરફોઇલની તોલે આવી શકે તેમ નથી. પૃથ્વીના પટ પરની કોઈ ખાણ આ નવા કોયલાનગરની બરાબરી કરી શકે તેમ નથી, બલકે આ હીરાનગરી-શી ચીજ છે, એ તો તમે જોવાથી જ માણી શકો! એમ સમજો કે નવી સદીની શરૂઆત નવી એબરફોઇલથી થઈ છે, નવી ખાણનગરીથી જ થઈ છે!

પ્રવાસીઓ જ્યારે ખાણના પ્રવેશદ્વારે જમા થતાં ત્યારે જ આફરીન પોકારી જતાં. કાળા ગુફા ખડકોનું એ પ્રવેશદ્વાર જ જૂની-નવી રચના તથા કળા-કરતવની કમાલ દાખવનારું હતું. અહીંથી પ્રવાસીઓને ઠેઠ પંદરસો ફીટ નીચે લઈ જવામાં આવતાં, પણ બહાર સ્પષ્ટ આદેશ હતો કે અહીં કોઈ ભય જેવી વાત નથી. તમે સહેજ સરખાંય થાક અનુભવશો નહીં, દરેક ક્ષણે તમને નવી તાજગી, નવા ઉત્સાહનો અનુભવ થશે અને આમ તો તમે નીચે જ જતાં હશો, છતાં તમારો આહ્‌લાદ એવો હશે કે જાણે તમે ઉપર જઈ રહ્યા છો!

કેલેન્ડર પ્રવેશદ્વારથી દક્ષિણ-પશ્ચિમે સાત માઈલની ભૂગર્ભીય ટનલ હતી. ધરતીના પેટાળની ઊબડખાબડ જમીન પર આટલી સરળતાથી જઈ શકાય એ બહારની દુનિયા માટે પણ કૌતુક હતું. ઊંડાણના એ લાંબા માર્ગમાં ઠેરઠેર જોવાના, માણવાના, ખાણીપીણીના, કમાલ દાખવતા કંઈક આકર્ષણો હતા.

રેલવેની ડબલ લાઇન વળી વધુ ઉત્તેજના પૂરી પાડતી. એક પ્રવાસગાડી અંદરની બાજુ આગળ વધતી હોય, તો બીજી બાજુ સામેથી બાજુના પાટા પર બીજી માલવાહક ગાડી વાતાવરણ ધમધમાવતી આવતી હોય! ગાડીઓ સામસામી આવી રીતે ગમે ત્યાં ક્રોસ થતી ત્યારે જે ધડધડાટ કે અવાજ થતો એ સામે પ્રવાસીઓને જરાય ચેતવવામાં આવતાં નહીં. તેમને કહેવામાં આવતું: આ બધી સ્વાભાવિક ધ્વનિપ્રક્રિયા આપની સહેલ માટે છે.

ખરી મજા તો એ રહેતી કે નીચે જતી ગાડી અને ઉપર આવતી ગાડીની ગતિમાં કોઈ ઝાઝો ફેર રહેતો નહીં. નીચે જતી ગાડી ઝડપથી ધસમસી જતી નહીં અને ઉપર જતી ગાડીને ઉપર જવામાં કોઈ જોર પડતું નહીં. હાયડ્રોલિક એનર્જી એટલે કે જેને જળશક્તિ અથવા તો જળવિદ્યુતશક્તિનું નામ અપાયું હતું. એ હાયડ્રોલિક ગાડીઓ માત્ર અંદર જ ચાલતી નહીં, સ્ટેશનેથી અહીં સુધી ગાડી લઈ આવતી. પછી એ જ ગાડી અંદર દાખલ થઈ જતી. રેલવે સ્ટેશનેથી પ્રવાસીઓ હાયડ્રોમાં બેસવા ઉત્સુક રહેતાં. જ્યાં આકર્ષક સ્વરૂપમાં કરામતી જાહેરાત કરવામાં આવી હતી:

આઉટસાઇડ ઇન, ઇન્સાઇડ આઉટ.

પ્રવાસીઓ બીજી મહત્ત્વની તથા કૌતુકતભરી એ વાત જોઈ અને માણી શકતા કે આ કોયલાનગરમાં વિદ્યુતશક્તિનો પણ ભરપૂર ઉપયોગ થયેલો છે. વીજળીને ઊર્જા તથા પ્રકાશના હેતુ માટે પૂરી ક્ષમતાથી નાથવામાં આવી છે. વીજળીનાં લાંબાં દૃશ્યો, ટૂંકાં દૃશ્યો, પાતળાં દૃશ્યો, અતિપ્રકાશવાન દૃશ્યો, ધૂંધળાં કે ઝાંખાં દૃશ્યો અને ઝબક દૃષ્યોની તથા છાયા-પડછાયાના માયાવી દૃશ્યોની ઠેરઠેર અવનવી કમાલ-કૃતિકાઓ ઊભી કરવામાં આવી હતી. મુક્તપણે માણી શકાતો એ લાઇટ-શેડો શૉ, મોટાઓને મનોરંજન પૂરું પાડી જતો, પણ નાનાં બાળકો તો સ્વપ્નબારીમાં જ ફેંકાઈ જતાં.

નવી એબરફોઇલની આ અંતરિયાળ અવનિમાં બારીબારણાંને અવકાશ ન હતો, છતાં હવાઉજાસ પોતાની નૈસર્ગિક રીતે સેવા બજાવી રહેતાં. બહાર દિવસ હોય તો અંદર દિવસનું વાતાવરણ છવાઈ રહેતું અને તમારે રાત માણવી હોય તો, તમને પૂરા માહિતગાર બનાવી, રાત્રીની દુનિયા ઊભી કરવામાં આવતી, જેમાં તારાઓની ઝમકઝબક કુદરતી રીતે જ તમારી સમક્ષ પ્રગટ થઈ રહેતી. પૃથ્વી પર સહેલગાહ સ્થળોની દીવાબત્તીઓ પણ અચૂક જોવા મળી જતી.

અહીં સૂર્યશક્તિના ઊર્જા પ્રયોગો પણ દાખવવામાં આવતા અને અમુક પ્રકારના કળ યા બળથી ઉપરનીચે જતી લીફ્ટ તેના કાર્યકરની સૂચના મુજબ સેવાઓ આપતી.

યાત્રીઓને એક વિશાળ ખંડમાં લઈ જઈ કોઈક એવા ગુંબજગૃહમાં મોકળે મને છોડી દેવામાં આવતાં કે તેઓ બહારની દુનિયામાં છે કે ભૂગર્ભની દુનિયામાં છે, એનો ભેદ જ પારખી શકે નહીં.

અહીં ઠેરઠેર શૂન્યાવકાશનો એટલી હદે ઉપયોગ કરવામાં આવ્યો હતો કે અકસ્માતને તક જ રહી ન હતી. આવા શૂન્યાવકાશથી દીવાઓના પ્રયોગથી, અગાઉ કોલસાના ઊર્જા-તણખા હવા સાથે ભળી જઈ થતાં આગબનાવોને કાયમી તિલાંજલિ અપાઈ હતી.

આગામી નવી સદીના આ અવર્ણનીય ઊર્જાસાધનો માનવીય જીવનને કેવી રીતે ઉપયોગી થવાના છે, એનું વાસ્તવલક્ષી પ્રદર્શન આગવું આકર્ષણ જમાવતું. વિવિધ પ્રકારની ઊર્જાશક્તિઓ રચનાથી માંડીને રસોડા સુધી આપણી મદદે આવવાની છે, એવું સ્પષ્ટપણે જણાવ્યા બાદ ભારપૂર્વક માહિતી આપવામાં આવતી કે: તેમ છતાં કોલસાનો કોઈ પર્યાય નથી. કોલસો કોલસો છે. કોલસાની ખાણ હીરાની ખાણ છે. કુદરત કોલસાની કદી અછત ઊભી કરશે નહીં. નવી એબરફોઇલ માનવજાત જીવે ત્યાં સુધી કોલસો પૂરો પાડવાની ખાતરી આપે છે. અહીં જે અવનવા ચમત્કારો તમે જોયા એનાથી પણ ઘણાં બધાં ઉપયોગી ચમત્કારો દાખવવાની કોલસાની ક્ષમતા છે, એ એનું વચન છે.

ઇજનેરશ્રી જેમ્સ સ્ટારે નવી એબરફોઇલ વિષે જે આગાહી કરી હતી તે અક્ષરશ: સાચી પડતી હતી. અમાપ અને અલભ્ય માત્રામાં કાર્બનીફેરસ કોલસો મળે જ જતો હતો. તેની ગુણવત્તા આંકી ન શકાય તેટલી અમૂલ્ય હતી.

કોલસાનગરની શરૂઆત અંતરિયાળ પશ્ચિમી વિભાગમાંથી થઈ કે જ્યાં ઊંચી ગુણવત્તા સાથેનો કોલસો આસાનીથી મળી આવ્યો હતો. તમારે છેડવાની જ વાર હતી કે, એ કોલસો સામો ચાલીને કહેતો હતો, 'વધુ લો, વધુ મેળવી લો, વધુ આસાનીથી પ્રાપ્ત કરી લો, મેળવે જ જાવ.'

ઊંડી મધ્યસ્થી ખાણને પછી છેડવામાં આવી. કેન્દ્રિય આ પ્રદેશને પશ્ચિમની પૂરક સગવડો માટે જ વિકસાવવામાં આવ્યો. લાગતું તો એવું કે કદાચ પશ્ચિમ જ વિશ્વને આજીવન માલામાલ કરી રહેશે.

એથી મધ્યની ડૉકા-દુનિયાનો ખાણમાં કામ કરતા માનવોના વધુ ઉપયોગ માટે જ વિકાસ સાધવામાં આવ્યો. એ ગુંબજીય-વિશ્વ અથવા ગ્લોબ-વર્લ્ડમાં ઉપરના વિકસિત માનવને ન મળે, એવી તમામ સુખસગવડ સાહ્યબી મૂકી દેવામાં આવી. અહીં વસી ગયેલો માનવી કદી ઉપર જવાની ઇચ્છા પણ નહીં કરે, એવા આહ્‌લાદક આકર્ષણો અહીં ઊભા કરી દેવામાં આવ્યા. શરત એક જ રહેતી: આ બધું કોલસાના પ્રતાપે છે. નવી એબરફોઇલને વફાદાર રહીને સદા નવીન રાખો, તમને આથી અનેક ગણો આહ્‌લાદ મળી રહેશે.

કેટલાક માનનારાઓ તો કોલસાને દેવ માનવા લાગ્યા. તેની આંતરિક શુભેચ્છા માટે તેને પ્રતિમા સ્વરૂપે પોતાની પાસે રાખવા લાગ્યા.

ઇજનેરશ્રી જેમ્સ સ્ટારે ખાણની શોધ વખતે જે આગાહીઓ કરી હતી એ જરાય ઓછી ન હતી. નવી ખાણ ઇજનેરના શબ્દને સાચો ઠેરવવા વધુ ને વધુ પ્રોત્સાહન આપતી હતી. કાર્બનીફેરસ કોલસાની કિંમત આંકી ન શકાય તેટલી ઊંચી હતી. ઊર્જા ઉપરાંત તે બીજાં એટલાં બધાં તત્ત્વો રસાયણો મૂળતત્ત્વો આપતો હતો કે હીરો એના હિસાબે કંઈ જ ન હતો.

સહુ પ્રથમ પશ્ચિમી વિભાગના ભૂગર્ભીય ઝોનને ખેડવામાં આવ્યો હતો. તેનો વિકાસ અભૂતપૂર્વ પ્રેરણા આપી ગયો. મૂળ કોલસાનગરથી આ ઝોન એકાદ માઈલને અંતરે હતો.

જે કોલસાનગર વાસ્તવમાં ઊંચું આવ્યું, એ ઉપરની પશ્ચિમી સીમ પર આધારિત હોવા છતાં, દરેક રીતે સ્વતંત્ર હતું. નવા ઉદ્યોગનગરનો તમામ ઊર્જા પુરવઠો કે પ્રાણસ્રોત બાજુની ખાણમાંથી આવે છે, એની કોઈ કલ્પના જ કરી શકે નહીં. વચમાંથી આખું આધુનિક નગર દરેક રીતે સ્વયંસંચાલિત હોય, એવી જ રચના થયેલ હતી. નજીકની ખાણના ધમાકાધડાકાથી પણ આ નવું નગર મુક્ત હતું. આજુબાજુનો આધાર લઈને પણ આખું નગર સંપૂર્ણપણે અલાયદું રહી શકે, એ બાબતની પ્રેરણા આ પાતાળનગરી ઉપરના નગર વિકાસને પણ સદા આપી રહેતી. હવાઉજાસની તમામ સગવડ ઉપરની દુનિયામાંથી મેળવવામાં આવી હતી, પણ તેમાં એવી યુક્તિ અજમાવવામાં આવી હતી કે, ઉપરની દુનિયાને ખલેલ ન પડે અને નીચેની દુનિયાને ખબર ન પડે. કોઈ બારીબારણાંની જાણે જરૂર જ ન હતી. જે હવા મળતી તે શુદ્ધ અને આરોગ્યપ્રદ જ મળતી, એવું આયોજન હતું.

આ આઝાદનગરની પાણીની વ્યવસ્થા પાતાળ દ્વારા થઈ હતી. અહીં ચારે બાજુ ખડકોના વાવ, કૂવા, તળાવ, સરોવરમાં એટલાં બેહદ પાણી હતાં કે જે કદી ખૂટે જ નહીં. બાષ્પીભવન દ્વારા આ પાણી ઊડીને ઓછા થઈ જવાનો ભય ન હતો. બહારની દુનિયામાં થોડાંક વર્ષો વરસાદ ન પડે, દુષ્કાળ પડે, તોપણ અહીંનાં પાણી ખૂટવાની શક્યતા જ ન હતી. ખડકોરૂપી વાસણોમાં સંચિત આ પાણીનો તેની ગતિશક્તિ, તેના ઊંચાણ-નીચાણ મુજબ યોગ્ય ઉપયોગ થતો. પાણીમાંના ખનીજતત્ત્વોના અભ્યાસ બાદ પાણીની વિવિધ કેટેગરી તારવવામાં આવી હતી. જેને ઉમદામાં ઉમદા અથવા શ્રેષ્ઠ મિનરલ વોટર કહી શકાય તેવું પાણી અહીંની મોટી સિદ્ધિ હતી.

તાત્પર્ય એટલું જ કે કાલે ઊઠીને બહારની એટલે કે ઉપરની દુનિયામાં માનવજાતને કોઈક તકલીફ થાય તો માનવજાત આસાનીથી

અહીં આવી પાતાળનગરીમાં વસી શકે. હેમખેમ વસી શકે, ઉપર કરતાં કદાચ વધુ મોજમઝેથી અને લાંબા આયુષ્ય સાથે જીવી-વિકસી શકે.

દરેક ઋતુમાં સમશિતોષ્ણ આહ્લાદક હવામાન રહે એવી આ નગરી મુખ્યત્વે ગુંબજાકાર બની હતી. મોટા ગુંબજને ક્યાંય કોઈ ટેકા ન હતા. એ ટેકાની જવાબદારી ભૌગોલિક વિજ્ઞાને લઈ લીધી હતી. પૃથ્વી ઉપરના કેટલાય પહાડો ઝૂકી ગયેલા, વળી ગયેલા, વર્તુળાકાર બની ગયેલા જોવામાં આવે છે. એ પહાડો કદી પડતાં નથી. એ જ વિજ્ઞાનને અહીં કામે લગાડવામાં આવ્યું હતું.

બહારની દુનિયામાં કેન્ટુકીની અભેદ્ય વિશાળ ગુફાઓમાં 'મેમથ ડોમ'ની ખ્યાતિ હતી. એ જ 'મેમથ ડોમ'ની જાણે કે પ્રતીકૃતિ અહીં તૈયાર થઈ ગઈ હતી.

ન્યુ એબરફોઇલની આ ગુંબજ નગરીમાં એક સાથે પાંચ હજાર માણસો આસાનીથી હરીફરી શકે તેવી સુવિધા હતી. તેમાં નાના વર્તુળાકારે કોલસા-પ્રદર્શનો હતાં. એ પ્રદર્શન કોલસાના અજબગજબના વિવિધ ઉપયોગની વાત વર્ણવતા હતા. ડગલે ને પગલે માનવીના હરેક ક્ષેત્રમાં માનવીને ઉપયોગી થનાર આ કોલસો માનવીને પૃથ્વી ઉપર તથા પૃથ્વી નીચે જ નહીં, પાણી ઉપર તથા પાણી નીચે જ નહીં, કાલે ઊઠીને માનવીને આકાશી કૂદકા મારવા હશે તો તેમાંય મદદરૂપ થવાનો છે, એવી કોલ-આગાહી અહીં કરવામાં આવી હતી.

ન માની શકાય તેવી વાત તો એ હતી કે આ કોલસાનગરી હેઠળ એક કલ્પી ન શકાય તેવું સરોવર હતું. ડેડ-સી એટલે કે મૃતસાગર જેટલી તેની ક્ષમતા હતી. એ સરોવરનાં પાણી એટલાં સ્વચ્છ હતાં કે બાજુમાં જ એક વિહારધામ ઊભું કરવામાં આવ્યું હતું, જેનું નામ ઇજનેરશ્રી જેમ્સ સ્ટારે જાતે જ 'લોક માલ્કમ' આપ્યું હતું.

બસ, આવી જ આહ્લાદક અવનિમાં ઓવરમેન સાયમન ફોર્ડે પોતાની નવી કુટીરની સ્થાપના કરી હતી. એ કુટીર તેને એટલી ગમી ગઈ હતી કે તેના બદલામાં એડિનબર્ગનો પ્રિન્સ-પેલેસ આપવામાં આવે તોપણ તે બદલો ન જ કરે. એ કુટીરની પાંચ દિશામાં પાંચ બારીઓ ગોઠવવામાં આવી હતી. ચાર દિશામાં ચાર અને એક ઉપર. પાંચે બારીઓ દ્વારા માત્ર કાળા પાણીના આભાસ માણી શકાતા. અંધકાર એટલે દૂર સુધી ઘેરો રહેતો કે કંઈ જોઈ શકાય નહીં. છતાં અનુભવી સાયમન ઘણી વાર એ બારીમાંથી જોયા કરતાં, તેમને ઘણું જોવાનું મળતું. કંઈ નહીં તો હજી બાકીના સપનાંઓ તો આ કાજળકાળાં અંધકારમાં જ સજીવન થતાં.

બે મહિના રહીને જ સાયમન કુટીરની બાજુમાં આવી ગઈ એવી જ બીજી કુટીર, ઇજનેર કુટીર. એન્જિનિયર જેમ્સ સ્ટાર પણ હવે અહીં જ રહેવા આવી ગયા. નવી એબરફોઇલે ઇજનેરશ્રીને એટલી બધી

દિશાઓ બતાવી હતી કે હવે સાયમન ફેમિલીની જેમ તેમણે પણ સદાને માટે અહીં જ રહેવાનું નક્કી કર્યું હતું.

નવી એબરફોઇલ તરફનો કારીગરોનો, કસબીઓનો, કર્મચારીઓનો ધસારો વધી ગયો હતો. ઉપરની દુનિયામાં ટિચાતા કે કામ માટે ફાંફાં મારતાં બધાં જ શ્રમજીવીઓ તથા બુદ્ધિજીવીઓ અહીં આવી પહોંચ્યા હતા. અહીંની પરિસ્થિતિ ઘણી સારી હતી. પગાર ઘણાં ઊંચા હતા, ભવિષ્યની ખાતરી હતી તથા ખાણ બંધ થવાની તો કોઈ વાત જ ન હતી. જે કોઈ આવે, જે દિશામાંથી આવે, જેટલા લોકો આવે તેટલા તમામને નવી ખાણ સમાવે જતી હતી. નવી ખાણની તો એક જ દિશા હતી કે ઝાઝા હાથ રળિયામણા. જેટલા વધુ લોકો, એટલી નવી દુનિયા વધુ ઝડપથી નવી બનશે. જેઓ કદી કાળા પાતાળલોકમાં પ્રવેશ્યા જ નથી, એ બધાં જ હવે અહીંના કામથી એટલા રાજી થતા હતા કે ઉપર જવાનું નામ જ લેતા ન હતા. ઓવરમેન સાયમન ફોર્ડ, ઇજનેર જેમ્સ સ્ટારની જેમ એવા લોકોની પણ એક આખી કૉલોની તૈયાર થઈ ગઈ હતી. એ કૉલોનીની રચના ઘાટીલી, સાદાઈભરી તથા વધુ સુખસગવડભરી હતી.

એમાંની કેટલીક વસતી નાના નાના ગુંબજાકાર નિવાસસ્થાનોની, કેટલીક દેવળ પ્રકારના આર્ક-ટાઈપ આકૃતિઓની તથા કેટલીક ષટ્કોણ કે અષ્ટ્કોણીય આવાસોની હતી. આમાં જેઓ ખાણ ખોદીને કાઢતા એટલે કે સાચા અર્થમાં ખાણિયાઓ-પુટર્સ હતા તેમના માન-સન્માન સહુથી વધારે હતાં. ત્યાર બાદ કડિયા, લુહાર, સુથાર, મજૂર, ભારવાહક, ભારસંવાહક, નાના ઇજનેર, નાના આર્કિટેક્ટ વગેરેનો ક્રમ હતો. કોયલાનગરની આ વિવિધ વસતીના નામો લોક-માલ્કમ-મોલ્ડ, લોક-કેટીન-કાઉન્ટ, હાઇ-એબર-હેવન, માઉન્ટ-બ્લૅક-ગોલ્ડ, લેઇક-બૅન્ક-એવન્યૂ જેવાં રળિયામણાં અને સૂચક હતાં. એક વિશાળ ખડકમાંથી કોરી કાઢીને સેઇન્ટ ગાઈલનું પહાડી દેવળ પણ બનાવી દેવામાં આવ્યું હતું.

ખાણના અંતરિયાળ ભાગોમાં વિહારધામો, પ્લે-ગ્રાઉન્ડ્ઝ, પિક્નિક-સ્પોર્ટસ, કલા-મંચ જેવી આકર્ષક મનોરંજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. ખાણના કલાકારો વખતોવખત તખ્તા પર નાટ્યરચનાઓ રજૂ કરતા અને ગાયકો સંગીત મહેફિલ જમાવતા.

દશ દશ વર્ષ સુધી, જ્યારે કંઈ જ ન હતું ત્યારે સહકુટુંબ અહીં જ એકાકી જીવન પસાર કરનાર સાયમન ફોર્ડને તો નવી ખાણના મસિહા જેટલું માન પ્રાપ્ત થતું હતું.

ત્રણ વર્ષની નવી ખાણની પ્રગતિમાં દરેક ખાણ-પ્રાણ વ્યક્તિગત ને સામૂહિક રસ લેતા. એથી આ ઊંડી, અંદરની, ભૂગર્ભીય દુનિયામાં આવી વસેલા ઘણાં કુટુંબો પછી તો બહાર ગયાં જ ન હતાં. આ ત્રણ વર્ષ દરમિયાન અહીં નવાં નવાં બાળકો જન્મ લેવા લાગ્યાં હતાં. એ બાળકોએ

તો કદી ઉપરની દુનિયાની હવા કે સ્પર્શ પણ માણ્યા ન હતાં. આવાં બાળકો માટે જેક રાયને ગીત જોડ્યું હતું:

***ઉંમર થઈ છે અઢાર મહિના***

***જન્મને થયા છે અઢાર મહિના***

***નથી રે જોયો સૂરજનને ગોળો***

***નથી રે જોયો પેલો ચંદ્રમા ભોળો.***

***દિવસ કેવો હોય?***

***ક્યાંથી જાણે એ ભૂલકાં.***

***આકાશ? એ વળી શી ચીજ છે?***

***પૂછી રહેશે એવા એ ઢૂલકાં***

***તારા? હા હા, ઝગમગતા દીવા***

***ગોળ ગુંબજના ટમટમતા દીવા.***

***તો પણ સુખી છે, અનહદ સુખી છે***

***ઉપરના કરતાંય વધુ સુખી છે.***

***કેમ કે અહીં છે ચોક્કસ ભાવિ***

***સુદૃઢ સુનિશ્ચિત નક્કર ભાવિ.***

જેક રાયન ઇજનેરશ્રીની વિનંતીથી અહીં જ આવી ગયો હતો. સહુ પ્રથમ સ્વેચ્છાએ આવી જનાર તે જ હતો. મેલરોઝ ફાર્મ નહીં છોડવા તેને વિનંતી કરાઈ હતી, પણ તે નવી એબરફોઇલનું અનેકવિધ ખેંચાણ રોકી શક્યો ન હતો. હા, અહીં તેનાં ગીતસંગીત પણ આવ્યાં જ હતાં.એ ગીતસંગીત ઘણાંને ખેંચી લાવ્યાં હતાં.

જેક રાયન વળી સાયમન ફોર્ડ સાથે જ રહેવા લાગ્યો હતો. સાયમને જાતે તેને એક અલાયદો સ્વતંત્ર ખંડ આપી દીધો હતો. તેને અહીં વસાવવામાં શ્રીમતી મજનો મોટો ફાળો હતો. સંગીતશોખીન મજ પાસેય ઘણાંબધાં લોકગીતો હતાં. જેકની જેમ તે વળી નવા જોડકણાંય જોડી દેતી. બન્નેની સંગીત મહેફિલ મજેદાર બની રહેતી.

શ્રીમતી મજ તથા જેક રાયનના જોડાણનું એક બીજું ખાસ કારણ પણ હતું. જેકની જેમ મજ પણ થોડીક અતિન્દ્રિય આસ્થાઓમાં વિશ્વાસ ધરાવતી હતી. બન્ને પોતપોતાના બાળપણમાં સાંભળેલી, વાંચેલી અવનવી અગમ્ય-સૃષ્ટિની કથાઓની લંબાણપૂર્વક ચર્ચા કરતા. ક્યારેક મધુર કંઠ ધરાવતી મજ જેક રાયનના સંગીતમાં સૂર પણ પુરાવતી.

જોતજોતામાં જેક રાયન ખાણનો સંગીતપ્રાણ બની રહ્યો. તે જાતે એક અચ્છો કર્મચારી અને સંશોધક હતો. છ મહિનામાં તો તેની કાર્યનિષ્ઠા અને દીર્ઘદૃષ્ટિએ તેને ગેંગરમાંથી ફોરમેન બનાવી દીધો.

પોતીની આ નિમણૂક બાદ સાયમનનો આભાર માનતાં ગળગળા સાદે રાયન કહે, ‘તમે મિસ્ટર ફોર્ડ, આ નવી ખાણ શોધીને અમારા નવજવાનિયા પર મોટો ઉપકાર કર્યો છે. તમે એ નવી શોધમાં કેટલું જોખમ ઉઠાવ્યું છે એ અમે જાણીએ છીએ, પણ તમારું સાહસ અમારી નવી દુનિયાની તો સહેલ જ બની રહી છે.’

‘અમારી એ પ્રવૃત્તિ જરૂર સારી હતી, જેક.’ સાયમને કહ્યું, ‘પણ હું કે મિસ્ટર જેમ્સ સ્ટાર તારો આભાર માન્યા વગર રહી શકતાં નથી. અમારા આ યશનો સાચો ભાગીદાર તો તું જ છે જેક. અમારી જિંદગી પણ તેં જ બચાવી છે ને!’

‘એ માટેના ધન્યવાદ તો આપના સુપુત્ર હેરીને જ આપો વડીલ!’ જેક બોલી ઊઠ્યો, ‘કેમ કે એણે જ ઇરવીન ઉત્સવમાં આવવાનું મારું આમંત્રણ સ્વીકાર્યું હતું.’

‘અને હાજર ન રહ્યો, ખંરુ ને જેક?’ આ વખતે હેરીએ વાતનો દોર હાથમાં લઈ લીધો, ‘જેક, બધાં યશ-ધન્યવાદ-અભિનંદનો તારાં છે. તારે જ સ્વીકારવાનાં છે. કેમ કે તું કેટલી બેહદ રીતે ઘવાયેલો હતો, છતાં જરા સરખોય સમય બગાડ્યા વગર તું તારી સંશોધક ફોજ લઈને આવી પહોંચ્યો અને અમને બંધ ખાણમાંથી મરતાં બચાવી લીધા.’

‘એ બધું વધારે પડતું છે, હેરી.’ જેકે જીદ ચાલુ રાખતાં કહ્યું, ‘હું તો તને જ શોધવા નીકળ્યો હતો મિત્ર! પણ સાથમાં તમે બધાં જ મળી ગયા. એનું શ્રેય હું પેલા ગૂઢ તત્ત્વને પણ આપીશ. જે રીતે એ દીવા જ્યોત કે દિવ્ય જ્યોત યુક્તિપૂર્વક અમને, તમે પડેલા હતા ત્યાં સુધી લઈ આવી...’

‘તો ગૂઢ તત્ત્વ, દિવ્ય જ્યોત, દોડતી મશાલ... એ બધી વાત ચાલી ખરી.’ સાયમન ફોર્ડે ટહુકો કર્યો.

‘અગનપરીનું એ કોઈક રૂપ ખરું જ.’ જેક રાયને આગ્રહપૂર્વક કહ્યું, ‘અથવા તમારે જે કહેવું હોય તે કહો, પણ એ અગમ પથપ્રદર્શકના માર્ગદર્શન સિવાય અમે અજાણી અભેદ્ય ગૅલેરી સુધી ભાગ્યે જ આવીને તમને પામી શક્યા હોત.’

‘એ જે કોઈ હોય તે,’ હેરી કહેવા લાગ્યો, ‘પણ એ દિવ્ય હતું, અગમ હતું, અતિન્દ્રિય હતું, એ બધી તો સાબિત થવાની વાત છે.’

‘એ વાતોની સાબિતીમાં પડવાનો કોઈ અર્થ નથી.’ જેકે કહ્યું, ‘જે રીતે એ મશાલ ઊછળી ઊછળીને ઘડીમાં અહીં, ઘડીમાં ત્યાં પ્રગટ થઈને કે

ઝળહળીને જે માર્ગદર્શન આપતી હતી, તેમાં એના ઉપકારનો જ હાથ હતો. ચોંકવાની જરૂર નથી હેરી, પણ પ્રકાશ સ્વરૂપે પ્રગટ થવું, અંધકાર સ્વરૂપે અદૃશ્ય થઈ જવું, એ બધું અગમ તત્ત્વોનું જ કાર્ય હોઈ શકે. તું ભલે ન માને પણ આપણને ઝટ એના પુનઃદર્શન થશે જ.'

'આપણે અધીરાઈથી એનાં દર્શનની રાહ જોઈએ, જેક.' હેરીએ કહ્યું, 'અને તું અમને એની મુલાકાત કરાવી આપવામાં જરૂર મદદરૂપ થશે જ.'

'મને તો એમાં જોખમની જ એંધાણી નજરે પડે છે, ફોર્ડ કુટુંબીજનો!'

જેક રાયનની એ શંકાના જવાબમાં હેરી કહે, 'જોખમ અમારું સાથીદાર છે. એથી જો સત્ય શોધી કાઢીશું તો સહુનું ભલું થશે. આખર આપણે માણસજાતે સત્ય જ શોધવાનું છે. છાયા-પડછાયામાં ક્યાં સુધી અટવાયા કરીશું?'

નવી એબરફોઇલનું સામ્રાજ્ય ફોર્ડકુટુંબ માટે પરિચિત બની રહ્યું, પણ હેરી નવી દુનિયાથી સહુથી વધુ પરિચિત હતો, કેમ કે તે સદાય ખૂણેખૂણામાં ફર્યા કરતો. ક્યારેક તે પોતાના કૌતુકની શાંતિ માટે નવી એબરફોઇલની અપરિચિત દુનિયામાં પણ પહોંચી જતો. તેને માટે એબરફોઇલ કોઈ સીમા ન હતી, તેની શોધ કદાચ પૂરી જ થઈ ન હતી. તે પાતાળી દુનિયાના બધાં ખાંચાઓ જાણતો, બધાં વળાંકો પહેચાનતો. એ જગા ઉપરની દુનિયાની કઈ જાણીતી જગાની નીચે આવી છે, કેટલી નીચે આવી છે, એ પણ લગભગ તેણે જાણી લીધું હતું.

નીચેની કઈ સીમ 'ફર્થ ઑફ ક્લાઇડ' નીચે છે, તથા લોક-લોમાન્ડથી લોક-કેટ્રીનનો અંતરિયાળ માર્ગ કયો છે, એ તેણે ક્યારનું જાણી લીધું હતું. એ બધી નીચેની ખાણમાળા એક રીતે તો ઉપરની ગ્રેમ્પીયન પર્વતમાળા જ હતી. આ તરફનું અદકેરું ભોંયરું ડમ્બરટનના 'વૉલ્ટ-બેઇઝ' તરીકે કામ કરતું હતું. ઉપરથી પસાર થતી હતી બલોક તરફની રેલવે લાઇન. સ્કોટીશ કિનારો અહીં લગભગ પૂરો થતો મનાતો અને અહીંથી શરૂ થતો દરિયાનો તેનાં મોજાંનો, તેના પવનના સૂસવાટાનો સ્પષ્ટ અવાજ સાંભળી શકાતો. હેરી આ બધી ભૂગોળનો, માણસો માટેનો જ અચ્છો ગાઇડ ન હતો, પણ તે આ બધી અવનવી કુદરતનો પણ માર્ગદર્શક બની ગયો હતો. નીચેના અંધારામાં રહીને તે ઉપરના નકશા તૈયાર કરી બતાવતો હતો.

નવી એબરફોઇલની નવી નવી શોધ તેને ગમતી. ખાસ સમય કાઢી ટોપ-દીવાને માથે લગાડી તે દૂરદૂર સુધીના ઊંડાણ પોલાણને ભેદવા પહોંચી જતો, અને કંઈક નવું શોધી ન કાઢે, ત્યાં સુધી તેને જંપ વળતો નહીં.

તે પોતાની ખાલી બનાવેલી હોડીમાં ભૂગર્ભીય જળમાર્ગોની માહિતી મેળવતો. એ પાણી ક્યાંથી આવ્યાં છે? ક્યાં સંઘરાયાં છે? કેટલાં ઊંડાં છે? તેનું સંધાણ ક્યાં છે? એ જળક્રિડાની પણ તેને અનેરી મોજ પડતી. પાણી જો વહેતા હોય તો તે મૂળ જગાથી વહેણની સાથે જતો, પાણી જે સ્થિર હોય તો તેની સ્થિરતા તથા ઊંડાણ માપવાનો પ્રયાસ કરતો.

પાણી છે તો પછી પાણીના જળચરો હોવાના જ. માછલી છે કે કેમ? કેટલા પ્રકારની છે? તેને ખાવા માટે બગલાંઓ, બતકો જેવાં પક્ષીઓ આવે છે કે કેમ? આવે છે તો ક્યાંથી આવે છે? એ તેની શોધનો અંગત શોખવિષય રહેતો. હેરીને ઘણી વાર આવા પક્ષીઓના શિકારનું મન થતું. હેરી આ બધી જ અંધારી આલમ હવે સ્વાભાવિક આંખે જોઈ શકતો. સતત અંધકારમાં રહીને તેની આંખ અંધકારલક્ષી બની ગઈ હતી.

કોઈ ખલાસી ખારવો દરિયા તથા આકાશને મળતી ક્ષિતિજ શોધવા ઝઝૂમે, તેવી જ રીતે તે આ ખાણની ભૂગર્ભીય ક્ષિતિજ પામવા પ્રયાસ કરતો.

આ બધી શોધ પાછળ તેની એક ઝંખના, પેલા ભેદી તત્ત્વને પામવાની રહેતી કે, જેણે તેમની જિંદગી બચાવી હતી. ગમ્ય હોય કે અગમ્ય, ભેદ્ય હોય કે અભેદ્ય, માનવ હોય કે અમાનવીય, લૌકિક હોય કે અલૌકિક, હેરી પોતાના એ ઉપકારકને મળવા જોવા તથા આભાર માનવા માગતો હતો.

તેને કોઈ ડર ન હતો, કેમ કે જે એક વખત બચાવી ગયું છે તે વળી ફરીથી મારવા શું કામ આવે?

તેને તો ખાતરી હતી કે તે 'એ?'ને મળીને અને મેળવીને જ રહેશે. અત્યાર સુધીની સફળતાએ એ આશા જગાવી હતી. તેને મનોમન એ વાતનીય શુભેચ્છા રહ્યા કરતી કે જે કોઈ તેમને જિવાડી ગયું, એ તેમના જીવી ગયા પછીની પ્રગતિથીય વાકેફ હશે અને રાજી થતું હશે, મનોમન કે અદૃશ્ય રીતે!

આશ્ચર્યની લાગે તો આશ્ચર્યની વાત, પણ જે થોડે થોડે અંતરે ફોર્ડકુટુંબ પર હુમલાઓ થતા હતા, એ બધાં બંધ હતા. એમાંના કોઈ અણછાજતા કારસ્તાનો આ નવી એબરફોઇલને જોવા મળ્યા ન હતા. નવી એબરફોઇલની નવી દુનિયા તો નિશ્ચિંતભાવે હેમખેમ આગળ ઉપરની પ્રગતિ સાધ્યે જ જતી હતી.

એ પ્રગતિ માત્ર ખાણ સંશોધકોને ફાળે જ જતી હતી. નવા કોલ-ટાઉનના વસાહતીઓ પણ હવે પોતપોતાની રીતે અવનવી શોધ કરવા

લાગ્યા હતા. અલબત્ત એ શોધ મનોરંજન, સહેલ, સુખસગવડ, સાહ્યબી તરફની રહેતી.

કોલ-ટાઉન યા કોલ-વર્લ્ડની એક સારામાં સારી વાત એ હતી કે સોમથી શુક્ર સુધી બધાં જોરદાર રીતે કામ કરતાં. પોતપોતાનાં કામમાં કોઈ સહેજ સરખીય ચોરી કરતું નહીં. શનિ-રવિ ઘણાં બધાં કાર્યક્રમોનું આયોજન થતું. મિલન, મુલાકાત, સમૂહ મિટિંગો, નવી વિચારણા, જૂથચર્ચાઓ. જાહેર જગાએ ગીતસંગીતની પોતપોતાની રીતની મહેફિલો જામતી. તેમાં સ્કોટીશ રાષ્ટ્રીય-વાદ્ય બેગપાઇપનું ખાસ મહત્ત્વ રહેતું. જેક રાયનની એ ખાસિયત હતી કે દર વખતે તે કોઈક નવીનતા રજૂ કરતો જ. તેણે બૅગપાઇપ વગાડતાં શીખવવાના વર્ગો પણ શરૂ કરી દીધાં હતાં. જેક રાયન ત્યારે હાય-લૅન્ડરનો પોશાક અચૂક પહેરતો. તેણે બૅગપાઇપની અમુક ધૂન ઉપર ખાણનાગરિકોને તાલબદ્ધ નૃત્ય કરતાં પણ કરી દીધા હતા.

જેક રાયને પોતાના તરફના સાયમન ફોર્ડકુટુંબનાં ગીતો પણ જોડ્યાં હતાં. એ ગીતોમાં ઇજનેર જેમ્સ સ્ટારની પ્રશસ્તી સરખે ભાગે ગાવામાં આવતી.

સમૂહ ગીતનૃત્યમાં આ ગીતો વધુ જામતાં. એક વખત હાજર રહેલા સાયમને કહ્યું, 'મહેરબાની કરીને મારાં ગીતો ન ગાવ. વ્યક્તિનાં ગીતો ન ગાવ. એ ખરું કે અમારી ખાણપ્રીતિને લઈને અમે ખાણની બહાર ગયા નહીં, પણ એ રીતે તમારી પાસે પણ કોઈક ધૂનો હશે જ. ધૂનમાં જ્યારે સાધના ભળે છે, ત્યારે કોઈક નવી સિદ્ધિ હાંસલ થાય છે. અત્યારની જે સિદ્ધિ છે તે હિંમતપૂર્વક હું કહી શકું કે ઇજનેરશ્રી જેમ્સ સ્ટારની છે.

જેમ્સ સ્ટાર હાજર હતા. તેઓ કહે, 'હું આપણા લોકપ્રિય ઓવરમેન સાયમન ફોર્ડની વાત દોહરાવું છું. વ્યક્તિનાં ગીતો ન ગાવ. સમૂહનો જો સાથ ન મળે તો વ્યક્તિ કંઈ કરી શકતી નથી. આ કોયલાનગરના વિકાસમાં નાનામોટા અગણિત લોકોનો સહકાર સમાયેલા છે. કેટલીક સૂઝસમજ એવી છે કે અમનેય ચોંકાવી ગઈ છે. એટલે કે અમનેય બે વાત શીખવાડી ગઈ છે. અમારો વિષય ખાણ છે, એટલે અમે ખાણ વિષે જ વિચારીએ છીએ, પણ હવે આપણે અહીં સ્વતંત્ર વિશ્વ ઊભું કર્યું છે. અલબત્ત એ વિશ્વ ખાણ પર આધારિત છે. તેમ છતાં વિશ્વવિકાસની જે હરપ્રકારની દિશાઓ છે, એ તમારો વિષય છે. તમારામાંનો ઘણાંનો વિષય છે. અમારી પ્રાર્થના છે કે દરેક દિશામાં, એ દિશા નવી હોય કે જૂની, તમે તમારાં સૂચનો આપી શકો છો. એ સૂચન મુજબ તમે કંઈક કરવા માગો તો એ માટેની તમામ સગવડ તમને મળી જશે. એક સૂચન થોડા સમયથી આવ્યું છે. વિચારવા યોગ્ય છે. એ સૂચન એવું છે કે ખાણની દુનિયા ભલે પુરુષોની દુનિયા રહી, પણ તે માત્ર પુરુષોની જ ન રહે, એવું ઘણાંનું માનવું છે. આપણે ઉપરની દુનિયાનું

અનુકરણ નથી કરવું, પણ ચિકિત્સા, શિક્ષણ, બાળકેળવણી, ભરતગૂંથણ-સીવણ, શોભા, શુશ્રૂષા જેવાં કંઈક કાર્યો મહિલાઓ માટે સહજ છે. કોઈક પ્રકારની ખાણ-નવીનતા સાથે એ કાર્ય તો મહિલાઓ ઉપાડી જ લે, એવાં સૂચનની રાહ જોવાની જરૂર નથી. બલકે ઉપાડી લીધું જ છે, એ આપણે જોઈ શકીએ છીએ. પણ તમે સહુ જાણો છો તેમ, આ કોલસો બહુગુણી સંપત્તિ છે. રંગ, રસાયણ, ગૅસ, વાયુ, ડામર, ખનીજ જેવી કંઈક સામગ્રી તો કોલસો આપે જ છે, પણ તે સિવાયની કેટલીય કૌતુકભરી પેન, પેન્સિલ, સિલેટ, બ્લૅકબૉર્ડથી પણ જુદી જાતની વાનગીઓ કોલસો આપે છે અથવા આપવાની રાહ જોઈને બેઠો છે. તમને જાણીને નવાઈ લાગશે કે કોલસો કેટલીક ખાદ્યસામગ્રી માટે પણ અનુકૂળ છે.'

થોડી વાર રહીને તેઓ કહે, 'મારા મોઢામાં રહી ગયેલા એક સ્વાદની યાદ તાજી કરું તો આ કોલસાભૂમિમાં જુદી જ જાતના મશરૂમ પેદા થાય છે. એ મશરૂમની વાનગીઓ એટલી સ્વાદિષ્ટ સ્વાસ્થ્યપ્રદ પૌષ્ટિક હોય છે કે આજની આ ખાણદુનિયાના વિકાસમાં બિલાડીના ટોપની એ વાનગીનો પણ મોટો ફાળો છે. જે દિવસે અમે નવી ખાણની શોધમાં નીકળ્યા તે અગાઉ અમે મશરૂમની અજબ સ્વાદિષ્ટ વાનગીના શુકન કરીને જ પ્રયાણ કર્યું હતું. હું તથા સાયમન નથી માનતા એવી વાતોમાં, થોડીક મુશ્કેલીઓ પણ આવી, પણ આજે જે કોલનગર યા કોલવિશ્વ છે, એની પાછળના એ મશરૂમી સ્વાદ યા મશરૂમી આશીર્વાદને અમે ભૂલી શકીએ તેમ નથી.

બધાંનાં મોઢામાં પાણી જ આવી ગયું. સંયમ ચૂકી જતાં કેટલાક શીસકારા યા ચૂસકીઓ જાહેરમાં ધ્વનિ ફેલાવી ગઈ.

ઇજનેરશ્રી જેમ્સ સ્ટાર કહે: 'જૂની ખાણની ફોર્ડકુટીરમાં એ સ્વાદ મેં... શ્રીમતી મજ સાયમન ફોર્ડના હાથની વાનગીનો માણ્યો હતો.'

'શ્રીમતી મજ... શ્રીમતી મજ ફોર્ડ... અમે તમારું સ્વાગત કરીએ છીએ... અમારી ગૃહિણી મહિલાઓની માર્ગદર્શક નેતા... શ્રીમતી મજ... બી હાર્ટીલી વેલકમ ટુ.'

બસ, પછી તાળીઓ હતી, તાળીઓ તાળીઓ તાળીઓ! અને શ્રીમતી મજ ફોર્ડને ઘેરી વળેલી હર ઉંમરની મહિલાઓ.

# સિસોટી મારતાં સપનાંઓ!

સપનાંઓ પૂરાં થતાં જાય છે, તેમ તેમ સપનાંઓ ચગતાં જાય છે. સાયમન ફોર્ડકુટુંબની સાધના ફળી હતી અને સપનાંઓ સાકાર થતાં હતાં. એ સપનાંઓમાં તેમનું સપનું એક જ હતું, કોયલાનગર દેશનું પાટનગર બની રહે. દુનિયાભરના તમામ દેશોમાં અલભ્ય એવું પાતાળી પાટનગર. ‘કોલ-સિટી’ એ માટેની લાયકાત મેળવ્યે જતું હતું.

સાયમન ફોર્ડનું એ સપનુંય કદાચ સાકાર થઈ જાય! કેમ કે સફળતા એક સાથે સીડીઓ ચઢતી હોય છે. તો તેમાં ઇજનેરશ્રી જેમ્સ સ્ટારનો હાથ કંઈ જેવો તેવો ન જ હોય. ખાણના આજ સુધીના ધસમસતા વિકાસમાં સાયમનકુટુંબની સૂઝ, તેમનો શ્રમ, તેમની સાધના, તેમની શ્રદ્ધા, તેમના પરનો લોકોનો વિશ્વાસ એ બધું જ સામેલ હતું, પણ જેમ્સ સ્ટારની ઇજનેરી નિપુણતા એમાં પાયાનું કામ કરતી હતી. તેમનો ઇજનેરી નિર્દેશ જ એવો મહત્ત્વનો રહેતો કે પ્રગતિ સરળ બની રહે.

તેમ છતાં ઇજનેરથી જાતે એવાં કોઈ પાટનગરીય સ્વપ્નો જોતાં ન હતાં. તેઓ તો માત્ર કામ કરવામાં અને કરે જવામાં માનતા. તેઓ કહેતા, ‘સાયમન, આપણું કોલસાનગર એની રીતે એક ઉત્તમ નગર બની રહે એટલું જ બસ છે. આપણા નગરના નગરવાસીઓને સુખસગવડ આપવાના આપણે હરએક પ્રયાસો કરીએ અને કરે જઈએ. નગરની રીતે એ નવીનતમ નગર બની રહે એવી જહેમત ઉઠાવીએ. પણ એ નગર પાટનગર બને કે નહીં તેની સાથે આપણે શી લેવાદેવા? આપણે એવા ખ્યાલ જ શા માટે કરવા જોઈએ?’

‘સર જેમ્સ, દુનિયાને તો જાણ થવી જોઈએ ને કે પૃથ્વીના પેટાળમાં આવું કોઈક અદ્‌ભુત નગર છે.’

‘એ માટેના આપણાં પ્રયાસો ચાલુ જ છે સાયમન, લોકો વિશ્વના ખૂણેખૂણેથી આ કાળી ખાણનગરીનાં દર્શને આવતાં જ રહે છે, પણ એને પાટનગર બનાવવાની વાત કરીશું તો મુશ્કેલી સર્જાશે.’

‘કેવી રીતની સર જેમ્સ?’

‘આપણી આઝાદી જતી રહેશે. આપણી આવડત નકામી બની જશે. લોકશાહી અને એવા એવા શિરસ્તાઓ દ્વારા વગવાળા લોકો સવાર થઈ જશે. આપણે ગુલામ બની જઈશું. ગુલામ એટલે કે આપણે નોકરિયાત અને કામ કરનારા બની જઈશું. સંચાલન કોઈક બીજાઓના હાથમાં જતું રહેશે. આપણે આપણું ધાર્યું કંઈ જ કરી શકીશું નહીં. આજે આપણે જે ઉમળકાથી, જે ધારીએ છીએ તે કરી શકીએ છીએ, નવી દિશા ઊભી કરીએ છીએ. કાલે એ માટે પરવાનગીઓ માગવી પડશે અને નાની

નાની વાતમાં મંજૂરીઓ મેળવવી પડશે. મિત્ર સાયમન! તમે અદ્‌ભુત સંયમી છો. સંયમ રાખો જ છો, રાખો. આપણી રીતે આપણું કોલસાનગર ખાણસૃષ્ટિનું પાટનગર છે જ. પાટનગરની જેમ અહીં બેઠાબેઠા તે ધરતી પર રાજ્ય કરશે, પણ આપણું નગર પાટ પર મૂકીને બીજાના હાથનું પાટનગર બનાવવાની કલ્પના ન કરો. આપણે ઉપરની ધરતી પર બેસુમાર ખંડિયરો જોયા છે. દુનિયાભરમાં ઠેરઠેર સમૃદ્ધ નગરો હતાં, જેના ખંડિયરો આજે ગત જાહોજલાલીની કથાઓ કહે છે. એવું કેમ બન્યું? એ વિચારવું રહ્યું. આ મારા વિચારો છે સાથી ઓવરમેન! આપણે માત્ર ખાણિયાઓ છીએ. ઉપરની દુનિયાના લોકોને ઓળખતાં નથી અને આપણું નગર પાટનગર જ છે એમ અચૂક માનો જ. હજી એનો વિકાસ કરવાનુંય વિચારો, પ્રયાસો ચાલુ રાખો. પણ એને રાજ્ય સાથે ન જોડો, રાજધાની સાથે ન સરખાવો. આપણી નિપુણતા આપણને પરવશ કે પરાધિન ન બનાવે એ પણ આપણે જોવું જ રહ્યું અને જોજો ઓવરમેન કે આ કોલ-સિટી સ્વાભાવિક રીતે જ દુનિયાભરને એની સિટી કે સિસોટી સંભળાવતું હશે.'

આટલી લાંબી વાત શાંતિથી સાંભળી સાયમન કહે, 'આપનો ઘણો આભાર મિસ્ટર જેમ્સ. આપ અમને કેટલીક અટપટી વાતો કેવી સરળ અને સુંદર રીતે સમજાવી શકો છો! આપનામાં અને અમારામાં આટલો જ ફેર છે સર, કે આપ નીચે ઉપરની બેય દુનિયાના વ્યવહાર જાણો છો, જ્યારે અમે તો દરેક રીતે નીચેના નીચેના અને નીચેના જ માણસો છીએ.'

'એ જ સંયમ જાળવવાની હું વિનંતી કરું છું, સાયમનજી! જે દરિયાને નીચે નીચે વધુ નીચે પહોંચે છે તે માલદાર મોતીઓ મેળવે છે. જે ધરતીની નીચે નીચે વધુ નીચે પહોંચે છે તે કસદાર કોલસાઓ મેળવે છે કે જે હીરાઓથી ચઢિયાતા છે. ઉપરના માણસોને આપણી સિદ્ધિની સીડી પર સવાર કરી નીચે ખેંચી લાવવાની જરૂર નથી. આપણે એટલા નીચે જઈએ કે ઉપર ઉપર અને ઉપરના લોકોનું ધ્યાન એની મેળે જ આપણી તરફ ખેંચાય.'

ઇજનેરશ્રીનો હાથ પકડી લઈ ઓવરમેન સાયમન કહે, 'બહુ સરસ વાત કહી સાહેબ! આપણી ખાણની દુનિયા ખાણની છે. કદાચ ખાણ બહારના લોકો એની વાતો નહીં સમજે. કીમતી કાળા હીરાઓ પર ઉપરનું શ્વેત સામ્રાજ્ય ન સ્થપાય એ તકેદારીય રાખવી જ રહી. સર, ખાણની દુનિયાનો માર્ગદર્શક પણ આપના જેવો ખાણિયો જ હોવો જોઈએ. અમારા ખાણકુટુંબમાં આપને મેળવીને અમે અનહદ ધન્યતા અનુભવીએ છીએ મિસ્ટર જેમ્સ સ્ટાર...'

વાત સ્વાભાવિક રીતે જ કુટુંબકથામાં ફેરવાઈ જતાં સંતોષ અને આનંદના ભાવ સાથે ઇજનેરશ્રી કહે, 'પણ સાયમનજી, આપણા

ખાણકુટુંબમાં આજકાલ નવજુવાનો કેમ દેખાતાં નથી? હંમેશાં આપણે બુઢ્ઢાઓ જ...'

હસીને સાયમન કહે, 'આપણે બુઢ્ઢાઓ નથી જ મિસ્ટર જેમ્સ! આપણે હજી જવાનોના જવાનો છીએ, પણ તમારો નિર્દેશ હેરી તરફનો છે એ હું સમજી શકું છું. હા, તમારી વાત સાચી છે. હેરી આજકાલ ધ્યાનમગ્ન રહે છે ખરો.'

એ જ રીતે હસીને ઇજનેર કહે, 'મેં અગાઉ પણ આપના વિચારો જાણવાનો પ્રયાસ કર્યો હતો, સાયમન! આજે ફરીથી એ તરફ અંગુલિનિર્દેશ કરું છું. તમે તો જાણો છો કે આ ઉંમરમાં જુવાની શેનું ધ્યાન ધરતી હોય છે? ધ્યાનમગ્ન રહેવાની ઉંમરથી જુવાની ઉપર ઊડતી જાય છે, તેમ તેમ નવયુવાન વધુ ને વધુ ધ્યાનસ્થ બનતો જાય છે.'

'પણ હેરી, એ વિષે કંઈ વાત કરતો નથી.'

'તમે એની ઉંમરમાં વાત કરી હતી, સાયમન?'

'ઓ સાહેબ સાહેબ!' સાયમને કહ્યું, 'અમે તો વાત કરીએ તે પહેલાં જ અમારા વડીલો વાત પામી ગયા હતા.'

'સાયમનજી!' ટહુકો કરીને જેમ્સ સ્ટારે કહ્યું, 'તો તમે એવા વડીલ કેમ બનતા નથી? માત્ર કોલસો જ ખાણ નથી, પુત્ર પણ કુટુંબના કોલસાની ખાણ છે, સમજો છો ને? એ એકલવાયો બનવા લાગે તેનું કારણ સમજો!'

'આજે આપ પાદરી જેવા બોધવચનો ઉચ્ચારી રહ્યા છો, ઇજનેરશ્રી! આભાર, ફરીથી ઘણો ઘણો આભાર અને આપના સૂચન મુજબની જ દિશામાં હવે અમે પ્રયાસ, પ્રયાણ અને પ્રગતિ કરીશું.'

'પાટનગરનાં સ્વપ્નાંઓ જુઓ છો સાયમન-મજ! તો પાટનગરમાં એકાદ પ્રિન્સ પણ જોઈશે જ ને?'

'જોઈશે જ, જોઈશે જ.' સાયમને કહ્યું.

'પ્રિન્સ જોઈશે તો પ્રિન્સેસ પણ જોઈશે જ.' આ વખતે વાતમાં શ્રીમતી મજ પણ જોડાઈ ગઈ.

ઇજનેરશ્રી જેમ્સ સ્ટાર કહે, 'શ્રીમતી મજ! આ વિષય તમારો છે. રાજકુમાર ખોવાયો ખોવાયો રહે તો તેની સહુ પ્રથમ ખબર તેની માતાને પડે છે. માતાને માટે કારણ જણાવવું સહજ છે. કંઈક તરકીબો માતાઓ જાણતી હોય છે અને ગૃહિણી-નેતા યા નેતા-ગૃહિણી! આપને આપની સાથે કામ કરનાર કોઈ આપનું પોતાનું જ સાથીસંગાથી નહીં જોઈશે શું? જિંદગીભર તો આ ડોસાજીએ આપને એકલા રાખ્યા...'

'ના. હું કદી એકલી હતી જ નહીં.' શ્રીમતી મજે કહ્યું, 'મારી પાસે મારી પ્રવૃત્તિઓ હતી જ, પણ હવે હેરીની પ્રવૃત્તિ મારી પ્રવૃત્તિ.'

# દોરડે લટકી જિંદગી

ખરેખર હેરી એકલવાયો બની ગયો હતો, ગંભીર અને સૂમસામ. શ્રીમતી મજે જેકનું ધ્યાન ખેંચ્યું 'શું થયું છે તારા મિત્રને જેક...'

'હું મારા તરફથી બધાં પ્રયત્નો કરું છું.' જેકે કહ્યું, 'પણ એ એના કોચલામાંથી બહાર જ આવતો નથી. હું એની એકાંતપ્રિયતાનું રહસ્ય જાણીને રહીશ...'

એક રવિવારે બન્ને મિત્રો લોક માલ્કમને કિનારે હતા. જૂન મહિનો હતો. કોયલાનગર શાંત હતું. હા, ઉપરની અષાઢી પર હવામાન તોફાની હતું. જોરદાર વરસાદનાં ઝાપટાં વાતાવરણમાં તડીધુમ્મ બોલાવતાં હતાં.

પણ નીચેના કોયલાનગરનું વાતાવરણ શાંત અને આનંદપ્રદ હતું. પવનના સપાટા કે વરસાદના ઝપાટાની કોઈ ચિંતા ન હતી. બહારના તથા ઉપરના અજંપાની અહીં કાંઈ અસર ન હતી. બલકે સ્ટર્લિંગના કંઈક પ્રવાસીઓ અહીં વિનોદવિહાર અને પિક્નિક માટે પધાર્યા હતા.

ઉપરનો સૂરજ ધૂળ, ધુમ્મસ કે ધૂંધળા હવામાનને ભેદી શકતો ન હતો, પણ નીચેની વિદ્યુત ડિસ્કને પોતાનો તેજસ્વી પ્રકાશ ફેલાવવામાં કોઈ આવરણ નડતું ન હતું.

જેક રાયનને અહીં આવતાં ઘોંઘાટિયા પ્રવાસીઓ ગમ્યા નહીં. તેણે એ વિષેની ફરિયાદ કરી. હેરીએ એ તરફ કોઈ ધ્યાન આપ્યું નહીં.

'આ શુ માંડ્યું છે, હેરી?' જેક રાયને કહ્યું, 'લોકો પોતાની ઉદાસીનતા દૂર કરવા માટે અહીં આવે છે અને અહીં તું એવી રીતે વર્તે છે, જાણે અહીં દુ:ખ જ દુ:ખ છે.'

'તું એમને સુખી બનાવી શકે છે.' હેરીએ કહ્યું, 'તારામાં એટલી શક્તિ છે જ. તું ગમે તેવી પરિસ્થિતિમાં લોકોને હસાવી શકે છે.'

'લોકોને!' જેક રાયને કહ્યું, 'તને નહીં, હેરી! હવે બહુ થયું. તું આ તારા કાળા કોચલામાંથી બહાર આવી જા. ઉતારી નાખ એ તારી ખૂંચતી કાંચળી. તને જોઈને મારી આંખો સુક્કી બની જાય છે, મારા હોઠ ભીંસાઈ જાય છે, મારું હાસ્ય મારા ગળામાં જ અટકી જાય છે, મારાં ગીતો સંતાઈ-છુપાઈ જાય છે. આ બધું તેં માંડ્યું છે શું? આખરે તારો આશય શો છે?'

'જાણે, તું જાણતો જ નથી...'

'શું? હજી પેલો જૂનો જ વિચાર?'

'હજી શા માટે...'

'હેરી! હેરી! તારી બધી અલાબલા તું સોંપી દે પેલી અગનપરીને... પણ નવી દુનિયા વસ્યા પછી તો અગનપરી કે ગગનપરી કોઈ જ નજરે પડી નથી.'

'નજરે નથી પડી જેક, પણ આ દુનિયા આપણે એકલા માણસોએ જ ઊભી કરી નથી. એ તો તું સ્વીકારે છે ને?

'હું સ્વીકારું છું. સ્વીકારી લઈને તેનાં ગીતો ગાઈ નાખું છું, તારી જેમ તેની શોધમાં ખોવાઈ જતો નથી.'

'હું ખોવાઈ જાઉં તો ભલે જેક, પણ હું એ અગનજ્યોત કે શીતજ્યોતને પામીને રહીશ.'

'નવી એબરફોઇલના શાંત આત્માને શું કામ તું છેડવા માગે છે, હેરી!'

'કેમ કે મને છેડવામાં આવ્યો છે અથવા કહે જેક, કે મને છંછેડવામાં આવ્યો છે.'

'મળી જાય તો શું તું એને સજા કરશે?'

'સજા કરીશ અને ધન્યવાદ આપીશ. જેક, ગૅલેરીમાં જે હાથ આપણને બચાવી ગયા છે તેની સાથે હાથ મિલાવી હું તેનો આભાર માનીશ. પણ જે હાથ આપણને કાળા અંધકારમાં ધકેલી ગયા, જેણે આપણાં પ્રવેશદ્વાર ખડકોથી જડબેસલાક બંધ કરી દીધાં, તેને હું છોડીશ નહીં.'

'એ બન્ને હાથ જુદા જુદા છે એની શું તને ખાતરી છે, હેરી? અગમસૃષ્ટિની એક જ વ્યક્તિ એક સાથે એવાં બે કામ કરી શકે છે, એ વિષે શું તેં નથી સાંભળ્યું? એ અલૌકિક જનના બન્ને હાથ એટલા લાંબા અને શક્તિશાળી હોય છે કે એક જ વખતે એક હાથે તે પ્રવેશગુફા બંધ કરી શકે છે અને બીજે હાથે સંજીવની પીવડાવી શકે છે.'

'એવો તર્ક વળી તને ક્યાંથી આવ્યો?'

'ભૂતસૃષ્ટિ માટે એવો ખ્યાલ છે જ. તેઓ બધાં કંઈ આપણા જેવા નથી હોતા.'

'મારું માનવું છે કે તેઓ આપણા જેવા જ હોય છે.'

'એ તારી વધારે પડતી વાસ્તવિકતા છે, પણ માની લઈએ કે કોઈક શક્તિશાળી માથાફરેલ પાગલ એ રીતે અંદર ધસી આવ્યા હોય...'

'પાગલો શું યોજનાબદ્ધ રીતે કામ કરી શકે છે? અને શક્તિશાળી હોય તો તેથી શું તે યેરો શેફ્ટની સીડીઓ તોડી નાખે? માથાફરેલ હોય તો શું તે સતત આપણાં માથાં ફેરવ્યાં કરે?'

'પણ હેરી!' જેકે આજીજીપૂર્વક સમજાવતાં કહ્યું, 'હવે તો કોઈ કંઈ કરતું નથી ને? છેલ્લાં ત્રણ વર્ષમાં આપણને કે આપણા લોકોને કોઈ જ તકલીફ ઊભી થઈ નથી.'

'એનો અર્થ એવો નથી જેક, કે તારી એ શક્તિ મહાશક્તિ કે અગમશક્તિ કાયમને માટે શાંત થઈ ગઈ છે! તે પોતાની દુષ્ટ પ્રવૃત્તિ ગમે ત્યારે શરૂ કરી શકે છે. મને હંમેશાં એવો જ અંદેશો રહે છે કે એણે પોતાની કારસ્તાનીને થોડોક વિરામ આપ્યો છે, પણ જેવું બધું ઠરીઠામ થઈ જાય, હેમખેમ ચાલવા લાગે, લોકો ભાન ભૂલીને ગેલગમ્મતમાં મહાલવા લાગે કે ધરતીકંપની જેમ...'

'ધરતીકંપની જેમ, હેરી?'

'એમ જ. એને કદાચ એવું જ ગમે છે. પણ જેક, આપણી વિકસેલી અનુપમ નગરીને એ નાનો સરખોય કંપ આપે તે પહેલાં જ હું એને શોધી કાઢવા માગું છું, એને મળવા માગું છું, એની સાથે બે હાથ કરવા માગું છું. હું આ તથા આગામી આપણી સ્વપ્નનગરીને બિલકુલ નિર્ભય બનાવવા માગું છું.'

'અત્યારે આપણે નિર્ભય નથી, હેરી?'

'મારી છઠ્ઠી સૂઝ માને છે કે નથી જ. આપણી એ નિર્ભયતા પોલાણ પર ગોઠવેલા પાટિયા જેવી છે. તું કદાચ સંમત નહીં થાય, પણ મને પહેલેથી જ આમાં કોઈ તરકટી કે વિરોધીનો ભાસ થાય છે. ચાલ આપણે પહેલેથી વિચાર કરીએ. કોણે લખ્યો પેલો બીજો ગરબડિયો ડરામણો પત્ર કે જે પત્ર જેમ્સ સ્ટારને મારા પિતાજીના આમંત્રણપત્રની સાથોસાથ જ મળ્યો? એ પત્રના અક્ષરો અસ્થિર હશે, યોજના અસ્થિર નથી. એ પત્ર આપણને નવી ખાણ શોધવાથી રોકવા માટેનો જ હોવો જોઈએ, હતો જ...'

જેક રાયન હેરીની વાત સાંભળી પોતે ગંભીર બની ગયો. હેરીએ પોતાની વાત આગળ ચલાવી, 'અને મિસ્ટર જેમ્સ સ્ટાર આવી પહોંચ્યાની માહિતી રાખનાર એ તારા અંગત તત્ત્વે ડોકાર્ટ પીટમાં પથ્થર ફેંકી ઇજનેરને આગળ વધતાં અટકાવવાની કે પાછા ફરી જવાની ચેતવણી પણ આપી જ દીધી.'

ચિંતા તથા ચિંતનમાં પડેલા જેકને હેરી આગળ કહે, 'અને યેરો શેફ્ટની સીડીઓ કાપી નાખીને તો તેણે હદ કરી કે જેથી આપણો સંબંધ જ કપાઈ જાય. જેક રાયન! આપણું નવી સીમ શોધવાનું અને ખાણને પુનર્જીવિત કરવાનું કાર્ય શરૂ થઈ ચૂક્યું હતું, પણ જે કોઈ એ કાર્ય અટકાવતું કે અવરોધતું હતું, તેને નવી સીમની ખબર હતી જ...'

'એ તું કેવી રીતે કહી શકે, હેરી?'

'અથવા એને ખબર હોવી જ જોઈએ અને એટલા માટે જ આપણે ત્યાં સુધી પહોંચીએ એ વાત તેને મંજૂર ન હતી.'

'એ બધી તારી અટકળ ન હોઈ શકે?'

'જ્યારે અટકળની એ કળને ઝાપટ મારવામાં આવી હોય ત્યારે તો નહીં જ જેક! અમે અમારો રસ્તો શોધતા હતા, અમને તે જડતો હતો ત્યારે જ પવનની એક જોરદાર ઝાપટ આવી. ફાનસને હોલવવા આપણે હાથની ઝાપટ મારીએ એથી ઘણી જોરદાર ઝાપટે અમારો પ્રકાશ હોલવી નાખ્યો, પાડી ભાંગી ઢોળીને ચકનાચૂર કરી નાખ્યો. અમને, અમે આ દુનિયાથી માહિતગાર હોવા છતાં કાળા ધબ્બ અંધકારમાં ફેંકી દીધા. જેક! તને આમાં કોઈના દુષ્કૃત્યનું કારસ્તાન નથી લાગતું? કોઈનો ચોક્કસ ગુનાહિત હેતુ નથી દેખા દેતો?'

હેરીને સમજાવવા ગયેલો જેક જ હવે હેરીના તર્કમાં ખેંચાવા લાગ્યો. ત્યારેય હેરીનું રટણ તો ચાલુ જ હતું.

'આશ્ચર્ય!' હેરીએ કહ્યું, 'આશ્ચર્ય એ વાતનું કે કોઈક અમને સામૂહિક રીતે ખતમ કરવા માગતું હતું, ત્યારે પણ કોઈક પોતાના નાજુક કે નાના હાથે અમને બચાવવા માગતું હતું.'

'નાજુક અને નાના હાથ?'

'હા. એટલા માટે કે વિનાશક પંજા સામેની તેની મદદ નાજુક છે. નહીં જેવી, નહીં સરખી. કદાચ તેને પેલી પ્રબળ શક્તિનો ડર હોય! હું એ જ શક્તિને ભેટવા માગું છું. ભલે એમાં જીવનું જોખમ હોય! આપણે નવી દુનિયા ઊભી કરી છે એટલું જ પૂરતું નથી જેક, આપણે તેનું રક્ષણ કરવાનું છે. એ જવાબદારી આપણી છે. આપણે કોઈ પત્તાંનો મહેલ ઊભો નથી કર્યો કે પવનના ઝપાટા સપાટા તેને તોડી નાખે. મારો અજંપો આપણી ચિરંજીવી નગરીને ચિરંતન રક્ષણ પૂરું પાડવાનો છે.'

હેરીના આત્મવિશ્વાસ અને જુસ્સા આગળ જેક ઝૂકી ગયો. શાંત થઈ ગયો. જેક જે માનતો હોય તે, પણ હેરીએ ભૂતકાળના બનાવોની જે સાબિતીઓ આપી તે વિચારમાં મૂકી દે તેવી હતી. એ ઘટનાઓ પાછળની વ્યક્તિ માનવીય હોય કે અમાનવીય, અતિન્દ્રિય હોય કે અગમ્ય, પણ તેના કાવાદાવા છૂપા રહે તેવા ન હતા.

જેક પોતાની રીતની ભેદી શક્તિની સિફારશ કરતો રહ્યો. હેરીએ તેની વાત ન સ્વીકારી તે ન જ સ્વીકારી. તેણે જાહેરાત કરી જ દીધી, 'એ જે કોઈ હશે તેને હું મળીશ જ, વહેલી તકે મળીશ.'

'જે કૃપાળુ જીવે તમારે માટે બ્રેડ-વોટરની દયા દાખવી તેને પણ મળશે?'

'તેને પણ મળીશ. સંભવ છે, તેના દ્વારા આપણે શત્રુ સુધી પહોંચી શકીએ. જોકે જેક, હું કોઈને શત્રુ કહેવા માનવા તૈયાર નથી, પણ તે આવી હરકતો શા માટે કરે છે એ તો જાણવું જ રહ્યું.'

'ત્યાં સુધી પહોંચવાનો તેં કોઈ રસ્તો વિચાર્યો છે, હેરી?'

'હા. નવી એબરફોઈલથી પાંચ માઈલ દૂર ખડકોના ઘટ્ટ જથ્થાની વચમાં, બેનલોમોન પહાડીના ઘેરાવામાં કોઈક અભેદ્ય કૂવો છે. કુદરતી રીતે જ સર્જાયેલા એ અંધ-કૂપ પાસે સત્ત્વશીલ કોલસાની હજી મહત્ત્વની કહેવાય તેવી ચાવીઓ છે. એ નૈસર્ગિક પાતાળકૂવાનું ઊંડાણ માપવાનો મેં પ્રયાસ કર્યો હતો ગયા સપ્તાહે. તે પર ઝૂકી જઈને મેં કંઈક પામવાનો પ્રયાસ કર્યો તો હવા ફફડતી હતી, ફફડતી પક્ષીની પાંખોની જેમ. મારી દીવાબત્તી એક મોટા પક્ષીની પાંખની ઝાપટથી ગૂલ થઈ હતી.'

'કોઈક પક્ષી એ ઊંડા કૂવામાં ખોવાઈ ગયું હશે, હેરી?'

'એથી આગળની વાત સાંભળ. આજે વહેલી સવારે હું એ અંધકૂપની મુલાકાતે ફરી ગયો ત્યારે મેં કોઈકના કણસવાનો અવાજ સાંભળ્યો.'

'અંદર? ઊંડાણમાં? કણસવાનો?'

'કણસવાનો, કરાંજવાનો, તારે જે કહેવું હોય તે કહે, જેક...'

'કહેવું જ છે હેરી, એ કોઈ ભૂતપલીત, ડાકણ-અગનપરી...'

'અગનપરી કે શીતપરી,' હેરીએ કહ્યું, 'ફરીથી કહું છું કે હું એને કાલે જ મળીશ.'

'કાલે જ?'

'હા. હું કાલે એ અભેદ્ય કૂવામાં ઊતરીશ.'

'એ કંઈ ડહાપણનું કામ નથી. એ તારે માટે જોખમ ઊભું કરી શકે છે.'

'હું એની મદદ માગીશ. કેમ કે મારું કામ સ્પષ્ટ છે, જેક! તું મારો મિત્ર છે ને? તું પણ કાલે મારી સાથે આવશે જ. મારી કેડે મજબૂત દોરડું બાંધી તું મને કૂવામાં ઉતારજે. જ્યાં સુધી દોરડું પહોંચે ત્યાં સુધી ઉતારે જજે. હું અમુક સંજ્ઞા વ્યક્ત કરું ત્યારે જ દોરડું ખેંચજે. એ અભેદ્યનો ભેદ હું તારી સહાયથી મેળવવા માગું છું, મિત્ર!'

'તેં મને મિત્ર કહ્યો? પતી ગયું. હું તારી સાથે છું ને રહીશ હેરી! પણ હજી મારી ચેતવણી છે કે તું ગંભીર ભૂલ કરી રહ્યો છે!'

'કંઈ નહીં કરવાના અજંપા કરતાં, કંઈક કરી નાખવાની ભૂલ સારી ચીજ છે, જેક! કાલે સવારે છ વાગે કોઈને કહેતો નહીં અને તૈયાર રહેજે.'

જેક કોઈ વધુ વિરોધ ન દાખવે એટલે વાત એકદમ પતાવી દઈ, જેકને તેની ફરજ સમજાવી દઈ, હેરીએ 'ગુડ બાય' કહીને તરત જ વિદાય લઈ લીધી.

એમ જોવા જઈએ તો જેકનો ભય સાવ નિરાધાર હતો, પણ ધારો કે કોઈ માનવીય શત્રુ જ હેરીને પડકારતો હોય તો હેરી આ રીતે કેમ કરીને તેનો સામનો કરવાનો હતો? અને તેવું કંઈ થાય તો ઉપર રહ્યો રહ્યો જેક તેને મદદરૂપ કઈ રીતે થવાનો હતો?

પોતાના વિચારો જે હોય તે, તેને હેરીનું સાહસ ગમ્યું. દૂધનું દૂધ અને પાણીનું પાણી! ખાણને અજંપિત બનાવતું એ તત્ત્વ માનવીય છે કે અમાનવીય, એ તારણ બહાર આવીને જ રહેશે.

પણ શું એમાં હેરીને સફળતા મળશે?

સફળતા, નિષ્ફળતા કે શંકા-આશંકાનું એક જ નિરાકરણ – ખાતરી. એ ખાતરી કરવા હેરી સાથે જેક રાયન તથા બીજા ત્રણ મજબૂત ખાણિયા પેલા અભેદ્ય કૂવા સમક્ષ હાજર થઈ ગયા.

હેરીએ પોતાના આ સાહસ વિષે ઇજનેર જેમ્સ સ્ટાર કે માતાપિતાને કોઈ જ વાત કરી ન હતી. જેક પાસે આ વિષે કોઈને કંઈ નહીં જ કહેવા વિષેના સોગંદ લેવડાવવામાં આવ્યા હતા.

સાથી ખાણિયાઓને તો એમનો કે રોજિંદા સરેરાશ શોધ-પ્રયોગનો જ આ એક ભાગ હતો. આ વખતે વળી સીધા ઊંડા કૂવામાં ઊતરવાનું છે એટલું જ.

હેરીને જે દોરડું કેડે બાંધવામાં આવ્યું તે બસો ફીટ જેટલું લાંબું હતું. બહુ જાડું ન હતું પણ તેની મજબૂતી ભારે હતી. દોરડા ઉપર તે ચઢઊતર કરવાનો ન હતો, એટલે તેનું તથા થોડુંક વધારે વજન ઊંચકી શકે એટલી તેની તાકાત હતી. તેના મિત્રો તેને નીચે ઉતારી શકે તેમ હતું, ઉપર પાછો ખેંચી લે તેમ હતું. એ માટેના દોરડા-સંકેત નક્કી કરી દેવામાં આવ્યા હતા.

કૂવો ઘણો ઊંડો હતો. ભલે તેનું ઉપરનું માથોડું બાર ફીટ જેટલું જ પહોળું હોય! કૂવાના એ મુખ પર બરાબર વચ્ચે પાલખ બાંધવામાં આવી હતી કે જ્યાંથી હેરીને અંદર ઉતારી શકાય. એ પાલખ નીચે લોખંડનું એક ભારે બીમ પણ ઠોકી બેસાડવામાં આવ્યું કે જેથી જરૂર પડે હેરી તે પકડી શકે યા દોરડું લાંબા સમય માટે બાંધી શકાય.

અંદર ઊતરવા માટે તૈયાર હેરીને રાયને તો ફરીથી એક વખત પૂછી જ લીધું, 'તો આ તારો છેવટનો અને પાક્કો જ નિર્ણય છે. ખરું ને?'

'હા, જેક. મને તારે હાથે જ અંદર ઉતાર.' કેડે દોરડું બાંધેલા હેરીએ હાથે પણ દોરડું પકડ્યું હતું. અખાડાના દોરડાની જેમ તે એ દોરડા પર બેસી ઝૂલી શકે તેમ હતું, પણ તે ઓછો ઝોલે ચઢે એ રીતે તેની અંદર ઉતારતાં જેક કહે, 'અને હું મારે હાથે જ તને બહાર કાઢીશ. મને જરા પણ શંકા કે વહેમ જતાં જ...'

'ના,' હેરીએ સહેજ નીચેથી કહ્યું, 'તારી ભયસંજ્ઞાથી કામ ન લેતો, નક્કી કરેલી આપણી જ સંજ્ઞાને અનુસરજે!

હેરીના પટ્ટામાં એક સેફ્ટી-લૅમ્પ લટકતો હતો અને તેની ભેટમાં ચામડાની મૂઠ સાથેનો લાંબો સ્કોટીશ છરો હતો.

જેમ જેમ તે નીચે ઊતરવા લાગ્યો, તેમ તેમ તેની સાથેના પ્રકાશથી કૂવામાં અજવાળું ફેલાવા લાગ્યું. અત્યારે એ પ્રકાશ માત્ર કૂવાના થાળા પર જ ફૂંકાતો હતો. જેમ જેમ તે નીચે ઊતરતો ગયો તેમ તેમ તેને લાગ્યું કે આ પ્રકાશ કંઈ જ ઉપયોગનો નથી, કેમ કે નીચેની પહોળાઈ એટલી હદે વધતી હતી કે પ્રકાશ ત્યાં સુધી પહોંચી જ શકતો ન હતો.

ધીમે ધીમે નીચે પહોંચતો હેરી આજુબાજુ જે કંઈ જોવા મળે તેનું ઝીણવટથી અવલોકન કરતો હતો. વચમાં કોઈક જગાએ ટેકો લઈ શકાય તેવું પ્લૅટફૉર્મ આવતું ન હતું. એટલે જરૂર પડે માત્ર દોરડું જ તેની મદદે આવી શકે તેમ હતું.

હેરીનું ઊતરાણ ઘણું ધીમું હતું. એક સેકંડે એક ફૂટની જ ગણતરી માંડો ને! પણ એ ધીમા ઊતરાણનો તે ધ્યાનથી અવલોકન કરવાના અનુભવમાં ઉપયોગ કરતો હતો.

બે મિનિટ સુધી એટલે કે ૧૨૦ ફીટ સુધીના ઊતરાણમાં કોઈ જ ઘટના બની નહીં. આ ભેદી કૂવો જાણે કે ઊભી ટનલ હોય એવી જ રચના ભાસતી હતી.

પણ જેમ જેમ તે વધુ નીચે ઊતરતો ગયો તેમ તેમ તેને તાજી હવા મળવા લાગી. વધુ નીચે, વધુ અનુકૂળ હવા હતી. એ હવાએ તેની આશા જગાડી. જરૂર આ હવા કોઈક એવા ઉઘાડમાંથી આવે છે કે જ્યાંથી બહારનો કે બીજી દુનિયા સાથેના આવાગમનનો રસ્તો છે. ભલે એ દ્વાર ઊંડે કે વધુ નીચે રહ્યું, પણ કૂવો સાવ આંધળો કૂવો કે તળિયા વગરનો કૂવો તો નથી જ.

દોરડું હવે કદાચ પૂરું થવા આવ્યું હતું. અંધારું અને સન્નાટો હજી એવા જ તિક્ષ્ણ હતા. જો કોઈક જીવંત વ્યક્તિ અહીં હોય તો તે ચાલી ગયેલી હોવી જોઈએ અથવા હજી તેણે સામનાનો વિચાર નથી કર્યો.

છેવટનો ભાગ નજીક આવતા હેરીએ ભેટમાંથી છરો કાઢીને મોઢામાં ગોઠવી દીધો. જરૂર પડે એ છરો જમણા હાથમાં ઝડપી શકાય એ તકેદારી પણ તેણે પ્રયોજી જોઈ.

એકસો એંસી ફીટ જેટલે પહોંચ્યા બાદ તેને લાગ્યું કે તે કદાચ તળિયે આવી પહોંચ્યો છે. દોરડું હવે સ્થિર થવા લાગ્યું હતું અને નીચે જતું ન હતું અથવા ઉપરવાળા એવી ચેતવણી ઉચ્ચારતા હતા કે હવે દોરડું ઝાઝું બાકી રહ્યું નથી.

શ્વાસ લેવાની પૂરી મોકળાશ હતી અને આવા પરીશ્રમની વચમાં પણ કંઈક તાજગી વરતાતી હતી! હેરીને એક ભયનો સામનો પણ કરવો પડ્યો નહીં. તે એ કે કોઈક દોરડું વચમાંથી જ કાપી નાખશે! અંધારામાંથી છુપાયેલું કોઈ ઘા કરવા તત્પર હોય એવું પણ તેને જણાયું નહીં.

તેના પગ તળિયાને સ્પર્શ્યા ખરા. ચારે બાજુ પગ ઘસીને પગ મૂકવાની એ જગાની તેણે ખાતરી કરી લીધી. તળિયું જરૂર સાંકડું હોવું જોઈએ એવી તેની માન્યતા બંધાઈ. પટ્ટામાંથી દીવો લઈ તેણે નીરખવાનું શરૂ કર્યું અને ચાલવાની કોશિશ કરી. તેની ધારણા મુજબ જ તેને બધું જોવા મળતું હતું.

અહીંથી એક સાંકડી ગરનાળા જેવી ટનલ એક દિશામાં ફંટાતી હતી. તેને એક વખત કૂદવું પડે તેમ હતું અને પછી આગળ ઉપર ઘૂંટણિયે પડીને કે ગરોળીની જેમ જવું પડે તેમ હતું.

દિશાઓના જાણકાર એવા હેરીએ એ જાણવાની કલ્પના કરી કે એ ગરનાળું કઈ તરફ જાય છે અને ત્યાર બાદ કોઈ બીજો અંધકૂપ છે કે સરિયામ ખાણિયા રસ્તો છે?

એક પ્રકાશના સ્પર્શથી તેને કંપકંપા આવી ગયા. તે ગરોળીની જેમ જમીનદોસ્ત બનીને આગળ વધતો હતો ત્યાં જ તેના હાથ ઠંડો ધ્રુજારીપૂર્ણ સ્પર્શ પામીને ઝગઝગી ઊઠ્યા.

એ શું કોઈ માનવશરીર હતું? તેણે હિંમત ભેગી કરી વધુ ને વધુ સ્પર્શ દ્વારા ખાતરી કરી. જેક આ જગાએ ડરીને ભાગી ગયો હોત, પણ હેરી પોતાને અનુરૂપ ડરની વચમાંથી પણ પાક્કી ખાતરી કરતો જ રહ્યો.

હા. એ માનવશરીર હતું. બરફ-શી શીતળતા સાથે હેરીને ઝગઝગાવી દે તેવું એ માનવશરીર જ હતું.

હેરીની વધુ ખાતરીએ તેને જણાવ્યું કે શિતળતા ભારોભાર છે, પણ એ માનવશરીર કોઈ મૃત માનવીનું નથી. એમાં હજી જીવનસંચાર છે. ભલે એ સંચાર ઘણો અલ્પ રહ્યો, પણ જે કોઈ છે એ જીવે છે, ધીમું ધીમું, ઝીણું ઝીણું જીવે છે.

હેરીએ પોતાની રીતે એ માનવશરીરને ખેંચ્યું. તેને કોઈ તકલીફ ન પડે એ રીતે ખેંચીને ફરીથી તે કૂવાને તળિયે પહોંચ્યો.

દીવાનો પ્રકાશ એ શરીર પર ફેંક્યો.

'બાળક...?' તે આશ્ચર્યચકિત થઈ ગયો.

બાળક જેવી કોમળ નાજુક ફૂલસમી એ કાયા હેરીનાં રૂંવાડાં ખડાં કરતી હતી, પણ તેને લાગ્યું કે તેના શ્વાસ બચાવવા માટે અથવા સ્વાભાવિક બનાવવા માટે કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ જરૂરી છે.

કંઈક ડૂબતી વિલીન થતી જિંદગીઓને હેરીએ કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ દ્વારા બચાવી હતી. ખાણમાં એવી દુર્ઘટનાઓ બનતી જ અને ક્યારેક લાંબે સમયે દેહ હાથ લાગતાં.

એક ઘડીના પણ વિલંબ વગર આવી નબળી-દુબળી પરવશ કાયાને ઉપર લઈ જઈ માતાને જ સોંપવી રહી. તે જ એનો ઉપાય કરી શકે. શ્રીમતી મજે ખાણની દુનિયાની નર્સ તરીકેની સેવા બજાવી હતી. કેટલીક બાબતમાં તે ચિકિત્સક જ હતી. અનુભવે તેને ઉપચારક બનાવી દીધી હતી.

બીજી બધી વાતો ભૂલી જઈ તેણે દોરડું ફરીથી કેડે કસ્યું, ભેટમાં દીવો લટકાવ્યો અને જોરથી ભીંસી દીધો. એક હાથે મજબૂતીથી દોરડું પકડી રાખી તેણે દોરડું જોરથી હલાવ્યું. અલબત્ત કોઈક આવી પડનાર ભય સામે છરો દાંત વચ્ચે દબાવી રાખ્યો. ક્યારેક બન્ને હાથે કુમળી કાયા અને કઠણ દોરડું, તે એક સાથે પકડી સાચવી શકતો.

કંઈક ઉપલબ્ધિ બાદ ઉપરનું આરોહણ શરૂ થયું. દોરડું ઉપર ખેંચાવા લાગ્યું. ઉપર જતી વખતે પણ હેરી સાવધ હતો. ઉપર પહોંચતાં અગાઉ કોઈક આફત જરૂર આવશે જ એવી તેને દહેશત હતી.

આમ બધું બરાબર ચાલ્યું અને આમ બધું બરાબર ચાલશે જ એવો તે ખ્યાલ કરે તે પહેલાં જ એક જોરદાર ઝાપટે તેની પર આક્રમણ કર્યું.

પવનની ઝાપટનું એ આક્રમણ સંભવત: કોઈક શક્તિશાળી પાંખનું હોઈ શકે!

આક્રમણ જ હતું. હેરીને તેનો પરચો થઈને રહ્યો. માથામાં, શરીર પર, હાથ પર અસર પહોંચી. હાથમાંથી કાયા પડી ન જાય, એ માટે વધુ જોરથી બાથ ભીંસતા હેરી પાસે એ કાયા કોઈક પડાવી લેવા માગતું હોય, એવોય અણસાર વરતાયો.

ખરેખર એ એક વિશાળ તાકાતવાળું પક્ષી હતું. ઉપર પહોંચવાની અને બચાવની ઉતાવળ અને દ્વિધામાં હેરી એ પક્ષીને ધ્યાનથી અવલોકી

શક્યો નહીં, પણ તેની પાંખ અને ચાંચની શક્તિઓનો પરચો તેને જરૂર મળી ગયો.

દોરડે લટકી, કાયાને બચાવી, યુદ્ધ કરવું હેરીને માટે મુશ્કેલ હતું, પણ કદાચ એ માટેની તેણે પૂર્વતૈયારી રાખી જ હતી. તે છરો વીંઝતો તથા પ્રકાશ ફેંકતો. પક્ષી એ બન્ને પ્રહારથી બચવા માગતું હોય તેમ જણાયું. તે સાથે જ તે કોઈ પણ હિસાબે હેરીને પેલી બાળકાયા નહીં જ લઈ જવા દે, એ પડકાર પણ સ્પષ્ટ જણાયો.

એક વખતે તો એવું લાગ્યું કે હેરી જો એ કાયાને છોડી દે તો પક્ષીરાજનું આક્રમણ બંધ થઈ જાય!

પણ હાથમાંથી કાયા છૂટે પછી એ બાળક બચી જ કેવી રીતે શકે?

જેમ જેમ હેરી ઉપર જતો ગયો તેમ તેમ દ્વન્દ્વની પ્રક્રિયા બદલાઈ! હવે પક્ષીએ બાળકને બચાવવાની પેરવી કે પરવા છોડી દીધી અને સીધો હેરી પર જ હુમલો પડકારી દીધો.

બન્ને માટે હવે મારવા-મરવા સિવાય બીજો કોઈ આરો-વારો ન હતો.

ભીષણ એ લડાઈની વચમાંથી હેરીએ ઘાંટાઘાંટ કરીને કહેવા માંડ્યું ‘જલદી ખેંચો અમને, જેક રાયન, સાથીઓ! જલદી... જલદી... ઝડપ કરો, એકદમ ઉતાવળ કરો.’

હેરીનો અવાજ ઉપર સુધી પહોંચતો હતો કે નહીં તેની ખબર નથી, પણ દોરડું ઝડપથી ઉપર ખેંચાવા લાગ્યું.

એંસીએક ફીટ ઉપર પહોંચવાનું બાકી હશે ત્યાં જ હેરીના ફટકાથી પક્ષીએ હેરી પરનું પોતાનું આક્રમણ પાછું ખેંચી લીધું.

પણ એ તેનો એક દાવ હતો.

પક્ષી હેરીથી થોડેક ઊંચે દોરડા પર જઈ બેઠું અને પોતાની તિક્ષ્ણ ચાંચથી દોરડું જ કાપવા લાગ્યું.

હેરી ઉપરની બાજુ ઘા પર ઘા કરતો હતો, પણ ફાવતો ન હતો.

છેવટે તેણે દોરડાને બેત્રણ આંટા પગે લીધા, છાતીએ લીધા અને એમ ઉપરનું અંતર ઘટાડી જોરદાર પ્રહાર એ પક્ષી પર કર્યો.

જાન બચાવતા પક્ષીએ દોરડું કાતરવાનું ચાલુ રાખ્યું. તેમાં તેને ફાવટ આવી. એક પછી એક તાર તથા વણાટ કપાવા લાગ્યાં. વજનને લઈને એ કપાતું દોરડું ઝડપથી તડતડ તૂટવાના અવાજ કરવા લાગ્યું.

હેરીનો કાગારોળ વધી ગયો. તેણે કકલાણ કરી મૂકી, મરણતોલ ચીસે ઉપર જણાવ્યું, 'જેક... જેક...! અમને બચાવી લે, ઝડપથી અમને ખેંચી લે, નહીં તો...'

'અમને' શબ્દ જેકને સંભળાયો.

તેને થયું કે આ વળી 'અમને' શું?

પણ તેણે જોરથી સાથીઓને કહ્યું, 'ઉતાવળ કરો, ખેંચો, જોર કરો, હંમ...'

બધાના પ્રયાસો કામ લાગ્યા હશે!

પાલખ ઉપરથી ત્રણે જણાએ ઝૂકીને દોરડું તથા હેરીને ઝીલી લીધા, ખેંચી લીધા.

એકાદ ક્ષણનો વિલંબ થયો હોત તો દોરડું તૂટ્યું જ હતું. દોરડા સાથે કદાચ હેરીના બીજા બંધનો પણ તૂટ્યા જ હોત!

જેકને માટે ઉપર આવેલ હેરી સાથેની માયા ચમત્કાર હતા! ચમત્કાર તો હેરી માટેય હતા કે એ કેવી રીતે બચી શક્યો! પક્ષી ક્યારે ભાગી ગયું?

પણ તે અત્યારે કંઈ જ વ્યક્ત કરી શકે તેમ ન હતું. તે ભાન ગુમાવી બેઠો હતો, એટલી હદે કે હેરીની બાથમાંથી અને તેના હાથમાંથી જેકે પેલી નાજુક કાયાને ન લઈ લીધી હોત તો ઉપર આવ્યા પછી પણ એ જીવ ફરીથી નીચે પહોંચી જાત!

ભાન જતું હતું ત્યારે હેરીની છેલ્લી ક્ષણો આટલી જ હતી. તેણે પક્ષીની ચાંચ પર ઘા કર્યો હતો. પક્ષીનો ચિત્કાર સંભળાયો હતો. પક્ષીની પાંખો હેરીને પીંખી નાખવા માટે જોરથી ફડફડી હતી.

દોરડું તૂટતું હતું!

હેરીય તૂટતો હતો!

છેલ્લા પ્રયાસ રૂપે હેરીએ પોતાના દીવાનો પ્રકાશ, તીવ્ર પ્રકાશ સીધો પક્ષીની આંખમાં નાખ્યો.

પક્ષીની તીણી કલ્પાંત કરતી વિદાયચીસ!

અને... હેરી બેહોશ! તેની એક જ સંજ્ઞા બાકી હતી, તેના પેલી કાયા પરના હાથ મજબૂત રીતે એ કાયાને ભીંસતા બચાવતા હતા!

# નેલનું કુટીરજીવન

થોડાએક કલાક બાદ હેરી હજી ભાનમાં આવ્યો ન હતો. પેલા નબળા-દુબળા ક્ષીણ બાળકને જેક રાયન તથા સાથીઓ કુટીરમાં લઈ આવ્યા. શરૂઆતમાં થોડીક ચમક અનુભવી. બન્નેની પૃથક પૃથક સારવાર શરૂ થઈ.

અનુભવી ઓવરમેન તમામ ઘટના વિસ્તારથી સાંભળવા લાગ્યા. શ્રીમતી મજેં પોતાનું સંપૂર્ણ ધ્યાન પુત્ર દ્વારા બચાવાયેલા બાળકજીવ પર લગાડી દીધું.

હેરી જેને બાળક માનતો હતો, એ તો હેતી એક કિશોરી બાળકી. તેની ઉંમર પણ પંદર-સોળ વર્ષ જેટલી ખરી જ. આશ્ચર્યચકિત થયેલી મજને લાગ્યું કે એ બાળા કિશોરાવસ્થા પસાર કરીને તારુણ્યમાં પ્રવેશી હોય તોપણ નવાઈ નહીં!

તેની દૃષ્ટિ વિચિત્ર હતી. તેનો પાતળો ચહેરો, અગમ્ય કે અસહ્ય દુ:ખોથી પીડિત તેની રૂપરેખા, સૂર્યપ્રકાશથી વંચિત તેની સત્ત્વ-તત્ત્વ-વાંચ્છિત શીત ધવલના, તેની પાતળી કુમળી દેહલતા, બધામાં કોઈ નવા જ પ્રકારનું કૌતુક હતું પણ એ જ રીતે નવી શૈલીની કુમાશભરી સુંદરતા પણ હતી.

જેક રાયન તેને માનવ-તરુણી માનવા જ તૈયાર ન હતો. અગનપરી જેવી એ કોઈ શીતપરી જ હોઈ શકે! તે જે રીતે મળી આવી હતી, એ જોતાં તે અમાનવીય હોવાની જ ખાતરી વધુ રાખી શકાય! હેરીએ ભલે તેને મેળવી હોય અને તે બચાવીને તેને બહાર લાવ્યો હોય, પણ જેકના માનવા મુજબ તો આ અતિન્દ્રિય યા અલ્પેન્દ્રિય બાળા તેને જ વળગી પડી હશે! અને આ બધી તેની કરામત જ હશે!

જેક રાયન જાતે તેની દેહલતાનું અને ખાસ કરીને આંખનું વિવિધ રીતે અવલોકન કરતો હતો. આંખ જે રીતે કદીક પલક ઝપકતી એ જોઈને તે ઈશ્વરને યાદ કરી જતો અને મનોમન બોલી ઊઠતો: 'ના. આ કોઈ માનવકન્યા ન હોઈ શકે! ન જ હોઈ શકે!'

એ કન્યકાને ભાનમાં આવતાં સારો એવો સમય લાગ્યો. શ્રીમતી મજની નિપુણ માવજત અને માતૃત્વભરી મમતા જ તેને મોડે મોડેય સજીવન બનાવી શકી, એમ કહેવું વધારે પડતું નથી.

મજની દરેક રીતની કોમળ પથારીમાં ઉપચાર પામેલી એ તરુણી પ્રાથમિક ધીમા ઊંહકાર બાદ આંખ ખોલવાનો પ્રયાસ કરવા લાગી. જેમાં

તેને તકલીફ પડતી હતી, પણ શ્રીમતી મજ તેને કોઈ તકલીફ આપવા માગતાં ન હતાં, તેમજ તેને વિષે કાંઈ જાણવાની ઉતાવળેય ન હતી.

એક વખત એ જીવને થોડીક કળ વળી હશે અને તેણે કંઈક સ્વસ્થતા અનુભવી હશે! ત્યારે ધીમે રહીને શ્રીમતી મજે પૂછ્યું, 'બધાં તને શું કહીને બોલાવે છે, મારી વહાલી?'

એ છોકરીએ અતિ ધીમા અવાજે સ્કોટ-સન્નારીએ કહ્યું, 'નેલ.'

નેલ હેલેન કે ઇલેનાનું ટૂંકું રૂપ હોઈ શકે એવું શ્રીમતી મજ વિચારી શકી.

'નેલ, તને કોઈ વેદના છે ખરી? કોઈક દુ:ખાવો? કોઈક તકલીફ?'

'ભૂખ,' નેલ કષ્ટ સાથે વ્યક્ત કરતાં બોલી ઊઠી, 'મેં કેટલાય સમયથી કંઈ જ ખાધું નથી. કેટલા સમયથી? કેટલા...?'

નેલની અભિવ્યક્તિ પરથી શ્રીમતી મજ જાણી શકી કે નેલ બોલવા ટેવાઈ નથી. તેને જાતને વ્યક્ત કરવામાં પણ મુશ્કેલી પડે છે. તે જે ભાષા વાપરે છે તે જૂના જમાનાની ગેલીક હલકની ભાષા છે. જોકે શ્રીમતી મજને માટે એ ભાષા સ્વાભાવિક હતી કેમ કે સાયમન અને તેના પોતાના કુટુંબમાં વર્ષોથી એ જ ભાષા બોલાતી હતી.

શ્રીમતી મજે તરત જ કેટલીક વાનગીઓ રજૂ કરી દીધી, જે પૌષ્ટિક હતી તથા સ્વાદિષ્ટ હતી. એ બાળાને એક યા બીજી વાનગી ન ભાવે તો એ માટેની પસંદગી પણ હતી. વાનગીમાં પ્રારંભિક પ્રવાહી ચીજો હતી કે જે ખાવાપીવા, પચાવવામાં અને જલદી સ્વસ્થ થઈ ઊભા થવામાં અનુકૂળ પડે.

નેલ અત્યંત ભૂખથી તડપતા જીવની જેમ બધું ઝડપથી ખાવા લાગી. પહેલાં તેણે સ્વાદ કે પસંદગીની કોઈ જ વાત વિચારી નહીં, પણ સારો એવો ખોરાક પેટમાં ગયા બાદ હવે તે વાનગીઓને માણવા લાગી. શરૂઆતમાં શ્રીમતી મજ તેને ખવડાવવાનો પ્રયાસ કરતી હતી. તરત જ એ માટે વિનંતીભરી માફી માગી તે જાતે જ પોતાનું ભોજન આરોગવા લાગી.

'તું...' શ્રીમતી મજે તેને અકરાંતિયાની જેમ ખાતી જોઈને પૂછ્યું, 'તું કેટલા સમયથી નીચે હતી, ડાહી બાળા?'

નેલે કોઈ જવાબ આપ્યો નહીં. તે કદાચ સવાલ જ સમજી ન હતી.

'કેટલા દિવસથી? આસરે કેટલા દિવસથી?' શ્રીમતી મજે શબ્દો અને હાવભાવ બન્ને દ્વારા તેને પ્રશ્ન પૂછી જોયો.

'દિવસો...?' નેલે આશ્ચર્ય પ્રગટ કર્યું. કદાચ એ શબ્દથી તે પરિચિત ન હતી.

'કોઈ વાત નહીં.' શ્રીમતી મજે નેલનો હાથ થપથપાવી કહ્યું, 'કોઈ ચિંતા નહીં.'

શ્રીમતી મજના વહાલસોયા સ્પર્શથી વધુ વિશ્વાસમાં આવી હોય એવું જણાતાં જ તેમણે હળવે રહીને ફરીથી પૂછ્યું, 'તારી... તારી ઉંમર કેટલી છે, દીકરી?'

નેલે આશ્ચર્ય પ્રગટ કર્યું અને હસી દીધું. કદાચ એ પ્રશ્ન પણ તે સમજી શકી ન હતી.

શ્રીમતી મજે આંગળાઓની ગણતરી સમજાવી ફરીથી પૂછ્યું, 'તું કેટલાં વર્ષની થઈ હશે?'

નેલે કુતૂહલપૂર્વક સામે જોયું.

'હા હા.' શ્રીમતી મજે પૂછ્યું, 'તું કેટલાં વર્ષની થઈ? કેટલાં વર્ષની?'

'વર્ષ?' અટપટી રીતે એ શબ્દ બોલીને નેલ ભલી સ્કોટ સન્નારી સામે જોવા લાગી. કદાચ દિવસ, મહિના, વર્ષ જેવાં શબ્દોથી તે માહિતગાર ન હતી. સંભવત: કલાક, મિનિટ, સેકંડ જેવા સમયના માપની પણ તેને માહિતી નહીં હોય!

સાયમન, હેરી, જેક બધા પૂરી હમદર્દી, સંવેદના અને કૌતુક સાથે આ પ્રારંભિક પરિચય-પ્રક્રિયા નિહાળતા હતા. ગરમ કાળાં ખરબચડા જૂના પોશાકમાં વીંટળાયેલી આ ભૂલકી ડૂલકી બાળા પ્રત્યે તેમના મનમાં દયા જાગતી હતી.

હેરીને ભાષાની અજાણ બાવરી ગાફેલ, અણઘડ તથા વિચિત્ર એવી અભિવ્યક્તિ ગમતી હતી. શ્રીમતી મજ બધી ચીજવસ્તુ આઘીપાછી મૂકવા ગઈ કે હેરીએ પોતાનો હાથ એ છોકરીના હાથ પર મૂકીને 'કેમ છે?' જેવું પૂછવાનો પ્રયાસ કર્યો.

નેલને માતાના વાત્સલ્ય સ્પર્શ તથા આ સ્પર્શમાં ફરક લાગ્યો. એ અજાણ્યા રોમાંચ સાથે તેણે હેરી સામે જોયું. હસી દીધું. કોઈ જબરું ભોળું નિર્દોષ આકર્ષક હાસ્ય હતું.

'નેલ,' હેરીએ પૂછ્યું 'નેલ, નીચેની ખાણની કાળી અંધારી અવાવરુ દુનિયામાં શું તું એકલી જ હતી?'

'એકલી! એકલી!' બબડી ઊઠી નેલ. બંધ કરી દીધી આંખો અને તે પર હાથ મૂકી દીધા. તેની આંખ પર કોઈ ભયની છાયા ફરી વળતી હતી!

હેરી જાણે કે એ સવાલનો જવાબ માગતો હોય તેમ તેની સામે જોઈ રહ્યો તો નેલ બોલી ઊઠી, 'એકલી...? એકલી...! એકલી...' અને પછી ફરીથી જાણે કે એની શક્તિ જતી રહી. મોટા શ્વાસ કે નિશ્વાસ નાખીને તે શાંત થઈ ગઈ.

કોઈ ન જણાવી શકાય તેવી વાત તેને પુછાતી લાગી?

'હેરી!' આવી પહોંચેલાં માતાએ કહ્યું, 'બોલવા માટે હજી એ ઘણી નબળી લાગે છે, હજી થોડુંક ઊંઘી લેશે, પૂરતો આરામ કરી લેશે, વિવિધ ખોરાક એના પેટમાં જશે પછી એ કદાચ સ્વસ્થતા અનુભવશે. ચાલો સાયમન, હેરી, મિત્રો! એ ગભરુ ગભરાયેલી ગૌરીને આપણે સંપૂર્ણ આરામ લેવા દઈએ. ઘણી બધી ઊંઘ જ એને સારું એવું સ્વાસ્થ્ય બક્ષી શકશે.'

શ્રીમતી મજની સલાહથી નેલને તાજગી ને અનુકૂળ વાતાવરણમાં એકલી છોડી દેવામાં આવી. બધાં બહાર જાય તે પહેલાં કદાચ તે ઊંઘી પણ ગઈ હતી!

આ અલૌકિક પ્રકારના પ્રકરણે માત્ર કોયલાનગરમાં જ નહીં, સ્ટર્લિંગશાયરમાં અને સમગ્ર કોલસા-સામ્રાજ્યમાં જબરી સનસનાટી મચાવી દીધી. જ્યારે આવી વાતો જાહેરમાં કે અંદરોઅંદર ચર્ચાય છે, ત્યારે જાતજાતની પોતાના તરફની કપોલકલ્પિત વાતો પણ તેમાં જોડાઈ જાય છે. એ માનવ સ્વભાવ છે. કોઈક કહેતું આવી રીતે અમને તોડી પાડતાં અગાઉ પણ એક ન સમજાય તેવું પ્રાણી મળી આવ્યું હતું. વળી કોઈક અર્ધમાનવની કિંવદંતી કહેતું. કોઈકે કહ્યું કે, 'મારી કોદાળીને કોઈક કોલસાની અંદરથી ખેંચી લેતું હતું. મેં એવું ખેંચાણ અનુભવ્યું છે. અંદરનો હાથ કોમળ લાગે પણ તેની તાકાત અદ્ભુત જ હોય!'

જાતજાતની વાતો ચકરાવે ચઢતાં એ વાત પણ વિવાદ જગાડવા લાગી કે, એ જે જીવ હોય તે, બાળા હોય કે જ્વાળા, એને અહીં કોલસાનગરમાં રાખવી કે કેમ? રાખવી તો શું કામ રાખવી? જરૂરી ક્રિયાકર્મ બાદ એને મૂળ સ્થાને વિદાય કરી દેવી જોઈએ!

ખાણકુટુંબોને મન નેલ અજાયબી હતી. આવી 'ચીજ' આ રીતે જ દુનિયામાં પોતાની અધૂરી ઇચ્છાઓ પૂરી કરવા આવે છે. તેની સાથે તેના સાથીઓનાં પીઠબળ જમા હોય છે. એ બધી અજબ જીવસૃષ્ટિ પોતાની પકડ જમાવી પોતાનું ધાર્યું પાર પાડે છે.

'નેલ કોઈક પરાયી જીવસૃષ્ટિની છાયા છે!' એ વાત જેક રાયને બધાના વતી હેરીને કહી. 'લોકો એને માયા માને છે, હેરી!'

'ભલે માને,' હેરીએ ચોખ્ખું કહી દીધું, 'પણ એ ભલી માયા છે, ઉપકારક અને દયાળુ માયા છે. જ્યારે અમે ખાણમાં વિલીન થઈ જતા

હતા ત્યારે બ્રેડ અને વોટર એણે જ લાવી દીધાં હતાં. મને તો એ બધી એની જ જીવનદાતા ભલાઈ લાગે છે. હા, બીજી કોઈ દુષ્ટ માયા કે છાયા હજી ખાણમાં હોઈ શકે ખરી, આપણે તેનેય શોધી કાઢીશું.'

જે કંઈ થયું હતું તેની માહિતી સહુ પ્રથમ ઇજનેરી જેમ્સ સ્ટારને પહોંચાડવામાં આવી, એ સ્વાભાવિક હતું.

જ્યારે નેલ પૂરતી સ્વસ્થ થઈ ત્યારે ઇજનેરશ્રી ફોર્ડ કુટીરમાં પધાર્યા, નેલને તેમણે જોઈ, મળ્યા.

નેલ લગભગ તમામ વાતોથી અજાણ હતી. દુન્યવી સામાન્ય વ્યવહારથી પણ તે સાવ અપરિચિત હતી, પણ તે હોશિયાર જરૂર હતી જ. પ્રારંભિક કોઈ જ વિચાર તેની પાસે ન હતા, વ્યક્ત કરવા માટેના આચાર પણ ન હતા. પણ તે જોવાથી કંઈક પામી-સમજી શકતી. તેનું ચિંતન જ્યાં સુધી પહોંચી શકે ત્યાં સુધી સરળતાપૂર્વક સાથ આપવાય તે તૈયાર થઈ જતી. હા, તે વર્ષ, મહિના, દિવસો, કલાક, મિનિટ, સેકંડ જેવા સમયના વિભાજનને સમજતી ન હતી. સમજી શકતી જ ન હતી. બધાં વારાફરતી એક યા બીજી રીતે એ પ્રશ્ન પૂછતાં અને તે ખોવાઈ જતી.

રાત્રીના અંધકારથી ટેવાયેલી તેની આંખને અહીંના કૃત્રિમ પ્રકાશ સામે ઘણી તકલીફ પડતી હતી. વીજળીના પ્રકાશ સામે તે હાથ ધરી દેતી યા મોઢું બીજી દિશામાં ફેરવી લેતી, પણ અંધકારમાં એ આંખોની તેજસ્વિતા અદ્‌ભુત હતી. બિલાડીની જેમ તે ચકળવકળ જોઈ શકતી અને બિલાડીની કીકીની જેમ તેની કીકીઓ એની મેળે જ નાનીમોટી થઈ રહેતી.

એક વાત ચોક્કસ હતી કે એના મન પર બહારની દુનિયાની કોઈ અસર પડી ન હતી. ખાણ સિવાય બીજી કોઈ ક્ષિતિજ તેની આંખોએ ભેદી ન હતી.

એ ભોળીભલી અજ્ઞાત છોકરી શું જાણતી હશે ખરી કે ખાણ બહારની દુનિયામાં એક સૂરજ તપે છે, તારાઓ ઝગમગે છે, શહેરો છે, ગામડાંઓ છે, અનંત ઉઘાડા આકાશ નીચે સારી માનવજાત દોડાદોડ કરે છે, જાતજાતનાં પશુપંખીઓ છે! બહારની એ દુનિયાની ભાષા અને અભિવ્યક્તિ પણ તેની પોતાની છે.

જેમ નેલ ઉપરની દુનિયા કે ભાષા સામે બાઘી સાબિત થતી હતી, તેમ જ તેની અંદરની ઊંડી દુનિયા તથા ભાષા વિષે ઉપરના માણસો પણ બાઘા જ સાબિત થતા હતા.

નેલની પોતાની પાતાળી દુનિયામાં તે એકલી હતી કે તેની સાથે કોઈ હતું? એ વિષે પ્રયાસ કરવા છતાં ખુદ જેમ્સ સ્ટાર કંઈ જાણી શક્યા ન હતા. કોઈ પણ વાતના જવાબમાં નેલ આશ્ચર્ય પ્રગટ કરતી કે પોતે એ વાત સમજી શકતી નથી, તે એ વાત હાવભાવ દ્વારા પ્રગટ કરી દેતી.

તેમ છતાં તે પોતાના તરફથી અમુક વાત તો અચુક કહેવા માગતી જ હતી.

'નેલ, તારે અમારી સાથે રહેવું છે કે તું જ્યાં રહેતી હતી ત્યાં પાછા જવું છે?'

જેમ્સ સ્ટારના એવા પ્રશ્નના જવાબમાં નેલ ઇશારત કરીને ચોખ્ખું કહેતી હતી, 'અહીં અહીં.'

પણ એ જવાબ સાથે જ તે એકાએક ચીસ પાડી દેતી હતી.

'શું થયું નેલ, શું થયું?' ઇજનેરશ્રી તેને શાંત પાડીને કહેતાં, 'તારે અહીં રહેવું હોય તો અવશ્ય રહેજે. અહીં તને બધી જ સગવડ...'

એ વાતના જવાબમાં પણ નેલે તો અગાઉ જેવી ચીસ જ પાડે રાખી. એનો અર્થ એ થઈ શકે કે તે તો અહીં રહેવા માગે છે, પણ તેના અહીં રહેવા સામે કોઈક ભય છે, અથવા કોઈક તેને તેમ કરતી રોકી શકે છે!

જેમ્સ સ્ટાર, સાયમનજી, હેરી પોતપોતાની રીતે કંઈક જાણવાનો, પામવાનો પ્રયાસ કરતા રહ્યા. છેવટે તેમને લાગ્યું કે, જો એ પૃચ્છા નેલને કષ્ટ આપતી હોય તો મામલો જ્યાં છે ત્યાં જ રહેવા દેવો અને સમય સમય પર કળથી જાણકારી મેળવવાનો પ્રયાસ કરવો.

જોકે ત્રણ વર્ષ નવી ખાણને શોધ્યા ને વિકાસ પામ્યાને થયા હતા અને કોઈ જ હુમલો કે અણછાજતી ઘટના બની ન હતી. પેલા અજાણ્યા ભેદી શત્રુ તરફથી પણ કોઈ ચોંકાવનારું છમકલું થયું ન હતું.

'એ આપણને શોધે,' આ વખતે ઓવરમેન સાયમને કહ્યું, 'તે પહેલાં આપણે જ તેને શોધીએ તો કેમ? અત્યાર સુધી જે કંઈ શોધ કરી છે તે આપણે જ કરી છે, જોખમના અંદેશા સાથે કરી છે અને શોધમાં નુકસાન શું જવાનું છે? આપણને જ કંઈક પ્રાપ્તિ થવાની છે.'

'તમારી વાત સાચી છે સાયમન,' જેમ્સ સ્ટારે કહ્યું, 'આપણું શોધકાર્ય તો સતત ચાલુ જ રહેવું જોઈએ અને એમ જ હોય તો હેરીને જ્યાંથી નેલ મળી છે, ત્યાંથી જ શોધ આગળ વધારીએ તો કેમ?'

'ચોક્કસ જગાની શોધ ચોક્કસ માહિતી આપે જ છે.' ઓવરમેને કહ્યું, 'હા, આ વખતે આપણે સ્ટાફ પૂરતો રાખીશું.'

'અરે તમે કહો તેટલો,' ઈજનેરશ્રીએ કહ્યું, 'હવે આપણને સ્ટાફની ક્યાં ખોટ છે? અને સાહસિકોની પણ ખોટ પડે તેમ નથી.'

'ત્યારે ચલો જીતવા જંગ.' ઓવરમેને કહ્યું.

પણ જેમ જીતવાનાં ગીતો ગાવાથી જ કંઈ જંગ જીતી શકાતો નથી.

નેલ મળી હતી, એ જ ગલ્ફ-કૂપ કે અંધ-કૂપમાં પૂરાં સાધનો સાથેની ટુકડી ફરી વળી, પણ તેમને કંઈ જ જાણવા-જોવા મળ્યું નહીં. હા, ત્યાંથી વધુ ઉત્તમ ગુણવત્તાવાળો કોલસો મળી શકે એવી સીમ તરફ રસ્તો લઈ જતો હતો ખરો.

નેલની જે દશા હતી તે, પણ તે આવી કોઈ શોધ-તપાસ ચાલી રહી છે, એવું તો અંદરખાનેથી જાણી જ શકી હતી! તેમ છતાં તેણે કોઈ વિરોધ-અવરોધ કે ઊહાપોહ કર્યો ન હતો. અંધ-કૂપની અંતરિયાળ દુનિયામાં કોઈક એકાદ બીજું હોઈ શકે, બેત્રણ વ્યક્તિ હોઈ શકે, ભયની આશંકા ખરી જ, પણ નેલે એ સામે કોઈ તાકિદ, તકેદારી કે ચેતવણી ઉચ્ચારી ન હતી.

એકાદ પખવાડિયામાં કુટીરમાં રહેવા ટેવાયેલી નેલ હવે ઘણી સ્વસ્થ અને ઘણી હોશિયાર થઈ ગઈ હતી. શ્રીમતી મજ તેને બધી જ વાતો વિસ્તારથી સમજાવતી અને નેલ સાહસિક બની તેમને સહકાર પણ આપતી.

નેલને એક વાતની નિરાંત લાગવા માંડી હતી કે અહીંના લોકો તેને પાછી કાઢવા કોઈ જ પ્રયાસ કરતાં નથી, કરશે પણ નહીં. શ્રીમતી મજની માતૃત્વભરી મમતા અને માવજતથી તેનો વિશ્વાસ વધુ દૃઢ બનતો હતો. તે કદાચ હવે અહીં જ રહી જશે એવું તેને લાગતું હતું, તે એવું સ્વીકારી લઈ એ માટે તૈયાર પણ થતી હતી.

થોડા વખત પછી તો તે જ એવું કહેવા લાગી કે, 'જાણે હું બીજે ક્યાંય રહી જ નથી. અહીં જ જન્મી છું. મોટી થઈ છું, તમારા બધાની સાથે જ.'

શ્રીમતી મજે તો તેને દત્તક લીધેલી કોઈ બાળકી હોય એમ જ સ્વીકારી લીધી હતી. તેમને તો તેમના ગૃહિણીજીવનમાં એક સાથી જ મળી જવાની ખુશી હતી.

નેલ વિષેની બીજી અગત્યની વાત એ જોવામાં આવી કે તે હવે પૂર્ણરૂપે ખીલવા લાગી હતી. તેની ઉંમર જે હોય તે અને તે કદાચ પુખ્ત વયની આજુબાજુની બાળકી કે તરુણી ભલે હોય, પણ હવે તેનું યૌવન પૂરબહારમાં છટા દાખવવા લાગ્યું હતું. સાદા શબ્દોમાં કહીએ તો અહીંની માવજત, અહીંની ખુશી, અહીંના હવામાન, અહીંની દોસ્તી, અહીંના સાથસંગાથને લઈને તે પૂર્ણ રૂપ ધારણ કરવા લાગી હતી.

અહીં તેને બધાં હસતા લોકો જ જોવા મળતાં. તે પણ બધાં સાથે હસવા લાગતી. એ હસવાની ટેવ તો તેને એટલી હદે પડવા લાગી કે તે

એકલી એકલી પણ હસતી જ રહેતી.

માતૃતુલ્ય શ્રીમતી મજ તેને વિષે કંઈ જાણવા પ્રયાસ કરે તેને બદલે નેલ જાતે જ આમાંથી તેમને વિષે બધું જાણી લેતી હતી. રસોડું ઘરસજાવટ, સમારકામ, ભરતગૂંથણ, વડીલો સાથેનો વ્યવહાર, સરખાઓનાં સન્માન... બધું જાણી લઈ, તે પ્રમાણે વર્તાવ કરવાનું તેને મન થતું અને તેમાં તે અનહદ ખુશી અનુભવતી.

તે વધુ ને વધુ સુંદર બનતી જતી હતી. એ વાત હેરીથી છૂપી ન હતી, તેમજ જેક રાયનથી પણ છૂપી ન હતી.

પણ માન્યતામાં અને સ્વીકારવાની વૃત્તિમાં ફેર હતો. જેક રાયન માનતો કે આવી વ્યક્તિ એટલે કે આવી માયા હંમેશાં સુંદર હોય છે જ. સૌંદર્ય દ્વારા જ તેઓ સામાને પોતાના તરફ ખેંચે છે અને પછી...? અને પછી...? આગળ ઉપરની વાત જેક રાયન વિચારી શકતો નહીં. તેને વિચારવાનુંય ગમતું નહીં. અથવા કહો કે નેલના ભોળા નિર્દોષ સૌંદર્યને જોઈને તે એવા વિચારને જ ધક્કો મારીને બહાર કાઢી મૂકવાનું પસંદ કરતો.

જેક વખતોવખત કુટીરમાં આવવાનું પસંદ કરતો. તેના સ્વભાવ મુજબ તે ગણગણતોય ખરો. એક વખત તેના ગુંજારવ વિષે નેલે આશ્ચર્ય પ્રગટ કર્યું ત્યારે શ્રીમતી મજ કહે, ‘એને સંગીત કહે છે. તું જાણે છે નેલ, જેક રાયન ગાયક છે અને ગીતો ગાય છે!’

નેલને ગીત, ગાયન, ગાયક વિષે કંઈ બહુ સમજાયું નહીં. ત્યારે શ્રીમતી મજે જ જેકને કહ્યું, ‘તું એને કંઈક ગાઈ બતાવ જેક?’

જેકે પોતાને સુલભ એવું એક પરંપરાગત લોકગીત ગાયું. જેમાં પ્રેમી પોતાની પ્રેયસીને મેળવી શકતો નથી. તે એને મેળવી શકશે કે કેમ, તેનીય તેને ખબર નથી. બસ તે તો પોતાની આરાધના ચાલુ રાખે છે.

જેકની એ આદત હતી. તે ગાતો ગાતો પોતાના ગીતસંગીતમાં ખોવાઈ જતો. આગળ ઉપર તો તન્મય બની જતો. તેને પોતાને ભાન રહેતું નહીં કે તે કેટલા સમયથી ગાય છે, કોની સામે ગાય છે?

નેલ પણ તન્મય બની. તેને ગીતસંગીત બધું ગમ્યું. બીજા બધાં વાતો કરે છે, એના કરતાં એ બધું જુદી જાતનું હતું! તે પણ જેકના ગીતમાં ખેંચાઈ ગઈ, અજાણી અને અબુધ રીતે.

ગીત પૂરું થયું તોપણ તે ચાલુ જ છે એવો ભાષ નેલને થયો. જેકને પણ એવું જ લાગ્યું.

નેલે શ્રીમતી મજને કહ્યું, ‘આ વળી નવું પણ બહુ સુંદર.’ શરીર બતાવી કહ્યું, ‘બધું શરીરમાં પેસી જાય છે.’

શ્રીમતી મજ દ્વારા તેણે જેક રાયનનો આભાર માન્યો.

જેક રાયન નેલની મુખમુદ્રા જોઈ રહ્યો. ભોળીભલી નિર્દોષ અબુધ અણઘડ નાદાન... બધું જ ખરું પણ કેટલી અનુપમ!

ત્યાર બાદ જ્યારે જ્યારે જેક રાયન આવતો ત્યારે નેલ શ્રીમતી મજ તરફ જોતી અને શ્રીમતી મજ સિફારશ કરી દેતી, ‘જેક, તું તો ગીત જ ગા. તારું ગીત નેલને બહુ જ ગમે છે.’

દર વખતે જેક કંઈકનું કંઈક નવું ગાતો. ગીતકથા વિષે નેલ કંઈ સમજી શકતી નહીં. માત્ર ગીતસંગીતથી જ તે આહ્‌લાદ અનુભવતી. દર વખતે એ આહ્‌લાદ તેના ચહેરા પર એવા ભાવો લાવી દેતાં કે જેક ખેંચાઈ જતો, અલબત્ત પોતાના ગીત-સંગીતમાં, પણ એક એવા ગીતની પૂર્ણાહુતિ વખતે નેલના ચહેરાના ભાવ તથા તેની અજાયબ આંખો જોઈને તે મનોમન જ બોલી ઊઠ્યો, ‘ઓહ! આને મેં જ કેમ બચાવી નહીં?’

નેલને જ્યારે તે પ્રત્યક્ષ સ્વરૂપે જોતો અને મળતો ત્યારે તેના મનનું દ્વન્દ્વ ચાલુ રહેતું. નેલના માનવીય શિશુસહજ ભાવો જોઈને તેને લાગતું કે ના, આ કોઈ અતિન્દ્રિય જીવ નથી જ. આપણી સમક્ષ માનવીને અનુરૂપ ભાવપ્રદર્શન કરનારી વ્યક્તિ કોઈ છાયા કે માયા કેવી રીતે હોઈ શકે?

એક વખત તેના બૅગપાઇપ વાજિંત્ર બાબતે નેલને કુતૂહલ થયું કે એમાંથી વળી સંગીતમય અવાજ કેવી રીતે આવે? જેક રાયને જાતે જ બૅગપાઇપ નેલના હાથમાં મૂકી અને તેનું રહસ્ય બતાવ્યું. જો નેલ, પાઇપ મોઢામાં મૂકી શકે તો તેમ કરી, ફૂંક મારી વગાડી જોવાનીય સિફારીશ કરી.

એ બધું આનંદપ્રદ હોવા છતાં નેલને ફાવ્યું નહીં, પણ આ પ્રક્રિયા વખતે નેલનો શારીરિક સ્પર્શ જેકે માણ્યો. તે અદ્‌ભુત રીતે રોમાંચિત થઈ ઊઠ્યો.

એમ નહીં કે આ તેનો પહેલો સ્પર્શ હતો. જ્યારે હેરી નેલને અંધ-કૂપ-ગલ્ફમાંથી બહાર લાવ્યો હતો, ત્યારે નેલના બાળસ્વરૂપ દેહને ઉપાડીને જેકે જ એક સુરક્ષિત જગાએ ગોઠવ્યો હતો, પણ ત્યારે નેલ સંજ્ઞાવિહીન, ભાવવિહીન, ચૈતન્યવિહીન એક પોટલું માત્ર હતું.

પણ અત્યારે નેલનું પૂર્ણરૂપે વિકસિત નારી સ્વરૂપ કોઈક જુદી જ વાત હતી! કરમાયેલા છોડને પાણી પાઈને સજીવન કરવામાં આવ્યો હતો. પૂરી માવજત તથા શુશ્રૂષા બાદ એ કુમાશદાર છોડ જે મઘમઘતા સુવાસિત ફૂલો પ્રદર્શિત કરે, એની તો વાત જ જુદી ને!

નેલનો અત્યારે આહ્‌લાદક સ્પર્શ પામી રોમાંચિત થઈ ઊઠેલા જેક રાયને મનોમન જ એક બીજી વાત ઉચ્ચારી દીધી, ‘એ છાયા હોય કે માયા! આપણે શું?’

એવી જ એક સંવેદન ક્ષણે હેરી ફોર્ડ પણ ત્યાં આવી પહોંચ્યો. નેલને પુલકિત જોઈને જેકને અભિનંદન આપતાં હેરી કહે, 'જેક! તું ખરેખર નેલને સજીવન બનાવી રહ્યો છે.'

જેક કહે, 'સજીવન તો તેં એને બનાવી છે, હેરી! આપણે બધાં જ જાણીએ છીએ...'

'તો તું એને ચૈતન્ય બક્ષી રહ્યો છે!' હેરીએ ખુશીની સાથે કહ્યું, 'બસ?'

'ઓહ હેરી! હેરી!' સંગીતમય પ્રાર્થના સ્વરૂપે જેક રાયન બોલી ઊઠ્યો, 'તું કેટલો ભલો અને ઉદાર છે. તમારું આખું કુટુંબ, તમે બધાં જ ગજબના ભલા, ઉદાર, પરગજુ, નિસ્વાર્થી અને પરાક્રમી છો.'

હસીને હેરી કહે, 'બીજાં કોઈ વિશેષણો બાકી રહ્યાં?'

'બીજાં તો શોધવાં પડે,' જેક કહે, 'કેટલાંક કાર્યો, કેટલાંક માનવીઓ, કેટલીક જિંદગીઓ વિશેષણથીય પર હોય છે.'

'આ કોઈ ગીત છે કે શું, જેક?'

'ગીત આવી ભાવનાઓ અને આવા ભાવને લઈને જ રોમાંચક અને ચિરંજીવી બને છે, હેરી!'

'આશા રાખું છું જેક,' હેરીએ ખરેખર લાગણીસભર રીતે કહ્યું, 'કે મને તારાં ગીતો સાંભળવાનો ભરપૂર સમય મળે, નેલ જેટલો જ...'

'તો પછી અત્યારે જ...'

'અત્યારે ખાસ કામ છે. તારી પાસે સમય છે, જેક?'

પેલી ભોળીભલી, પુષ્પમાંથી ખીલીને વસંતમાં ફેરવાયેલી નેલ વારાફરતી બન્ને તરફ જોતી હતી. પણ તેની આંખો હેરી પર વધુ સ્થિર રહેતી, વધુ લાંબો સમય કેન્દ્રિત રહેતી.

'તારે માટે સમય જ સમય છે, હેરી.' જેક રાયને ઊભા થતાં કહ્યું, તેણે હાથમાં તેની બૅગપાઇપ લઈ લીધી.

'એની જરૂર નહીં પડે, જેક.'

જેક રાયને તરત જ બૅગપાઇપ નેલ સમીપ ગોઠવી દીધી.

હેરીએ પહેલાં માતા તરફ પછી નેલ તરફ જોઈને કહ્યું, 'અમે જલદી પાછા ફરીશું નેલ! મા સાથે મજા પડે છે ને? આરામ કરો બન્ને જણા, આનંદવિનોદ માણો...' પછી બહાર નીકળતાં એવી જ ગમ્મતભરી રીતે કહ્યું, 'નસીબદાર છો બન્ને.'

બહાર આવેલા જેક રાયને ઠપકાના સ્વરમાં કહ્યું, ‘હેરી, દિવસોના દિવસો સુધી તું ક્યાં ગાયબ રહે છે?’

‘તું જાણે છે કે મારી શંકાનું સમાધાન ન થાય ત્યાં સુધી મને ચેન પડતું નથી. એમાં દિવસો લાગે જેક કે મહિના! શો ફરક પડે છે? મમ્મી-પપ્પાએ નવી એબરફોઇલની શોધમાં દશ વર્ષ નહોતાં પસાર કર્યાં શું?’

‘તો પાછાં બીજાં દશ વર્ષની તપશ્ચર્યા તેં આદરી છે, હેરી?’

‘સમય સાથે લેવાદેવા નથી જેક, પણ જેને તું તપશ્ચર્યા કહે છે એ મેળવી જરૂર આપે છે. સાધના, શોધ, સિદ્ધિ કદાચ એક જ માળાના મણકા છે.’

‘ફિલસૂફી મારે માટે રહેવા દે.’ જેક રાયને કહ્યું, ‘તેં શું મેળવ્યું એ કહે?’

‘તારી પેલી… પેલી મળી હતી…’

‘મારી? પેલી? કોણ હેરી?’

‘મળી હતી નહીં મળી ગઈ, જેક. અકસ્માત કહો તો અકસ્માતરૂપે અને શોધ કહો તો શોધરૂપે…’

‘કોણ હેરી, કોણ?’

હસીને હેરી કહે, ‘અગનપરી. હા, જેને તું અગનપરી સ્વરૂપે ઓળખવું પસંદ કરે છે તે જ.’

‘આ… આ તું શું કહે છે? તું શું એને પ્રત્યક્ષ સ્વરૂપે મળ્યો? નેલની જેમ? ક્યાં છે એ?’

‘નેલની જેમ ના કહે જેક, નેલ હાથ લાગેલી ચીજ છે, આપણી સામેની વ્યક્તિ છે, આપણે તેને આપણી નજર સમક્ષ જોઈ શકીએ છીએ, જ્યારે અગનપરી…?’ એકાએક જ રોકાઈ જઈને હેરી કહે, ‘હા જેક, તમે એને અગનપરી કેમ કહો છો?’

‘અગાઉથી જ એને એવું નામ મળેલું છે.’

‘પરી તો નેલ જેવી હોઈ શકે ને?’

‘હા, હેરી. પરી તો એવી જ હોઈ શકે.’

‘ત્યારે અગનપરીને તમે અગનદાનવી, અગનદિવ્યા, અગનદુષ્ટા, અગનઅભિષિકા, અગનવિનાશિકા એવાં નામ કેમ દેતાં નથી?’

‘હેરી! હેરી! લાગે છે, આ વિષે મારા કરતાં તું વધારે જાણવા લાગ્યો છે. વાત કર. એ અગનશિખા, અગનશાખા, અગનશલાખા કે જે

તારે નામ આપવું હોય તે આપ, તું એને ક્યાં મળ્યો? કેવી રીતે મળ્યો? ક્યાં છે તે? નેલને તેં અહીં રાખી છે તો એ અગનજ્વાળાને ક્યાં રાખી છે?'

જેકની ઉત્સુકતાભરી ઉત્તેજના હેરી માણી રહ્યો. હસી રહ્યો. પછી તેણે વિસ્તારથી વિગતો કહી.

અંધ-કૂપ, અવડ-કૂપ, ગલ્ફ-કૂપ, અનંત-કૂપ જેવાં કૂપમાં તે દાખલ થતો ત્યારે ઊંડાણમાં તેને પવનના ઝોકાનો અનુભવ થતો. કદીક પવનનું ઝાપટું આ બાજુથી આવતું તો કદીક બીજી બાજુથી. પવનનું એ ઝાપટું સંકેત આપતું હતું આમંત્રણ આપતું હતું.

જ્યાંથી પવન આવી શકે છે ત્યાંથી માર્ગ નીકળી શકે છે. કોઈક માર્ગ હોય, નાનો કે મોટો, તો જ પવનનું આવવું શક્ય બને છે.

એક દિવસ ઝૂકીને, સરકીને, પાતાળી ખીણ તથા ખાણ સાથે ચોંટીને સરતો સરતો હેરી આગળ વધ્યો. પવન તેની ઉપરથી અંદર ધસી જવા પસાર થઈ જતો. એ પવન ક્યાંથી આવે છે, એ જાણવા પવન-દિશામાં પ્રવેશતો ગયો.

જેમ જેમ તે ટનલમાર્ગ, ગુફામાર્ગ, ગરનાળામાર્ગ પસાર કરતો ગયો તેમ તેમ પવનનો મારો વધ્યો, પવનનો જોશ વધ્યો, પવનનું દબાણ વધ્યું, પવનનો જથ્થો તથા ધસારો વધ્યો.

સામેથી આવતો એ પવન માર્ગદર્શક હતો. માર્ગ કઠીન જરૂર હતો. ક્યારેક બેસીને, ક્યારેક વાંકા વળીને, ક્યારેક સરકીને જવું પડતું તો ક્યારેક ઊભા થઈને પણ જઈ શકાતું.

બસ એ રીતે તે જતો રહ્યો, જતો રહ્યો, જતો રહ્યો. પછી તો ઉપર ચઢવાનો સીધો માર્ગ આવ્યો. કોઈ પગથિયાં ન હતાં, પણ અગાઉ કદાચ પગથિયાં હોઈ પણ શકે! નાનામોટા ખડકોને ટેકો દઈ, ઊછળતો-કૂદતો તે સાવધાનીપૂર્વક ધસમસતો રહ્યો.

જ્યારે કોઈક માર્ગ હાથ લાગે છે ત્યારે ઝડપ વધે છે.

'એ માર્ગે હું પહોંચ્યો ત્યારે ક્યાં ગયો હોઈશ એની તું કલ્પના કરી શકે છે, જેક?'

'ક્યાં?'

'તારી અગનપરી પાસે.'

'વિસ્તારથી વાત કહે.'

'એ જગા હતી પેલા ખંડિયર મહેલની. ઇરવીનના ડુન્ડોનાલ્ડ કિલ્લાનું જ એ ખોડીબારું કે ભોંયતળિયું હતું કે જ્યાં તારી અગનપરીઓ વસે છે. એટલે કે જે જગા અગનપરીઓના નિવાસસ્થાન સ્વરૂપે કુખ્યાત

છે. જ્યાં અગનપરીઓ મળે છે, નાચે છે, ગીત ગાય છે, હસે છે, હાહાકાર સર્જે છે.'

'તો શું ડુન્ડોનાલ્ડ કેસલ અને નવી એબરફોઇલ વચ્ચે કોઈક ભૂગર્ભમાર્ગ છે?'

'છે એટલે કે હતો...'

'તો પછી હેરી,' દૃઢતા સાથે જેક રાયને પૂછ્યું, 'તો પછી જ્યારે જાસૂસોએ અને પોલીસે અગનપરીના એ ખંડિયર અવાવરુ મહેલની તલાશી લીધી, ત્યારે પોલીસોને એ ભૂગર્ભમાર્ગનો પત્તો કેમ લાગ્યો નહીં?'

'પત્તો લાગવાની શક્યતા જ નથી, જેક! તમામ માર્ગ ખડકો, શિલાઓ, પથ્થરો અને વૃક્ષોની વનરાજિથી ઢંકાયેલો, દબાયેલો છે. ઉપરથી પ્રકાશ ફેંકતી પોલીસોને તે હરગીઝ નહીં જડે. એ માટે તો ઝાડીઓ વીંઝવી પડે, પથ્થરો ફેંદવા પડે, ખડકો ગબડાવવા પડે, શિલાઓ આઘીપાછી કરવી પડે. મારે એ બધું જ કરવું પડ્યું જેક. અને દાખલાનો જવાબ હાથમાં હોય છે તો દાખલો સરળ બને છે તેમ જ મને તો એ ભૂગર્ભીય માર્ગ જ હાથ લાગ્યો હતો. ઉપરથી ભૂગર્ભ શોધનારને કદાચ ભૂગર્ભની ખાણ હાથ ન લાગે, પણ ભૂગર્ભીય ખાણની નીચેની ઊંડી દુનિયામાંથી કોઈ ઉપર પહોંચવા માગે તો તે જરૂર પહોંચી શકે. અલબત્ત વિકટતા ખરી, આપણેય અગાઉ એવી વિકટતા ક્યાં પસાર કરી નથી?

બધી વાત ઇજનેરશ્રી જેમ્સ સ્ટારને જણાવી દેવામાં આવી તથા તેમની સાથેની ચર્ચા બાદ નવી એબરફોઇલ તથા ખંડિયર-મહલના ભૂગર્ભીય માર્ગને વધુ સરળ બનાવવામાં આવ્યો.

એક વાત સ્પષ્ટ હતી કે જાણકારોને અગાઉથી જ ગુહ્ય માર્ગની માહિતી હતી.

ઇજનેરને માટે પ્રશ્ન એ હતો કે, એ જે હોય તે, પણ તેઓ ખાણ સાથે સંકળાયેલા લોકો હતા કે કેમ? અને કેટલા હતા? કોણ હતા?

નવી એબરફોઇલના જે માર્ગેથી આ ગુફામાર્ગ આવતો હતો, એ ખાણ ઘણી જ સમૃદ્ધ હતી. એ ખાણ શોધવામાં ઇજનેર-મંડળને જરૂર કષ્ટ પડ્યું. પણ જેઓ અગાઉ ત્યાં પહોંચ્યા હશે, તેમને ખાણની સમૃદ્ધિનું જ્ઞાન જરૂર હશે જ!

જે ગુફામાર્ગ ખંડિયર મહેલ તરફ લઈ જતો હતો. એથી બીજી દિશામાં પણ શોધકાર્ય આગળ વધારવામાં આવ્યું. ત્યાંથી પણ એવો માર્ગ મળતો ગયો. એ દરેક માર્ગ નવી એબરફોઇલને વધુ ને વધુ કીમતી બનાવે જતો હતો. આ નવી ખાણ શોધાય તો તે અદ્‌ભુત રીતે અને અધધધ રીતે અમૂલ્ય છે, એવી વાત શું આ અગાઉ કોઈક જાણતું હતું?

દરમિયાનમાં ફરીથી જાસૂસો, પોલીસો, સરકારનો સાથ મેળવવામાં આવ્યો. કેમ કે આ જ જગાએથી પેલી તોફાની રાતે ભૂતભડકા દેખાયા હતા. આકાશી એ ભૂતભડકાથી ગેરમાર્ગે દોરવાઈ જઈને જ મોટાલા જહાજ ખડક સાથે ખોટકાઈને ભાંગી પડ્યું હતું.

આ ભૂતભડકામાંથી અગાઉ પણ અગનપરીઓએ દેખા દીધી હતી. એટલે જરૂર કોઈક દુષ્ટોનું કે દસ્યુઓનું જ આ કારસ્તાન હોઈ શકે! પણ એ જે હોય તે સામાન્ય તો ન જ હોય! તે કદાચ ખાણ-વિજ્ઞાનના જાણકાર હોય અને કોઈ પણ આ તરફ ન ફરકે માટે જ લોકોને ડરાવેલા રાખતા હોય!

ભાંગીને ભુક્કો થયેલા 'મોટાલા'એ એક બીજી વાત પણ જાહેર કરી હતી અને તે એ કે એ દસ્યુઓ લૂંટારા પણ અવશ્ય હશે જ અથવા તેમને તેમનાં કાર્ય માટે જે ઘણા મોટા ધનની જરૂર પડે તે આ રીતે જહાજ લૂંટીને કે બીજી આડી રીતે મેળવતા હોય!

એ તો નસીબજોગે સારું થયું કે મોટાલા-અકસ્માત અને મોટાલા-વિનાશકાંડ જેક તથા તેમના સાથીઓની નજરે પડી ગયો અને બચનારા લોકો બચી ગયા.

પણ એ ગુનેગારોને શોધવા જ રહ્યા. ખાણ બહારની જ નહીં, ખાણની અંદરની આવી કોઈ હરકત ઊભી ન કરે, માટે કાવતરાખોરોને ઝબ્બે કરવા જ રહ્યા. ખાસ તો તેમનો હેતુ જાણવા માટે.

જાસૂસો પોલીસોએ પછી તો આખો ખંડિયર મહેલ ઉપરતળે કરી નાખ્યો. એક જગાએથી તેમને માનવદેહની એલ્યુમિનિયમ જેવા પદાર્થની ઝળહળતી સ્ત્રીઆકૃતિઓ મળી. નારીના આકારમાં કાપીને કંડારવામાં આવેલી એ સપાટ એલ્યુમિનિયમ પ્રતિમા હતી. તેના હાથ ઊંચા હતા, વાળ છુટ્ટા હતા.

પોલીસોની મોટા ભાગની તલાશી રાત્રી દરમિયાન જ ચાલતી. એક રાતે એની મેળે જ ઉપરના ગુંબજ શિખરમાંથી અને મિનારામાંથી ભડકા નીકળવા લાગ્યા.

દૂરદૂરના લોકો એ જોઈને પાછા ગભરાઈ ગયા તથા 'અગનપરી અગનપરી' કહીને ભય પામીને દોડાદોડ કરવા લાગ્યા.

જાસૂસોએ આ વખતે પેલી એલ્યુમિનિયમ ચળકતી નારીને એ ભડકામાં ધરી જોઈ. લોકો એથી વધુ ભડક્યા, પણ પોલીસને જાણ થઈ ગઈ કે દૃશ્ય આબેહૂબ અગાઉ જેવું જ હતું. પોલીસો એ ચળકતી નારી માયાને લઈને કોટ ઉપર, કોટની સંગે, અગાશીમાં દોડ્યા.

દૃશ્ય હૂબહૂ મોટાલા-વિનાશકાંડ વખતનું જ સર્જાયું, પણ આજની કાળી રાતે કુદરતી વાવાઝોડું કે તોફાન ન હતું અને બીજા કોઈ નુકસાન કે

અકસ્માતની શંકા ન હતી.

'પણ આ ભડકા ક્યારેક કેવી રીતે ભડકી ઊઠે છે?' ઇન્સ્પેક્ટરે પૂછ્યું.

જવાબમાં જેમ્સ સ્ટારે તેમને સમજાવ્યું, 'કોલસાની ખાણનો આ વિસ્તાર અમુક પ્રકારના પ્રજ્વલિત ગૅસ ધરાવતો હોય છે. બહાર હવા તરફ ધસી જતાં એ વાયુ ઓક્સીજન સાથે ભળી જતાં ભડકી ઊઠે અને આગ દેખા દે છે. કોલસાની સાથે આ ગૅસ પણ માનવજાત માટે બહુ જ ઉપયોગી થવાનો છે. કોલસાની ખાણમાં આપણે એનાથી બચીને જ કામ કરવું પડે છે.'

'પણ સાહેબ, એ ભડકાઓ કરનારાઓ નિશ્ચિતરૂપે કેવી રીતે ભડકા પેદા કરતા હતા?'

'બહુ જ સૂક્ષ્મ સવાલ પૂછ્યો તમે ઈન્સ્પેક્ટર! આપણે જેને દુષ્ટ લોકો કહીએ છીએ તેમની પાસે જરૂર આ ગૅસને નાથવાની કોઈક આવડત હશે. કોઈક ગૅસગુફા, સંચિત ગૅસની કોઠીઓમાંથી પાઇપલાઇન પ્રકારે તેઓ ગૅસને નિર્ધારિત દિશામાં વાળી શકતા હોય અને પોતાના નિયંત્રણ હેઠળ આગ ભડકાવી ભડકાઓ ફેંકી શકતા હોય! તે વખતે એ ભડકાઓ આ ચળકતી અગનપરી ધરી દેવાથી ધાર્યો ભય ઊભો કરી શકાય! વધારામાં ઇન્સ્પેક્ટર, આ ભડકાઓ વરસાદ, હવા, તોફાન કે ઝંઝાવાતમાં હોલવાઈ જતાં નથી, પણ અંદરથી આવતાં સતત ગૅસજથ્થાને લઈને વધુ પ્રજવળે છે. કુદરતી તોફાન સાથેના આ ભડકાઓ વધુ ભય પેદા કરે છે.'

'તો શું મિસ્ટર જેમ્સ સ્ટાર, તમે એવું માનો છો કે તેઓ આપણા કરતાં વધુ જાણકાર હોઈ શકે?'

'હોઈ શકે,' ઈજનેરશ્રીએ કહ્યું, 'કેટલીય શોધો બે જુદી જુદી જગાએ એક સાથે થયેલી છે, અને વિજ્ઞાનની બાબતોમાં એકલા આપણે જ જાણકાર છીએ એવું કેમ મનાય? હા, એ જાણકારીનો ઉપયોગ પૃથક પૃથક હોઈ શકે. આપણે માનવજાતના ભલા માટે, વિકાસ માટે એનો ઉપયોગ કરીએ, બીજાઓ પોતાના સ્વાર્થ માટે કે વિનાશ માટે એનો ઉપયોગ કરે…'

અથથી ઈતિ સુધી શોધી વળેલા ઇન્સ્પેક્ટર કહે, 'પણ આપણને એવા કોઈનો પત્તો કેમ લાગતો નથી?'

'સંભવ છે તેમને માહિતી મળી ગઈ હોય?' સંભવ છે તેઓ જાગૃત બની ગયા હોય, સંભવ છે તેઓ ભૂગર્ભમાં ઊંડે પહોંચી જઈ કોઈ બીજા માર્ગે ફંટાયા હોય, સંભવ છે તેમણે કોઈક બીજું ખંડિયર હાથ કરી લીધું હોય અને સંભવ છે કે તેઓ પકડાવાના ભયથી, પ્રગટ થઈ જવાના ભયથી નાસી છૂટ્યા હોય!'

‘તો શું આપણે અહીં તલાશી ચાલુ જ રાખવાની...?’

‘હા ઇન્સ્પેક્ટર, અહીં કોઈ કાયમી ચોકી બનાવી દો. પૂરતો પોલીસ સ્ટાફ રોકી દો. નવી એબરફોઇલથીય નવી ખાણનું આધુનિક પ્રવેશદ્વાર અહીં બની રહે, ત્યાં સુધી અહીંની તકેદારી ખૂબ જ જરૂરી છે.’

એ થઈ પોલીસ સાથેની જેમ્સ સ્ટારની વાત, પણ ઇજનેરશ્રી સાથે હેરીનો સંવાદ કોઈક નવી ચિંતા વ્યક્ત કરતો હતો.

‘હેરી,’ ઈજનેરશ્રીએ કહ્યું, ‘મને લાગે છે કે અવગતિયાઓ હવે નવું કોઈ તોફાન નહીં કરે.’

‘એવું તમે કેવી રીતે માની રહ્યા છો, સાહેબ?’

‘કેમ કે કોઈ મળતું નથી અને જે કંઈ હાથ લાગ્યું છે, એ જોતાં તેઓ નથી જ રહ્યા એવું માનવાને કારણ મળે છે. નહીં તો ગુનેગારો કદી મુદ્દામાલ પોલીસને હાથ લાગવા દેતા નથી.’

‘આટલા સરખા મુદ્દામાલથી રાજી થવાની જરૂર નથી, સ્ટારસાહેબ. કોઈ ઠોસ નક્કર મજબૂત મુદ્દામાલ હાથ લાગવા જોઈએ.’

‘કેવા, હેરી કેવા?’

‘નાસતા માણસનાય નાસી જવાના પુરાવા હોય છે. તેઓ ઝડપથી નાસી ગયા કે નિરાંતે, એ પણ જાણવું રહ્યું...’

‘ધારો કે તેઓ મરીપરવાર્યા હોય...’

‘બરાબર છે. હું એમ જ કહું છું સ્ટારસાહેબ! કે જો તેઓ મરીપરવાર્યા હોય તો તેમના મૃતદેહ હાથ લાગવા જોઈએ, હાડપિંજર હાથ લાગવા જોઈએ અથવા જો તેઓ જીવિત હોય તો તેઓ એ રીતે હાથ લાગવા જોઈએ, નેલની જેમ.’

‘નેલની જેમ, હેરી?’

‘હા સ્ટારસાહેબ, નેલની જેમ.’

‘તો શું તારી એવી થિયરી છે કે નેલની જેમ હજી કોઈક ખાણમાં છે?’

‘વણખેડાયેલી, વણશોધાયેલી ખાણમાં એવું કોઈક હોવું જ જોઈએ. છે જ...’

‘તું એ બધી વાત ખાતરીપૂર્વક કેવી રીતે કહેવા માગે છે?’

‘એ રીતે કે હજી નેલ ડરેલી ડરેલી રહે છે. આપણને કદી અંદરની દુનિયાની વાત કરવા દેતી નથી. આપણે એ વાત કરવા જઈએ તો એ ચૂપ થઈ જાય છે. તેની એ ખામોશી ભય વ્યક્ત કરે છે. તેનો ભય એ

બાબતનોય હોઈ શકે કે એ કોઈ વાત જાહેર કરી દે તો એને માટે, આપણા માટે જોખમ ઊભું થઈ શકે! આપણે બધાં જોઈએ છીએ કે એ ખુશ છે, સુખી છે. એની સમક્ષ આપણે એવી કોઈ વાત જ કરતાં નથી કે એની શાંતિ તથા સ્વસ્થતા જોખમમાં મુકાઈ જાય! આપણી પાસે નેલ એક મુદ્દામાલ છે, માફ કરજો આવા શબ્દો વાપરું છું એ બદલ, પણ આપણે જે કંઈ જાણવું છે તે એના દ્વારા જ આપણે જાણી શકીશું. તે નથી જણાવતી એનો અર્થ કે તેના તથા આપણા સહુને માટે ભયરૂપ કોઈક છે જ. હવે જ્યારે પોલીસ તપાસ દ્વારા આપણને આટલી માહિતી મળી છે ત્યારે બાકીની અને આગળ ઉપરની માહિતી આપણને નેલ પાસે જ મળી શકે અને તે આપણે મેળવવી જ રહી.'

'પણ હેરી, એથી તો નેલ અજંપિત બની જશે.'

'ખળભળી જ ઊઠશે સ્ટારસાહેબ, એની આજ સુધીની બધી શાંતિ ડહોળાઈ જશે, પણ મારું માનવું છે કે તેની શાંતિ સન્નાટા સ્વરૂપની છે. આપણે એ સન્નાટાને થોડીક ખલેલ પહોંચાડવી જ પડશે.'

'હેરી, એ તેજાબ-પ્રયોગ સાબિત થઈ શકે.'

'સમગ્ર ખાણ દુનિયાના અસ્તિત્વ અને તેના વિકાસ માટે એ પ્રયોગ જરૂરી છે. કોલસો આજના માનવનું જીવન છે, સાહેબ! આજનો અત્યારનો માણસ હવે કોલસા વગર ન રહી શકે કે ન જીવી શકે. કોલસાની તથા તેની ચિરંજીવિતાની સામે કોઈ શંકાને જીવતી રાખી જ શકાય નહીં, હરગીઝ નહીં સાહેબ! જ્યાં સુધી આ મામલો શાંત ન પામે ત્યાં સુધી તમે કે હું ચેનથી બેસીશું નહીં. આપણે ખાણમાનવો છીએ સાહેબ અને ખાણિયા કદી કોલસા સામેની શંકાને જીવતી રહેવા દે નહીં.'

'એનો અર્થ કે તેજાબ-પ્રયોગ?'

'હા સાહેબ, તેજાબ-પ્રયોગ.'

'નેલ સામેનો?'

'હા સાહેબ, નેલ સામેનો.'

'અને એ પ્રયોગ કોણ પાર પાડશે?'

હેરીએ હિંમતથી અને આત્મવિશ્વાસથી કહ્યું, 'હું સાહેબ, હું જ.'

# આપણે અગાઉ મળ્યા છીએ!

હેરીની બે તરફની કાર્યવાહી શરૂ થઈ. એક તરફ તે ખંડિયર મહેલમાં વખતોવખત જાતે તપાસ કરતો રહ્યો. તેને બધે જવાની છૂટ હતી અને જ્યાં પોલીસ ન જતી એવા નીચેના ભાગમાં તે જરૂર જતો.

બીજી બાજુ નેલને પોતાના વિશ્વાસમાં લેવી જોઈએ, એટલા માટે કે એના ભૂતકાળ વિષે અને એના સાથીદાર વિષે જાણવું જરૂરી હતું. નવી એબરફોઇલનું સમગ્ર ભાવિ તેની એ જાણકારી પર જ આધારિત હતું. ઈજનેરશ્રી જેમ્સ સ્ટાર, ઓવરમેન સાયમન ફોર્ડ, શ્રીમતી મજ, બધાં જ એ વિષે જાણવા ઉત્સુક હતાં.

એક રજાના દિવસે, કામકાજ સપાટી પર તથા અંદરની બાજુ બધે જ બંધ હતું. લોકો હરતા-ફરતા અને મોજમસ્તી માણતા હતા. કેટલીક જગાએ નાની નાની ટોળકી ગાનવાદન કરતી હતી તો મુખ્ય પ્રેક્ષકાલયમાં મોટી મહેફિલ જામી હતી.

હેરી તથા નેલ ફરતા ફરતા 'લોક માલકમ'ને ડાબે કિનારે પહોંચી ગયા. આ તરફ વીજળીનો પ્રકાશ બહુ તીવ્ર ન હતો અને તેનો ઉજાસ આમતેમ ફેલાઈ જતો હતો. તમામ રચના અહીંના ખડકો પર ઊભી કરવામાં આવી હતી. એટલે ખડકો જે આકારના હોય એ જ આકારના રાખવામાં આવ્યા હતા અને તેને અનુકૂળ બનાવીને જ વિહારધામ વિકસાવવામાં આવ્યું હતું.

તીવ્ર કે ઘેરા પ્રકાશથી ત્રાસ પામતી નેલને માટે અહીંનું ઓછા પ્રકાશનું વાતાવરણ હરિયાળું હતું. જે થોડોઘણો અલ્પ કે ફેલાયેલો પ્રકાશ હતો તેમાં નેલ ટેવાઈ જવાનો પ્રયાસ કરતી હતી. જોકે હેરી નેલની આંખોને જરાય તકલીફ ન પડે એવા જ પ્રયાસમાં રહેતો.

એકાદ કલાક આ રીતે ચાલવા-બોલવા સાથે બન્ને જણા સેઇન્ટ ગાઇલ્સ ચેપલની સામે આવીને ઊભા રહી ગયા. દેવળ એક કુદરતી ખડક પર તૈયાર થયેલું હતું અને તેનો પાયો સરોવરમાં કંડારાયેલો હતો.

'નેલ,' હેરીએ કહ્યું, 'તારી આંખો હજી દિવસના પ્રકાશથી ટેવાઈ નથી, ખરું?'

'ખરું.'

'સૂરજનો ઉજ્જ્વળ પ્રકાશ તો તે કદાચ નહીં જ સહન કરી શકે, નેલ.'

'સૂરજનું તમે જે વર્ણન કરો છો એવો જ ઉજ્જ્વળ તે હોય તો...'

'નેલ, સૂરજનું કે સૂરજના પ્રકાશનું વર્ણન હું શું કરી શકું? અને બહારી દુનિયાના જે અફાટ અને બેફાટ, અસીમ અને બેફામ સૌંદર્યની કોઈ વાતનું વર્ણન કરવા માટે મારી પાસે શબ્દો નથી. એ બધું જો તેં સાંભળ્યું હોય અને...'

'સંભળાવ મને હેરી સંભળાવ.'

'શું તું તારા જન્મ બાદ કદી પૃથ્વી ઉપરની એ દુનિયાની સપાટી પર ગઈ જ નથી, નેલ? જિંદગીમાં એકાદ વાર? ક્યારેય?'

'ક્યારેય નહીં હેરી, ક્યારેય નહીં. બાળપણમાં મારાં માતાપિતા પણ કદી મને લઈ ગયાં હોય એવું સ્મરણ નથી. જો એમ થયું હોત તો હું સહેજ સરખો ટહુકો તો કરી જ દેત.'

'હું તારી વાતો સ્વીકારું છું, નેલ! એક સમય એવો હતો ખરો કે જ્યારે લોકો, એટલે કે ખાણ સાથે સંકળાયેલા ખાણિયાઓ ખાણમાં જ રહેતા. બહારની દુનિયા સાથે તેમને કોઈ સંબંધ કે લેવાદેવા જ ન હતી. તારા જેવા કંઈક છોકરા-છોકરીઓને હું જાણું છું કે જેઓ તારા જેટલું જ જાણે છે. બહારની વાતો તરફ આશ્ચર્ય જ પ્રગટ કરે છે. પણ... પણ નેલ! હવે તો રેલવે છે. આપણને આ ખાણમાંથી તે થોડાક જ સમયમાં બહાર લઈ જઈ શકે છે. ખાણની અંદરથી બહાર જવાનું એ દૃશ્ય બધાંને માટે ઉત્તેજનાભર્યું છે. તારે માટે તો ખાસ, નેલ! શું તું એકાદ વખત પણ નહીં કહે મને કે, 'હેરી! મારી આંખો હવે બહારનો પ્રકાશ ઝીલી શકશે. મારે સૂરજ જોવો છે. મારે શાશ્વત કુદરતની સુરમ્ય સૃષ્ટિ જોવી છે, નેલ...?'

'હું જરૂર કહીશ હેરી, એ વાત જરૂર કહીશ. વહેલી તકે. હું પણ એ બધું જોવાજાણવા માણવા...'

'તું રોકાય છે કેમ? અટકે છે શા માટે?'

'ના હેરી, એવું કંઈ જ નથી.'

'શું તને એ વાતનો અફસોસ તો નથી ને કે મેં તને પેલા અંધ-કૂપમાંથી બહાર ખેંચી કાઢી?'

'હેરી! હેરી!'

'એ માટે હું લાચાર હતો નેલ! અધીરો અને લાચાર. મારી શોધ-સાહસયાત્રામાં મને કોઈ બેહોશ બાળકદેહ હાથ લાગે તો એને હું કેવી રીતે એ ને એ જ સ્વરૂપમાં છોડીને ભાગી શકું?'

'હેરી! તું વધારે પડતો ખેંચાઈ રહ્યો છે. મારા કહેવાનો આશય છે કે જે આંખો અંધારાથી ટેવાઈ છે, અંધારાના ખડકોને, શિલાઓને, ખાડાઓને, ટેકરાઓને... સ્વાભાવિક રીતે જોઈ શકે છે. વગર અડચણે દોડાદોડ કરી શકે છે, જે આંખો પાતાળપાણીને... તમે પાતાળ જ કહો છો ને? હા તો પાતાળપાણીને, ઝરણાંને, સરોવરને, પવનને, પાષાણને આંખથી સાંભળી શકે છે.'

'આંખથી સાંભળી શકે છે?'

'જેનું એ જ જીવન છે, જેને માટે એ બધું સરળ છે, હેરી! એ બધું તમે અનુભવો ત્યારે જ તમને ખબર પડે. નીચેની એ દુનિયા સાવ પ્રકાશહિન નથી. અંધકાર સાથે ભળી ગયેલો એ પ્રકાશ વળી આંખને વધુ ચેતનવંતી બનાવે છે. મને લાગે છે હેરી, જેમ હું તમારી બહારની કે દિવસની દુનિયા સમજી શકતી નથી તેમજ તમને અંદરની કે અંધકારમાં જોવાની જોવાતી દુનિયા વિષે પણ સમજાવી શકતી નથી.'

'હું માની લઉં તારી વાત, નેલ! પણ કહે મને, કહે કે શું તું ત્યાં સાવ એકલી હતી? જે વર્ણન તું કરે છે ત્યાં?'

'હેરી!' લાંબી શાંતિ પછી નેલે કહ્યું, 'હેરી ત્યાં જ્યારે હું એકલી હતી ત્યારે જ ડરતી ન હતી.'

નેલના શબ્દોમાં જે ધ્રુજારી આવવા લાગી હતી તે જોતાં હેરીને લાગ્યું કે આજે આટલું બસ છે, આથી વધુ વાત આગળ વધારવા જેવી નથી, પણ તે અધીરો બન્યો હતો. નેલને જ્યારે મેળવી અને ઉપર પહોંચી જવા જેટલો અધીરો બન્યો હતો, એટલો જ અધીરો તે અત્યારે બન્યો હતો.

તેણે પૂછ્યું, 'એકલી હતી ત્યારે ડરતી ન હતી? એ... એ વળી શું?'

નેલ ખામોશ.

હેરીએ પૂછ્યું, 'અને એકલી તું આવી અવાવરુ અણઘડ અવડ દુનિયામાં ખોવાઈ જતી ન હતી? આ બધી ગુફાઓ, ગૅલેરીઓ, ખાડાઓ, અડચણો...! ક્યારેક વાંકા વળીને જવાનું, ક્યારેક ગરોળીની જેમ સરકીને માર્ગ કરવાનો...'

'હું ક્યાંય ખોવાતી ન હતી, હેરી.' સહેજ હસીને નેલે કહ્યું, 'ખાણના એ બધાં પ્રદેશથી હું પરિચિત હતી. ખૂણેખૂણાથી માહિતગાર હતી. પથ્થરે પથ્થરને હું પિછાનતી હતી. ખાસ કરીને જેને નવી ખાણ કહેવામાં આવે છે તે તો મારું રમત-મેદાન હતું. ઝૂકવું, સરકવું એને પડે કે જેઓ માર્ગથી પરિચિત નથી, બાકી જે જાણે છે કે ક્યાં શું છે માર્ગમાં, એ તો સડસડાટ દોડી જાય છે...'

‘તેં તારી એ જગા કદી છોડી ન હતી, નેલ? એટલે કે તું કદી આઘીપાછી થઈ જ નથી?’

‘થઈ છું, હેરી.’ બોલીને નેલ રોકાઈ ગઈ. કદાચ તે આગળ કહેવા નહોતી માગતી. તેણે હેરી સામે જોયું. હેરીનો ચહેરો પ્રશ્નાર્થમાં ફેરવાઈ ગયો હતો. ‘હું ક્યારેક મારી દુનિયાથી આઘીપાછી થઈ છું. ક્યારેક હું જૂની એબરફોઇલ સુધી પહોંચી જતી હતી.’

‘તો... તો શું તું અમારી કુટીરથી પરિચિત હતી? નેલ!’

‘કુટીર? હા, પણ ત્યાં રહેતા માણસોને મેં દૂરથી જ જોયા હતા, ઘણે દૂરથી...’

‘એ મારાં માતાપિતા હતાં, નેલ.’ હેરીએ ઉત્સાહમાં આવી જઈને કહ્યું, ‘અને હું પણ ત્યાં જ રહેતો હતો. અમે કદી અમારી એ જૂની દુનિયા, જૂની કુટીર છોડવા જ માગતાં ન હતાં.’

‘આપણને આપણી મૂળ જગા જ ગમતી હોય છે, હેરી! ખરું ને?’

‘ખરું. પણ અમારો ત્યાં રહેવાનો હેતુ હતો. અમે મરેલી ખાણને જીવતી કરવા માગતા હતા. અમે મૃત એબરફોઇલને પુનર્જીવિત કરવા માગતાં હતાં. અમારા હજ્જારો હજ્જારો ખાણિયાઓ માટે, દુનિયા માટે, દુનિયાના ભવિષ્ય માટે. અને... અને તું જોઈ શકે છે નેલ! કે આજે નવી એબરફોઇલની શોધ પછી લોકો કેટલા ખુશ છે. અમે નવી ખાણની શોધ કરી, અમે તારી શોધ કરી. આજે બધાં જ ખુશ છે નેલ, તું ખરી કે નહીં?’

‘હું... હું તો ખરી જ.’ નેલે કહ્યું, ‘હા. હું ખુશ છું, સુખી જ છું વળી, પણ બીજાઓની વાત કોણ કહી શકે?’

‘કોણ બીજાઓ?’ હેરીના હાથમાં જાણે કે મુદ્દો આવી ગયો. ‘કહે કહે નેલ, એ બીજાઓ વિષે જ કહે.’

‘શું કહું હેરી? નવી ખાણનું જીવન ભયભરેલું અને જોખમી બનવા લાગ્યું હતું, હેરી! એક વખત કેટલાક અજાણ્યા માણસો એ નવી ખાણમાં આવી લાગ્યા હતા. બધું વાતાવરણ ભયભરેલું બની ગયું હતું. એ માણસો પોતાની રીતે પોતાનો રસ્તો કરીને આગળ વધતા હતા અને પછી એકાએક જ ખોવાઈ ગયા.’

‘ખોવાઈ ગયા?’ હેરી નેલની સામે જોવા લાગ્યો.

‘હા. ખોવાઈ ગયા.’ નેલનો અવાજ થરથર ધ્રૂજવા લાગ્યો, ‘તેમનો દીવો હોલવાઈ ગયો. તેઓ પછી માર્ગ શોધી જ શક્યા નહીં.’

'કેમ કે,' હેરીએ વાતનો દોર પકડી લેતાં કહ્યું, 'કેમ કે તેમનો માર્ગ બંધ કરી દેવામાં આવ્યો હતો, નેલ! એ લોકો એ જ દશામાં આઠ દિવસ સુધી પડી રહ્યા. તેમને માટે મોત નિશ્ચિત હતું. કેમ કે બહાર નીકળવાની કોઈ આશા જ ન હતી, પણ એવામાં કોઈક ભલી વ્યક્તિ ત્યાં આવી લાગી. કોઈક આકાશી કે પાતાળી પરી જ કહો ને! એ ઉદાર પરગજુ શક્તિ થોડુંક પાણી અને થોડોક ખોરાક મૂકી ગઈ, બ્રેડ એન્ડ વૉટર. એ અલ્પ સંજીવની શક્તિને લઈને જ જીવનારા આઠ દિવસ સુધી જીવી શક્યા, જીવતા રહી શક્યા...'

'એ વ્યક્તિ કોઈ છોકરી હતી?' નેલે આશ્ચર્યચકિત થઈને પૂછ્યું.

'છોકરી જ હશે, પરી તો કહું છું, નેલ. હું એ બધી વાતોમાં માનતો નથી, પણ જે ઘટના પ્રત્યક્ષ ઘટી જ છે...'

એકદમ જ આકસ્મિક અને ધાડ કરતો પ્રશ્ન પૂછ્યો નેલે, 'અને હેરી, એ છોકરી વિષે તું કેવી રીતે જાણે છે?'

'એટલા ખાતર,' હેરીએ પણ ધાડ કરતું કહી નાખ્યું, 'કે એ લોકો અમે જ હતા નેલ. અમે જ. ઈજનેરશ્રી જેમ્સ સ્ટાર, પિતાજી સાયમન ફોર્ડ, માતાજી મજ અને... અને હું.'

નેલ હાથ ફેરવી ફેરવીને હેરીને જોવા, અવલોકવા, તપાસવા લાગી.

'તુંઉંઉંઉં...?'

'હા નેલ, હું. અને અમને બધાંને જિંદગી બક્ષનારી અમારી જીવનદાતા તું જ હતી, નેલ. મારું માનવું છે અને મને ખાતરી છે કે એ તું જ હતી, હતી કે નહીં?'

નેલે પોતાના કોમળ મુખારવિંદ પર પોતાના હાથ દાબી દીધા, 'ઓહ હેરી! હેરી! તો આ આપણી પહેલી મુલાકાત નથી ખરું? આપણે અગાઉ પણ મળ્યાં છીએ.'

'એવું લાગે છે, નેલ! અને જેમની જિંદગી તેં બચાવી છે, એમાંના જ એકે તારી જિંદગી...'

નેલે હેરીના મોઢા પર હાથ મૂકી દીધા.

એકબીજાંને જાણે કે હાથમાં હાથ રાખવાનો અધિકાર મળ્યો હોય એમ હાથમાં હાથ રાખી હેરીએ પૂછ્યું, 'મેં તને બચાવી એવું હું નથી કહેતો નેલ, એ બધું જે રીતે બન્યું એ તું જાણે છે. પણ તારું ક્વચિત્ મૌન, તારી અમુક વખતની ચૂપકીદી, તારું સમય-કસમયનું ખોવાઈ જવું, મને એક પ્રશ્ન પૂછવાની અરજ કરે છે. પૂછું?'

‘પૂછ, હેરી.’

‘નેલ,’ હેરીએ પૂછ્યું, ‘સાચેસાચો જવાબ આપજે અને જવાબ આપજે જ કે મેં તને બચાવી એટલે કે મેં તને અંધકૂપમાંથી બહાર કાઢી એ કૃત્ય મેં બરાબર કર્યું છે? એમાં મારી કોઈ ભૂલ તો નથી થઈ ને? તું જે રીતે અમારી વચમાં આવી, એ રીતે ખુશ તો છે ને? નેલ... નેલ...’

નેલે હેરીના ખભા ઉપર માથું નાખી દીધું હતું. નાખી દીધું અને ત્યાં જ રહેવા દીધું.

તે શું એમ કહેવા માગતી હતી કે જે રીતે કૂવામાંથી બહાર કાઢી હતી, એમ જ જ્યાં ફાવે ત્યાં લઈ જા!

# ઈર્ષાથી પરની મૈત્રી

નવી એબરફોઇલે વિકાસની અવનવી ક્ષિતિજો ઊભી કરી હતી, પાર પાડી હતી અને નવી સીમારેખાઓ માટે આશા જગાડી હતી. આર્થિક રીતે તેની કક્ષા એટલી ઊંચી હતી કે અર્થકારણમાં પડેલા ઉદ્યોગો, વ્યાપારીઓ, પેઢીઓ તેને હીરાની ટંકશાળ કહેવા લાગ્યા હતા. એબરફોઇલમાં કામ કરવું નાનામાં નાના માણસને માટે ગર્વિલું સ્થાન મનાતું અને કામ ભલે નાનું રહ્યું, પગારભથ્થાં કોઈનાં નાનાં ન હતાં.

સામાન્ય મહેનતકશ મજૂરવર્ગથી માંડીને ભણેલાગણેલા ઈજનેરોનો અહીં કામ મેળવવા ધસારો રહેતો. ખાણ હરદમ વિકાસ કરતી હતી તથા નવી નવી કામગીરીઓ ઊભી થતી હતી, એટલે અહીં આવેલું કોઈ નિરાશ થઈને પાછું જતું રહેતું. બધાંને તેમને અનુરૂપ કામ મળી રહેતું. નવી દિશા ચીંધનારાને અહીં પ્રાધાન્ય રહેતું.

નવી એબરફોઇલના શોધકો તરીકે ઇજનેર જેમ્સ સ્ટાર તથા ઓવરમેન સાયમન ફોર્ડનું નામ અપાયું હતું. તેમ છતાં બન્ને પોતપોતાની દૈનિક ફરજ અવશ્ય બજાવતા. તેમને તેમના આ કામના પગાર ઉપરાંત ખાણના નફામાં નિશ્ચિત ભાગ નક્કી કરી આપવામાં આવ્યો હતો.

હેરીને પણ ખાણના એક ભાગીદારનું બિરુદ મળ્યું હતું, પણ પિતાની જેમ તેણે ખાણમાં કામ કરવાનું જ નક્કી કર્યું હતું. ખાણમાં હવે ઘણાં ઓવરમેનની જરૂર પડતી, એટલે હેરીને પણ ઓવરમેન રૂપે પ્રમોશન મળ્યું હતું. સુપરવાઇઝર અને સંશોધક હોવા છતાં હેરી જાતે ખાણમાં કામ કરવું પસંદ કરતો અને કોઈ પણ કામ કરવા તૈયાર થઈ જતો. તેની આ કાર્યવૃત્તિની તેના સ્ટાફ ઉપર સારી અસર પડતી અને તેની બીટ તથા તેની ડ્યુટીનો સ્ટાફ વગર સ્પર્ધાએ સહુથી વધુ કામ કરવાનો આનંદ માણતો.

પોતાના મિત્રની પ્રગતિથી જેક રાયન ગર્વ અનુભવતો અને ખુશ હતો. તેને પોતાને પણ તેના કાર્યાનુભવ તથા સાહસ મુજબની બઢતી મળી હતી.

વખતોવખત બન્ને મિત્રો કુટીરમાં મળતાં કે કામ પર મળી જતા.

જેકે આ મુલાકાતો દરમિયાન હેરીનું નેલ તરફનું આકર્ષણ નોંધ્યું હતું. તે એ વાત છેડવા પ્રયાસ કરતો ત્યારે હેરી માથું હલાવી દેતો અને હસી દેતો.

જેક રાયનની એક આંતરિક મહેચ્છા એ હતી કે નેલ જ્યારે પહેલી વખત ઉપરની દુનિયાની મુલાકાતે જાય ત્યારે તે પોતે પણ અચૂક તેની સાથે હાજર રહે. એક ગીતકાર અને સર્જક તરીકે તે નેલના પ્રથમ

આહ્‌લાદક ભાવોને આત્મસાત્‌ કરવા માગતો હતો. જે ઉપરની દુનિયા વિષે કંઈ જ જાણતી નથી એ નેલ ઉપર પહોંચે, બધું જુએ ત્યારે કેવી અજાયબી પ્રગટ કરે, કેવી સંવેદના અનુભવે, કેવી આશ્ચર્યચકિત લાગણીઓ સાથે તે ઉશ્કેરાઈ જાય! આ બધું જોવાજાણવાની જેકને ભારે હોંશ હતી.

તે માનતો હતો કે આવી કોઈક ટ્રીપ પર હેરી તેને જરૂર લઈ જશે, પણ હેરીએ આજ સુધી તેને એવું કોઈ આમંત્રણ આપ્યું ન હતું. હેરીના આવા વર્તાવથી તે જરા અસંતુષ્ટ પણ હતો.

એક વખત જેક રાયન શેફ્ટ દ્વારા ઉપરથી નીચે ઊતરતો હતો. આ માટે એક ખાસ કળવાળા માનવયંત્રની રચના થઈ હતી. આ યંત્રના મજબૂત દોરડાંઓ ઉપર ખેંચવામાં આવે તો માનવ સહિતની એ કૅબિન નીચે જતી અને દોરડાંઓ નીચે ખેંચવામાં આવે તો કૅબિન ઉપર જતી. ઉપર જતી આ કૅબિન યાત્રાને માનવયંત્રનું નામ આપવામાં આવ્યું હતું. ઉપર જતી અને નીચે આવતી આવી એક એક સ્વતંત્ર કૅબિનો હતી. એ બન્ને કૅબિનો જ્યાં મળતી ત્યારે ઉપરનીચે જતાં પ્રવાસીઓ એકબીજા સાથે થોડીક વાર વાત કરી શકતાં, થોડીક જ વાર. કેમ કે ઉપરનીચેનું અંતર ઘણું મોટું હતું અને માનવયંત્રનું સંચાલન ઉપરનીચેથી જ થઈ શકતું.

એક વખત હેરી નીચેથી ઉપર જતો હતો અને જેક રાયન ઉપરથી નીચે જતો હતો ત્યારે ત્રેવીસમાં સ્ટોપ આગળ બન્નેની મુલાકાત થઈ ગઈ.

‘હેઈ હેરી! તું જ છે કે?’ પોતાના મિત્રને ઓળખી જતાં દીવાનો પ્રકાશ ફેંકીને જેક રાયને પૂછ્યું.

‘હા જેક, હું જ છું અને તને મળીને મને અનહદ ખુશી થઈ છે, કેમ કે હું આજે એક વાત તને કહેવાનો છું.’

‘જ્યાં સુધી નેલ કેવી છે એ વિષેના સમાચાર નહીં આપે,’ જેકે કહ્યું, ‘ત્યાં સુધી હું કંઈ જ સાંભળીશ નહીં.’

‘નેલ એકદમ આનંદમાં છે.’ હેરીએ કહ્યું, ‘અને જેક દોઢેક મહિનામાં જ...’

‘તમારાં લગ્ન થવાનાં છે એમ જ ને?’

‘જેક! તું શું કહે છે તેનું તને ભાન છે ખરું?

‘ભાન છે, ભાન છે અને ત્યારે હું શું કરવાનો છું એ તું જાણે છે, હેરી?’

‘શું કરવાનો છે તું જેક?’

‘જો એ દરમિયાનમાં તું એને નહીં પરણે તો હું એને પરણી જવાનો છું. હાહાહા, માટે ઝડપ કરજે હેરી! એ ખરું કે એ જરા દુબળીપાતળી છે, પણ સ્ત્રીનું તો એ જ સૌંદર્ય છે ને! આપણને પુરુષોને આવી પાતળી નાજુક નમણી છોકરીઓ જ ગમતી હોય છે અને હેરી...’ જેક બોલે જ રાખતો હતો, ‘ખાણિયા નવયુવાન માટે નેલથી અનુરૂપ વળી બીજી કઈ જીવનસાથી હોઈ શકે? એ ખરું કે એ બિચારી અનાથ છે અને એમ તો હું બિચારો નથી પણ અનાથ જરૂર છું. અમારાં બન્નેની દોસ્તી પણ જામે છે અને એને મારું સંગીત પણ ગમતું લાગે છે.’

બોલ્યે જતા જેકને હેરીએ બોલવા જ દીધો ત્યારે જેક રોકાઈ ગયો. પૂછ્યું, ‘તને મારી ઈર્ષા નથી થતી હેરી?’

‘જરા પણ નહીં.’

‘હું તારી ઈર્ષા જાગૃત કરવા માટે જ આ બધું બોલી રહ્યો છું, હેરી.’

‘તું મારી ઈર્ષા જાગૃત નહીં કરી શકે જેક, તું મારો મિત્ર છે.’

‘પણ હેરી, પરણવાનો હોય તો એને પરણજે જરૂર. નાહકની એને ખાણની દુનિયાની કુંવારી ડોસી ના બનાવી દેતો. નહીં તો તું મને ઓળખે છે હેરી...’

‘ઓળખું છું.’

‘મને વણમાગી સલાહો આપવાની આદત છે, જાણે છે ને?’

‘મને જ આપ ને. મારે જ જરૂર છે સલાહની.’

‘તો સાંભળ હેરી,’ જેક રાયને કહ્યું, ‘તું નેલને હૃદયથી પ્રેમ કરે છે. નેલ એ પ્રેમની અધિકારિણી છે. તારાં પિતામાતા સાયમનજી તથા શ્રીમતી મજ પણ નેલને બેહદ ચાહે છે. તું જો નેલને પરણવા માગે તો વચમાં કોઈ જ આડખીલી આવે તેમ નથી. બધી અનુકૂળતા જ અનુકૂળતા છે.’

‘તું બધી આપણી જ વાતો કર્યા કરશે, જેક.’ હેરીએ જરા નારાજ થઈને કહ્યું, ‘નેલના અંતરની કોઈ જ વાત જાણવાનો પ્રયાસ નહીં કરે? આ બધી ગંભીર વાતો વિષે નેલના મનમાં શું છે એ જાણવું જરૂરી નથી શું?’

‘એ વાત બધાં જ જાણે છે, તારા સિવાય.’ જેકે કહ્યું, ‘અને એટલે જ તને ઈર્ષા નથી થતી, પણ મારો જવાનો સમય થઈ ગયો. આ ઉપરતળેનું માનવયંત્ર આપણને આટલો જ સમય આપે છે.’

‘જેક! મારી વાત ગંભીરતાથી સાંભળ!’

'આ સીડી આપણને ઉપરતળે કરે તે પહેલાં જેટલી ગંભીરતા દાખવવી હોય એટલી દાખવી લે, હેરી.'

'જેક, હું નેલ માટેનો મારો પ્રેમ જરાય છુપાવવા માગતો નથી. હું અચૂક એને મારી પત્ની બનાવવા માગું છું.'

'હવે વાત મુદ્દા પર આવી...'

'પણ હું નેલનું મન જાણવા માગું છું. તેને સમજૂતીપૂર્વક તૈયાર કરવા માગું છું. એ પોતાના અંતરના અવાજથી કહે...'

'એ વળી શું?'

'જેક! નેલ કદી ઊંડી ખાણમાંથી બહાર નીકળી જ નથી. એ કદાચ ત્યાં જ જન્મી છે અને જેટલી મોટી થઈ શકે તેટલી થઈ છે. એ બહારની દુનિયાની કોઈ જ વાત જાણતી નથી. તેની આંખો, તેનાં અંતર માટે, તેનાં તનમન માટે એ બધું જ જાણવું જરૂરી છે. એ બધું એ જાણી શકે, લગ્ન જેવી બાબત વિશે સ્વતંત્રતાપૂર્વક વિચારી શકે. એ સિવાય એની સાથેનાં લગ્ન છેતરામણી હશે. માનવીના ઉપરનીચેના વ્યવહાર જાણ્યા બાદ તે જાતે જ નક્કી કરશે કે તેને ઉપર રહેવું છે કે નીચે. તું મારી વાત જાણી શકે છે ને જેક?'

'અત્યારે તો એક જ વાત જાણી શકું છું કે આપણે ઝડપથી નીચેઉપર થવા માટે છૂટા પડીએ છીએ.'

'જેક, એ પહેલાં...'

'એ પહેલાં નેલને ઓલ્ડ સ્કૂલમાં જવું પડશે એમ જ ને?'

'તે પોતાના નિર્ણયો લેતાં પહેલાં ભણેગણે તો એમાં ખોટું શું છે? ભલે ને પછી તે પત્ની રહી. પણ સહુ પ્રથમ તો હું એને ઉપરની દુનિયાથી માહિતગાર બનાવવા માગું છું.'

'આપણી આ કૅબિન ટ્રોલી હવે વધુ નહીં થોભી શકે હેરી, જેટલી થોભાવાય એટલી તે થોભી ચૂકી છે. હવે જરા પણ વધુ થોભશે તો...'

'જેક, તું કોઈ આંધળી છોકરીના પ્રેમમાં હોય અને કોઈ કહે કે એ છોકરી એકાદ મહિનામાં જ દેખતી થઈ જશે, તો તું તેને પરણતા પહેલાં એટલી રાહ જોવા તૈયાર થશે કે નહીં?'

'થઈશ જ.'

'એમ જ છે જેક, નેલ પોતાની રીતે અંધ છે, પ્રજ્ઞાચક્ષુ. તેની પાસે આંખો છે પણ તેની દુનિયાની. હું તેને આપણી દુનિયાની બનાવવા માગું છું, કેમ કે તેને આપણી દુનિયામાં જીવવાનું છે. એ માટે તેની આંખો આપણી દુનિયામાં ઊઘડે એમ હું ઇચ્છું છું.'

'અને તારું એ આંખ ઉઘાડનારું ઑપરેશન ક્યારે પાર પડે તેમ છે?'

'એકાદ મહિનામાં જેક, નેલની આંખો ક્રમશ: ખાણના કૃત્રિમ પ્રકાશથી ટેવાતી જાય છે, એ એક સારું લક્ષણ છે. એકાદ મહિનામાં તે ધરતીની ઉપરની અજાયબીઓ જોશે, આકાશાચ્છાદિત એ દુનિયા જોઈ તેને જરૂર લાગશે કે કાળીઅંધારી દુનિયા કરતાં એ દુનિયા પાસે ઘણી નવી ક્ષિતિજો છે. તે જરૂર વિચારતી થશે કે બ્રહ્માંડની સીમાઓ અમાપ છે, અથાગ છે, અદ્ભુત છે, અચંબિત છે.'

કૅબિન-ટ્રોલી ખસીને ઘણે દૂર જઈ પહોંચી હતી.

'જેક! જેક! તેં મારી વાત સાંભળી કે નહીં? ક્યાં છે તું?'

'તું ઉપર જઈ રહ્યો છે અનંત ઉડ્ડયન માટે અને હું નીચે જઈ રહ્યો છું, નીચે. આકાશપાતાળનો ભેદ ઊભો થઈ રહ્યો છે.'

'ભલે, તો હાલ પૂરતી વિદાય જેક! પણ આ વાત કોઈને કહેતો નહીં, કોઈને જ નહીં.'

'એક શરતે.'

'શરત વળી શી?'

'એ જ,' હવે લગભગ વિદાય લઈ ચૂકેલા જેકે કહ્યું, 'જ્યારે તું નેલને પૃથ્વીના પહેલાં દર્શને લઈ જશે ત્યારે હું તારી સાથે જરૂર આવીશ.'

'સરસ જેક, મારું વચન છે જેક.'

'અને જ્યારે નેલ સૂરજ, ચાંદ, તારાઓ જોઈને ગદ્ગદિત થઈ જશે ત્યારે સહુ પ્રથમ તે શું ઈચ્છશે જાણે છે, હેરી?'

'શું?!'

'તને હેરી તને, મિત્ર! હું પૂરા વિશ્વાસથી કહું છું કે એ તને વધુ વેગથી પસંદ કરશે. તારા જેવો ભલો માનવી એનું સૌભાગ્ય...'

ઘરઘર ખરખર અવાજમાં છેલ્લા શબ્દો તૂટકતૂટક ફૂટકફૂટક સંભળાયા, વિલીન થઈ ગયા.

હેરીએ પોતાનો બધો સમય નેલને ભણાવવામાં સમર્પિત કરી દીધો. તે એને લખતાંવાંચતાં શીખવવા લાગ્યો. નેલની ગ્રાહ્યશક્તિ ખરેખર વિચક્ષણ હતી. તે એટલી ઝડપથી બધું શીખતી કે દરેક વખતે નવા પાઠથી જ શરૂઆત થતી. અંધારામાં રહેવા છતાં તે આટલી હોશિયાર છે એ જાણી બધાંને નવાઈ લાગતી હતી.

હેરી જે કંઈ ભણાવી જતો તેનું પુનરાવર્તન પ્રત્યક્ષ સ્વરૂપે માતાપિતા દ્વારા થઈ રહેતું. આ છોકરીના ભૂતકાળ વિષે કોઈ કંઈ જાણતું ન હતું, પણ માતાપિતા ફક્ત હેરીની લાગણી તરફ જ જોતાં હતાં. હેરીના દરેક પ્રયાસને તેઓ પ્રોત્સાહન આપવાને પોતાની ફરજ સમજતાં હતાં.

જ્યારે ઈજનેરશ્રી જેમ્સ સ્ટાર પહેલી વખત કુટીરમાં પધાર્યા ત્યારે તેમણે નવજુવાન હેરીને જોઈને ઓવરમેન સાયમનનું ધ્યાન ખેંચીને એનાં લગ્ન વિષે પૂછ્યું હતું. ત્યારે પિતા સાયમને જવાબ આપ્યો હતો, ‘હેરીને માટે જીવનસાથી? કોણ હશે એ? ઉપરની દુનિયાની છોકરી તો ગાનવાદન, નૃત્ય, આનંદવિનોદ પસંદ કરનારી હશે! હેરીની જેમ ખાણની જિંદગી પસંદ કરનારી છોકરી વળી કોણ હશે? ક્યાં હશે?’

એ વખતે સાયમનજીએ કદાચ સાચા અર્થમાં જ આ વાત કહી હશે. તેમનું ડહાપણ કે તેમની ભોળપણભરી ભવિષ્યવાણીએ જ તેમની પાસે આ શબ્દો ઉચ્ચારાવ્યા હશે! નેલ તેમને માટે, ‘સ્વર્ગથી ઊતરી આવેલી કોઈ અપ્સરા જ ન હતી શું?’

વયોવૃદ્ધ ઓવરમેને તો જાહેરાત પણ કરી દીધી કે જો હેરી-નેલનાં લગ્ન થશે તો ખાણની દુનિયામાં એ અલભ્ય પ્રસંગ હશે. ખાણના તમામેતમામને સમાવી લેતી કોઈક ભવ્ય મિજબાની હશે! ખાણે કદી નહીં જોયેલો-માણેલો એ સોનેરી ઉત્સવ હશે!

અનહદ ઉત્તેજનામાં ખેંચાઈ ગયેલા ઓવરમેનને ખબર પણ ન હતી કે તેઓ શું બોલી રહ્યા છે!

હેરી અને નેલનો લગ્નોત્સવ ઉજવાય તેમાં એક બીજી વ્યક્તિનો પણ ફાળો હતો. તેમનું હૃદયના ઊંડાણમાંથી માનવું હતું કે આ સંબંધ બંધાઈને જ રહેવો જોઈએ. આ જોડાણ અનેકવિધ શુભ કાર્યો આસાન બનાવી શકે તેમ છે.

એ વ્યક્તિ તે ડહાપણના ભંડાર સમા વૈજ્ઞાનિક અન્વેષક ઈજનેરશ્રી જેમ્સ સ્ટાર.

બન્ને ઈચ્છુક નવયુવા સાથીઓ સુખી થાય એવી મહેચ્છા તો ખરી જ, પણ જેમ્સ સ્ટારનું માનવું હતું કે નેલ ખાણની હજી પણ અજાણ કહી શકાય તેવી દુનિયાની સહુથી વધુ જાણકાર વ્યક્તિ છે. હજી પણ ખાણને માટેના જાણ્યાઅજાણ્યા જોખમો કે ભય સામે ખાણને અને ખાણના ભાવિને આ ભૂલકી છોકરી-યુવતી જ સંપૂર્ણ રક્ષણ આપી શકે તેમ છે. જો હેરી-નેલનું જોડાણ થઈ રહે તો એ નવી એબરફોઈલના ગાજતા ભાવિ માટે અખંડ સુરક્ષાનું પણ ચિરંજીવી જોડાણ બની રહે!

‘નેલ ઘણી વાતો આપણને કહેતી નથી.’ જેમ્સ સ્ટારનું માનવું છે. ‘ભલે ન કહે, પણ એક વાર તે ખાણની નવોઢા બની જાય પછી ખાણનું

અહિત થાય એવું તે કદી ઈચ્છશે નહીં. એવું ઈચ્છે તેવી તે કન્યા નથી જ. પણ એવા કોઈક અજાણ્યા ભય સામે તે જાતે જ ખાણનું રક્ષણ કરશે. ખાણને બચાવી લેશે.'

જેમ્સ સ્ટાર આગળ ઉપર વિચારે છે તેમ, 'અંગત સંબંધથી જોડાયા બાદ કઈ સ્ત્રી પોતાના પતિને અંતરની વાત નથી કહેતી? સંભવ છે તે બધી જ વાત હેરીને કહેશે અને કહેતી રહેશે.'

લગ્ન આ રીતે હેરી-નેલના સુખનો પુલ જ નહીં બની રહે, પણ ખાણના વિકાસનો અને નિશ્ચિંતતાનો પુલ પણ બની રહેશે.

જેમ્સ સ્ટાર આવું બધું લાંબે સુધી વિચારીને કહેતા હતા કે, હેરી-નેલનાં લગ્ન થવાં જ જોઈએ.

જેમ્સ સ્ટાર જ્યારે આ બધી વાતો સાયમન ફોર્ડને કહેતા ત્યારે સાયમનજી વધુ હર્ષ અનુભવતા.

આમ આ શુભપ્રસંગ સામે કોઈ જ અડચણ, આડખીલી કે રુકાવટ ન હતી. તેમ છતાં અને તો પછી શા માટે આરામના સમયમાં એકાએક મુખ્ય બત્તી સહિત બધી લાઈટો ઑફ થઈ ગઈ હતી? શા માટે આ પ્રવૃત્તિથી ધગધગતા ઉદ્યોગનગરમાં અંધકાર છવાઈ ગયો હતો? શા માટે કોલનગરના નાગરિકોને અજંપામાં મૂકી દેવાયા હતા?

ભલે વિરામનો સમય હોય, પણ બત્તીઓ ગૂલ થતાં ઘણી વિમાસણો ઊભી થતી હોય છે, કેમ કે દીવાબત્તીઓ માત્ર પ્રકાશ જ નથી પાથરતી, બીજી અનેક સુખસુવિધાઓ પૂરી પાડે છે.

અને અંધકારમાંના પ્રકાશ પછીના અંધકારની વળી વધુ વિકટકથાઓ હોય છે. કહે છે કે એવા કાળાધુપ્પ અંધકારમાં કોઈક અલૌકિક અગમ્ય પડછાયો હાલતોચાલતો નજરે પડ્યો હતો! તેની ચાલઢાલ વિચિત્ર હતી, તેની પ્રવૃત્તિ તો વળી એકદમ વિચિત્ર હતી!

અંધકારમાં ફરતી આવી અજાણી કાયા વધુ ભય ઊભા કરે છે. ભયની પરવા ન કરો તોપણ પ્રશ્નો તો ઊભા કરે જ છે.

આ બધી દુનિયાથી પરિચિત હોય એવી એ વ્યક્તિનો કે માયાનો શો હેતુ હશે?

માલકમ સરોવર તરફથી કોઈ વિકટતાની પરવા જ ન હોય તેમ, અહીં સુધી આવી પહોંચેલી એ 'ફેન્ટમ' પ્રકારની દૃશ્ય-અદૃશ્ય છાયાનો આખર આશય શો હશે?

અંધકારને ચીરતી એની અલૌકિક દૃષ્ટિ શા માટે ભલા પરિશ્રમી સ્વપ્નસેવી સાયમનની કુટીરને ભેદવાનો પામવાનો પ્રયાસ કરતી હતી?

શા માટે એ અજનવી સંપૂર્ણપણે બંધ એવા કુટીરનાં બારીબારણાં તથા હવાના આવનજાવનના છિદ્રો પર કાન માંડીને કંઈક સાંભળવાની પેરવીમાં હતી?

દરમિયાનમાં જ્યારે કેટલાક શબ્દો તેને કાને પડ્યા ત્યારે શા માટે તેણે હવામાં મુઠ્ઠીઓ ઉછાળી, વાળ પીંખવાનો પ્રયાસ કર્યો, વીફરેલા કોઈક ઘવાયેલાં પશુ જેવો ઘૂરકાટ કર્યો અને આ શબ્દો ઉચ્ચાર્યા:

'તે (હેરી) અને એ (નેલ)...? કદી નહીં, કદી નહીં!'

# પહેલો સૂર્યોદય

એક મહિના પછીની સુરમ્ય સાંજે સાયમન ફોર્ડ તથા શ્રીમતી મજે કૉટેજમાંના ચાર પ્રવાસીઓને હાર્દિક વિદાય પાઠવી. તે દિવસે વીસમી ઑગષ્ટ હતી.

એ ચાર પ્રવાસીઓ હતા જેમ્સ સ્ટાર, જેક રાયન, હેરી અને નેલ. એ બધાં નેલને, માણસોને સ્વાભાવિક એવી દુનિયા બતાવવા લઈ જતાં હતાં. જે દુનિયાનો નેલને કોઈ ખ્યાલ ન હતો એ દુનિયા જોવા નેલ જાતે પણ ઉત્સુક હતી. કોઈક અજાણ્યો દૃષ્ટિભય હતો. પણ સાથમાં જોરદાર અને વિશ્વાસુ સાથીઓ હતા એટલે ચિંતાની કોઈ વાત ન હતી.

આ પ્રવાસ અથવા જેને 'ઑપરેશન નેલ' નામ આપ્યું હતું, તેની અવધિ બે દિવસની નક્કી થઈ હતી. જેમ્સ સ્ટાર તથા હેરીનું માનવું હતું કે આ અડતાલીસ કલાકમાં નેલને દૈનિક વ્યવહારનો ઘણો સારો ખ્યાલ આવી જશે. નીચેની અંધારી દુનિયા ગમે તેવી તોય એક ઉદાસીનતાભરી ભારેખમ દુનિયા છે. ઉપરની દુનિયાનાં વૃક્ષો, મેદાનો, નદી, નાળાં, દરિયા, મકાનો, આકાશ, પશુઓ... બધું તેને માટે નવીનતાભર્યું ખરું જ. નેલની આંખો આ બધી વાતોનો કેવો પ્રતિસાદ પાઠવે છે એ જોવાજાણવા જેક રાયન પણ એટલો જ ઉત્સુક હતો.

એડિનબર્ગ અને ગ્લાસગોની મધ્યના સ્કોટલૅન્ડના આ ભાગ ઉપર કુદરત પૂરી રીતે મહેરબાન હતી. નૈસર્ગિક સૌંદર્ય તો અણુએ અણુમાં ઠાંસી ઠાંસીને ભરવામાં આવ્યું હતું. પૃથ્વી પરના સ્વર્ગ મનાતા આ ભાગના ચાંદ, તારા, સૂરજ, વાદળો, પવન બધાંની તરહ અલાયદી મનાતી. કહેવાતું કે સૂરજ બીજે ભલે ઊગતો હોય, પણ અહીંની તો એ સૂરજની છટા જ નિરાળી અને અહીંના વરસાદની સૂરધારા સાંભળવા લોકો દૂરદૂરથી ભેગા થતાં. વરસતા વરસાદમાં થોભી જઈને વાતો કરવાનો મહિમા અનેરો મનાતો. તેમાંય જ્યારે એક બાજુથી વરસાદ વરસતો હોય અને બીજી બાજુથી સૂરજ તડકો ફેંકતો હોય ત્યારનું તો દૃશ્ય જ યાદગાર બની રહેતું. રાત્રી દરમિયાન ચાંદ રાતે અહીંનો ચાંદો કોઈ ગજબની સુરખી સાથે ઊગતો અને અંધારી રાતો વખતે તારાઓ મરક મરક અને ઝમક ઝમક બસ વાતો જ કર્યા કરતા.

આ કાર્યક્રમને દરેક રીતની સફળતા મળે એવી રીતનું આયોજન થયું હતું.

શ્રી સાયમન અને શ્રીમતી મજ એ લોકોની સાથે જઈ શક્યા હોત, પણ તેમણે તેમની કુટીરમાં જ રહેવાની પ્રતિજ્ઞાનું પાલન કર્યું હતું. એક

દિવસ પણ આ ભૂગર્ભીય ભૂભૂમિ નહીં છોડવાના વચનને, ખેલદિલી અને ખુશાલીપૂર્વક તેઓ વળગી રહ્યા હતા.

જેમ્સ સ્ટાર નિરીક્ષક તથા ફિલસૂફની જવાબદારી અદા કરતા હતા. માનસશાસ્ત્રીય રીતે જરૂર પડે નેલને મદદરૂપ થઈ તેઓ યુક્તિપૂર્વક તેના ભૂતકાળની ભૂમિકા જાણવાનો પ્રયાસ કરતા.

હેરીના મનમાં ઊંડે ઊંડે એક આશંકા હતી કે નેલને આ બધું નહીં ગમે કે નહીં માફક આવે તો શું? અને તે કદાચ આ સમગ્ર સંયોજન તરફ નારાજી બતાવે તો? એવું પણ બને કે તે કોઈ ભાવ વ્યક્ત ન કરે અને વચમાં જ ગુમસૂમ બની જાય!

જેક રાયન ખુશ હતો. ઉઘાડા આકાશમાં આંટો મારતા 'લાર્ક' પક્ષીની જેમ તે સતત ગાતો-બોલતો રહેતો. પોતાને અપાયેલા આમંત્રણનો તે દરેક રીતે આભાર માનવા માગતો હતો. જે પરિણામ માટે આ કાર્યક્રમ રખાયો હતો, એ પરિણામને દરેક રીતે સફળતા મળે એવા તેના પ્રયાસો રહેતા.

નેલ આભી ચકિત અને શાંત હતી. સ્તબ્ધ કહી શકો.

સાંજથી શરૂ થતા પ્રવાસનું જેમ્સ સ્ટારે આયોજન એટલા માટે શરૂ કર્યું હતું કે જેથી નેલ તબક્કાવાર દિવસની દુનિયામાં પ્રવેશી શકે. સાંજ પછી અવનિ પર ઊતરી આવતી રાત, તે પછી મધરાત, પછી પરોઢનો આભાસ, સુપ્રભાતની શરૂઆત, બપોરનો ઝબકતો ઉજાસ, ફરી ધીમે ધીમે આવતી સાંજ, રાત્રી, મધરાત્રી વગેરે.

જ્યારે નેલ અને હેરી કુટીરની બહાર નીકળતા હતા ત્યારે નેલે ભાવપૂર્ણ શબ્દોમાં પૂછ્યું, 'હેરી, શું ખરેખર મારે ખાણ છોડવી જ પડશે? ભલે ને આ કારણોસર?'

'હા નેલ,' હેરીએ એવા જ ભાવ સાથે પણ દબાણપૂર્વક કહ્યું, 'મારા માટે, તારા માટે, બધાંને માટે.'

'પણ હેરી, જ્યારથી તેં મને બચાવી છે ત્યારથી હું દરેક રીતે સુખી છું, અનહદ સુખી છું. તું જે શીખવે છે એ હું શીખી જ લઉં છું, એટલું જ પૂરતું નથી? હું વળી ઉપર જઈને એથી વધારે શું કરવાની છું?'

હેરીએ જવાબ ન આપ્યો. વાત ઈજનેરશ્રીએ ઉપાડી લીધી, 'મારી વહાલી દીકરી,' જેમ્સ સ્ટારે કહ્યું, 'હું તારો સંકોચ અને ભય સમજી શકું છું, પણ તને અમારી સાથે આવીને જરૂર મજા પડશે. જેઓ તને ખૂબ ચાહે છે એ જ લોકો તને લઈ જાય છે અને તને પાછી જરૂર લાવશે, વધારે આનંદ સાથે. ત્યાર બાદ જો સાયમન-મજ-હેરીની જેમ તું ખાણનગરમાં જ રહેવા માગશે તો જરૂર રહી શકશે, પણ તારે એ બે દુનિયા વચ્ચેનો ભેદ તો જાણવો જ રહ્યો. એક વખત એ જાણી

લે, પછી તારે જે નિર્ણય કરવો હોય તે કરજે. તારા નિર્ણય કરવાની આઝાદીની જવાબદારી હું લઉં છું, બસ. એટલે અમારી સાથે જરૂર ચાલ.'

'ચાલ નેલ.' હેરીએ કહ્યું.

પછી કોઈ પણ જાતની દલીલ વગર નેલે કહી દીધું, 'ચાલ હેરી, હું તૈયાર છું.'

રાતના નવ વાગે ખાણની છેલ્લી ટ્રેઈન ટનલો અને બોગદાઓમાંથી પસાર થઈને પ્રવાસીઓને ઉપર લઈ આવી. વીસ મિનિટ પછી એ ગાડીએ તેમને નવા એબરફોઈલ સ્ટેશનના પ્લૅટફૉર્મ પર લાવી દીધા. જ્યાંથી એક શાખા ગાડી ડમ્બર્ટન થઈને સ્ટર્લિંગ જતી હતી.

રાત્રી દૃષ્ટિથી ક્ષિતિજ સુધી અંધકાર ઘેરી હતી. તેમ છતાં ઉત્તર-પશ્ચિમના પવનો વાદળાંઓને હલાવતાં-ડોલાવતાં હતાં. એ વાદળો ધોળાં હતાં અને રાતમાં પણ જોઈ શકાતાં હતાં. પવન જબરો આહ્‌લાદક હતો અને રાત્રીને દિવસ કરતાં વધુ તાજગીભરી બનાવતો હતો.

સ્ટર્લિંગ સ્ટેશને નેલ તથા સાથીઓ ગાડીમાંથી બહાર આવ્યાં. ત્યાંથી સરિયામ રસ્તો ફોર્થના કિનારા તરફ જતો હતો.

સહુ પ્રથમ મજા છોકરીને એ પડી કે તે પોતાના ફેફસામાં ઘણીબધી તાજીતાજી હવા ભરવા લાગી.

'ખૂબ હવા પી લે, નેલ.' જેમ્સ સ્ટારે કહ્યું, 'કેમ કે એમાં આપણાં દેશવાસીઓ માટે ભરપૂર સુગંધભરી ચેતના સામેલ છે.'

'આપણા માથા પર થઈને જે ધુમાડાઓ પસાર થાય છે એ શું છે?' નેલે પૂછ્યું.

'એને વાદળ કહે છે, નેલ.' હેરીએ કહ્યું, 'એક પ્રકારની એ જથ્થામાં સંઘરાયેલી વરાળ છે. પવન અત્યારે વાદળને પશ્ચિમ બાજુ ખેંચી લઈ જઈ રહ્યો છે.'

'આહ!' નેલ બોલી ઊઠી, 'એની ઉપર હું સૂઈ શકું તો? ઝૂલતા ઝૂલતા પ્રવાસ કરવાની કેવી મજા પડે? અને... પેલું દૂરદૂર ચળકે છે એ શું છે? જેને તમે વાદળ કહો છો એનાથી ઘણે છેટે ઘડીમાં ખીલીઓની જેમ તે ચમકે છે, હોલવાઈ જાય છે. કેવી ઝબૂક-રમત?'

'એ બધા તારાઓ છે, નેલ. એ વિષે મેં તને વાત કરી જ છે. એ બધાં એક રીતે તો સૂરજ જ છે. આપણી દુનિયા જેવી દુનિયા ત્યાં હોય તોપણ નવાઈ નહીં!'

નેલે એવી અનિશ્ચિત વાત સાંભળી નહીં. તે તારાઓના જુદા જુદા સમૂહને આમતેમ ફરીફરીને જોવા લાગી. વાદળ ખસી જતાં તો તેને એ તરફના તારાઓ પણ જોવા મળી જતાં.

‘તું એને સૂરજ કહે છે, હેરી?’ નેલે પૂછ્યું, ‘પણ સૂરજનું તેં જે વર્ણન કર્યું છે એ મુજબ તો હું સૂરજને સહન પણ ન કરી શકું, જ્યારે આ તારાઓને જોવાની તો મને ગમ્મત પડે છે.’

‘તારી બુદ્ધિ ખરેખર તીવ્ર છે, નેલ.’ જેમ્સ સ્ટારે કહ્યું, ‘એ બધાં સૂરજ જ છે, પણ દૂરદૂરના, ઘણે દૂરના. જે નજીક છે તે વધુ ચળકે છે, જે દૂર છે તે ઝબકભરી ઝલક દેખાડે છે.’

જેમ્સ સ્ટારે કેટલાક તારાઓની ઓળખાણ કરાવીને કહ્યું, ‘એ બધાં હજ્જારો લાખ્ખો કરોડો માઈલ દૂર છે એટલે તેમનો ઝળહળાટ તારી આંખને ખલેલ પહોંચાડતો નથી, પણ આપણો સૂરજ જેનાં દર્શન તું કાલે સવારે કરી શકશે. તે ઘણો બધો નજીક હોવાથી આપણે તેની સાથે આંખ મિલાવી શકતા નથી. સૂરજ એક રીતે ભડભડતી ભઠ્ઠી જ છે, પણ નેલ, ચાલ આપણે ચાલતાં ચાલતાં વાતો કરીએ.’

જેમ્સ સ્ટારે નેલનો હાથ પકડી લીધો હતો અને કોઈ નાના બાળકનું સમાધાન કરે, એ રીતે તેઓ બધી વસ્તુઓ બતાવી બતાવી નેલનું કુતૂહલ શાંત કરતા હતા. અમુક વાત નેલને સરળતાથી સમજાઈ જતી, અમુક વખતે તે હાથ ઊંચા કરી દઈ આશ્ચર્ય પ્રગટ કરીને બતાવી દેતી કે એ બધું નહીં સમજાય! જેમ્સ સ્ટારે જે વાત વૈજ્ઞાનિક રીતે કહી હોય તે જો નેલ ન સમજે તો હેરી તેને પોતાની રીતે સમજાવવાનો પ્રયાસ કરતો. જેક રાયન આ પાઠશાળાની આગળપાછળ શ્વાનની જેમ રહીને નેલનાં કૌતુકને પામવાનો પ્રયાસ કરતો હતો.

રસ્તો એકાકી હતો. નેલ પસાર થઈ જતાં પવનને, પસાર થઈ જતાં માણસની જેમ અવલોકવાનો પ્રયાસ કરતી. પવન તો ખાણમાંય હતો પણ આ પવનની વાત કોઈ જુદી હતી. ઝાડ, પાન, પાટિયા, થાંભલા, પોશાક, વાળ બધું જ હલાવીડોલાવીને પસાર થઈ જતો. આ પવન દેખાઈ જાય તો જરૂર વાત કરી લઉં. આ મુક્ત આઝાદ પવન સાથે ઘડીભર રમી લેવાનું તેને મન થયું. એ માટે તેણે સાથીદારો સામે જોયું. બધાં તેને જ નિહાળી રહ્યાં હતાં.

બધાં જ્ઞાનીઓ વચ્ચે કદાચ એક સમજૂતી હતી કે પ્રશ્ન નેલને જ પૂછવા દેવા. જે જે વાતનું તેને કૌતુક થાય એ પ્રશ્ન ભલે તે પૂછે. એથી એ કઈ કઈ વાતથી અજાણ છે એની માહિતી પણ મળી રહેશે!

રાતના સાડા અગિયાર વાગે તેઓ ‘ફર્થ ઑફ ફોર્થ’ના ઉત્તરી કિનારે પહોંચ્યાં. ત્યાં જેમ્સ સ્ટારની સૂચનાથી એક હોડી તૈયાર રાખવામાં

આવી હતી. એ હોડી તેમને ગ્રેન્ટન લઈ જવાની હતી.

ખળખળ વહેતું પાણી કંઈક ચોખ્ખું, કંઈક પ્રતિબિંબિત તારાઓને હિલોળા ખવડાવતું. ખાણના પવનથી બહારનો પવન જુદો હતો તો ખાણના પાણીથી આ પાણીય અલાયદા હતા. તે એ પાણીને જોઈ જ રહી. પછી પૂછ્યું, ‘આ સરોવર છે?’

‘ના નેલ, આ વહેતું પાણી છે, દોડી જતું પાણી છે. આ પાણી બસ દોડ્યાં જ કરે છે. આપણે બધાં એને નદી કહીએ છીએ. થોડા જ હાથ પછી આ નદી દરિયાને મળી જશે. દરિયા તથા નદીના આ સંગમનું ઘણું મોટું મહત્ત્વ છે. હા, જરા ચાંગળામાં પાણી લઈને તું ચાખી જો તો...’

પાણી હાથમાં લેવા નેલે પાણીમાં હાથ નાખ્યો. રહેવા દીધો. પાણી પણ નેલ સાથે હાથ મિલાવી મિલાવી, હાથ હલાવી હલાવી પસાર થઈ જતાં હતાં. જાણે ‘હલ્લો-હાય’ કહીને ‘આવજો-કેમ છો?’ નહીં કરતાં હોય.

તેણે પાણી ચાખ્યું. મોઢું સહેજ કટાણું થયું.

‘હા નેલ,’ હેરીએ કહ્યું, ‘આ પાણી માલ્કમ સરોવર જેટલા મીઠાં નહીં જ હોય! કેમ કે અહીં દરિયાનાં પાણી પણ નદીનાં પાણી સાથે મળીભળી જતાં હોય છે. નદીનાં પાણી એમ તો સરોવર જેવા મીઠાં જ હોય છે, પણ જ્યાં નદી-દરિયો મળે છે, અમે એને સરિતા-સાગર સંગમ કહીએ છીએ. ત્યાં પાણી ખારાં હોય છે, કેમ કે દરિયાનાં પાણી ખારાં જ હોય છે. દરિયામાં જ્યારે ભરતી આવે છે ત્યારે તે ઘણાં જોરથી પોતાનાં પાણી નદીમાં ધકેલી દે છે. અત્યારે ભરતી ચાલુ છે અને દરિયો તેનું પાણી ઉછાળી ઉછાળીને આ તરફ ધકેલી રહ્યો છે, નેલ.’ હેરીએ કહ્યું, ‘તેં ત્યારે જે ખારું પાણી ચાખ્યું એવાં ખારાં પાણીના ઘણાં બધાં સાગરો છે. જેને આપણે પૃથ્વી કહીએ છીએ. એ પૃથ્વી પર આવો પોણા ભાગનો સમુદ્ર ફરી વળેલો છે. પૃથ્વી ત્રણ ભાગનાં પાણી અને એક ભાગની જમીનથી બનેલી છે.

છેલ્લી વાત નેલને માટે કદાચ અઘરી હતી. તેણે પોતાની રીતે પૂછ્યું, ‘હેરી, તમે કહો છો કે નદીનાં પાણી સરોવર જેવાં મીઠાં હોય છે, પણ નદીનાં પાણીય દરિયાનાં પાણી જ નથી શું? પછી નદીનાં પાણી મીઠાં કેમ?’

‘એટલા માટે કે સૂરજના આકરા પ્રકાશથી જ્યારે દરિયાનાં પાણીનું બાષ્પીભવન થાય છે, એટલે કે દાઝેલા એ પાણી વરાળ થઈને ઉપર પહોંચે છે ત્યારે એ જ વરાળના વાદળ બને છે. એ જ વાદળ વરસાદરૂપે પાછા ધરતી પર ફરે છે ત્યારે એમાંથી ખારાશ ઊડી જાય છે.’

ઉપરની વાત જેમ્સ સ્ટાર પણ નેલને સમજાવવામાં મદદ કરતા હતા. ત્યાં જ નેલ બોલી ઊઠી, ‘હેરી હેરી! ત્યાં પેલું દૂર લાલમલાલ અજવાળું શાનું છે?’

નેલ જે દિશામાં આંગળી કરતી હતી તે તરફ જોઈ હસીને હેરી કહે, ‘એ ચંદ્ર છે નેલ, ત્યાંથી ચંદ્ર ઊગી રહ્યો છે.’

‘હા, એ ચંદ્ર જ છે.’ જેક રાયને કહ્યું, ‘આકાશની નીચી કિનારીએથી તે કેવો ચળકતો ઝળહળતો ઊગે છે. મારે માટે તો ચંદ્ર હંમેશાંની નવાઈ છે. મને તો ઘણાં બધાં તારાના ઝૂમખાં ભેગા થઈને એક ચંદ્રમાં ફેરવાઈ જતાં લાગે છે.’

‘શું કહે છે જેક?’ હસીને જેમ્સ સ્ટારે કહ્યું, ‘તું આવી સરસ દુન્યવી વાત કહી શકે છે એની મને કલ્પના જ નહીં. તને ખરેખર અભિનંદન ઘટે છે.’

‘ચંદ્ર આગળ વધે ત્યારે જોજો જેમ્સસાહેબ,’ જેક રાયને કહ્યું, ‘એક પછી એક તારાઓ અદૃશ્ય થતાં જશે. જાણે ચાંદાના પ્રકાશમાં તેઓ સમાઈ જઈને એક મોટો ચાંદો બનવામાં તો મદદરૂપ નહીં થતાં હોય?’

‘ફાંકડી વાત કહે છે તું, રાયન.’ જેમ્સ સ્ટારે કહ્યું, ‘વધુ પ્રકાશ કે ચઢિયાતા પ્રકાશમાં ઓછો પ્રકાશ લીન થઈ જાય છે, અને મૂળ પ્રકાશના ઓજસમાં વધારો કરે છે.’

‘બધું કેટલું અદ્‌ભુત રીતે સુંદર છે!’ નેલ ચંદ્રોદય અને ચંદ્રદર્શનથી અભિભૂત થઈને બોલી ઊઠી. ‘અદ્‌ભુત’ શબ્દનો તે સાચા અર્થમાં ઉપયોગ કરી રહી હતી.

‘જ્યારે એ પૂર્ણરૂપે ખીલે ત્યારે તો જોજે.’ જેમ્સ સ્ટારે કહ્યું, ‘જ્યારે બરાબર તે સૂરજની સામે હોય છે ત્યારે જ એનું પૂરબહારમાં ખીલેલું ગોળાકાર સ્વરૂપ જોવા મળે છે, પણ આજે તો ચાંદામામા એના છેલ્લા ચતુર્થ પક્ષમાં છે, એટલે જ એનું આ ચતુર્થ ગોળાકાર સ્વરૂપ છે અને આપણા ગાયક કવિમિત્ર જેક રાયનની એ ચળકતી પ્લેટ અત્યારે વક્રાકાર ચિકિત્સા વાસણ જેવી છે.’

‘અરે રે મિસ્ટર સ્ટાર,’ જેક રાયન બોલી ઊઠ્યો, ‘કેવી પાયા વગરની કલ્પના! હું ચંદ્રને બિરદાવતી પંક્તિઓ લલકારવા જતો હતો અને તમે મને ધરતી પર લાવીને પટકી દીધો!’

હેરી કહે, ‘તારી પંક્તિઓ રજૂ કરવાની તને છૂટ છે.’

ગીત હોઠ પર આવે અને તે રજૂ કર્યા વગર રહે તો પછી તે જેક રાયન શાનો? તેણે સંગીતમય ધૂનમાં લલકાર્યું:

***ઓ રાતના પહેરેદાર***

***ઓ શિતળતાના સાથીદાર***

***ઓ ઉત્સાહના ઉદ્ધારક***

***ઓ આહ્‌લાદના આહ્‌લાદક***

***ઓ પ્રેમના પ્રસારક...***

એકાએક જ રોકાઈ જઈને જેક કહે, ‘નહીં જામે, મિસ્ટર જેમ્સ સ્ટારસાહેબ, આજની તમારી વક્રાકાર ચિકિત્સકા રકાબી પછી ચંદ્રની કોઈ પ્રશંસા નહીં જામે.’

ચંદ્ર હવે ધીરે ધીરે ઉપર આવ્યો હતો અને તેની આજુબાજુનું વાદળિયું ધુમ્મસ ખસી ગયું હતું. ચંદ્રથી થોડે દૂર અને પશ્ચિમમાં તારા ઝગમગતા હતા. ચંદ્રના ઉદય સાથે ચાંદરણું પથરાતું હતું.

નેલ બસ ચંદ્રને જોઈ જ રહી હતી. એ દિશામાંથી એની આંખ ખસતી જ ન હતી. પોતાની આંખમાં તે આ ચાંદ તથા ચાંદરણાને સમાવી લેવાનો પ્રયાસ કરતી હતી. હેરીના હાથમાંનો તેનો હાથ સળવળી ઊઠતો હતો. કદાચ એ જ એની ભાષા હતી.

‘સૂર્યોદય પહેલાં આપણે આર્થર સીટનું ચઢાણ પાર પાડવાનું છે.’ જેમ્સ સ્ટારે કહ્યું, ‘એટલું યાદ રાખજો.’

હોડી સરસર કરતી આગળ વધવા લાગી. કોઈક હળવું મોજું આવતું તો હોડી સહેજ ઊછળતી. નેલ હેરીની વધુ નજીક આવી જતી. હેરીનાં હલેસાં કોઈ અવાજ નહોતા કરતાં. પાણી પર પથરાયેલ ચાંદનીએ એક પ્રવાહી ચંદરવાની જ રચના કરી દીધી હતી. હોડીના આગળ વહી જવાનો માર્ગ તમે સતત જોઈ રહો તો ઊંઘ જ આવી જાય. તેમાં પવન પોતાનો સ્વર્ગીય વીંઝણો વીંઝતો હતો.

બધું જોવાનું રહી ન જાય એવું માનતો હેરી નેલને જગાડવાની ધીમી કોશિશ કરતો હતો. નેલનું માથું પરમાનંદના લહાવા સાથે હેરીના ખભા પર ઝૂકી ગયું હતું. તેની આંખો અત્યાર સુધીનાં સપનાંઓ સમાવી બંધ થઈ ગઈ હતી.

‘એને થોડીક ઊંઘ ખેંચી લેવા દે, હેરી.’ જેમ્સ સ્ટારે કહ્યું, ‘થોડીક વાર આંખ બંધ રહ્યા પછીનાં દૃશ્યો એને માટે વધુ આકર્ષક બની રહેશે.’

વહેલી પરોઢના બે વાગે હોડી ગ્રેન્ટન પહોંચી. હોડીના ઊભા રહેવાના હડસેલાથી નેલ જાગી ગઈ. ‘હું ઊંઘી ગઈ હતી કે શું?’ તેણે પૂછ્યું.

‘ના ભલી છોકરી!’ જેમ્સ સ્ટારે કહ્યું, ‘તું સ્વપ્ન જોતી હતી કે તું ઊંઘી રહી છે કેમ બરાબર ને?’ સાહેબે બધાં સાથે આનંદભરી રીતે જોયું.

રાત્રી ચોખ્ખી હતી. ચંદ્ર પોતાની રીતે ઉપર આવ્યો હતો અને વધુ મોકળી રીતે ચાંદરણું પાથરતો હતો.

ગ્રેન્ટન પિયરનું નાનકડું બંદર પોતાના ખોળામાં ત્રણેક મત્સ્ય-નૌકાઓને રમાડતું હતું. પવન સહેજ ઓછો થયો હતો, પણ વાતાવરણમાં ધુમ્મસ ન હતું. દરિયાકિનારાની આ રમણિયતા ઑગષ્ટ મહિના સાથે ભળી જઈને અનેરી અટખેલીઓ ખેલતી રહે છે.

પાટનગરના આ પરાની કેટલીક ખાસિયતો હતી. હિલ-સ્ટેશનની જેમ મકાનો ટેકરી ઉપર હતાં અને એબરફોઈલ ખાણ ભલે અહીંથી થોડે દૂર રહી, પણ તેની પ્રગતિ સાથે આ ઉપનગર પણ વિકાસ પામતું જતું હતું. અવનવાં મકાનો, દુકાનો, દવાખાનાં, દેવળ પસાર કરતાં કરતાં યાત્રીઓએ વક્રાકાર રસ્તે ઉપર જવાનું હતું. 'આર્થર સીટ' અહીંની ઊંચામાં ઊંચી જગા હતી. જેમ જેમ પ્રવાસીઓ ઉપર જતાં તેમ તેમ ઉત્સાહ વધતો જતો હતો.

મકાનોને જોઈ નેલને થોડી નવાઈ લાગી હતી. ઉઘાડબંધ થઈ શકે તેવાં બારીબારણાં અને જાળીઓ, ઝાપાં જોઈ તેને કંઈ સમજાયું ન હતું. હેરીએ કહ્યું, 'વરસાદ અને વાતાવરણના રક્ષણ માટે ઘરની ઉપર છાપરા બનાવવાનો રિવાજ છે. વાંદરા જેવા કોઈ પશુ પણ અંદર આવી શકે નહીં.'

નેલ પર એની અસર થઈ નહીં. તેને એ ખાણમાં કુદરતી પહાડી, ગુફાઓ, બખોલો જ વધુ ગમી. પર્વતોના આચ્છાદનથી વળી ચઢિયાતાં છાપરાં કેવાં?

'અને બારીબારણાં?' નેલે પૂછ્યું, 'તે શા માટે?'

'આપણી આઝાદી માટે, આપણી ચીજવસ્તુના સંગ્રહ માટે, આપણી વ્યક્તિગત જરૂરિયાત માટે.' તેની સમજૂતી કંઈ નેલ સુધી પહોંચી નહીં. તેણે આગળ કહ્યું, 'ચોરી ન થાય એટલા માટે આપણે બહાર જઈએ ત્યારે બારણાં બંધ કરી દેવાના, તાળું મારી દેવાનું ચોરીનો ભય જ નહીં.'

'ચોરી?' નેલે હસી દીધું 'એ વળી શું? મને તો એવા બંધ ઘરમાં રહેવાનું ન ગમે.'

હળવેથી હેરીએ કહ્યું, 'તું કદાચ એક વિશાળ અંધકાર, ઘેરા ઘરમાં બંધ હતી, એવું તને નથી લાગતું?'

નેલે જવાબ ન આપ્યો તો હેરીએ પૂછ્યું, 'હવે કેવું લાગે છે?'

વસતીવાળા સારા રસ્તા પર તેની ધીમી પગલીઓ તેને ઉછાળતી હતી. તે થોડુંક ઝડપથી ચાલવા માગતી હતી અથવા તેને દોડવાનું મન થતું

હતું. ચાલવાની આ પ્રક્રિયા સહેજ લાંબી ચાલે તો હેરીએ પૂછ્યું, 'નેલ, તારા પગ તો નથી દુ:ખતા ને?'

'મારા પગ જો પાંખ હોત,' નેલે કહ્યું, 'અથવા મારા હાથ વડે જો હું પેલા વાદળની જેમ ઊડી શકું...'

'નેલ...'

'હા હેરી, મને ઊડવાનું મન થાય છે. મારે આકાશમાં જવું છે, આકાશ કેટલું ઊંચું હશે?'

તેની નાજુક પગલીઓને પાંખ બનતી જોઈ જેક રાયન કહે, 'એને ઊડવા દે હેરી. એની આ ભાવના હું સમજી શકું છું. હું જેટલી વખત બંધિયાર ખાણની બહાર આવું છું તેટલી વખત મને પણ ઊડવાનું જ મન થાય છે. ઓહ! કુદરતે માણસને પાંખ કેમ ન આપી? જેમ્સસાહેબ, તમે તો વૈજ્ઞાનિક છો. કદીક માણસને પાંખ આપવાનું વિજ્ઞાન તમને નથી સૂઝ્યું? બાકી હા, ઊડવાની બાબતમાં નેલ અને હું બન્ને સરખાં છીએ.'

'જ્યારે આપણે આકરી બંધનાવસ્થામાં રહીએ છીએ અથવા આપણે રહેવું પડે છે.' જેમ્સ સ્ટારે કહ્યું, 'ત્યારે આપણને એવું મન થાય એ સ્વાભાવિક છે. પિંજરના પંખીનું પિંજર ખોલી નાખો તો એ શું કરશે?'

કંઈક સમજેલી નેલ કહે, 'બરાબર છે મિસ્ટર જેમ્સ સ્ટારસાહેબ, બરાબર છે.'

પછી જેમ્સ સ્ટારે કંઈક એવું કહ્યું કે નેલ ગંભીર બની ગઈ.

જેમ્સ સ્ટારે કહ્યું, 'નેલ, તું એક વખત ઉપરના આ મુક્ત વાતાવરણથી ટેવાશે, પછી ફરી તને કાળી ખાણના અંધકારમાં જવાનું નહીં ગમે, કદી નહીં.'

'નહીં.' પૂરી ચેતનાસભર રીતે તેણે કહ્યું, 'એવું કદી નહીં બને. હેરી! હેરી! તું સમજે છે ને કે ખાણ ખાણ છે!'

તે સહેજ ફફડી ઊઠી હતી. તે પોતાની ખાણની જિંદગીને કદી વિસારી શકે તેમ ન હતી. એક ધ્રુજારી તેણે અનુભવી. તેને શંકાય ગઈ કે આ મીઠા લોકોએ તેને ખાણથી દૂર કરી દેવાની કોઈ પેરવી તો નથી કરી ને?

તે હેરીના હાથે વળગી પડી ને પૂછવા લાગી, 'હેરી! આપણે માત્ર બે દિવસ માટે જ અહીં ઉપર આવ્યાં છીએ ને? માત્ર બે દિવસ માટે જ ને? કેટલા થાય બે દિવસ?'

હેરી કહે, 'ઘણો ઓછો સમય. બે દિવસ એટલે કોઈ સમય જ નહીં. વિશ્વાસ રાખ નેલ, અમે તારાં ભલા માટે જ આવ્યાં છીએ. ભલાઈ

સિવાય અમારાં મનમાં બીજું કંઈ જ નથી. તેમ છતાં તને નહીં ગમે, કંટાળો આવે, ત્રાસ થાય તો તે જ ઘડીએ...'

હેરીએ જેમ્સ સ્ટાર સામે જોઈ, ઠપકાભરી ઈશારતથી કહ્યું, 'સર, એવી કોઈ વાત છેડશો નહીં કે જેથી બન્યો-બનાવ્યો ખેલ બગડી જાય.'

હેરીની ખાતરી નેલ માટે પરમ શાંતિ હતી. તેણે જાતે જ વાત બદલી, 'હેરી, હું દોડું?'

જેક રાયન કહે, 'મને પણ દોડવાનું મન થાય છે.'

'દોડો.' જેમ્સ સ્ટારે કહ્યું, 'પણ ધીમે ધીમે અને સાવધાનીથી.'

દોડવાનું જ મન થાય તેવું હવામાન અને વાતાવરણ હતું. પોચી પોચી નરમ નરમ પગલીઓ સાથે નેલ દોડવા લાગી. દરેક ઊછળતાં પગલાં સાથે તેને ઊછળવાનું મન થતું.

એક વખત સારી એવી દોડ પછી ઊછળીને તે કહે, 'આને ઊડવાનું કહી શકાય, જેક?'

જમીન પર પાછાં પગલાં મૂકી જેક કહે, 'જે આપણને જમીન પર પાછા લાવે તેને ઊડવાનું કેમ કહી શકાય? બાકી આ આપણા માટે ઉડ્ડયન છે. તારે માટે ખાણની બહારનું અને મારા માટે...?'

તે વાક્ય પૂરું કરે તે પહેલાં જ જેમ્સ સ્ટારના શબ્દો આવ્યા, 'બહુ દૂર ન જાવ, અમારી સાથે રહો. દોડો નહીં, થાકી જશો.'

'હા જેક,' હેરીએ પણ કહ્યું, 'એ થાકી જશે. એના પગ ઘણાં નાજુક છે અને એ જાતે પણ...'

આરામ કરતાં ઘરો પાસેથી પસાર થઈ પ્રવાસીઓ 'લીથ વોક' થઈને 'કેલ્ટન હિલ' પહોંચ્યા. ત્યાં ઓબ્ઝર્વેટરી તથા 'નેલ્સન્સ મોન્યુમેન્ટ' આગળ તેઓ થોડાક થોભ્યા. 'રિજેન્ટ સ્ટ્રીટ પાસેના પુલને ઓળંગી તેઓ ઠેઠ કેનનગેટ સુધી આવી પહોંચ્યા.

હજી વસતી જાગી ન હતી. કેનનગેટ ચર્ચમાં બેના ટકોરા પડ્યા. ગોથીક શૈલીની એ ઈમારત જોઈ નેલ બોલી ઊઠી, 'એ ગુંજારવ શેનો થયો?'

'બે વાગવાના બે ટકોરા હતા, નેલ.' હેરીએ કહ્યું, 'તું ગણતરી તો શીખી છે ને? એક, બે...'

'અહીં કોણ શીખે છે? અત્યારે?'

'કોઈ શીખતું નથી. ઘંટ વગાડી લોકોને માહિતી આપવામાં આવે છે કે બે વાગ્યા...'

એક એવી જ પણ એથી જુદી જાતની મોટી અને ખાંચાખૂણિયા તથા કંઈક મિનારાવાળી ઈમારત બતાવીને નેલ પૂછે, ‘અને આ વળી શું છે?’

‘જૂના જમાનાના સ્કોટલૅન્ડના રાજાનો મહેલ છે, નેલ.’ આ વખતે વાતનો દોર ફરીથી જેમ્સ સ્ટારે પોતાના હાથમાં લીધો. ‘એનું નામ હોલી રોડ છે. રાજાશાહીની ઘણી દુ:ખદ ઘટનાઓનો એ ઈતિહાસ છે. દુ:ખી રાણી મેરી સ્ટુઅર્ટના અહીં હીબકાં છે, ફ્રાન્સનાં રાજા ચાર્લ્સ દશમાની અહીં જેલવ્યથા છે, પણ દિવસ દરમિયાન તો તને નેલ, એ મહેલ ભવ્ય જ લાગશે, જોવા જેવો. અને નેલ! જોવા જેવી જગા તો હોલી રોડની ખીણ છે. એટલી સપાટ અને ઊંડી કે દીવાલ જ લાગે. ત્યાંથી ઠેઠ ઉપર આર્થર સીટ છે. ઊંચામાં ઊંચી એ જ જગાએ આપણે જવાનું છે. ઠેઠ ઉપરની ધરતીની અણી જેવી જગાએથી તું ઊગતા સૂરજનાં દર્શન કરશે.’

કિંગ્સ પાર્ક પસાર કરીને તેઓ વર્તુળાકાર ક્વીન્સ ડ્રાઈવ પહોંચ્યાં. ચાર ઘોડાની સિગરામ અથવા વિક્ટોરિયા માટે આ માર્ગ ખાસરૂપે તૈયાર કરવામાં આવ્યો હતો. સર વોલ્ટર સ્કોટની રચનાઓમાં આવી શાહી સવારીનો ઉલ્લેખ વારંવાર આવતો જ હોય છે.

આર્થર સીટ ૭૫૦ ફીટની ઊંચાઈએ આવેલી એક પહાડી શિખર રચના છે. વાંકાચૂંકા રસ્તે અડધાએક કલાકે ત્યાં પહોંચી શકાય. જેમ્સ સ્ટારે કહ્યું તેમ બાજુની લાયન સીટ અને આર્થર સીટમાં ઘણી સમાનતા છે.

આર્થર સીટ પર બેસવાની ઘણી જગાઓ હતી. ઊંચામાં ઊંચા પથ્થરિયા બાંકડાઓ પર બેઠેલા પ્રવાસીઓને જેમ્સ સ્ટાર સર વૉલ્ટર સ્કોટની રચનાઓ સંભળાવવા લાગ્યા.

‘હાર્ટ ઑફ મીડ-લોથિયન રચનામાં આપણા એ યાદગાર સ્કોટીશ કવિલેખક કહે છે.’ જેમ્સ સ્ટારે કહ્યું, ‘આઠમા પ્રકરણનું એ ચિરંજીવી સૂત્ર છે. મારે સૂર્યોદય અને સૂર્યાસ્તના સ્વર્ગીય ભવ્ય દૃશ્યો નિહાળવા હોય તો હું આ જ જગા પસંદ કરું.’ એટલું બોલી તરત જ તેમણે ધ્યાન દોર્યું, ‘નેલ, હવે તૈયાર રહેજે. સૂર્યોદયને હવે બહુ વાર નથી. તે પહેલાં તેના ઉદય અગાઉના અગમ્ય રમ્ય નઝારાઓ માટે આપણે તૈયાર થઈએ.’

નેલ પૂર્વ દિશાના રંગ ધારણ કરતાં આકાશ તરફ જોવા લાગી. હેરી એની બાજુમાં જ બેસીને એના ચહેરાના ભાવો અવલોકતો રહ્યો. સૂરજનાં પહેલાં કિરણો તેની આંખો માટે ભારરૂપ તો નહીં બને ને?

બધાં જ શાંત હતાં, જેક રાયન સહિત.

ધુમ્મસિયા વાતાવરણમાંથી થોડોક ગુલાબી રંગ આકાશમાં છવાવા લાગ્યો. આમતેમ છવાયેલાં વાદળો પર હજી નહીં ઊગેલાં સૂરજનાં કિરણો પીંછી ફેરવતા હતા. આર્થર સીટની નીચેની એડિનબર્ગ સુધીની વસતી હજી

શાંત નિદ્રા માણી રહી હતી. સૂર્યોદયના આ સળવળાટની અસર પશ્ચિમ દિશામાં પણ ઝિલાવા લાગી હતી.

સામે પોતાની પૂરી વિશાળતા સાથે દરિયો પથરાયેલો હતો. દરિયાની દૂરની કોઈક અગમ્ય રેખા આકાશ-પાતાળને એક કરવાનો ભાસ ઊભી કરતી હતી. આજ ક્ષિતિજ પરના મેઘધનુષી રંગો દિવસના રાજાના સ્વાગત માટે પોતાની ભવ્ય છટા શણગારવા લાગ્યા. ધીરે ધીરે આસમાની રંગ ગુલાબી બન્યો, ગુલાબી રંગ લાલ બન્યો અને મુખ્ય વાતાવરણની ફરતેના ઝળહળાટના ચમકારા વરતાવા લાગ્યા.

અચંબિત પામતી નેલ ઠેઠ ઉપરથી દૂર દરિયા પરની આ લીલીછમ્મ લાલીમા નિહાળતી સહેજ કંપવા લાગી.

પછી એકાએક જ હાથ જેટલો લાંબો થઈ શકે તેટલો લાંબો કરીને તે પોકારી ઊઠી, ‘આગ...’

‘નેલ, એ આગ નથી.’ હેરીએ કહ્યું, ‘સૂર્યના પહેલા સોનેરી કિરણો સર વૉલ્ટર સ્કોટ સંગ્રહાલય પર ફેંકાઈને એવું દૃશ્ય ખડું કરે છે. ક્લોક ટાવર પર તો તને એવા દૃશ્ય સ્વરૂપે દીવાદાંડી જ પ્રકાશ ફેંકતી દેખાશે.’

દિવસ શરૂ થયો. દરિયામાંથી સ્નાન કરીને બહાર આવ્યો હોય એવાં સૂર્યદર્શન દૃશ્યો રચાવા લાગ્યાં. પહેલાં પાણી સોનેરી બન્યાં, પછી રૂપેરી આભા પથરાવા લાગી. નવી સળગેલી ભઠ્ઠીની હળવી જ્વાળાઓમાંથી ચક્રાકારે ફરતી હોય એવી સૂર્યની સ્વર્ગનેય દુર્લભ એવી પ્રતિભા બહાર આવવા લાગી.

નેલે આંખ બંધ કરી. તેની પાતળી પાંપણોને પણ આ પ્રકાશબિંબ ભેદી નાખતા જણાયા. તેણે પોતીની આંખ પર આંગળીઓ દાબી દીધી. હેરીએ તેને બીજી દિશામાં જોઈ જવાની સલાહ આપી.

‘નહીં હેરી,’ નેલે હિંમતથી કહ્યું, ‘તમે બધાં જે જુઓ છો, જોઈ શકો છો, એ બધું જોવા મારે મારી આંખને તૈયાર કરવી જ રહી.’

આંખ પર હાથ દાબી દીધા હોવા છતાં વધુ ને વધુ ઉજ્જ્વળ બનતો પ્રકાશ તેની આંખમાં ગુલાબી રંગ ભરતો જ હતો. તેમ છતાં હાથના કોમળ પંજાઓ અને નમણી આંગળીઓની વચમાંથી દિવસના ઉજાસની પહેલી આભા પીવાનો પ્રયાસ તે કરવા લાગી.

બાળક સહજ નહીં, સાક્ષાત બાળકરૂપે જ ઘૂંટણિયે પડીને તે બોલી ઊઠી, ‘ઓ મહાન ભગવાન! કેટલી ભવ્ય છે તારી રચનાઓ!’

તેણે પરોઢના પ્રકાશથી ઉજવાસી બનેલાં વૃક્ષો, પહાડીઓ, રસ્તાઓ તથા વસતીની પશ્ચિમી દુનિયા નિહાળી. આંખ પરના આવરણ સાથે જ તેણે બીજી દિશામાં જોયું.

પછી પૂર્વ દિશામાં જોયું. તેણે આંખ પરથી હાથ ખસેડ્યા. આંગળી ખસેડી, પાંપણો ઉઘાડી. દરિયા પરથી દોડતાં સૂર્યકિરણોને હજી તે માંડ પિછાને ત્યાં જ તેની દૃષ્ટિ સામે પડી. સૂર્ય ઊગી ચૂક્યો હતો. સૂર્યની અને નેલની આંખો એક થઈ.

ત્યાં જ 'ઓ... ઓ...' કરતી નેલ હેરી ઉપર ઢળી પડી.

'નેલ! નેલ!' હેરી તેને ઢંઢોળવા લાગ્યો.

અંધારી જિંદગી બાદનો પહેલો અવર્ણનીય સૂર્યોદય નેલ સહન કરી શકી નહીં. તે બેહોશ થઈ ગઈ!

# નૃત્યસંગીતના સાથીદાર

હેરીએ નેલને બે હાથમાં ઉપાડી અને તે વસતી તરફ દોડવા લાગ્યો.

થોડે સુધી તે દોડ્યો હશે અને જેક રાયને કહ્યું, ‘હું તને મદદ કરું હેરી?’

‘જેક,’ હેરીએ કહ્યું, ‘આંધળા કૂવામાંથી મેં એને બચાવી ત્યારે એક જ હાથ હતો ને મારે ઉપર પહોંચવાનું હતું. અત્યારે તો બન્ને હાથ છે અને નીચે જવાનું છે.’

વાતાવરણ ખુશનુમા હતું અને લેમ્બાર્ટ હોટલમાં પૂરતી સગવડ હતી. પૂરતા આરામદાયી ખંડમાં નેલને સૂવડાવી તરત જ ઉપચાર શરૂ કર્યા. ખાણની જિંદગી જીવેલા જેમ્સ સ્ટાર માત્ર ઈજનેર ન હતા, અડધા ડૉક્ટર પણ હતા. જેમ્સ સ્ટાર, સાયમન, શ્રીમતી મજ વગેરેનું બનેલું આખું જૂથ આવી કંઈક ચિકિત્સા જાણતું હતું.

ઉપાય માટે અધીરા થયેલા હેરીને જેમ્સ સ્ટાર કહે, ‘એને સ્વસ્થ થવા દે. ઠંડાં પાણીનો ઉપચાર એને મદદરૂપ થઈ પડશે, પણ એકદમ નહીં. એની આંખે પહેલા સૂરજનો સામનો કર્યો છે. આશા રાખીએ કે કંઈક જોખમ નહીં જ ઊભું થયું હોય!’

ઘણો લાંબો સમય પડી રહ્યા પછી નેલ ‘ઉં...ઉં’ કરવા લાગી. પ્રારંભિક નિર્દોષ ઉપાયોથી તે ભાનમાં આવતી હતી, પણ હજી તે આંખો ખોલતી ન હતી. સૂરજે તેની કાળા અંધારાથી ટેવાયેલી આંખને ખરેખરી ઝાપટ મારી હતી.

‘નેલ, કેમ છે તને હવે?’ હેરીએ પૂછ્યું.

‘હેરી,’ કંઈક કળ વળતાં નેલે કહ્યું, ‘તમારો સૂરજ કાળો છે શું?’

‘કાળો?’ હેરી ચમક્યો, ‘તું એવું કેમ કહે છે, નેલ?’

‘મારી આંખે કાળા ચક્રો ફરી રહ્યા છે.’

હેરીએ જેમ્સ સ્ટાર સામે જોયું. તેઓ કહે, ‘આપણી આંખનો સૂરજ સાથે સામનો થઈ જાય તો આપણી આંખો સાથે પણ એવા કાળા વર્તુળો ભમવા લાગે છે, જ્યારે નેલનો તો એ આગના તેજસ્વી ગોળાનો પહેલો સામનો હતો.’

જેક રાયન કહે, ‘કોલસાની ખાણનો કોઈ સૂરજ હોય તો તે અચૂક કાળો જ હોય, ખરું ને?’

જેમ્સ સ્ટાર કહે, 'સૂરજ જેવો છે તેવો પણ તે કોલસાનો પિતા છે. તેના અસહ્ય તાપથી તે ધરતીને એટલી બાફીશેકી નાખે છે કે ધરતીનાં તત્ત્વો કોલસામાં ફેરવાઈ જાય છે, પણ કાળા સૂરજની વાત મેં સાંભળી છે ખરી...'

'એક લોકગીત પણ છે,' જેક રાયને કહ્યું:

***કાળો કોલસો, કાળી જિંદગી, કાળો સૂરજ કેમ નહીં?***

***કાળો પ્રકાશ, માર્ગો કાળા, સૂરજ કાળો કેમ નહીં?***

***શ્વેત દિવસનો, શ્વેત જગતનો, હોય જેમ ધોળો સૂરજ...***

***પાતાળી કાળા લોકોનો, કાળો સૂરજ કેમ નહીં?***

જેમ્સ સ્ટાર કહે, 'જો કાળા-ધોળા એવા બે સૂરજ હોત તો ભારે ગોટાળા થાત, મુશીબતો પણ ખરી જ, પણ સૂરજ જેમ ઉપરનો આદિ-પ્રકાશ યા આદિ-દેવ છે તેમજ કોલસા-લોકોનો પણ એ જ આદિ-સ્ત્રોત છે. બાકી કાળા સૂરજની કલ્પના સરસ છે.'

'કાળો સૂરજ... કાળો સૂરજ...' નેલ બોલતી હતી.

હેરીએ જેમ્સ સ્ટાર સામે જોયું, 'હજી એ કાળા સૂરજને જ કેમ યાદ કરે છે?'

ઠંડાં પાણીના ઉપચારો શરૂ થયા હતા. નેલની આંખને એથી રાહત મળતી હતી. જેમ્સ સ્ટાર કહે, 'જે રીતે ગરમ પ્રદેશના લોકોને સન-સ્ટ્રોક લાગે છે, તેવો જ આ સન-સ્ટ્રોક છે.'

આંખ ખોલવા પ્રયાસ કરતી નેલ આંખ ખોલી શકતી ન હતી. તેની આંખો હજી ચિત્રવિચિત્ર ચક્રો જોતી હતી.

જેમ્સ સ્ટાર કહે, 'નેલ, આંખ ખોલવાની ઉતાવળ ન કર. તારી આંખ એની મેળે જ ખૂલવા લાગશે. જો ઊંઘ આવતી હોય તો થોડીક ઊંઘ ખેંચી લે. તેં આરામ પણ નહીં જેવો જ કર્યો છે.'

સામસામી ઈશારત કરી બધાં મૌન રહ્યાં.

પૂરતા આરામ બાદ નેલની આંખો ખૂલવા લાગી ત્યારે લગભગ સાંજ થતી હતી.

ધીરે ધીરે તેની ખૂલતી આંખો ખૂલી ગઈ અને તે ઉમળકાથી બોલી ઊઠી, 'હું જોઈ શકું છું, હું જોઈ શકું છું તમારી જેમ જ...'

ત્રણે જણાં ખુશ થઈ ગયાં. જેમ્સ સ્ટાર કહે, 'નેલ, તું અમારામાંની જ એક છે. પછી અમારી જેમ જ શા માટે જોઈ ન શકે? અમે ઈચ્છીએ કે અમે તારી જેમ જોઈ શકીએ, ઉપરનીચે બન્ને જગાએ. ચાલ જરા બહાર જઈએ.'

સવારે સૂર્યોદયનાં દર્શન નેલ માટે આકરી પરીક્ષારૂપ હતાં. અત્યારનાં સૂર્યદર્શનથી તે બેહદ ખુશ થઈ ગઈ: 'ઓહ! કેટલું સુંદર... કેટલુંક અણમોલ દૃશ્ય... શું તમે બધાં જિંદગીભર આટલા બધા રંગો નિહાળો છો? કેટલા ખુશનસીબ છે ઉપરના લોકો...'

જેમ્સ સ્ટારને ફરીથી પૂછવાનું મન થયું કે, 'નેલ, તને ઉપરની દુનિયા ગમવા લાગી છે ને? ઉપર રહેવું તું સ્વીકારશે ને?' પણ અગાઉ નેલે એ વિષે સ્પષ્ટ જવાબ આપ્યો હતો અને હેરીએ પણ વિનંતી કરી હતી કે, 'એવો પ્રશ્ન એને ન પૂછવો.' એટલે તેઓ ચૂપ રહ્યા.

પણ સૂરજ ફરીથી દરિયામાં સમાવા લાગ્યો. પશ્ચિમની ક્ષિતિજ પરથી દિવસનો પ્રકાશ તે ખેંચતો ગયો. તે સાથે જ રાત્રીનો પ્રકાશ છવાતો ગયો. એ પરિવર્તન એટલું સિફતભર્યું હતું કે કોઈને ખબર જ પડે નહીં.

રાત્રીનો અંધકાર ફેલાતો થયો અને નેલ પાછી સ્વાભાવિક બની રહી. તે આનંદમાં આવી ગઈ. તે એકલી એકલી થોડી લટાર મારવા લાગી.

હેરી કહે, 'સ્ટારસાહેબ, એ રાતનો જ જીવ છે. એને અંધકાર જ વધુ માફક આવે તેમ લાગે છે.'

'આપણે પ્રયોગ પરીક્ષા અને નિરીક્ષણ કરવા તો આવ્યા છીએ. અધીરા બનવાની જરૂર નથી.'

આગલી રાતની જેમ ફરીથી તેઓ રાત્રીવિહાર માટે નીકળી પડ્યા. રાત્રીનાં બજાર, રાત્રીનાં નૃત્યધામો, રાત્રીનાં મિલનસ્થળો, રાત્રીનાં રમતગૃહો, રાત્રીના ખાણીપીણીના આસ્વાદાલયો... એ બધાંનો નેલને પૂરેપૂરો સ્વાદ ચખાડવામાં આવ્યો. જાતજાતની આજ સુધીમાં વણચાખ્યા સ્વાદની વાનગીઓ ચાખી ચાખીને તે ખુશ થઈ ગઈ. અમુક પીણાં તેની જીભને જ નહીં, તેની આખી દેહપ્રક્રિયાને ઝણઝણાવી દેતાં હતાં. પોતાના ચહેરાના ભાવો દ્વારા તે જાહેર કરી દેતી હતી કે, 'આ બધું તો ખરેખર અદ્ભુત છે.'

તેને ગમતાં ધીમા હળવા પ્રકાશમાં સંગીત વાગતું હતું. નેલને સંગીત ગમ્યું. જેને મન થાય તે નવયુગલ જોડીઓ નૃત્ય કરતી હતી. એ નૃત્ય-યુગલોને હાજર રહેલાં લોકો વધાવી લેતાં હતાં.

હેરીએ કહ્યું, 'નેલ, તને નૃત્ય માટેનું મન થાય ખરું?'

નેલના પગ થોડીક ધ્રુજારી અનુભવતા હતા. તે તાલ સાથે સ્વાભાવિક હલનચલન પણ કરતા હતા.

તેણે કહ્યું, 'નૃત્ય? મારે માટે એ બધું અપરિચિત છે.'

'આવ આપણે પરિચિત થઈએ.' હેરીએ કહ્યું. અને તેણે પૂરા હળવાશ સાથે નેલને નૃત્ય-સપાટી પર લીધી.

તેનો એક હાથ હાથમાં લઈ, બીજો હાથ નેલની કમરે ધીમેથી વીંટાળી હેરી કહે, 'તું પણ એમ જ કર.'

નેલે ખરેખરી રોમાંચક અનુભૂતિ સાથે તેમ જ કર્યું.

હેરી કહે, 'ચાલ, હવે આપણે આ રીતે ફરીએ.'

'મને નહીં ફાવે.'

'હું સાથે છું. હું તને શીખવીશ. બસ, સંગીત સાથે ઊડતા હોઈએ એમ...'

'ઊડતાં હોઈએ એમ? હરફંગની જેમ?'

હેરી થોભી ગયો. તેણે પૂછ્યું 'શુ કહ્યું તેં? કોની જેમ?'

સાવધ થઈ ગયેલી નેલ કહે, 'કંઈ નહીં. ચાલ આપણે પગલાં ભરીએ...'

નેલની અણઘડ નૃત્યાવલી પર હાજર રહેલાં લોકો હસી રહ્યાં, તાળી પાડી ગયાં. એથી નેલ-હેરીના બાઘા-નૃત્યમાં કોઈ ફેર પડ્યો નહીં. સંગીતકારો તેમને અનુરૂપ સંગીત સૂરાવલી છેડવા લાગ્યા.

જેમ્સ સ્ટારે જેક રાયનને પૂછ્યું, 'તો ગાવા-વગાડવાનું મન થાય ખરું?'

'મને નૃત્ય માટેનું મન થાય છે.'

'જોડીદાર શોધી કાઢ.'

'શોધી જ કાઢેલ છે, સર જેમ્સ સ્ટાર.'

'કોણ છે?'

'અત્યારે તો તમે જ.' કહીને જેક રાયને જેમ્સ સ્ટારને નૃત્યના સાથીદાર બનાવ્યા.

હવે પુરુષની બનેલી જોડીને નૃત્ય કરતી જોઈ નૃત્યાલય ભરપૂર આનંદભરી તાળીઓથી ગુંજી ઊઠ્યું.

જેક રાયનની નિપુણતા જોઈ સંગીતકારોએ સંગીતમાં અવનવી હલચલ મૂકવા માંડી. તેમણે તાલને ઉછાળવા માંડ્યા.

જેક રાયન એ જોઈને તાજ્જુબ પામી ગયો કે જેમ્સ સ્ટાર ઉંમર થઈ હોવા છતાં નૃત્યમાં પાછા પડે તેવા ન હતા.

પછી તો એક પ્રકારની સંગીતકારો અને નૃત્યકારો વચમાં સ્પર્ધા જ શરૂ થઈ. એ બન્નેને પૂરી તાલબદ્ધ રીતે નૃત્ય કરતાં જોઈ નૃત્યાલય માટે એ રાત નૃત્યોત્સવ બની રહી. જેક રાયન તથા જેમ્સ સ્ટાર પણ સંકોચ વગર નૃત્યના તાલે સંગીત સાથે ઊછળતા રહ્યા.

આ પુરુષ-નિપુણ જોડી સાથે પેલી હેરી-નેલની શિખાઉ જોડી પણ નૃત્યમાં હતી. એટલે સંગીતકારો ઘડીમાં ચંચળ સંગીત રજૂ કરતાં તો વચમાં એકદમ હળવું સરળ સંગીત બજાવી દેતા કે જેથી હેરી-નેલને ફાવી શકે, પણ જેમ્સ-જેકની તો મજા જ જુદી હતી.

એવા એક ઊછળતાં નૃત્યની ગંભીર ભાવભંગીમાં વખતે જેક રાયને પૂછ્યું, ‘સર, તમે તો ખરેખર કલાત્મક નૃત્ય કરો છો. અમને તો ખબર જ નહીં. આપને કોઈ અનુરૂપ પાર્ટનર મળી જાય...’

‘મારા પાર્ટનરને લઈને જ હું થોડોઘણો કાબેલ થઈ શક્યો છું.’ જેમ્સ સ્ટારે કહ્યું.

જેક રાયનને જેમ્સ સ્ટારના પાર્ટનર વિષેની ઉત્સુકતા થઈ.

‘અને તે કોણ હતી?’

‘તે બ્લેક હતી એટલે કે છે, જેક.’

‘બ્લેક? નૃત્યની સાથીદાર?’ એવું આશ્ચર્ય પ્રગટ કરી જેક રાયન કહે, ‘હા, કાળી પ્રતિભાઓ નૃત્યનિપુણ હોય છે, કુદરતી રીતે જ.’

‘એકદમ કુદરતી રીતે,’ જેમ્સ સ્ટારે નૃત્યની વચમાંના હાવભાવ સાથે કહ્યું. તેઓ કદાચ પોતાની સાથીદારને યાદ કરીને ઉમળકામાં આવી ગયા હતા. ‘જેક,’ તેમણે આગળ વધાર્યું, ‘મારે એને ખાતર અને એની સાથે ઊછળવું પડતું, કૂદવું જ પડતું, દોડવું પડતું, ગંભીર બની જવું પડતું, તાલ મિલાવવા પડતાં, રાહ જોવી પડતી, થોભી જવું પડતું, ફરીથી કદમ મિલાવવા પડતા, ફરીથી “રિધમ”માં આવવું પડતું, ફરીથી...’

‘સર સર!’ જેક રાયન નૃત્યની વચમાં સહેજ થોભી જઈને બોલી ઊઠ્યો, ‘મારી ઉત્સુકતાને ઉત્તેજનમાં ફેરવો નહીં.’

‘તો જેક, તું એ જાણવા માગે છે કે મારી ડાન્સિંગ પાર્ટનર કોણ હતી?’

‘હું એ જાણવા અધીરો છું.’

'વાસ્તવમાં એ જ મને ડાન્સ કરાવે છે અને હું એને માટે ડાન્સ કરીને ખુશી અનુભવું છું. મારા નવયુવાન મિત્ર! મારા એ ડાન્સિંગ પાર્ટનરનું નામ છે એબરફોઇલ, જૂની અને નવી. હા દોસ્ત. કોલસાની ખાણ જ મારી સાથીદાર છે. કેમ કે હું માનું છું કે આપણી દરેક સાથીદાર આપણી પાસે વફાદારી અને સમય માગે છે. તે ન આપી શકીએ તો તેને ન ગમે. આપણી દોસ્તી જામે નહીં. તારા શબ્દોમાં કહીએ તો આપણી પ્રેમકથા જામે નહીં. સિવાય કે સાયમનને મજ જેવી પાર્ટનર મળી છે, તેવી કોઈક પાર્ટનર મળી જાય! આપણાં જીવનના હરેક નૃત્યમાં સામેલ થઈ જાય. આપણને સાથ આપે એટલું જ નહીં, આપણી સાથે રહે...'

'સર, મારે એથી વિશેષ કંઈક જાણવું હતું.'

'શેષ કે વિશેષ, બસ એટલી જ જાણકારી પૂરતી છે. જિંદગી એક અંધારા અજવાળાનો ખેલ, આપણી કોલસા-લોકોની તો ખાસ. અંધારા વખતે જે આપણી સાથે રહી શકે, અજવાળા વખતે જે આપણું જીવન ઉજાસમય બનાવી શકે, ફરી અંધકારમાં જવાની તૈયારી બતાવી શકે. જેક, હું આ મારા માટે કહું છું. આ મારો અભિપ્રાય છે. આપણી રુચિ મુજબના નૃત્યના સાથીદાર મેળવવું સહેલું નથી અને મળી જાય છે તો આપણી જેમ મળી જાય છે. જોને તું અને હું આપણે કેવા તાલબદ્ધ રીતે નૃત્ય કરી રહ્યા છીએ...'

'આપ મહાન છો સર જેમ્સ સ્ટાર,' જેક રાયને કહ્યું, 'ઈજનેર તરીકે જ નહીં, માણસ તરીકે પણ. તો ચાલો આપણે નાચીએ, એકબીજાના સાચા પાર્ટનર બનીને નાચીએ.' તેણે સંગીત મંડળીને કહ્યું, 'ગતિ આપો તમારા સંગીતને, વધુ ગતિ આપો વધુ... વધુ...'

જેમ્સ સ્ટાર અને જેક રાયન જે રીતે ઊછળી ઊછળીને નૃત્ય કરતા હતા એ જોઈને બધાં જ આફરીન પોકારી ગયા, આભા બની ગયા. કેમ કે બન્નેનાં નૃત્યમાં સૂઝભરી આવડતભરી કળા પણ હતી.

'હું હવે નહીં સાથ આપી શકું.' નેલે કહ્યું, 'આ બધું ઘણું ઝડપી છે. મને થોડાક આરામની પરવાનગી આપશે, હેરી? મને ગમે છે, પણ મારે એમનું નૃત્ય જોવું છે. એ બન્ને જણા ખરેખર ચઢિયાતા છે.'

જોવા જેવું જ નૃત્ય હતું જેમ્સ સ્ટાર અને જેક રાયનનું. તેઓ કદાચ થાકતા જ ન હતા. કોલસાવાસીઓ મોટે ભાગે થાકતા નથી. થાકને અને તેમને ફાવતું નથી.

નેલ તો ખરેખર થાકી ગઈ હતી. અનહદ લિજ્જત આપતી ખાણીપીણીની મોજ સાથે પણ તેની આંખો મિંચાતી હતી.

એક મધુર સ્થિર ઝણકાર આપતું સંગીત તેને ફરીથી ઊંઘ તરફ ખેંચતું હતું.

તેમના આવા અનેરા નૃત્ય-કૌશલ્ય બદલ જેમ્સ સ્ટાર અને જેક રાયનનું હોટલ તથા મહેમાનો વતી સંયુક્તરૂપે જાહેર સન્માન કરવામાં આવ્યું. તેમને ફરી ફરીને આવી મજલિસ ધન્ય બનાવવાનું આમંત્રણ અપાયું.

સંગીતની એ ધૂનો એવી ફેલાયેલી રહી કે બધાં સંગીતના નશામાં જ રહ્યાં.

ઉપરની દુનિયાના માણસો જેમ કદીક દિવસની ઊંઘ ખેંચી લે અથવા અમુક સંજોગોમાં દિવસ દરમિયાન ઊંઘતા જ રહે તેવું નેલ સાથે બન્યું. તેને માટે સાથી ત્રિપુટીએ આજે પણ રાત્રીદર્શન તથા પ્રભાતદર્શનનો કાર્યક્રમ ગોઠવ્યો હતો, પણ ખરેખરી સવાર પડવાની તૈયારી થઈ ત્યારે જ નેલ ઊઠી. નૃત્યાલયમાંથી ક્યારે તેને લેમ્બાર્ટથી લાવવામાં આવી તેનીય તેને ખબર નથી.

પણ તે ઊઠી ત્યારે ઊગતા સૂર્યના રંગો પથરાયેલા હતા. એ રંગો સાથે તેને અનુરૂપ મધુર સંગીત રેલાતું હતું.

'હેરી,' તેણે કહ્યું, 'સૂર્યોદય પોતાની કમાલ સાથે સંગીતની સૂરાવલી છેડે છે, એવું તો તેં મને કહ્યું જ ન હતું?'

'સૂર્યોદય? અને સંગીત?' સહેજ ખંચકાઈ હેરીએ કહ્યું, 'હા નેલ, સૂર્યોદય પ્રત્યક્ષરૂપે એક સંગીત છે, પણ અત્યારે આ સંગીત તો જેક રાયન છેડી રહ્યો છે. રાતના નૃત્યોત્સવમાંથી હજી તે મુક્ત થયો નથી લાગતો. તેની પસંદગીના અમુક વિષયો છે. તેમાં ખેંચાઈ જવું તેને ગમે છે, સંગીત તેમાંની એક પસંદગી છે.'

રાતની સંગીત મહેફિલ પછી કદાચ નેલને પણ સંગીત ગમવા લાગ્યું હતું. તે કહે, 'હેરી, આપણે એને જોઈએ...'

'જોઈએ અને સાંભળીએ.' હેરીએ કહ્યું, 'ચાલ.'

એક વૃક્ષ હેઠળ ઊભો ઊભો જેક પ્રાત:પ્રાર્થનાની તન્મયતાની જેમ તલ્લીન થઈ જઈ પોતાની બૅગપાઈપ વગાડતો હતો.

પણ તેના એ સંગીતને સાંભળનાર કોઈ ન હતું, એમ નહીં!

# ઘટનાની આગાહી કે આગાહીની ઘટના?

જેક રાયનના સંગીતમાં જેટલો સૂર્યોદય તન્મય હતો એટલા જ તન્મય જેમ્સ સ્ટાર હતા.

નેલ તથા હેરીએ પણ એ સંગીતમય સૂર્યોદય માણ્યો.

સૂરજ સહેજ ઉપર ચઢ્યો ત્યારે નેલ વધુ ખુશ હતી. તે પોકારી ઊઠી, ‘હું જોઈ શકું છું, હું જોઈ શકું છું તમારી જેમ જ...’

જેમ્સ સ્ટાર કહે, ‘અમને તો ખાતરી જ હતી. ચાલ હવે જે જોવા નીકળ્યા છીએ અને જે જોવાનું બાકી છે તે જોઈએ.’

અને પછી જે જોવાની શરૂઆત થઈ તે બધાં જોતાં જ રહ્યાં. અગણિત નાનામોટા ટાપુઓની દુનિયા, ઊંચા મોટા દૂર સુધી ફેલાયેલા પહાડોની દુનિયા, કોલસાની કરામત દાખવતા નાનામોટા જહાજો તથા રેલવેની દુનિયા, કિલ્લાઓ, કચેરીઓ, ખંડિયેરો, દેવળો અને મહેલમહેલાતોની દુનિયા.

પેલા ડુંબરટન ખંડિયર મહેલને એક તરફથી જહાજમાંથી જોઈ શકાતો તો બીજી બાજુ ટ્રેઇનમાંથી પણ તે નિહાળી શકાતો.

‘આ બધી ઐતિહાસિક ભૂમિ છે.’ જેમ્સ સ્ટારે કહ્યું, ‘સર વૉલ્ટર સ્કોટને જે કથાનકો મળ્યા છે તેમાંનું એક પાત્ર છે રોબ રોય. અમીરોને લૂંટીને તે ગરીબોને સમૃદ્ધ કરતો હતો. ગરીબી-અમીરીની ભેદરેખા મિટાવવા તે સદા ઝઝૂમ્યો. રજવાડી અન્યાયો સામે તે અવાજ ઉઠાવતો રહ્યો. રાજા-રાણીની નાદાનિયત, જોહુકમી, આપખુદી સાથે તેનો ડંકો વાગતો. કોઈ પણ રાજા કરતાં પ્રજાજનમાં તે વધુ લોકપ્રિય હતો.’

‘અરે હા,’ જેક રાયને કહ્યું, ‘એને વિષેનાં લોકગીતો પણ ઘણાં છે.’

‘તું જરૂર સંભળાવી શકે, જેક.’ જેમ્સ સ્ટારે કહ્યું, ‘આપણી સફર સંગીતમય બની રહેશે.’

‘તમારે મને બીજી વખત નહીં કહેવું પડે, સર જેમ્સ.’ જેક રાયને કહ્યું. અને જ્યારે જ્યારે પ્રસંગ આવ્યો, ઊભો થયો કે જેક રાયનનું ગાનવાદન શરૂ થઈ જતું. ક્યારેક વળી જેમ્સ સ્ટાર પણ સાથે સામેલ થઈ જતાં.

'આ છે મેરી સ્ટુઅર્ટની દુનિયા.' ડુંબરટનથી ક્લાઇડ અને લંધી તરફ પસાર થતાં જેમ્સ સ્ટારે કહ્યું, 'મેરીના સાહસ-દુ:સાહસ, આશાઓ, અરમાનો, સપનાંઓથી ઇતિહાસ છવાયેલો છે અને તેની પ્રેમકથા... બધું જ યાદ કરતાં રોમાંચ થાય. અહીંની જ એ છોકરી મેરી. ફ્રાન્સના રાજા ફ્રાન્સીસ બીજાને પરણવા ફ્રાન્સ સુધી ઊપડી હતી. તે ફ્રાન્સની મહારાણી પણ બની. બ્રિટન-ફ્રાન્સનો સંઘર્ષ ચાલુ રહ્યો. મેરી ફાવી – ન ફાવી, પણ ઇતિહાસમાં તેના ડંકા વાગતા રહ્યા અને આ જગા બ્રિટિશ હકૂમતે ફ્રાન્સના માંધાતા નેપોલિયનની કેદ માટે ૧૮૧૫માં મુકરર કરી હતી. જો તેમ થયું હોત તો આ સ્થળ વળી વધુ ઐતિહાસિક બની રહેત. પણ નેપોલિયનને સેઇન્ટ હેલેના ટાપુ પર દેશનિકાલનું નક્કી થયું અને બ્રિટનનો એક યાદગાર કેદી ત્યાર પછી તો આટલાન્ટીકના એ ટાપુ ઉપર જ મૃત્યુ પામ્યો અને એ જગા ઐતિહાસિક બની ગઈ.

સિંકલેર જહાજમાં જ્યારે તેઓ બેઠા ત્યારે હેરીએ નેલને કહ્યું, 'માત્ર ટાપુઓની, રાજા-રાણીની, કિલ્લા-કોઠીઓની જ કથાઓ નથી હોતી. જહાજની પણ કથાઓ હોય છે. આપણે જે જહાજમાં બેઠા છીએ તેનું નામ સિંકલેર છે, એક જમાનામાં દરિયાનો મુગટ મનાતું સિંકલેર જહાજ દુનિયાભરમાં ખ્યાતિપ્રાપ્ત હતું. તેની લડાઈઓ, તેની જાહોજલાલી, તેનો પ્રભાવ, તેનો ડર, તેની યુદ્ધનીતિ ઠેઠ અમેરિકા સુધીના લેખકોએ સિંકલેરને સલામી અર્પી છે, જેક રાયન! શું કહે છે તું?'

જેક રાયન પાસે સિંકલેરનું લોકગીત હતું જ.

'અને ત્યાં શું છે?' એક સોહામણા સરોવરિયા બંદરને બતાવીને નેલે પૂછ્યું.

'હાય-લૅન્ડનું પ્રવેશદ્વાર બાલમાહા છે એ,' જેક રાયને કહ્યું, 'અહીંથી જ સ્ટોક-પહાડીઓ શરૂ થાય છે. મારી બૅગપાઇપમાં અહીંની બેસુમાર ગીતગાથાઓ ભરેલી છે.'

'તે એટલી બધી છે,' જેમ્સ સ્ટારે કહ્યું, 'ગણી ગણાય નહીં, વીણી વીણાય નહીં. સહુથી વધુ ખંડિયરો અહીં છે. જેમાં પેલી નન્નરીની કથા, જેક...'

'મેકગ્રેગર માન્યતાઓ ધરાવતી એ બધી નન્સ હતી.' જેક રાયને કહ્યું, 'પોતાના માર્ગ, પોતાની માન્યતા, પોતાના અવાજ ખાતર એ તમામ સાધ્વીઓએ જાતની આહુતિ આપી દીધી. દુનિયાભરનું એ યાદગાર કબ્રસ્તાન હશે. પોતાની માન્યતાઓને વંદન કરનારા હજી આ લાલભૂમિ પર આવીને નમનવંદન કરે છે, શ્રદ્ધાંજલિ બક્ષે છે, પ્રેરણા મેળવે છે.'

આ ઘેરી ગંભીર રક્તરંજિત વાતો અસ્થાને કહેવાઈ ગયેલી લાગતાં જેમ્સ સ્ટાર કહે, 'નેલ, આ પહાડીઓમાં ઊંચામાં ઊંચી પહાડી

કઈ છે, કહે તો?'

નેલે આંગળી ચીંધી તો જેમ્સ સ્ટાર કહે, 'હા. બેન લોમોન્ડની એ શિખર અંગુલી દરિયાની સપાટીથી ત્રણ હજાર ફીટની ઊંચાઈ ધરાવે છે.'

'એ પહાડી પર મેકફરલેઇન લેન્ટર્ન છે.' જેક રાયને કહ્યું, 'તેનીય કથા દીવાદાંડી જેવી સદા ઝળહળે છે.'

'આ તમામ પહાડીઓ ડ્યુક ઑફ મન્ટરોઝની માલિકીની હતી.' જેમ્સ સ્ટારે કહ્યું, 'જેમ કોઈ ખાનગી બંગલો કે બગીચો ધરાવે તેમ ડ્યુક આ પહાડીઓ ધરાવતો હતો. ખરું તો એ છે કે લોકો એ પહાડીની ઉપરિયાળ જમીન માટે લડતાં-મરતાં રહ્યાં, જ્યારે સાચો ખજાનો તો એ પહાડીની અંદર છુપાયો હતો, ઠેઠ દરિયાના સાતમા પેટાળ સુધી.'

સિંકલેર જહાજમાંથી સહસ્ત્ર ટાપુ, સહસ્ત્ર પહાડનું વર્તુળાકાર દર્શન માણ્યું તો હર્યાંભર્યાં લીલાંછમ્મ વૃક્ષો અને હરિયાળીની મોજ વળી અનેરી જ હતી.

તેઓ હર પ્રકારનાં વાહનોમાં બેઠાં. ચાર ઘોડાની વિક્ટોરિયાથી માંડીને નાનીમોટી પ્રવાસી ટ્રેઇનો તો ઠીક, પણ કેટલોક પ્રવાસ ઘોડા પર બેસીને પણ આહ્‌લાદકોએ માણ્યો. ઘોડાને જ પ્રથમ વખત જોનારી નેલ જાતે તો ઘોડા પર શું બેસી શકે? હેરી તેને સાથે લઈને બેઠો.

'નેલ, તું સુખી છે ને?' હેરીએ પૂછ્યું.

'હા હેરી, બહુ જ. જરા થાકી છું એટલું જ.'

'કેટલાક થાક પણ આનંદદાયક હોય છે, નેલ! આપણે હવે તરતમાં જ આપણી દુનિયામાં કોયલાસૃષ્ટિમાં પાછા જઈશું. જે કંઈ તેં અહીં જોયું એ બધું તને યાદ કરવું ગમે?'

'એટલું બધું જોયું છે, હેરી! તમે એટલું બધું અકલ્પનીય બતાવ્યું છે કે બધું યાદ કરવું મુશ્કેલ છે, પણ મને બધું જ યાદ રહેશે. હું બધું જ યાદ રાખીશ. મને લાગે છે કે હવે મારે માટે આટલું પૂરતું છે. હું ફરીથી તમારી સાથે આપણી નૈસર્ગિક નગરીમાં જવા તૈયાર છું.'

'નેલ...'

'હેરી...'

'હું... હું કંઈક તને કહેવા માગું છું.'

'કહે હેરી.'

'નેલ!' સ્થિર અવાજે હેરીએ કહ્યું, 'તું મારી સાથે પવિત્ર બંધનમાં બંધાવા તૈયાર થશે? ભગવાનની સાક્ષીએ આપણે પતિ-પત્ની બની

શકીએ? તું મને તારા પતિ તરીકે સ્વીકાર કરવા તૈયાર ખરી?'

હેરીએ 'પ્રપોઝ' કર્યું અને એટલી જ ગંભીરતાથી નેલે લાગણીવશ થઈને સ્વીકારી લીધું. તે કહે, 'હેરી, તને જો લાગતું હોય કે હું તને સુખી કરી શકીશ તો હું જરૂર તારી જીવનસાથી...'

'હેરી! સાવધ રહે, સંભાળ...!' જેક રાયનનો ગભરાટભર્યો અવાજ આવ્યો. કેટલાક સમતુલા બહારના ઘોડા દોડતા આવ્યા. એ જંગલી ઘોડાઓ હેરી-નેલની બાજુમાંથી એવી રીતે પસાર થઈ ગયા કે સંભાળવું મુશ્કેલ થઈ પડ્યું. એ પરિસ્થિતિ સારો એવો સમય રહી. આ દોડતા ઘોડાઓ બેફામ બનીને ઘાસિયા મેદાન તરફ ધસી જતા હોય છે. ત્યાં જઈ બેકાબુ બનીને ઊછળતા હોય છે. જંગલી ઘોડાઓને પકડી લાવીને તેમને આકરી ટ્રેઇનિંગ આપવામાં આવતી હોય છે. ટ્રેઇનિંગનો ત્રાસદાયક સમય પૂરો થતાં જ તેમને સમૂહમાં છોડી દેવામાં આવે છે. જ્યારે એ ધણ છૂટે છે ત્યારે તેમનો પોતાની ઉપર કોઇ કાબૂ રહેતો નથી. જ્યારે પૂરવેગમાં તેઓ ધસમસે છે ત્યારે રસ્તામાં જે કોઈ, જે કંઈ આવે તેને હડફેટે લઈ લે છે.

ઝંઝાવાતી એ ઘોડાઓ સાથે સમતુલા ગુમાવી હેરી-નેલનો ઘોડો પણ ખેંચાઈ ગયો હતો.

તેમને સ્વસ્થતા મેળવતા વાર લાગી. સમય સારો એવો પસાર થઈ ગયો.

'આપણી છેલ્લી ટ્રીપ બાકી છે.' જેમ્સ સ્ટારે કહ્યું, 'ઊંચા પહાડોની કિનારીની દરિયાઈ સફર છે. તમે તૈયાર છો?'

હેરીએ પૂછ્યું, 'નેલ...?'

વેગમાં ચાલતાં શ્વાસો સાથે નેલ કહે, 'જેમ તમે કહો...'

'આપણી સફર ત્યાંથી જ આગળ વધીને વર્તુળાકારે ઘરભણી ફંટાશે...'

'ત્યારે તો જવું જ બહેતર છે.' હેરીએ કહ્યું, 'નેલ, ખાતરી રાખજે, દરિયામાં તોફાની ઘોડાઓ નહીં આવે.'

દરિયામાં તોફાની ઘોડા ખરેખર નહીં જ આવ્યા. તોફાની પવન નહીં આવ્યા અને તોફાની મોજાંઓ પણ નહીં આવ્યાં.

'આ ઊંચા ઊંચા પહાડોની એક વિશેષતા છે.' જેમ્સ સ્ટાર કહેતા હતા, 'ન્યુ એબરફોઇલ સુધી, બલકે ન્યુન્યુ એબરફોઇલ સુધીના આ બધાં જ પહાડો સરોવરોથી ભર્યાભર્યા છે. કેટલાંક જળાશયો નાનાં છે, કેટલાંક મોટાં, કેટલાંક પહોળાં છે, બહોળાં છે, ઊંડાં છે અને હા, કુદરતી ધોધ, પણ સતત ધો-ધો પાણી રેડ્યા કરે છે.'

તેઓ દરિયામાર્ગે ઘણે લાંબે સુધી પહોંચી ગયા હતા. ઇજનેર જેમ્સ સ્ટાર પોતાની રીતે નિસર્ગનું વર્ણન કરતા હતા, ત્યાં જ એકાએક બોલી ઊઠ્યા, 'ઓ ભલા ભગવાન...!'

તેમનો સ્વર ચિંતાજનક જ નહીં, ભયપ્રેરક પણ હતો.

એકાએક જ એક જોરદાર ધડાકો એ પહાડ તરફ થયો. પહાડો ધણધણ્યા. થોડાક ધડાકા ચાલુ રહ્યા અને ધોધમાર પાણીઓ નીચે તરફ ધસમસતા લાગ્યા.

'હેરી, જેક,' જેમ્સ સ્ટાર બોલી ઊઠ્યા, 'આપણે વહેલી તકે જવું પડશે.'

'એ ધડાકા શું એબરફોઇલને નુકસાન કરી શકે?' હેરીએ પૂછ્યું.

'જે રીતે હું જોઈ શકું છું,' જેમ્સ સ્ટારે કહ્યું, 'જે જગાએ એ ધડાકા થયા છે એ એબરફોઇલ વિસ્તાર જ છે.'

'શું એ કોઈ અકસ્માત?' જેક રાયને પૂછ્યું.

'હું નથી માનતો,' જેમ્સ સ્ટારે કહ્યું, 'અકસ્માતની કોઈ શક્યતા નથી. આપણું પ્લાનિંગ બરાબર છે. ચારે બાજુનો વિચાર થયેલો જ છે, પણ અકસ્માત બે પ્રકારના હોય છે. કુદરતી અને માનવીય. મને આ દુર્ઘટના બીજા પ્રકારની લાગે છે. આપણે જેટલા જલદી જઈ શકીએ ત્યાં... કેમ કે આપણે બધાં જ બહાર છીએ અને ઓવરમેન સાયમન એકલા ત્યાં છે. ચાલો ઝડપ કરો.'

જેમ્સ સ્ટારનો ભય જાહેર કરતો હતો કે એબરફોઇલ ઉપર ઘણું મોટું સંકટ આવી પડ્યું છે.

સંભવ છે કે અજાણી રીતે જે જાણકાર હતા અથવા હશે તેને ખબર જ હશે કે ઇજનેરશ્રી બહાર હશે અને ઓવરમેન સાયમન કંઈ નહીં કરી શકે! અથવા સાયમનને ફસાવવા જ કાવતરું થયું હોય.'

સાયમન તથા સ્ટારની જોડી જોડાયેલી હોય ત્યાં સુધી એબરફોઇલનું કોઈ કંઈ જ બગાડી શકે નહીં. આજે ઇજનેરશ્રી દૂર હતા.

જેક રાયન ફરીથી પોતાની રીતના વિચારે ચઢી ગયો હતો. રોબ રોય, મેરી સ્ટુઅર્ટ, સિંકલેર, નેપોલિયન... આ તરફના બધાં કથાનકો એક સાથે યાદ આવી ગયા. એ ગીતકથાઓમાં એક સામ્ય હતું. આગામી બનતા બનાવોની આગાહી અગાઉથી જ થઈ જતી! ઝંઝાવાતી ઘોડાઓના ઝંઝાવાતમાં જ્યારે હેરી-નેલ ફસાયા ત્યારે જ એ આગાહી સૂચકરૂપે થઈ ગઈ હતી કે કોઈક ઘણું મોટું સંકટ આવી રહ્યું છે.

પણ એવી કોઈ વાત જેક રાયન જેમ્સ સ્ટારના દેખતાં છેડી શકે નહીં. વાસ્તવવાદી ઇજનેર એવું કંઈ માને પણ નહીં! જેક રાયન વાસ્તવ તરફ ખેંચાતો હતો, ખેંચાયો હતો, પણ જ્યારે આવી ઘટના-પુનર્ઘટના નજર સમક્ષ પુનરાવર્તન પામે ત્યારે ફરીથી તે પોતાના પરંપરાગત ખ્યાલોમાં પહોંચી જતો.

તે માનતો કે દરેક જગાને પોતાનો પ્રભાવ હોય છે અને અમુક વ્યક્તિ સાથે પણ નિયતિ જોડાયેલી હોય છે. તેણે ફરીથી એક વખત નેલને ધ્યાનથી જોઈ લીધી!

છેવટે બધા વિચારોને ધકેલી દઈ તે એક જ ઝુંબેશ પર આવીને સ્થિર થયો. એ ઝુંબેશ હતી: ‘એબરફોઇલ બચાવો.’

‘હેરી...’ એબરફોઇલ તરફ બધાં ધસમસી રહ્યા હતા ત્યારે નેલે કહ્યું, ‘મને લાગે છે કે આ બધું મારે જ લીધે...’

‘ખેંચાઈ જવાની જરૂર નથી, નેલ.’

‘આ બધાંની પાછળ હું છું, હેરી.’ નેલે કહ્યું, ‘ખેંચાઈ નથી જતી, પણ મને લાગ્યા કરે છે કે આ બધાંની પાછળ કારણરૂપ હું જ છું.’

‘હું નથી માનતો.’ હેરીએ કહ્યું, ‘તેમ છતાં નેલ, હું તને ચાહું છું. તારે ખાતર હું ગમે તે હદ સુધીના જોખમ ઉઠાવીશ. તું અને એબરફોઇલ મારી જિંદગી છો.’

‘અને એ બેમાંથી એકની પસંદગી કરવાની નિર્ણાયક ઘડી આવે તો...?’

નેલના એ પ્રશ્નના જવાબમાં હેરીએ નેલને પોતાની પાસે ખેંચી. તેનો નાજુક કોમળ નરમ હાથ પૂરેપૂરી હૂંફ સાથે દબાવી રાખ્યો.

# આ સિલફેક્સ વળી કોણ?

તે દિવસે નવી એબરફોઇલનું કામ રાબેતા મુજબ અને સરળતાથી ચાલતું હતું. થોડે દૂર કાર્બોનીફેરસ ખડકોને તોડતા ડાયનેમાઇટના કડાકાઓ સંભળાતા હતા. આજુબાજુ કોદાળી, પાવડા, નરાજની રોજિંદી કામગીરીના અવાજો હતા. ફીલિંગ મશીનોની સાતત્યભરી ઘરઘરાટી કામની ગતિનો સંતોષ આપતી હતી.

દરેક કામની પોતપોતાની રીતે નોંધ લેવાતી હતી. હવા ખેંચતા પંખાઓ, વેન્ટીલેશન ગૅલેરીઓમાંથી દુષિત હવાને દૂરદૂર સુધી બહાર ફેંકી દેતા હતા. નીચેની ટનલોમાં કોલસા લઈ જનાર વેગન-ટ્રેઇનો કલાકના પંદર માઈલની ઝડપે કામ કરતી હતી. ઓટોમેટીક બેલ કારીગરોને વખતોવખત સાવધ કરતા હતા. સ્વયંસંચાલિત એ યાંત્રિક-રણકાની રચના એવી હતી કે કામમાં ખોવાયેલા કર્મચારીને સ્વાભાવિક રીતે જ સૂચનાઓ મળ્યાં કરે. લીફ્ટ પોતાની નિયમિત રીતે ઉપરનીચે જતી હતી. વીજળીના ઝળહળતા દીવાઓનો પ્રકાશ કોલ-ટાઉનનો ખૂણેખૂણો અજવાળી રહ્યો હતો.

તમામ કામકાજ પૂરી ક્ષમતા તથા નિપુણતા સાથે ચાલતું હતું. મોટા જથ્થામાં ઊંચી ગુણવત્તાવાળો કોલસો ટ્રકોમાં જમા થતો અને એ ટ્રકો ટ્રેઇનની સ્પર્ધામાં વધુ ઝડપથી કોલસો બહાર લઈ જઈ યોગ્ય જગાએ ગોઠવી દેતી.

એક પાળીના ખાણિયાઓ પોતાની ફરજ બજાવી રાત્રીના આરામ માટે નિવૃત્ત થયા, ત્યારે બીજી પાળીના કર્મચારીઓ ઘડીપળનો સમય બગાડ્યા વગર કામે લાગી ગયા હતા.

ઓવરમેન સાયમન તથા શ્રીમતી મજ ભોજન પતાવી કુટીરના દ્વારે નિરાંતે બેઠાં હતાં અને નવીથીય નવી એબરફોઈલની પ્રગતિની વિચારણા કરતા હતા.

‘હવે પછીની જે નવામાં નવી ખાણ હશે, મજ! તે તો આપણાં બાળકોની દુનિયાને અપરંપાર સુખસગવડોથી ભરી દેશે.’

‘તમારાં સ્વપ્નાંઓ એક ભલા ઉદ્યમી અને નિષ્ઠાવાન ખાણિયાનાં સ્વપ્નાંઓ રહ્યાં છે.’ શ્રીમતી મજે કહ્યું, ‘વિલંબ થયો છે તેમાં મુશ્કેલીઓ આવી છે, પણ એ સ્વપ્નાંઓ હંમેશાં સાચાં જ પડ્યાં છે.’

‘આપણે આગામી દુનિયા બાળકો માટે આનંદભરી મૂકી જઈએ.’ સાયમને કહ્યું, ‘બસ એ જ આપણી લાગણી છે. મને તો એમ છે મજ, કે હું છેલ્લા શ્વાસ સુધી કામ કરું અને છોકરાંઓ માટે અનહદ સુખ મૂકી

જાઉં. માતાપિતાનું એ જ કર્તવ્ય હોઈ શકે, તેમની એ જ શુભેચ્છા હોઈ શકે...'

'સ્વપ્નમાં ઘેલા બનતાં ઓ પરિવ્રાજક!' શ્રીમતી મજે મંગળમય હાસ્ય ફરકાવીને કહ્યું, 'કહો તો ખરાં કે અત્યારે છોકરાંઓ ક્યાં હશે? નેલ, હેરી અને જેક રાયન તો ખરા જ, સાથે તમારા જેવા જ પરિશ્રમી સ્વપ્નસેવી ઈજનેરશ્રી જેમ્સ સ્ટાર ક્યાં હશે? મને તો લાડલી નેલની ચિંતા થાય છે. તે આટલો લાંબો સમય બહાર કેવી રીતે રહી શકી હશે? એને કે બીજાઓને કોઈ તકલીફ તો નહીં આવી હોય ને?'

એ ક્ષણે જ જોરદાર ધડાકો થયો. આકાશમાંથી વીજળી ત્રાટકે એવો દુનિયા ભરી દેતો એ કડડડ કરતો કારમો કડાકો હતો. કોઈક પહાડનું શિખર ગડગડીને દરિયામાં પડવા જતું હોય તેવો ભયભર્યો એ ભડાકો હતો.

સાયમન ફોર્ડ એકદમ જ ઊછળ્યા. શ્રીમતી મજ પણ શેની રહી શકે?

સરોવર લોક માલકમનાં પાણી એકદમ જ ઊંચે આવવા લાગ્યાં. એક બાજુથી ભરતીનાં પાણીની જેમ વિશાળ મોજાંઓ ધડાકા મારી મારીને પાણીને ધકેલતા હતા. નીચેથી ધકેલાતાં એ મોટા જથ્થાના આક્રમક પાણીનાં ધસારા લોક માલકમનાં પાણી ઉપર ને ઉપર લઈ આવતા હતા.

પાણીના એ ધસારાએ સીધું આક્રમણ વિકસિત કોલસાનગર પર જ કર્યું હતું. સાયમન કુટીરની દીવાલ પર તો પાણીનું એવું લશ્કરી આક્રમણ શરૂ થયું કે મજને ખેંચીને સાયમન તેને ઉપરની તરફ લઈ ગયા.

દરમિયાનમાં આધુનિક પ્રગતિશીલ કોલ-ટાઉનની ચારે બાજુથી ચિચિયારી કિકિયારી શરૂ થઈ ગઈ. કાગારોળ ખાણના કાન ધ્રુજાવવા લાગ્યો. વસાહતીઓ બચવા માટે સ્ત્રીબાળકોને લઈને ઉપર ઉપર અને વધુ ઉપર જવા લાગ્યાં. પાણીનો ધસારો એટલો જોરદાર હતો કે ખેંચાઈ જતાં કુટુંબીજનોને બચાવવા માટે ખાણપુરુષોને જોખમી રીતે ઊછળવું પડતું.

હરતાં ફરતાં, કામ કરતાં, આરામ કરતાં, આમતેમ વિહાર કરતાં બધાં જ કુટુંબીજનો ઉપર પહોંચતાં તો પાણી તેમનો પીછો કરતાં. જોખમ તેની પરમ સીમા પર હતું. ભય તેની ચરમસીમા પર હતો.

દરિયો ખાણમાં નીચેના ભાગથી ધસી આવ્યો હોય એવું દૃશ્ય હતું અને ખાણ તોફાની દરિયામાં સપડાયેલા જહાજ જેવી બની ગઈ હતી. ખંડિયર મહેલમાંથી ફેંકાયેલી જ્વાળાઓએ પેલા જહાજને જે રીતે ખડક પર પછાડી દીધું હતું, એવી જ દુર્ઘટના અત્યારે ખાણ સાથે સરજાઈ રહી હતી!

કેલીડોનિયલ કેનલ હવે જળમાર્ગમાં ફેરવાઈ ગઈ હતી. બહારના જોરદાર પાણી ખાણની ગૅલેરીઓ, ટનલો, ગુફાઓમાં પ્રવેશી રહ્યાં હતાં. અત્યાર સુધી જે ખાણ એક સેઈફ ડિપોઝીટ વૉલ્ટ મનાતી હતી, એ વૉલ્ટ જ હવે ઊછળતા પાણીનું વિહારકેન્દ્ર બનતો હતો.

આફત અણધારી અને ઘણી મોટી હતી, પણ સાવધ સાયમને બાજી સમાલવા માંડી હતી. બેફામ રીતે બાઘા બનીને દોડાદોડ કરતાં નાનામોટા નાગરિકોને સાયમનજી કહેતા હતા, ‘થોભો, થોભી જાવ મારા સાથીઓ. જો પાણીનો ધસારો આમ જ ચાલુ રહેશે તો એ ધસારો માણસ કરતાં વધુ આક્રમક હશે. પણ મારું માનવું છે કે પાણી પહેલા ધસારા જેટલા ઉગ્ર નથી. તે ધીમા પડ્યા છે. માલકમની સપાટી હવે ઉપર આવતી અટકી ગઈ છે. નીચે ઉપરનાં પાણી એક થતાં રોકાઈને ફંટાઈ ગયા છે. થોભો સાથીઓ, રોકાઈ જાવ...’

‘અને અત્યારે કામ કરી રહેલા આપણાં બીજા કારીગરોનું શું?’ ભાગતા ખાણિયાઓ પૂછતા હતા.

‘તેમની ચિંતા કરવાની જરૂર નથી.’ સાયમને તેમને ખાતરી આપી, ‘એ બધાં ઉપરની બાજુ પર કામ કરે છે. “લોક માલકમ” ત્યાં સુધી પહોંચી શકે તેમ નથી.’

સાયમનના શબ્દો શ્રદ્ધા સહિત ખાણિયાઓને આશ્વાસન આપતા હતા. અનુભવી ઓવરમેનની વાત સાચી નીકળી. પાણી નીચે ને નીચે ફેલાઈ જતાં હતાં અને સરોવર લોક માલકમની ઊંચે આવતી સપાટી સ્થિર થઈ ગઈ હતી.

કોયલાનગર ભયમુક્ત બની રહ્યું હતું. પાણી આમતેમ ફેલાઈ જતા હતા અને કોઈ જ જાનહાનિ થઈ ન હતી.

સાયમન તથા તેના સાથીઓ હજી એ નક્કી કરી શક્યા ન હતા કે પાણીના આ ધસારાનું કારણ શું? એ પાણી આજુબાજુના કોઈક સરોવર, તળાવ કે પાતાળી દરિયામાંથી ધસી આવ્યા કે ઉપરના ધોધે કોઈ ખડક ખસેડી આક્રમણ કરી દીધું?

ખાણમાં આવી રીતે ઘણી વાર પાણી ધસી આવતાં અને ક્યારેક જોખમ ઊભું થઈ જતું. ખાણની દુનિયામાંની આવી પાણી-હોનારતો વખતોવખત તાજી થઈ જતી.

પણ નવી એબરફોઈલ વખતે પાણીના ધસારાનો તથા પાણીના નિકાલનો ઉપાય વિચારાયો જ હતો. આ ખાણની રચના જ એવી રીતે થઈ હતી કે હર પ્રકારના જોખમ સામે તેનો ઉપાય થઈ શકે.

જોકે દરેક હોનારતનો ઉપાય તાત્કાલિક થતો નથી. જ્યારે ઈજનેરશ્રી જેમ્સ સ્ટાર, હેરી, જેક બધા પધાર્યા ત્યારે ઘણી મુશીબત હલ

થઈ ચૂકી હતી.

'તમે બધાં સહીસલામત છો ને, સાયમન?' જેમ્સ સ્ટારે બધાંને પૂછ્યું.

'મુશ્કેલી આકસ્મિક હતી.' સાયમને કહ્યું, 'અને ગંભીર પ્રકારની પણ ખરી. છતાં બધાં બચી ગયા છે. બચાવકાર્ય જોરશોરથી શરૂ થઈ ગયું છે.'

એ બચાવકાર્યમાં જેમ્સ સ્ટારની નિપુણતાભરી સૂચનાઓ સાથે હેરી તથા જેક પણ કામે લાગી ગયા હતા.

'તમને ક્યારે ખબર પડી મિસ્ટર જેમ્સ સ્ટાર?' સાયમને પૂછ્યું.

'દુર્ઘટના ઘટી ત્યારે જ.' જેમ્સ સ્ટારે કહ્યું, 'અમે સહેજ દૂર હતા છતાં ધડાકો સાંભળ્યો, ભયનો ખ્યાલ અમને આવી ગયો અને તરત જ અમે અહીં આવી પહોંચ્યા.'

'મિસ્ટર જેમ્સ સ્ટાર,' હળવા ધીમા શબ્દોમાં શ્રીમતી મજે કહ્યું, 'જે કાંઈ થયું તે. પણ આપણે નેલને આ બધી વાતોથી બહાર જ રાખીશું.'

'તમારી સલાહ સાચી છે, શ્રીમતી મજ.' જેમ્સ સ્ટારે કહ્યું, 'જોકે એ હવે સમજતી થઈ છે. એની ધીરજ હિંમતમાં ફેરવાવા લાગી છે.'

'તેમ છતાં...'

'અમારી સલાહ છે,' જેમ્સ સ્ટારે કહ્યું, 'તમે જ એનો ખ્યાલ રાખો. તમે એની સાથે રહો. એની પાસે તમને કહેવાને ઘણી વાતો હશે.'

'મારે મારી ખાણ મહિલાઓ, બાળકોની પણ ઘણી વાતો સાંભળવાની છે.' શ્રીમતી મજે કહ્યું, 'હું એને મારી સાથે રાખું?'

'સલાહભર્યું તો નથી.' જેમ્સ સ્ટારે કહ્યું, 'પણ આવા સંજોગોમાં એને એકલી કેમ મૂકી શકાય? યોગ્ય નિર્ણય તમે જ લઈ શકો છો, શ્રીમતી મજ!'

નવી એબરફોઈલની નવી વાત એ હતી કે જ્યારે આ પ્રકારનું જોખમ ખાણ ઉપર આવતું ત્યારે સામૂહિક સ્વરૂપમાં જ લોકો કામે લાગી જતાં. પરિણામ એ આવતું કે ભય વહેલી તકે આનંદના લયમાં ફેરવાઈ જતો. આવા અણધાર્યા મોટા જોખમમાંથી તમામ નાગરિકોના બચી જવાનો આનંદ કંઈ જેવોતેવો નથી જ હોતો!

એમ તો જે કંઈ થયું હતું તે ભયાનક જ હતું, પણ ખુશી એ વાતની હતી કે નવી એબરફોઈલની એક કસોટી થઈ ગઈ હતી અને એ કસોટીમાંથી તે પાર પડી હતી. એ રીતે કે અગમચેતીના જે ઉપાયો ખાણના વિકાસ વખતે જ વિચારાયા હતા, તે કારગત નીવડ્યા હતા અને આથી

વધારે સાબદા કયા ઉપાયો જરૂરી છે, તેની આ હોનારત માહિતી આપી ગઈ હતી.

જેમ્સ સ્ટાર તથા સાયમનજી બધે જ ફરી વળ્યા. બધા જ ખાણિયા કુટંબીજનોને મળ્યા.

ઈજનેરશ્રીએ તો જાહેર કર્યું કે, 'આમાં જે કંઈ નુકસાન હોય તે ખાણનું છે. વ્યક્તિગત નુકસાનમાં કોઈ વિચાર જ કરે નહીં. ખાણ તમને બધાને મદદ કરે છે, કરશે અને નવેસરથી આપણે એવી રચના કરીશું કે આ જળપ્રવાહ આપણે માટે આશીર્વાદરૂપ બની રહે.'

આશીર્વાદરૂપ તો એ અકસ્માત બન્યો જ હતો કેમકે જળશક્તિ દ્વારા રહેંટ, જળશક્તિ દ્વારા વિદ્યુત, જળશક્તિ દ્વારા વિવિધ યંત્રો તથા સાધનસામગ્રીની શોધનો કાર્યક્રમ તરત જ હાથ પર લેવાયો હતો. અગાઉ જે વિષેનું માત્ર માળખું જ તૈયાર થયું હતું. હવે એ માટેની રૂપરેખા કામે લાગી હતી.

પણ અકસ્માત જ્યાંથી સર્જાયો એ સ્થળની મુલાકાત તો લેવાઈ જ.

'સાયમન!' જેમ્સ સ્ટારે ત્યાં પહોંચી જઈને કહ્યું, 'અમે દૂરથી આ જગાએ ખડક ઊડતો જોયો હતો. આપણે ડાયનેમાઈટનાં નિશાનો જોયા છે. આ ખડકનો માત્ર ગિલોલના પથ્થર તરીકે ઉપયોગ થયો છે. કેમ કે ખડક પેલી પાતળી દીવાલ પર ફેંકાયો છે કે જ્યાંથી પાણી ધસમસી રહે. ધોધ, સરોવર, પાતાળી પાણીનો લશ્કર તરીકે ઉપયોગ થયો છે. મારું દૃઢપણે માનવું છે સાયમન! કે આ અકસ્માત કુદરતી નથી અને જેણે આ યુક્તિપૂર્વકનું આક્રમણ કર્યું છે, એ... જે કોઈ હોય તે... પાર્ટનર! આપણા બન્ને કરતા ચઢિયાતું વ્યક્તિત્વ ધરાવે છે.'

'પણ એવું કોણ હોઈ શકે, મિસ્ટર જેમ્સ?'

'એ શોધવું જ રહ્યું. એ જે હોય તે, એની શક્તિ અપરંપાર છે અને સૂઝ અનેરી છે. એણે ધાર્યું હોત તો તે આનાથી મોટી હોનારત ઊભી કરી શકત. નવીજૂની એબરફોઈલનો કાયમી વિનાશ નોતરી શકત, પણ એણે તેમ કર્યું નથી. એનો અર્થ કે એનો ખાસ હેતુ છે?'

'શો હેતુ મિસ્ટર જેમ્સ, આપણે જે કંઈ કરીએ છીએ તે ખાણના વિકાસ માટે કરીએ છીએ, લોકોની ભલાઈ માટે કરીએ છીએ, દુનિયાને શક્તિશાળી બનાવવા કરીએ છીએ.'

'આપણે સાબિતીઓ શોધી શકીશું,' જેક રાયન બોલી ઊઠ્યો, 'પણ તેને નહીં શોધી શકીએ.'

'કેમ નહીં?'

'કેમ કે એ જે કોઈ કે જે કંઈ છે, કે હશે તે આપણને ખ્યાલ આપે છે.'

'કેવો ખ્યાલ?' હેરીએ પૂછ્યું, 'શેનો ખ્યાલ?'

'હેરી!' જેક રાયને કહ્યું, 'જ્યારે તમે ઘોડાના ઝંઝાવાતમાં ફસાયા ત્યારે જ એ એંધાણીની અગમચેતી હતી કે એ પછી કોઈક મોટું તોફાન આવી રહ્યું છે અને આવ્યું.'

'ઘોડાના તોફાનને અને આ તોફાનને વળી શી લેવાદેવા?' હેરીએ નારાજ થઈને પૂછ્યું, 'એ ઘટના તો અહીંથી કંઈ કેટલાય માઈલો દૂરની છે.'

'એને માટે નજીકની અને દૂરની ખબર રાખવાનું સહજ હશે.'

'કોને માટે જેક, કોને માટે?' હેરી અધીરો બનીને પૂછતો હતો, 'અને આપણે કોઈનું શું છીનવી લીધું છે કે કોઈ આવી આઘીપાછી કરે?'

જેક રાયન બીજી સાબિતીઓના સંશોધનમાં લાગી ગયો. તે સ્પષ્ટપણે કહી શકતો ન હતો કે આપણે છીનવી છે, નેલ.

અગાઉ તેની માન્યતા હતી કે: આપણી પાસે કોઈક એવું 'તત્ત્વ' આવી જાય કે જે શરૂઆતમાં સુખ આહ્‌લાદની માયાજાળ દર્શાવે અને પછી...?

નેલના આગમન પછી એવું બનતું જણાયું હતું.

એ જેક રાયનના વિચારો હતા. પણ હેરીની રીતે કે બીજી રીતે વિચારીએ તો નેલને છીનવવામાં આવી હતી? તે તો આંધળા કૂવામાં મરેલી હાલતમાં પડી હતી!

જેક રાયનની પરંપરાગત ગીતગાથાઓ કહેતી હતી, અલબત્ત એ બધી કિંવદંતીઓ હતી, કે એવી કોઈ 'માયા' આપણી સાથે કે આપણી પાસે આવી ગઈ હોય તો એને ત્યજી દેવાથી જ ફરીથી બધી શાંતિ થઈ જતી હોય છે! અમુક સંજોગોમાં એ માયા જાતે પણ માયાભરી રીતે અદૃશ્ય થઈ જતી હોય છે.

જેક રાયન જૂનાનવા અભિપ્રાયોમાં ગૂંચવાયેલો રહેતો. આમ તે નવા બનવા તરફ હતો, પણ જૂની ઘટનાઓમાંથી તે એકદમ મુક્ત થઈ શકતો નહીં.

એ થઈ જેક રાયનની વાત, પણ ખાણને જો સદાકાળ માટે સુરક્ષિત રાખવી જ હોય અને ખાણમાનવને હંમેશાંને માટે ભયમુક્ત રાખવો હોય તો પેલા અજાણ્યા 'ભય'નો કાયમને માટે નિકાલ કરવો જ રહ્યો.

એ જ ઈરાદાથી જેમ્સ સ્ટારે સાયમનને પૂછ્યું, 'મિત્ર! સાથી! ખાણપ્રિય ઓવરમેન! હું જે પૂછીશ તે અન્યથા નહીં લઈને આપ મને સ્પષ્ટ જવાબ આપશો? કેમ કે આખી ખાણસૃષ્ટિનો તેની ઉપર આધાર છે.'

'પૂછો મિસ્ટર જેમ્સ સ્ટાર...'

'તમારી જિંદગીમાં તમારો કોઈ વ્યક્તિગત શત્રુ ખરો? ભૂતકાળથી માંડીને આજ સુધીમાં કોઈ તમારાથી નારાજ થયું હોય! તમારી કારકિર્દીની શરૂઆતથી આજ સુધીમાં કોઈક એવી ઘટના બની ગઈ હોય કે રિસાયું હોય, છંછેડાયું હોય, મનોમન વેર લેવાની જેણે પ્રતિજ્ઞા કરી હોય... યાદ કરો સાયમન! કોઈ ઘેલાગાંડા માણસને તમે તમારા વિરોધી બનવાનું કારણ આપ્યું હોય?'

સાયમને શ્રીમતી મજ સામે જોયું. બન્ને ઊંડા વિચારમાં ખોવાયેલા રહ્યા. જિંદગીના પ્રથમ તબક્કાથી આજ સુધીના બધાં પગથિયાંઓ યાદ કરી ગયા.

બન્ને પહેલેથી જ એટલા ભલા, દયાળુ, પરગજુ, પરિશ્રમી, ત્યાગી અને અપેક્ષા વગરની જિંદગી જીવનારા હતા. કોઈ માગે તો આપી દેનારા હતા. કોઈની નજર પડે તો તેવી વસ્તુ પણ સંઘરે તેવા ન હતા. ત્યાં વળી શત્રુ બનાવવાનો તો પ્રશ્ન જ ક્યાં રહ્યો?

'જી ના,' સાયમને હિંમત, ગર્વ અને ખુમારીથી કહ્યું, 'જેમ્સસાહેબ, અમે બન્ને પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરીએ છીએ કે અમે કોઈ કારણસર જાણ્યેઅજાણ્યે કોઈ જ શત્રુ પેદા કર્યો નથી.'

'એ સંજોગોમાં,' જેમ્સ સ્ટારે કહ્યું, 'આપણે નેલને જ પૂછવું પડશે. એ જ કાંઈ કહી શકશે, કેમ કે આપણે પ્રગતિના કરપાઈ જતાં દોરડા ઉપર તો સલામતીનો પુલ નહીં જ બનાવી શકીએ?'

'સાહેબશ્રી જેમ્સ સ્ટાર અને મારા પરમપ્રિય પિતાજી,' હેરીએ પૂરી મક્કમતાથી કહ્યું, 'સાંભળો, હું આપને વિનંતી કરું છું કે આપ બન્ને અથવા આપનામાંથી કોઈ નેલને કંઈ પૂછશો નહીં. હું જાણું છું કે મારા આવા નિર્ણયથી આપ અજંપિત અને દુ:ખી થશો, પણ મારો સંકલ્પ તમારે સ્વીકારવો પડશે. નેલ જો શાંત રહેવા માગે તો ભલે શાંત રહે. એ કંઈ નથી બોલતી કે નથી કહેતી. એનો અર્થ છે કે તેની પાસે કંઈ કહેવાનું છે જ નહીં અથવા કંઈક હોય તો કહેવા જેવું જ ન હોય! એની આપણાં કુટુંબ પ્રત્યેની અને સમસ્ત ખાણસૃષ્ટિ પ્રત્યેની ખાણપ્રીતિ પર તમે શંકા હરગીઝ લઈ જઈ શકો નહીં. એને કહેવાનું મન થશે તો એ કદીક મને કહેશે અને હું આપ સમક્ષ તે રજૂ કરીશ, પણ અત્યારે મહેરબાની કરી...'

'ભલે હેરી ભલે,' જેમ્સ સ્ટારે કહ્યું, 'એ જવાબદારી અમે તારી પર છોડીએ છીએ. અમે તને કે નેલને તકલીફ પહોંચાડવા નથી માગતા,

પણ નેલ જે દુનિયામાંથી આવી રહી છે એ દુનિયામાંથી જ કંઈનું કંઈ બની રહ્યું છે, એટલે અમારાં મનમાં કે નેલ પાસે અમે કંઈક પ્રાપ્ત કરી શકીએ તારા દ્વારા.'

'મારા દ્વારા,' હેરીએ કહ્યું, 'આપ કંઈ પ્રાપ્ત કરવા માગતા હો, સર જેમ્સ સ્ટાર તથા પરમપૂજ્ય પિતાજી! તો હું આપને એ વિનંતી કરવા માગું છું કે નેલ હવે કોઈ પણ જાતના વિલંબ વગર મારી પત્ની બનવી જોઈએ. એ મારી આપણી કસોટીમાંથી પાસ થઈ છે. મેં તેને પ્રપોઝ કર્યું છે અને એણે ભાવપૂર્ણ રીતે હૃદયના ઊંડાણથી મારી પ્રપોઝલનો સ્વીકાર કર્યો છે.'

'મારા દીકરા,' સાયમનજીએ ખુશ થઈને કહ્યું, 'તમારાં લગ્ન આગામી મહિનાના આજના દિવસે જ થશે. બરાબર છે? અત્યારના પ્રસંગોમાંથી બહાર આવવા માટે જ એટલો સમય લેવો જરૂરી છે. મિસ્ટર જેમ્સ સ્ટાર, આપ નેલના ગોડફાધર બનવું પસંદ કરશો?'

'મને લાગે છે,' જેમ્સ સ્ટારે હસીને કહ્યું, 'કે હું છું જ. આપે મને જે અધિકૃત અધિકાર આપ્યો તેનું હું સન્માન કરું છું.'

ત્યાર બાદ નેલ ભાવિ સાસુમા અથવા તો માતા જ કહો ને, શ્રીમતી મજ પાસે ગૃહિણીના પાઠ શીખવા લાગી. ગૃહસ્થીજીવન વિષે તેને નવી દુનિયા જેટલું જ કૌતુક થતું હતું. દામ્પત્ય જીવનના અદ્ભુત અભ્યાસી સાયમન-મજ પાસેથી અણમોલ પાઠ શીખવા એ પણ એક લહાવો જ હતો ને!

ધીરે ધીરે વાત જાહેર થઈ ગઈ તો અકસ્માત ભૂલી જઈને કોયલાનગર ખુશી મનાવવા લાગ્યું. લગ્નની તૈયારી અત્યારથી જ શરૂ થઈ ગઈ. નગરવાસીઓ નવેસરથી ઘરની જે સજાવટ કરતાં તે આગામી લગ્નને નજર સમક્ષ રાખીને જ કરતાં.

પૂરતો સમય હતો છતાં પહોંચી વળાશે કે નહીં, એવી અધીરાઈથી બધાં તડામાર તૈયારીઓ કરવા લાગ્યા. આખું નગર નવા સાજ, નવા શૃંગાર, નવી ફેશન, નવી કળા, નવી શોભા સાથે લગ્નના માંડવામાં ફેરવાવા લાગ્યું. દરેક વ્યક્તિ પોતપોતાની રીતે આ લગ્નમાં વિશેષ સ્વરૂપે ભાગ લેવા માગતી હતી અને વિશેષ વ્યક્તિ બનવા માગતી હતી.

જેક રાયન તો પોતાના ખાસ પોશાક અને વાજિંત્ર સાથે જ નહીં, નવાં ગીત-સંગીતની રચના સાથે તૈયારી કરવા લાગ્યો. નેલ-હેરીના પરિચય પિછાનથી માંડીને આજ સુધીનો તે જ એકમાત્ર સાક્ષી હતો. કોઈ અદમ્ય અગમ્ય કથાનક હોય એમ બધી જ રોમાંચક ઘટનાઓ સામેલ કરીને તે પરમ મનોહર મંગલમય મંગલાષ્ટક તૈયાર કરવા લાગ્યો.

ભૂતકાળની આવી તમામ ગીતગાથાઓને ટપી જાય તેવી સુંદરતમ રચના તે તૈયાર કરતો હતો. શબ્દો ફરી ફરીને જોડતો, ફેરવતો, સંગીતમાં

ગોઠવતો. જરૂર પડે ફરીથી નવેસરથી શરૂઆત કરતો. અગનપરીની તેણે વાતો સાંભળી હતી જ્યારે આ કોલપરી યા શિતપરીને તેણે નજર સમક્ષ નિહાળી હતી.

પોતાની રચના શુભપ્રસંગે સાંગોપાંગ પાર ઊતરે માટે તે વખતોવખત રિહર્સલ પણ કરતો.

એક એવા જ રિહર્સલ પ્રસંગે કોઈકે શંકા વ્યક્ત કરી હતી, અમસ્તી અને નાનીસરખી કે, ‘આપણાં કથાનકો કહે છે કે અગનપરી કદી કોઈના હાથમાં આવી નથી. આવી છે તો રહી નથી. આવી પરીઓને કદી કોઈ પચાવી શકતું નથી. તો શું આપણી આ નેલ…’

બોલનારને આગળ બોલતા અટકાવી જેક રાયન કહે, ‘આજ સિવાય, ફરી કોઈ વાર આવું કાંઈ બોલશો નહીં. એક શબ્દ પણ નહીં. અગનપરીની વાતો બધી વાર્તાઓ હતી, જ્યારે નેલપરી આપણી સમક્ષ છે. મેં એને પ્રત્યક્ષ સ્વરૂપે વિવિધ રૂપે જોઈ છે. આપણે સહુ નેલ-હેરીનાં સુખી લગ્નજીવનની જ કામના કરીએ.’

જેક રાયનના પ્રભાવથી સાથીઓ ચૂપ થઈ જતા અને આ લગ્ન સાયમન સંતના પુત્રનાં લગ્ન હોય તેઓ વિનાસંકોચે કામે લાગી જતાં.

જોકે લગ્નગીતોની પારંગત શ્રીમાન મજને પણ કદીક આવો સામનો કરવો જ પડતો. એક મહિલાએ પૂછ્યું હતું, ‘અજાણી દુનિયામાંથી, અજાણ્યા માનવકુળમાંથી આવેલી કન્યાને આપણે અપનાવી રહ્યા છીએ. ધ્યાન તો રાખવું જ રહ્યું. માયાને જેમ પ્રગટ થતાં વાર લાગતી નથી, તેમ જ…’

‘શાંત થઈ જાવ,’ શ્રીમતી મજ કહેતી, ‘નેલ માયા નથી, કાયા છે. મેં એને ઉછેરી-સંવારીને તૈયાર કરી છે. કોઈ પણ કોઈ જ વાતની શંકા ન રાખે…’

‘પણ વખતોવખતના આ અકસ્માતો…’ બોલનાર મહિલાએ હિંમત કરીને પૂછ્યું, ‘અમને સંદેહ નથી પણ આપણાં પૌરાણિક લગ્નગીતો પ્રણયગીતો જે આપ ગાવ છો, જેક રાયન લલકારે છે, તેમાં આવે છે તેમ, આવી અજનવી પ્રતિભાઓ અણધારી રીતે અદૃશ્ય પણ થઈ જતી હોય છે.’

‘ચૂપ રહો મહેરબાની કરીને,’ શ્રીમતી મજે કહ્યું, ‘આજ સુધી જે વિશ્વાસથી તમે સહુએ અમને સ્વીકાર્યા છે, એ જ રીતે સ્વીકારવાનું ચાલુ રાખો, અમને, મને, નેલને…’

ત્યાં જ સમાચાર આવ્યા કે કોલસાના નવા નમૂનાઓ લઈને ઉપર જતી ટ્રોલી-લીફ્ટ એકાએક તૂટી પડી છે. અલબત્ત કોઈને વાગ્યું ન હતું.

અને એ જ રીતે એક વખત અંદરથી બહાર જતી ગાડીને તત્કાળ રોકાવું પડ્યું હતું. આગળ ઉપરના પાટા જ ન હતા. કોઈએ તે ખસેડી લીધા હતા. જેમ્સ સ્ટારે પ્રત્યક્ષ હાજર થઈ પાટા ફરીથી ગોઠવાવી દીધા. ટ્રેઇન ચાલુ થઈ ગઈ, પણ ખાણમાં છેલ્લાં ત્રણ વર્ષમાં કદી નહીં થયેલા નાનામોટા અકસ્માતો ચાલુ જ રહ્યા. એક વખત આગ સામેના રક્ષક સ્વરૂપે રખાયેલા ફાયર-એક્ષટીંગ્વીઝરો (આગશામકો) મોટા જથ્થામાં ગુમ હતા, તો બીજી વખત ઊંટડાની કળ નિષ્ફળ જતાં વજન ઊંચકેલો ટનબદ્ધ કોલસો નીચે પટકાયો હતો તથા વાતાવરણને કાળી ડમરીઓથી ભરી દીધું હતું. સહુથી વધુ ભય હેરીને માથે હતો. એક વજનદાર બીમ જોરદાર રીતે તેની ઉપર જ પટકાયું હતું. ઉપરથી નીચે આવતાં એ બીમનો ખ્યાલ આવી જતાં જ હેરી ખસી ગયો અને બચી ગયો, પણ તેને સતત સાવધ રહેવાની ફરજ પડી.

'સાયમન!' જેમ્સ સ્ટારે કહ્યું, 'આપણે હેરીને લગ્નપૂર્વેની રજા મંજૂર કરીએ તો કેમ?'

'એ નહીં માને સર જેમ્સ...'

'પણ સાયમન! આપ જોઈ રહ્યા છો કે જે કોઈનું આ કારસ્તાન છે, એનું નિશાન હેરી લાગે છે.'

'હેરી શા માટે? હેરીએ કોઈનું શું બગાડ્યું છે?' સાયમને કહ્યું, 'હેરી જેવો ભલો છોકરો શું જમાનાને મળી શકે ખરો?'

'જે આપણને ગમતા હોય,' જેમ્સ સ્ટારે કહ્યું, 'એ બીજાને નહીં પણ ગમતા હોય અને એને શત્રુ કહીએ તો એ સાવધશત્રુ છે. પાછળ પડ્યો છે. એની પાસે એની પદ્ધતિ છે, એ કદી કોઈની નજરે પડતો નથી, પણ એનું પરિણામ અચૂક હોય છે. મને ક્યારેક વિચાર કરવાનું મન થાય છે સાયમન! કે એ જે હોય તે એકલો જ હશે કે એની ગેંગ હશે?'

'ગેંગ કે ટોળકી હોવા વિષે હું નથી માનતો.' સાયમને કહ્યું, 'કેમ કે ટોળકીમાંથી કોઈ પણ પકડાઈ શકે છે. જ્યારે એકલે હાથે ઘણું કામ થઈ શકે છે, જેમ કે મેં કર્યું.'

'તો પછી આપણે આપણી ચોકી ચૂસ્ત બનાવવી જોઈએ. જરૂર પડે તો સરકારી મદદ પણ લઈ શકાય.'

'નહીં મિસ્ટર જેમ્સ,' સાયમને કહ્યું, 'સરકારને વચમાં લાવશો નહીં. આપણે આપણી આઝાદી ગુમાવવા નથી માગતા. ઉપરાંત આપણા ચોકીદારો કંઈ સરકારથી જરાય ઊતરે તેવા નથી.'

એ બધી જે વાતો થતી તે ખરી, પણ એક વાત આગળ બધાં આવીને અટકી જતાં. એ નામ હતું નેલ.

રહસ્ય એની ફરતે જ હતું, એને માટેનું જ હતું, એને કારણે જ હતું! એમ મનોમન બધાં જ માનતા હોવા છતાં નેલને હેરીની સૂચનાથી આ બધા મામલાથી દૂર રખાઈ હતી.

પણ નેલ હવે કંઈ એટલી અબુધ કે કાચી ન હતી કે સમજી ન શકે. તે પોતે જ એક પ્રકારનું રહસ્ય ગૂંથીને બેઠી હતી. ઉપરાંત તેને ખાતરી હતી કે તેના શુભેચ્છકો તેને માટે જે કંઈ કરે છે એ વિચાર કરીને જ કરે છે. તે પોતે આ કુટુંબમાં આવીને ખુશી અનુભવતી હતી.

હેરી સાથે તે વધુ શરમથી વાત કરતી અને તેની રાહ જોવામાં તથા તેની સાથે રહેવામાં તેને આનંદ આવતો. શ્રીમતી મજ સાથે તે એટલા જ ઉમંગથી મળતી, પણ શ્રીમતી મજ તેને ‘બહુ બહાર ન જતી, નેલ.’ એવું કહેતા ત્યારે તે સ્તબ્ધ બની જતી.

હેરી કોઈ પણ સંજોગોમાં વહેલામાં વહેલી તકે નેલને પરણી જવા માગતો હતો. હવે આમેય તેનાથી રહેવાતું ન હતું. ઉપરાંત તે માનતો હતો કે જેવાં તેનાં લગ્ન થઈ જશે કે બહારના આક્રમણ બંધ થઈ જશે તથા નેલને માતાની પ્રેમભરી કેદમાંથીય થોડીક મુક્તિ મળી જશે.

લગ્ન તોફાનનો અંત બની રહેશે, કે શરૂઆત, એ તો કોણ કહી શકે? જેક રાયન પાસે તો ગીત પણ હતું કે, કાલની વાત કોણ જાણી શક્યું છે? જે કંઈ સમય ધારે છે એ જ થાય છે, થતું રહે છે.

જેમ્સ સ્ટાર, સાયમન, શ્રીમતી મજ બધાં હેરીની અધીરાઈ જાણી ગયાં હતાં. તેઓ વધુ સાવધ બન્યાં હતાં. તેમણે તેમની રીતની તલાશી વધુ ઘનીષ્ઠ બનાવી હતી. બધાંનાં મનની એક જ વાત હતી: આ લગ્ન હેમખેમ પતે.

નેલને બહાર જવાની ના કહેવામાં આવી હતી, છતાં એક દિવસ તે કુટીરની બહાર ગઈ. એ માનવીય સ્વભાવ છે કે જે માટે તેને ના કહેવામાં આવે તે એ અચૂક કરે જ છે.

બહાર એકાંત હતું અને સમય અનુસાર એટલી અવરજવર કે હલનચલન ન હતી. હવામાન અને વાતાવરણ અનુકૂળ જણાતાં તે આમતેમ લટાર મારવા લાગી.

અને એકાએક તે ચીસ પાડી ઊઠી. પહેલાં એ ચીસ સામાન્ય અને ધીમી હતી, પછી તો એની ચીસની કોઈ સીમા જ ન હતી.

એ ચીસ એટલી ભયંકર હતી કે શ્રીમતી મજ, સાયમનપાપા તથા હેરી એકદમ ઊછળીને દોડીને બહાર આવ્યાં.

નેલે સાક્ષાત્ ઠંડું મૃત્યુ નિહાળ્યું હોય એવી તે ફિક્કી, સફેદ અને સ્તબ્ધ બની ગઈ હતી. તેની આંખો અપરંપાર ભય નિહાળ્યાની સાક્ષી

પૂરતી હતી. તેની જીભ તાળવે ચોંટી ગઈ હતી. કાયા થરથર ધ્રૂજતી હતી. આંખ, કાન, હોઠ, જીભ, હાથ જાણે કે સંજ્ઞા ગુમાવી બેઠાં હતાં.

હા, તે કુટીરના દ્વાર તરફ જોતી હતી. જે દ્વારથી તે બહાર આવી હતી, એ દ્વાર તેણે જાતે જ બહારથી અમસ્તું બંધ કર્યું હતું કે જેથી કોઈને જાણ થાય નહીં અને કોઈને ખલેલ પહોંચે નહીં.

તે બહાર નીકળી ત્યારે તેની નજરે કોઈ પડ્યું નહીં. એણે દ્વાર તરફ જોયું જ નહીં. વળતી લટારે તે પાછી ફરવા લાગી ત્યારે જ તેની નજર દ્વાર પર પડી.

એ દ્વાર પર ખાણમાંથી જ મળી આવતાં સફેદ ખરબચડા કાગળ પર કોલસાથી મોટા ગરબહિયા અક્ષરો વડે લખાયેલું લખાણ હતું. એ જાસો આ પ્રમાણે હતો:

> *'સાયમન ફોર્ડ, તેં મને જૂની ખાણમાંની નવી ખાણરૂપે લૂંટી લીધો છે. તારા દીકરા હેરીએ નેલરૂપે મને લૂંટી લીધો છે. ધિક્કાર હો તને! હજાર હજાર શાપ વરસો તારી પર! તારું ધનોતપનોત નીકળી જશે! નવી એબરફોઈલ પ્રલયના પાણીમાં કાગળની હોડીની જેમ તણાઈ જશે. તમે કોઈ નહીં બચો, નહીં બચો, નહીં બચો.*

**સિલફેક્સ.**

'સિલફેક્સ...?' સાયમન અને મજ એકબીજાં સામે જોઈને પોકારી ઊઠ્યાં.

'કોણ છે આ સિલફેક્સ?' હેરીએ પહેલાં પિતાને, પછી માતાને, છેવટે નેલને પૂછ્યું, 'કોણ છે એ?'

ધ્રુજારી, કંપન અને રૂંવેરૂંવાં ઊભાં થઈ ગયાં હોય તેવી દશામાં નેલ બોલી ઊઠી, 'સિલફેક્સ.'

તે અગાઉની જેમ જ પાછી ઢળી પડી. શું આ તેની કોઈ શારીરિક તકલીફ હતી કે માનસિક? અગાઉ સૂર્યોદય વખતે સૂરજના પ્રથમ દર્શને પણ તે આ જ રીતે ઢળી પડી હતી. અત્યારે શું કોઈ સૂરજ જેવો ધારદાર તિક્ષ્ણ વ્યક્તિત્વનો તેને સામનો થયો હશે?

હેરીની મદદથી શ્રીમતી મજે તેને ઉપાડીને કુટીરની અંદર લીધી.

જેમ્સ સ્ટાર તાબડતોબ હાજર થયા. જાસાપત્ર વાંચીને તેઓ બોલી ઊઠ્યા, 'મને અહીં આવવામાં ખબરદાર કરનાર જે હસ્તાક્ષરો હતા તે જ હસ્તાક્ષરો આ છે. જેણે મને પડકાર આપ્યો હતો હવે, એ જ શક્તિ તમને પોકારી રહી છે, સાયમન!' પછી સીધું જ પૂછ્યું, 'તમારી આંખ-

ચહેરાની રૂપરેખા પરથી હું જોઈ શકું છું સાયમન! કે તમે એને ઓળખો છો. કહો મને, કહી નાખો સાયમન, કે કોણ છે આ સિલફેક્સ?’

# શું પાછું જવું પડશે નેલને?

ડોકાર્ટ પીટનો એ છેલ્લો મોન્ક હતો.

ઓવરમેન સાયમનને બધું યાદ આવવા માંડ્યું.

જૂના જમાનામાં જ્યારે ખાણ માટે ‘સેફ્ટી લૅમ્પ’ની શોધ થઈ ન હતી, ત્યારનો એ ભયાનક માનવ. તે જાતે ધડાકાઓ થતાં ત્યાં જતો, ધડાકાઓ કરવા જતો. પહેલેથી જ એકાકી અને ભેદી. ન એનું કામ સમજી શકાય, ન એની દાનત પારખી શકાય. જોખમની એને પરવા નહીં, મોતનો એને ડર નહીં. એની બધી ગતિવિધિ જ વિચિત્ર, અદ્‌ભુત, ન સમજાય તેવી. તેનું સાથી હતું હરફંગ, એક સફેદ મોટું ઘુવડ. એના જેવું જ. એના તોફાની કે વિનાશક કામોમાં એને સહાયભૂત થતું આ હરફંગ. કોઈ ઊંચા પહાડ કે ખડકમાં ફ્યુઝ ગોઠવવાનો હોય તો એ ઘુવડ એ કામ કરી દેતું.

એક દિવસ એ ઘરડો વિચિત્ર ડોસો અદૃશ્ય થઈ ગયો. એની સાથે જ અદૃશ્ય થઈ ગઈ ખાણમાં જ જન્મેલી એક નાની અનાથ બાળકી. એ ભૂલકીડૂલકી ક્યાંથી આવી, કેવી રીતે આવી, એની ખબર જ ન પડી. એ છોકરીનું દુનિયામાં કોઈ જ ન હતું અને પેલા ઘુવડની જેમ જ તે આ કાળી કોલસાની પાતળી દુનિયાની વાસી બની રહી. પેલો ડોસો દાદો તેનો એકમાત્ર સગો સાથી કે સોબતી.

એ બાળકી તે જ નેલ એવું આજે આપણે ઓળખી શકીએ છીએ.

પંદર વર્ષ સુધી એ ડોસા-પોતી ધરતી હેઠળની કાળકોટડીમાં જ રહ્યાં અને નેલની કોઈક શુભ ઘડીએ હેરીએ તેને શોધી કાઢી અને બચાવી ત્યારે એની હાલત કેવી હતી એ બધાં જ જાણે છે.

વયોવૃદ્ધ ઓવરમેન યાદ કરી કરીને સિલફેક્સની વાતો જેમ્સ સ્ટાર તથા હેરીને કહેતા હતા.

હવે એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે સિલફેક્સ જ એ દુષિત માનવ કે દાનવ હતો, જે જૂનીનવી એબરફોઈલને તળિયે રહીને બધાં શેતાની કારસ્તાનો પાર પાડતો હતો.

‘એનો અર્થ કે તમે એને ઓળખો છો.’ જેમ્સ સ્ટારે કહ્યું, ‘ખરું ને સાયમન?’

‘હા. એક જમાનામાં અમે એને ઘુવડ-માનવ તરીકે ઓળખતા હતા.’ સાયમને આગળ વધાર્યું, ‘પણ ત્યારે જ એ ઘણો ઘરડો હતો. મારા

કરતાં પંદર-વીસ કે પચીસ વર્ષ એ મોટો ખરો જ. એટલો જંગલી ખરબચડો, ખડ્ડુસ, ડરામણો અને એકાકી. એને જોઈને કોઈને પણ ડર લાગે, પણ એ કોઈનાથી ડરતો નહીં. આગથી નહીં, પાણીથી નહીં, કુદરતથી નહીં, માણસથી નહીં. એણે જાતે જ ‘મોન્ક’ બનવાનું સ્વીકાર્યું હતું. આ ‘મોન્ક’ એક પ્રકારના ડરામાણા ભેદી ભૂવા જેવા માણસ હોય છે. એને જોતાં જ લોકો જે જોઈએ તે આપી દે છે. ‘મોન્ક’ બનનાર જે ધારે તે, જેની પાસે ધારે તે, અઢળક સ્વરૂપે મેળવી શકે છે. એનો કોઈ સામનો કરતું નથી કે એની સાથે વાદવિવાદમાં ઊતરતું નથી. એનો ડર ભારે હોય છે અને ડર સાથે ચમત્કારો પણ ભળેલા મનાય છે. એના ‘મોન્ક’ હોવાને લઈને જ એ ધૂની, વિચિત્ર, ઘેલો, બેફામ બની ગયો હતો. એ ત્યારે ઘાતકી હોવાનું મનાતું. એની ક્રૂરતા, નિર્દયતા, જુલમ હદ વટાવી જતાં. એની બુદ્ધિચાતુરી બેજોડ હતી. જ્ઞાનનો તે ભંડાર, વિજ્ઞાનનો ખાં, નવી સૂઝબૂઝનો પારંગત. જૂની અને હા હવે તો કહી શકીએ, નવી ખાણનો તે એટલી હદે ખૂણેખૂણો જાણતો હતો કે મારી વાત પણ થઈ શકે નહીં. કહે છે કે તે જમાનામાં એને માટે થોડુંક પેન્સન નક્કી થયું હતું, પણ બધાં એને મરી ગયેલો માનતા હતા. હા, એના મૃત્યુના સમાચાર ફરી જ વળ્યા હતા.’

‘પણ,’ જેમ્સ સ્ટારે કહ્યું, ‘તેં મને લૂંટી લીધો છે એવું કહેવા પાછળ એનો આશય શો છે?’

‘મેં કહ્યું જ તમને જેમ્સસાહેબ કે એનું ભેજું ખરાબ થઈ ચૂક્યું હતું. એના માથાફરેલ મગજમાં એવી જ રાય ભરાઈ બેઠી હતી કે એબરફોઈલનો તે રાજા છે. ડોકાર્ટ પીટને તે પોતાના બાપદાદાની મિલકત સમજતો હતો. ત્યાં તે કોઈને જવા દેતો નહીં. કોઈ ગયું છે એવી ખબર પડતી તો એ તેને ખતમ કરી દેવા તૈયાર થઈ જતો. તે કહેતો કે, ડોકાર્ટ પીટમાંથી જે કોઈ કોલસો મેળવે છે તે મારા દેહમાં કોદાળી મારીને મારું માંસ મેળવે છે.’ સાયમન યાદ કરીને કહે, ‘સાહેબ, કુટીરના દરવાજે સિલફેક્સનું નામ વાંચી બધું મને યાદ આવી ગયું, પણ હું તો એને મરેલો માનતો હતો, વરસો પહેલાં જ એ મરી ગયો હતો! પછી આપણને અવરોધરૂપ બનેલા અઘટિત બનાવો એ દુષ્ટાત્માના છે, એમ હું માની જ કેવી રીતે શકું?’

‘તમે કહો છો તેમ સાયમન,’ જેમ્સ સ્ટારે કહ્યું, ‘કે ડોકાર્ટ પીટનો દૈત્ય એ જ છે, અને એ જીવંત છે, એ પણ હવે આપણે જાણી શક્યા છીએ. સંભવ છે કે આપણી જેમ એ પણ નવી ખાણ શોધતો હોય અને તે આપણે શોધી એટલે એ નારાજ થયો હોય! જ્યારે રાજાઓનું રાજ્ય છીનવાઈ જતું લાગે ત્યારે રાજાઓ એમ જ વીફરી બેસતા હોય છે. ઘણી વાર બીજાના હાથમાં ન જાય માટે પોતાના રાજ્યનો પોતે જ વિનાશ નોતરતા હોય છે. હવે સમજાયું.’ જેમ્સ સ્ટારે કહ્યું, ‘હવે સમજાયું કે એ પણ તમારી જેમ અંધારી આલમનો યાત્રી હતો. તમારી જૂની કુટીર સમક્ષ

કંઈક વખત આવ-જા કરતો. એથી જ્યારે તમે મને ખાણમાં પધારવાનું આમંત્રણ પાઠવ્યું ત્યારે એણે ચેતવણી પાઠવી કે ખબરદાર ખાણ તરફ ફરક્યા છો તો! સાયમન, એ માત્ર ધમકી આપીને ચૂપ ન રહ્યો. હું અને હેરી જ્યારે આવતા હતા ત્યારે પથ્થર પણ એણે જ ફેંક્યો. હેરી કહેતો જ હતો કે એ કોઈકનો ઘા છે, અંધારામાં જોઈ શકનાર કોઈકનો. પછી ચેરો શીફ્ટની સીડીઓનો સન્નેપાત પણ એનો જ. એ જ રીતે આપણે શોધી કાઢેલી નવી એબરફોઈલનો ગુફામાર્ગ બંધ કરી દેનાર પણ એ જ. પણ એ જગાએ આપણે બચી ગયા એનું કારણ કદાચ નેલની કૃપા, જે સિલફેક્સના ડરની વચમાંથી પણ આપણને મદદ કરવા, જિવાડવા તૈયાર થઈ ગઈ.'

'જે કંઈ બન્યું હોય,' સાયમને કહ્યું, 'એ જ રીતે આપ બધું વર્ણવી રહ્યા છો સર જેમ્સ, પણ હવે તે સંપૂર્ણપણે પાગલ બની ગયો છે તેનું કેમ?'

'સારું થયું,' અત્યાર સુધી સાંભળ્યા કરતાં શ્રીમતી મજે કહ્યું, 'કેમ કે પાગલ અને હડખાયા જલદી હાથમાં આવી જતા હોય છે.'

'ના જી શ્રીમતી મજ,' જેમ્સ સ્ટારે કહ્યું, 'હું એ તથ્ય સ્વીકારવા તૈયાર નથી. ક્યારેક ગાંડાઓ વધુ ઝનૂની બની બેસે છે. તેમાંય નિષ્ણાત, નિપુણ અને ડાહ્યા ગાંડાઓની તો વાત જ ન કરવી. નેલના ભયાનક રીતે ડરી જવાનું કારણ હવે હું સમજી શકું છું. એના દાનવ-માનવી સાથે એ આટલાં વર્ષ રહી શકી એ જ એક ભયજનક ચમત્કારની વાત છે!'

'ભયજનક ખરી જ,' સાયમને કહ્યું, 'એ દુષ્ટ દૈત્ય અને તેના પેલા ઘોઘરઘંટા ઘુવડ બન્ને સાથે જીવવું મુશ્કેલ જ નહીં, અશક્ય જ. જેમ્સસાહેબ, એ ઘુવડે જ પોતાની પહોળી-બહોળી પાંખો ફટકારી આપણો દીવો હોલવી નાખ્યો હતો અને જ્યારે હેરી નેલને લઈને ઉપર આવતો હતો ત્યારે દોરડું પણ એ હરફંગ જ કાપતું-કાતરતું હતું.'

'એ બધાં નિષ્ફળ તરફડાટની વચમાં,' શ્રીમતી મજે સાક્ષી પૂરી, 'નેલ-હેરીનાં લગ્નના સમાચાર એના સુધી પહોંચ્યાં જ હશે. એના વાવંટોળની જેમ વીફરી બેસવાનું એ જ કારણ હોઈ શકે.'

'તું સાચું કહે છે મજ,' સાયમને કહ્યું, 'જેણે એને લૂંટી લીધો છે એવા શત્રુમાણસના દીકરા સાથે નેલ પરણે, એ એનાથી કેવી રીતે સહન થઈ શકે?'

'હવે એણે સહન કરવું જ પડશે, સમજૂતી પણ કરવી પડશે.' હેરીએ કહી દીધું, 'એની પૌત્રીના હિતમાં. જોકે એ કદાચ આપણી દુનિયાનો વ્યવહાર નહીં જાણતો હોય! તેમ છતાં આપણે જરૂર એને કહી શકીશું કે નેલ અમારી સાથે સુખમાં રહેશે. તેં જે રીતે એને કાળી કેદમાં

રાખી છે, એના કરતાં ઘણી બધી સુખમાં રહેશે. જેમ્સસાહેબ, આપણે જો એને મેળવીને મળીને આપણાં તર્કો એના દિમાગમાં મૂકી શકીએ…'

'હેરી! હેરી!' જેમ્સ સ્ટાર બોલી ઊઠ્યા, 'જેનું દિમાગ જ ફરી બેઠું છે, એની સમક્ષ તર્કની વાતો કેવી? ઉપરાંત જે જરાય સ્થિર જ નથી એની સાથે વળી ચર્ચા કેવી? જે મારવા કે મરવાની છેલ્લી પાટલીએ બેઠા હોય એવા શત્રુ વિષે… આપણે તો માત્ર હજી નામ જાણ્યું છે. તેની દરેક ચાલ આપણને તથા આખી એબરફોઈલને કાયમને માટે ખતમ કરી શકે છે, એનાથી તો સાવધ રહેવું જ સારું! અને સામી વ્યૂહરચના વિચારવી પણ જરૂરી. હેરી, મારી સલાહ છે કે હવે આપણે નેલને દૂર નહીં રાખી શકીએ. એને આપણી યોજનામાં સામેલ કરવી જ પડશે, કેમ કે એ જ જાણકાર છે. આ ચક્રવ્યૂહની ચાવી હેરી, આપણને હવે નેલ પાસેથી જ મળી શકે. નેલ જ હવે તને, અમને, એબરફોઈલને, નવી દુનિયાને બચાવી શકે.'

'તમે કહો છો એ સાચું છે સ્ટારસાહેબ,' હેરીએ લાગણીવશ થઈને કહ્યું, 'પણ મારું માનવું છે કે નેલ પોતાની જાતે જ હાજર થશે, આપણે એને કહેવું નહીં પડે. એના અંતરાત્માએ, એની ફરજે, એની દ્વિધાએ એને ભલે આજ સુધી ચૂપ રાખી હોય! માતા એની કાળજીપૂર્વક સુશ્રૂષા કરી રહી છે. નેલને એવા ધ્યાનની જરૂર હતી જ. એ સ્વસ્થ થશે એટલે એની મેળે આવશે સાહેબ, અથવા હું જ જઈને તેને બોલાવી…'

'એની જરૂર નહીં પડે હેરી,' બહાર આવેલી નેલે મક્કમતાપૂર્વક જણાવ્યું, 'હું હાજર છું.'

નેલ સાવ ફિક્કી પડી ગઈ હતી. તે ખૂબ રડી હોય તે રીતે તેની આંખો ભીની થઈ હતી અને સૂઝી ગઈ હતી, પણ કદાચ અત્યારે તેની ફરજ તેને અહીં ખેંચી લાવી હતી.

'નેલ…!' તેનાં રૂપરંગ જોતાં જ હેરી પોકારી ઊઠ્યો.

નેલે હેરી તરફ એક પ્રેમભરી નજરે જોયું અને શરૂ કર્યું, 'હેરી! તારા પિતાજી, માતાજી અને તારે, તમારે બધાંએ બધું જાણવું જ રહ્યું અને જેમ્સ સ્ટારસાહેબ, તમે પણ એ બધી જાણકારીથી વંચિત શા માટે રહો? કેમ કે હેરી જે બાળકીને અજાણતામાં બચાવી લાવ્યો છે એમાં આપ સહુ સામેલ છો. ઊંડા અંધારેથી ગમતા પ્રકાશમાં આવેલી એ બાળા પર આપ સહુના અનહદ ઉપકાર છે.'

'નેલ…! નેલ…!' હેરી હૃદયદ્રાવી બની ગયો.

'એને બોલવા દે હેરી,' જેમ્સ સ્ટારે કહ્યું, 'એને માટે બોલવું જરૂરી છે અને આપણા માટે જાણવું જરૂરી છે.'

'હું એ ઉંમર પારના વયોવૃદ્ધ સિલફેક્સની કહેવાતી પૌત્રી છું.' નેલ બોલવા લાગી, 'હું અહીં આવી તે પહેલાં માતા શી ચીજ છે તે હું જાણતી

ન હતી.'

'તારા જેવી ભલી છોકરી કોને ન ગમે નેલ,' પરંપરાગત સ્કોટ સન્નારીએ કહ્યું, તને મેળવીને તો હું ધન્યતા અનુભવું છું.'

'શ્રીમાન સાયમન ફોર્ડને મેં જોયાં ન હતાં, ત્યાં સુધી પિતા કોને કહી શકાય એ વાતથી હું સાવ અજાણ હતી.' નેલનું કથન ચાલુ હતું, 'અને મિત્ર વળી કેવા હોય એ વિષે તો માત્ર હેરીના સ્પર્શથી જ હું જાણી શકી. તે પહેલાં મારા એ કહેવાતા દાદા સાથે મેં અત્યંત વિકટ એવી કાળી કર્કશ ક્લીષ્ટ દુનિયામાં પંદર... એટલાં જ હશે... વર્ષો પસાર કર્યાં. 'સાથે' શબ્દ પણ યોગ્ય નથી. એની એણે નિર્ધારિત કરેલી દુનિયામાં મારું બાળપણ કિશોર્ય વીત્યું. 'વીત્યું' શબ્દ બરાબર છે. જ્યારથી તેમણે જૂની એબરફોઇલથી વિદાય લીધી ત્યારથી તેઓ આ બાજુની કાળી ગુફાઓમાં, કોતરોમાં, બખોલોમાં પોતાની જાત છુપાવીને રહેતા હતા. શું કામ? એની મને ખબર નથી.

'એક રીતે કહીએ અથવા એમની રીતે કહીએ તો તેમની મારી ઉપર મહેર હતી. એની ભયાનક પ્રવૃત્તિ અને પ્રવૃત્તિની વચમાંથી પણ તેઓ મારે માટે કોઈક ખાવાપીવાનું લઈ આવતાં. મારી સમીપ ગોઠવી દેતાં. મારી જરૂરિયાત પ્રમાણે હું એ ખાવા જેવી કે, 'નહીં ખાવા જેવી' વાનગીઓ ખાતી કે નહીં ખાતી, પણ મને યાદ આવે છે તેમ, જ્યારે હું અત્યંત નાની હતી ત્યારે સાવ નબળી હતી અને મારી માતા બકરી હતી. હા, દાદાએ મને ઉછેરવા-પોષવા એક બકરીની વ્યવસ્થા કરી હતી, પણ મારી એ બકરીમાતા બહુ જીવી શકી નહીં. તેને માટેનું વાતાવરણ કદાચ ઉચિત ન હતું. જો એ બકરી-મા કાળી ઊંડી પહાડી દુનિયામાંથી બહાર આવવા પ્રયાસ કરતી તો દાદા તેને મારી-ખદેડી પાછા અંદર ધકેલી દેતાં, મારી પાસે રહેવાની ફરજ પાડતા, પણ મરી ગઈ બિચારી એક દિવસ. અને પછી મારા એ દાદા મારે માટે એક બીજું પશુ લાવ્યા. એ કદાચ શ્વાન-માદા હતી. કમનસીબ બિચારી. એને કાળી ખાણનું વાતાવરણ ફાવ્યું નહીં. તેણે વિરોધ કર્યો. દાદાને તો એ કૂતરી બહુ જ ભસતી. બે વચ્ચે દાંતિયાચીઢિયા ચાલતા. દાદાની સામે કોઈ ચૂં કે ચાં કરે તે દાદાને ગમતું નહીં. તેમણે મને ચૂપ કરી દીધી હતી, ચૂપ રાખી હતી. આ કૂતરી ચૂપ થવા તૈયાર ન હતી. તે વારંવાર ભાગી જવાનો પ્રયાસ કરતી. એક વખત તે અદૃશ્ય થઈ ગઈ.

'દાદાજીનું પોતાનું સાથીદાર તેમના જેવું જ એક વિકરાળ પક્ષી હતું હરફંગ. શરૂઆતમાં એણે મને ખૂબ જ બીવડાવેલી રાખી. પછી હરફંગ મને એટલું પસંદ કરવા લાગ્યું કે દાદાને તે ન ગમ્યું. પછીથી તો હરફંગ દાદા કરતાં પણ મારી આજ્ઞા વધુ માનતું. મારા દાદાને એથી ખૂબ જ ઈર્ષા થતી. મેં તથા હરફંગે એવો નિર્ણય કર્યો હતો કે દાદાના દેખતાં કદી સાથે રહેવું નહીં, સાથે દેખાવું નહીં, પણ એ બધી થઈ મારી વાતો. અત્યારે ચિંતા તમારી છે.'

'બોલે રાખ નેલ,' જેમ્સ સ્ટારે કહ્યું, 'તારા મનમાં જે કંઈ આવે તે બધું જ કહી નાખ.'

'પાપાજી!' નેલે શરૂઆત કરી, 'દાદાજીને ખાણમાંની તમારી જૂની કુટીર જરાય ગમતી નહીં. દાદા તો એથી ઘણે દૂર રહેતા. ખાણમાં જગાની ખોટ ક્યાં હતી? પણ તમારી કુટીર એટલે કે તમે છો એ જ એમને ગમતું નહીં. અમે ઘણે નીચે રહેતાં. 'ઉપર કોઈક રહે છે ખરું!' એવું હું કદી પૂછી જ શકતી નહીં. મારે ભયાનક પરિસ્થિતિનો સામનો કરવો પડતો. પછી તેમના અબોલા અને દેખાવાનું બંધ. તેમાં તેમને ખબર પડી કે તમે જૂની કુટીરમાં માત્ર પડી રહેતાં નથી, નવી ખાણ શોધો છો, એથી એ વધુ ને વધુ ધૂંઆપૂંઆ રહેતા. તેમની એક જ વાત હતી, તમારો નાશ થવો જોઈએ. ઉંમર તેમની ઘણી વધારે હતી પણ તેમની કાયા કસાયેલી હતી. તાકાત તો એટલી કે હાથોહાથની લડાઈમાં અમારા જેવા કંઈકને એક સાથે પહોંચી વળે. લડાઈ સાથે ભયાનકતા તો એવી કે નામ ના લો.'

'કહેતી જા નેલ,' આ વખતે સાયમને કહ્યું. નેલના વિચારો સાથે તેઓ પણ ભૂતકાળમાં ખેંચાતા હતા.

'તમારા પહેલા પ્રયાસ વખતે,' નેલ આગળ વધી, 'દાદાજી જોઈ ગયા કે તમે ગૅલેરી સુધી અને ત્યાંના નવી એબરફોઈલના પ્રવેશદ્વાર સુધી પહોંચી ગયા છો કે તેમણે એ ગુફાદ્વાર બંધ કરી દઈ તમને કાયમને માટે કાળકોટડીમાં પૂરી દીધા. મેં તમને લોકોને પડછાયા સ્વરૂપે જોયા હતા. આવી ધુપ્પ અંધારી જગામાં તમે ભૂખ્યા મરો એ મને ગમ્યું નહીં. મારા દાદાની ખાનગીમાં અને સાવધાનીથી મેં બ્રેડ-વૉટરની ગોઠવણ કરી દીધી. મારો ઈરાદો તો તમને સલામત રૂપે બહાર કાઢવાનો હતો પણ ડોસાદાદાએ મને થરથરાવી દીધી. હવે તમે જરૂર મૃત્યુ પામશો એવું મને લાગી રહ્યું. દશા તો મારી પણ એવી જ હતી.

'અને ત્યારે જેક રાયન તથા સાથીઓ આવી પહોંચ્યા. સંજોગવશાત્ હું તેમને જોઈ ગઈ અને મેં તેમને દીવાને ઝબકારે તમારા સુધી પહોંચાડ્યા. દાદા મારા આ કૃત્યથી એટલા ગુસ્સે ભરાયા કે કાબૂ ગુમાવી બેઠા. મને પણ મારી નાખવાનું તેઓ વિચારવા લાગ્યા કે એવું જ નક્કી કરી લીધું. મારે માટે ખાણના ઊંડાણમાં જીવવાની કોઈ શક્યતા ન રહી. બેફામ બનેલા દાદા પોતાની જાતને અંધારા અને અજવાળાના રાજા માનતા હતા. તમારા હથિયારોના ખાણ પરના ઘા તેમને માટે અસહ્ય બન્યા. તેમણે મને દયાહિન રીતે મારી. મારે માટે દોડવું-ભાગવું અશક્ય હતું. તેમની નજર મારા પડી રહેલા દેહ પર રહેતી. મને તેઓ વખતોવખત જોવા આવતા. જોઈને 'હું' કરીને જતા રહેતા. છેવટે ત્રણ મહિના પહેલાં તેમણે મને ઊંડા અંધારા કૂવામાં ઉતારીને નાખી દીધી. મરવા માટે, જ્યાંથી તમે મને શોધી કાઢી. મારા તરફની લાગણી અને દાદા તરફની વફાદારી

બતાવતા હરફંગે તમારો સામનો કર્યો. એ બધી વાત હેરીએ તમને કરી જ હશે.

‘હું કેટલા સમયથી ત્યાં પડી હોઈશ? એની મને ખબર નથી. હું એટલું જ જાણું છું કે હું લગભગ મરી જ ચૂકી હતી અને તમે આવ્યા. મારા હેરીએ મને બચાવી લીધી, પણ હવે તમે જાણી ચૂક્યા છો કે સનસનાટીના શેતાન સિલફેક્સની પૌત્રી કદી હેરી ફોર્ડની ધર્મપત્ની નહીં બની શકે, કેમ કે એમ કરવા જતાં એ જીદમાં તમે બધાં જ મૃત્યુ પામશો, હેરી તો ખાસ.’

‘નેલ!’ હેરી ગર્જી ઊઠ્યો, ‘એ બુઢ્ઢો ખુસ્સટ એના મનમાં સમજે છે શું? એ સાક્ષાત્ યમદૂત હશે તોપણ હું તેનો સામનો...’

‘પ્યારા હેરી,’ નેલે શાંતિ અને દૃઢતાથી કહ્યું, ‘મેં મારો નિર્ણય કરી લીધો છે. મારે ખાતર હું તમારા બધાંના પ્રાણ હોડમાં નહીં મૂકી શકું. હું મારા દાદા પાસે પાછી જઈશ. એણે તમને બધાંની જ નહીં, નવી એબરફોઈલના વિનાશની પણ પ્રતિજ્ઞા કરી છે. એ કદી કોઈને માફ કરે તેવા જીવ નથી. માફી શબ્દ સાથે જ તેમને લેવાદેવા નથી. એકમાત્ર વેરની આગ સાથે જ તેઓ જીવે છે. મારી ફરજ ચોખ્ખી છે. જો હું તેમ ન કરું તો મારા જેવી નગુણી કોઈ ન કહેવાય! મારો વિલંબ કોઈ અણધાર્યું પરિણામ લાવી દે તે પહેલાં જ લાગણી અને પ્રેમના દેવદૂતો! વિદાય! ‘સુખ’ શી ચીજ છે, એ તમે મને શીખવ્યું છે. તમારું એ સુખ તમારું જ બની રહે એ માટે આવજો, કદાચ મારું સુખ પણ એમાં જ છે ને? આવજો!’

સાયમન, મજ તથા જેમ્સ સ્ટાર નેલનો નિર્ણય સાંભળી હચમચી ઊઠ્યાં. હેરી પોતાની જાતને કાબૂમાં રાખી શક્યો નહીં. તેણે કહ્યું, ‘શું કહ્યું નેલ? તું જવા માગે છે? જશે? અને અમે તને જવા દઈશું? હું...?’

જેમ્સ સ્ટારે નેલને ખભે હૂંફાળો હાથ મૂકી વડીલની રીતે કહ્યું, ‘બધું બરાબર છે નેલ. તેં કહ્યું તે બધું અમે સાંભળ્યું. તારો નિર્ણય પણ અમે ધ્યાનથી સાંભળ્યો. હવે અમારો નિર્ણય સાંભળ વહાલી દીકરી! અમે તને અહીંથી જવા દઈશું નહીં. તું જીદ કરશે તો અમે દબાણથી તને રાખીશું. તું થરથરતી જિંદગી જીવી છે એ ખરું, પણ તું શું અમને બધાને કાયર અને ડરપોક સમજે છે કે અમે તને જવા દઈશું? સિલફેક્સની ધમકીઓ ગમે તેટલી ખતરનાક ભલે રહી, પણ માણસ માણસ છે અને અમે અમારી સલામતી ઊભી કરી શકીએ છીએ. તેં આટલું કહ્યું છે તો નેલી હવે વધારામાં સિલફેક્સની આદતો, રહેણીકરણી વિષે કોઈક એવી વાતો કહે કે જેથી અમે તેને મેળવી શકીએ, એને અમારે રસ્તે લાવી શકીએ.’

‘એ બધી તમારી યુક્તિઓ નકામી છે, સ્ટારસાહેબ.’ નેલે કહ્યું, ‘મારા સાચા અર્થમાં એવા આ “દાદા” સર્વત્ર છે અને ક્યાંય નથી. કોણ

જાણે તેઓ ક્યાં જાગે છે અને ક્યાં સૂએ છે તેની જ કોઈને ખબર પડતી નથી. મને કોઈક વિકટ ખૂણામાં નાખીને તેઓ અદૃશ્ય થઈ જતાં અને પછી દિવસો સુધી દેખાતા નહીં. એની તાકાત હજાર હાથની છે. જ્યારે મેં જવાનો નિર્ણય કર્યો ત્યારે હું જાણતી જ હતી કે આપ મને સમજાવશો. સ્ટારસાહેબ, દાદા સુધી પહોંચવાનો એકમાત્ર રસ્તો છે, હું. તેઓ જાતે અદૃશ્ય રહી શકે છે અને આપણને બધાંને જોઈ શકે છે. આપણી બધી ચાલ તેની નજરમાં રહે છે. તમારા છૂપા પત્રની વિગતો એણે કેવી રીતે જાણી હશે, વિચારો તો! અમારાં લગ્નની વાત એના સુધી નહીં પહોંચી હોય એમ માનશો નહીં. મારા એ દાદા ગમે તેવા પાગલ, ગમે તેટલા ઝનૂની હશે, પણ તેમનું દિમાગ સ્થિર રીતે ચાલે છે દરેક દિશામાં. તેઓ મારી સાથે ઘણી ચિત્રવિચિત્ર વાતો કરતા. ક્યારેક ભગવાનની વાતો પણ કરતા. ભગવાનની એક જ વાત તેમને ગમતી ન હતી, ઈશ્વરે તેમને સર્વશક્તિમાન ચિરંજીવી શા માટે બનાવ્યા નહીં? માનવમાત્ર પ્રત્યે તેમને ભારે રોષ અને અણગમો હતો. મને પણ તેઓ એક જ વાત શીખવતા, માનવીને ધિક્કારજે. એને લાત મારજે. માણસ એ જ લાગનો છે.

'જ્યારે હેરી મને કુટીરમાં લઈ આવ્યો ત્યારે તમે માનતા હતા કે હું માનવ વિષે અજાણ છું, પણ એથી વિશેષ હું ડરી ગયેલી હતી. માફ કરજો. થોડા દિવસ સુધી હું એમ જ માનતી રહી કે હું ઘાતકી માણસોના હાથમાં છું. મારો ભાગી જવાનોય ઈરાદો હતો. સહુ પ્રથમ મને સાચો ખ્યાલ તમે આપ્યો મજમમ્મી! તમારા શબ્દો, તમારી રીતભાત, તમારી ઘર પ્રત્યેની મમતા! અને તમારા પતિ તથા પુત્ર તમને જે માનની નજરે જોતાં એ જોઈ હું ઝૂકી જ જતી. ખુદ સ્ટારસાહેબ તમારું પૂરું સન્માન કરતા હતા. મને લાગ્યું કે હું ભગવાનના ધામમાં આવી છું, દેવળમાં આવી વસી છું. પછી તો આખી એબરફોઇલ જોઈ વળી. ધન્ય થઈ ગઈ હું બધાં સાથે દેવળમાં જઈને. હું જ્યારે ભગવાન સમક્ષ પહેલી વાર ઘૂંટણિયે પડી ત્યારે જ મને ખ્યાલ આવ્યો કે, મારા દાદાએ મને છેતરી છે, દુનિયા અને સંસાર વિષે ખોટી સમજૂતી આપી છે.

'પણ તમને બધાંને જોઈને, તમારું જીવન જોઈને હું જાણી શકી છું કે દાદાએ પોતાની જાતને જ છેતરી છે. ખેર! હું એ જ ગુપ્ત માર્ગે જવા માગું છું કે જ્યાંથી હું તેમની સાથે આવ-જા કરતી હતી. મારા દાદા મને જોતાં જ હશે, મારી રાહ તો અવશ્ય જોતા જ હશે! હું એમને બૂમ પાડીશ કે તરત જ તેઓ સાંભળશે, ઘૂરકાટ ભરેલો હોકારો દેશે, પણ કોને ખબર છે મારા પાછા જવાથી તેમની માનવતા જાગી ઊઠે!'

બધાંએ તેને બોલવા દીધી. તે પોતાનું હૃદય ખુલ્લું મૂકે એ તેને માટે જરૂરી હતું પણ બોલતાં બોલતાં તે જ ઊભરાઈ ગઈ. તેની આંખોમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં. તે હિબકે ભરાઈ ગઈ. સંવેદનામાં ધ્રૂજવા લાગી.

હેરીએ માતા તરફ જોઈને કહ્યું, 'મા! આવી ભલી ભાવનાભરી છોકરીને એનો દાદો ઓળખી-પિછાની કે સમજી જ શક્યો નથી. એ વિરોધાભાસ વિષે તારે શુ કહેવું છે મા?'

'એ માનવી મૂળથી જ કાયર અને ડરપોક હશે.' શ્રીમતી મજે કહ્યું, 'કાયરતામાંથી જ માનવી ક્રૂર, લુચ્ચો, દગાખોર, એકાકી અને વેરભાવનાથી ભર્યોભર્યો બને છે. એવો માનવી માણસ ન રહેતાં તેનું સર્પમાં રૂપાંતર થઈ જાય છે – બે જીભવાળા. જો એવો કોઈ માનવી મારો સગો હોય તો હું તેને સગો માનવાની ચોખ્ખી ના પાડું અને એવા શાપ વરસાવું કે કચડાયેલા સાપની જેમ તે તરફડ્યા કરે.'

'નેલ, સાંભળીને આપણી માતાની વાણી?' હેરીએ કહ્યું, 'અત્યંત ભલી છે આપણી મા, તે છતાં કેવા શાપિત શબ્દો નીકળી રહે છે એનાં મુખકમળમાંથી. માટે તારે જવું હોય તો જા. તું જ્યાં જશે ત્યાં હું પડછાયાની જેમ તારો પીછો કરીશ. તેમ છતાં તારો જવાનો જ નિર્ણય હોય તો આપણે સાથે જઈશું. તું અને હું હવે બે નથી, છૂટા પડવા મુશ્કેલ છીએ. જે તારું થશે એ મારું...'

'હેરી! હેરી!' નેલ ભાવુક બની રહી. તેની ભાવુકતા ઘણી ઉત્તેજનાભરી હતી. છેલ્લા બે શબ્દો બોલતાં જ તે થરથરી ગઈ અને શ્રીમતી મજના ખોળામાં ઢળી પડી.

'આપ સહુ,' શ્રીમતી મજે અંતરના ઊંડાણમાંથી વિનંતી કરી, 'એને એકલી રહેવા દેશી થોડી વાર...?'

# નેલનાં લગ્ન! કેવાં લગ્ન!

સિલફેક્સની ધમકીમાં દમ હતો. એ માત્ર ધમકી ન હતી. એના તરફ દુર્લક્ષ સેવી શકાય તેમ ન હતું. કોલનગરના નાગરિકોને જણાવી દેવામાં આવ્યું કે તેઓ સતર્ક રહે, સાવધાન રહે.

સિલફેક્સ પાસે કોઈક તાકાત એવી જરૂર હતી કે જે આખી એબરફોઈલને ઉડાવી દે. પોતાની એ તાકાત ઉપર જ તે પરિણામલક્ષી ધમકી ઉચ્ચારતો હતો.

મુખ્ય મુખ્ય પ્રવેશદ્વારો પર સશસ્ત્ર સૈનિકો ગોઠવી દેવામાં આવ્યા. દિવસ અને રાતની ચાંપતી નીઘરાણી રાખવામાં આવી. સહેજસરખી શંકા જાય તો ધ્યાન ખેંચવાની તાકીદનું એલાન અપાયું. શંકાસ્પદ વ્યક્તિને જેમ્સ સ્ટાર પાસે લઈ જવાનું નક્કી થયું. ખાણ ઉપર જે ભય ઝઝૂમતો હતો તે સામેના તમામ જોખમનો કર્મચારીઓને ખ્યાલ અપાયો.

સિલફેક્સના કોઈ જાસૂસો ન હતા એટલે એ બાબતની ચિંતા ન હતી. સિલફેક્સ દ્વારા કોઈને ફોડવાનો પ્રયાસ પણ થતો ન હતો. એ ઉપરથી તેને પોતાની શક્તિમાં કેટલો આત્મવિશ્વાસ હતો એ ફલિત થતું હતું.

જે કોઈ સુરક્ષાનાં પગલાં લેવાયાં હતાં કે લેવાતાં હતાં, તેની નેલને માહિતી આપી દેવામાં આવતી. તે એકદમ નિર્ભય તો બની ન હતી પણ જરાક હળવાશ જરૂર અનુભવતી હતી.

હેરીએ તેને જ્યાં ફરવું હોય ત્યાં ફરવાની છૂટ આપી હતી, પણ તે પડછાયાની જેમ તેની પર નજર રાખતો. કોઈક નબળી ક્ષણે તે ચાલવા માંડે કે નાસી જાય તો બાજી હાથમાંથી જાય તેમ હતું.

લગ્નના એક સપ્તાહ અગાઉ નવી એબરફોઈલમાં કોઈ પ્રકારનો કોઈ જ અકસ્માત સર્જાયો નહીં. સુરક્ષાના પ્રબંધમાં એથી કોઈ ઢીલાશ આણવામાં આવી નહીં, પણ ભય તથા હાહાકારમાંથી મુક્તિ મળી હોય તેમ કારીગરો મોકળે મને કામ કરવા લાગ્યા.

જેમ્સ સ્ટારની સિલફેક્સની શોધ ચાલુ જ હતી. નેલ કોઈ સંજોગોમાં હેરીને પરણી શકશે નહીં, એવી ધમકી ઉચ્ચારનાર દુષ્ટ દાદો ગમે ત્યાંથી, ગમે તે ક્ષણે, ગમે ત્યાં પ્રગટ થઈ શકે તેમ હતું. નેલ-હેરીનાં લગ્ન તો તે નહીં જ થવા દે એવી દહેશત તો રહેતી જ. ખરું તો એ કહેવાય કે એને સદેહે પ્રત્યક્ષ સ્વરૂપે પકડી શકાય, એની પાસે દોસ્તીની ફરજ પાડી શકાય.

ખાણનો ખૂણેખૂણો તેની શોધમાં ઉપરતળે કરવામાં આવ્યો અને એ શોધતપાસ ચાલુ જ રહી. ગુફાઓ તથા ગૅલેરીમાં થઈને ડુન્ડોનાલ્ડ કિલ્લા સુધીના ભૂગર્ભ માર્ગ પર વધુ તકેદારી રખાઈ. કેમ કે સિલફેક્સ ત્યાંથી જ બહારની દુનિયા સાથે જોડાયેલો રહેતો અને ખાણમાં રહેવા માટેનો જરૂરી સામાન તથા પુરવઠો મેળવતો. એ સામાન તે ચોરી, લૂંટ, ભય, ધમકી કે એવી જ કોઈક રીતે મેળવતો હોવો જોઈએ.

અગનપરીની જ્યોત અને જ્વાળાઓનું કારસ્તાન પણ સિલફેક્સનું જ. તે જરૂર એવી કંઈક કરામતો જાણતો હશે કે જેથી આતંક ફેલાયેલો રહે અને લોકો ડરતાં રહે.

જેમ્સ સ્ટાર અમુક જગાએ તો ખાસ પોતે જ જતાં અને ચોકસાઈ કરતાં, પણ એ ભેદી ત્રાસવાદીનો હજી કોઈ પત્તો લાગી શક્યો ન હતો. તેને માટેની એંધાણી પણ મળતી ન હતી.

છેવટે લગ્નનો દિવસ આવી લાગ્યો.

સિલફેક્સ દ્વારા અવરોધની કોઈ બાતમી અપાઈ ન હતી. તે છે જ નહીં અથવા શાંત થઈ ગયો છે કે ભાગી છૂટ્યો છે એવી જ અત્યારે તો ધારણા થતીં હતી.

દિવસ શરૂ થતા થતામાં કોલસાનગર ઉત્સવ માટે તૈયાર થઈ ગયું. નવી એબરફોઈલમાં આજે સર્વત્ર રજા જાહેર થઈ હતી. ઓવરસિયરો, કારીગરો, કર્મચારીઓ, મજૂરો, સાયમન ફોર્ડ ત્યાં તેમના પુત્રનું સન્માન કરવા ઉત્સુક હતા. સાયમને આજ સુધી કોલસા માટે, કોલસામાનવ માટે, કોલસાની શોધ માટે, કોલસા દ્વારા દુનિયા માટે જે કંઈ કર્યું હતું તેનો સમભાવપૂર્વકનો જવાબ આપવાનો આ મોકો હતો.

મુખ્ય સમારંભ બરાબર અગિયાર વાગે લોક માલકમ સરોવરના કાંઠેના સેઈન્ટ ગાઈલ્સ ચેપલ ખાતે પાર પાડવાનો હતો.

મંગળ ઘડીમાં હેરીએ માતાના સહકાર સાથે પ્રસ્થાન કર્યું. સાયમન જાતે નેલને દોરી રહ્યા હતા.

પછી પધાર્યા ઈજનેરશ્રી જેમ્સ સ્ટાર. તેમના ચહેરા પર ખુશી અને સંતોષ હતા પણ મનમાં શંકા હતી જ.

જેક રાયન રાષ્ટ્રીય પાઈપરના પોશાકમાં ખરેખરો શોભતો હતો.

ત્યાર પછી બીજા ઈજનેરો હતા, આગળ પડતાં અધિકારીઓ હતા, જવાબદાર જોબરો હતા, મિત્રો તથા સાથીઓમાંથી કોઈ કહેતા કોઈ જ બાકી ન હતું. નવી એબરફોઈલનો આ એક કુટુંબમેળો હતો અને બધાં પોતાના ઘરનો જ પ્રસંગ હોય એમ મહાલતા હતા.

બહારનું હવામાન ઑગસ્ટનું હતું. આ દિવસોમાં આમેય વાતાવરણ અજંપિત હોય છે અને વા-વાદળ તથા વરસાદ પોતાની કરામત બતાવતા જ હોય છે. વીજળીના કડાકાના ચમકારા ઠેઠ ખાણની અંદર સુધી ઝબકારા દાખવી જતા. બેરોમીટરનો પારો જબરી ઊતરચઢ દાખવતો હતો. જોરદાર ઝંઝાવાત સહિતના તોફાનની આગાહી હતી. ઘેરાં વાદળો ઝૂંડ બનાવી એ માટેની તૈયારીમાં જ હતા.

પણ બહારના તોફાનની કોઈને જરાસરખીય પરવા ન હતી.

એકેએક વ્યક્તિ પોતપોતાના શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પોશાકમાં હતી.

શ્રીમતી મજે ગત જમાનાનો પરંપરાનુસાર પોશાક ધારણ કર્યો હતો. આ પ્રસંગે માથા પર એક છત્ર પણ તેમણે ધારણ કર્યું હતું. બન્ને ખભા પર પાંખની શોભા હતી. દરેક રીતે તે અદ્દલ સ્કોટીશ ઘરની માતા બની રહી હતી. આમ જુઓ તો કન્યાની માતા પણ તેઓ જ હતાં ને!

નેલ આ શુભઘડી પ્રસંગે એકદમ ભયમુક્ત, હળવી અને ઉત્સુક હતી. પોતાના તનમન પર તેણે ગજબનો કાબૂ જમાવી રાખ્યો હતો. એ બોધ કદાચ તેને સાસુમા શ્રીમતી મજ પાસેથી મળ્યો હોવો જોઈએ. સાદાઈની વચમાંની તેની ભવ્યતા અદ્ભુત હતી. રૂપરંગ, હાવભાવ, દેખાવ રજૂઆત દરેક રીતે તે હૂબહૂ પરી જ લાગતી હતી. કેલીડોનિયન નવોઢા પોતાના વાળને અમુક ખાસ પ્રકારની ગૂંથણીથી સજાવે એ રીતે તેના વાળ સજાયેલા હતા.

સાયમનનો સૂટ ભવ્ય હતો, પણ તેની ફેશન કદાચ વર્ષોજૂની હતી. તેમનો રુઆબ પણ પૌરાણિક રીતે આધુનિક હતો. દરેક રીતે તેમની છટા ન્યારી હતી.

બધું સાજન-માજન, આનંદ-ઉમંગ સાથે વાજતેગાજતે સેઈન્ટ ગાઈલ્સ ચેપલ પહોંચતું હતું. એ દેવળ અંદર-બહારથી ખૂબ જ કલાત્મક રીતે શણગારવામાં આવ્યું હતું.

કોલ-ટાઉનનું અંદરનું આકાશ ઝગમગતા હર પ્રકારના વીજળીના દીવડાઓથી મરક મરક થતું હતું. મુખ્ય સમારંભના સ્થળે સ્વયં સૂર્ય દ્વારા રોશની થઈ હોય એવું વાતાવરણ ઝાકઝમાળ હતું. નવી એબરફોઈલ અંદર હોવા છતાં અત્યારે જાણે બહારનો આડંબર માણતી હતી.

દેવળની અંદરનો દિવ્ય પ્રકાશ પોતાની રીતે અલાયદી આભા દાખવતો હતો. કાચની બારીઓ પર પડતો એ પ્રકાશ પરાવર્ત થઈને કેલિકોસ્કોપની રંગછટા પાથરતો હતો.

પવિત્ર વિધિ રેવરન્ડ વિલિયમ હોબ્સના પાવન હસ્તે પાર પાડવાની હતી. તેઓ દેવળના દરવાજા આગળના ચોગાનમાં લગ્ન-પાર્ટીના આગમનની રાહ જોતા ઊભા રહી ગયા હતા.

સરોવર લોક માલકમની કિનારીઓ તથા પાળીઓ ગજબની રીતે ઝબક દીવડાઓના પ્રકાશથી શણગારવામાં આવી હતી. જાન આ જ રસ્તેથી આવવાની હતી.

એક બાજુથી જાનના આવવાના સંગીતધ્વનિ સંભળાવા લાગ્યા અને બીજી બાજુ દેવળના ઓરગને સ્વાગત-સંગીત શરૂ કર્યું. રેવરન્ડશ્રી જરાક વધુ આગળ જઈને ઊભા રહ્યા.

હાજર રહેલા તમામેતમામ પર પવિત્ર જળનો છંટકાવ કરવામાં આવ્યો. પછી હેરી તથા નેલ એકબીજાંની સટોસટ જોડાઈને વેદી તરફ આગળ વધ્યાં.

હાથમાં પવિત્ર ગ્રંથ લઈ, તેને વંદન કરી રેવરન્ડશ્રીએ પૂછ્યું, ‘શ્રીમાન હેરી, તમે નેલને તમારી પત્ની તરીકે સ્વીકારો છો? અને તમે પ્રતિજ્ઞાપૂર્વકનું વચન આપો છો કે અનંત સમય સુધી તમે એને પ્રેમ કરશો?’

‘હું પ્રતિજ્ઞાપૂર્વક વચન આપું છું.’ હેરીએ સૂરમ્ય સ્વરમાં સોગંદ સ્વીકાર્યા.

‘અને તમે નેલ?’ પાદરીશ્રીએ પૂછ્યું, ‘તમે હેરીને તમારા પતિ તરીકે સ્વીકારો છો? અને પ્રતિજ્ઞાપૂર્વક સોગંદ...’

નેલની પાસે જવાબ આપવાનો સમય જ રહ્યો નહીં, કેમ કે બહારના કોઈ જબરા રઘવાટથી વાતાવરણ ખળભળી ઊઠ્યું હતું. દેવળની ઉપરની એક મોટી ખડકશિલા ખસી આવી હતી અને તેની સાથે જ તેને ટેકે ગોઠવાયેલા બીજા પથ્થરો, રોડાઓ, ખડકીઓ, કપચીઓનો ગડગડાટ શરૂ થઈ ગયો હતો. નીચે પટકાયેલો મુખ્ય ખડક લોક માલકમ સરોવર અને દેવળની વચમાં સોએક વાર જ ઉપર હતો. સરોવરના ઊંડાં પાણીમાં સતત ફેંકાતા-વીંઝાતા આ પથ્થરોથી સરોવરની શાંતિ તથા સ્થિરતા થોડીક ખળભળી હતી.

અને એવા પડતા પથરાઓ તથા શાંતરૂપે હાલી ઊઠેલા પાણીની વચમાંથી ગુફામાર્ગે એક હોડી આવી લાગી.

હોડીની આગળ કોઈક વૃદ્ધ અડીખમ્મ રીતે ટટ્ટાર ઊભો હતો. તેના કાળા ઝભ્ભાઓ ઢાંક્યા દેહમાંથી તેના ગુચ્છાદાર વાળ તથા છાતી સુધી પહોંચતી બરફ-શી સફેદ દાઢી વાતાવરણને ફડફડાવતી હતી. તેના હાથમાં સળગતો ડેવી-લૅમ્પ હતો. દીવાની જ્યોત કાચના ગોજ દ્વારા પારદર્શી તથા તીક્ષ્ણ બનાવાઈ હતી.

દૂરથી આવવા સાથે જ તેણે હાક દીધી: ‘અગનઝાર! અગનઝાર! તમારા બધા પર શાપ વરસી રહો! તમે કોઈ જ બચી ન શકો એવા શાપ વરસી રહો!’

અને ખરે જ તરતોતરત કોઈક દૂષિત દુર્ગંધયુક્ત વાયુની ગંધથી વાતાવરણ ઘેરું બન્યું. કોઈક જગાએથી કારબ્યુરેટેડ હાઈડ્રોજન સિસકારા બોલતો હવામાનમાં ફેલાવા લાગ્યો.

પેલા પડી ગયેલા પથ્થરે બેસુમાર માત્રાના ગૅસને છુટ્ટો કરી દીધો હતો. એ ગૅસને કદાચ વ્યવસ્થિત રીતે જ એ બ્લોઅરમાં સંચિત કરવામાં આવ્યો હતો. હજી એ ગૅસ ઉપરની બાજુ હતો અને અગનઝારના સંપર્કમાં આવી રહ્યો હતો.

ડોસા દાનવને એ ગૅસની માહિતી હતી અને તે જ અત્યારે હવામાનના મિશ્રણ સાથે તેનો આગ ફેલાવવાના વિપ્લવમાં ઉપયોગ કરતો હતો.

જેમ્સ સ્ટાર તથા તેમના સાવધ સાથીઓ ઝડપથી ઘટનાસ્થળે આવી પહોંચ્યા.

'બહાર નીકળી જાવ બધાં.' જેમ્સ સ્ટારે હાથનું લાઉડ સ્પીકર બનાવી બધાંને હુકમ કર્યો, 'બહાર નીકળી જાવ બધાં એકદમ ઝડપથી, તત્કાળ...'

ચેતવણી આપવા સાથે બચાવસ્થળે કેવી રીતે જઈ શકાય એ પણ તેઓ દોડી દોડીને લોકોને બતાવવા લાગ્યા.

'અગનઝાર...! અગનઝાર...!' હોડી પરથી પેલો વિશાળ વિષધર સમો સિલફેક્સ બોલતો હતો, 'શાપ! ખતમ થઈ જાવ બધાં. કોઈ બચશે નહીં, કોઈ જ નહીં.'

હેરી પોતાની વાગ્દત્તા તથા માતાપિતા સાથે દેવળની બહાર નીકળી ગયો હતો.

'ખાણની બહાર નીકળી જાવ,' જેમ્સ સ્ટાર તમામને ઉદ્દેશીને જોરજોરથી બોલતા હતા, 'બહાર જતા રહો, બહાર પહોંચી જાવ, બહાર... બહાર...'

ભાગવું મુશ્કેલ હતું. બધાંને માટે ભાગમભાગી કરવી અઘરી હતી. વયોવૃદ્ધ સિલફેક્સ પોતાના છેલ્લા શાપ વરસાવી લગ્ન રોકવા તત્પર હતો. નેલ-હેરીને તે પરિપૂર્ણ રીતે કોઈ સંજોગોમાં પરણવા દે તેમ ન હતો. એબરફોઈલની લગભગ તમામ વસતી અહીં હાજર હતી અને શેતાન સિલફેક્સને ધાર્યો લાગ મળી ગયો હતો.

તેના ખભા પર તેનું સાથીદાર વિશાળ સફેદ ઘુવડ બિરાજેલું હતું. હરફંગના ધવલ દેહ પર કાળાં ટપકાં હતાં.

પણ કોઈક એકાએક જ સરોવરમાં પડ્યું. એટલે કે સરરર સરકીને પડ્યું અને ઊંડે ઊંડે જ તેની હોડી તરફની ગતિ હતી.

એ જેક રાયન હતો. શેતાન પોતાના શાપ પૂરા કરે તે પહેલાં જ સરોવરના ઊંડા જળ દ્વારા તે હોડી સુધી પહોંચી રહ્યો હતો.

સિલફેક્સે તેને પોતાના તરફ આવતો જોઈ લીધો. તેણે દીવાની જ્યોત ધારદાર બનાવી જેક સમક્ષ ધરી. જેકના હલનચલન સાથે તે દીવાને હલાવવા લાગ્યો.

જેમ્સ સ્ટાર જેવા જેમ્સ સ્ટાર પણ અત્યારે સ્તબ્ધ થઈ ગયા હતા. આજ સુધીમાં ક્યારેય ખાણને માથે આવી આફત તેમણે કલ્પી ન હતી. પોતાનું નવી દુનિયાનું સ્વપ્ન, નવી એબરફોઈલ પોતાની નજર સમક્ષ જ કકડભૂસ થઈ જશે એવો ધ્રુજારીપૂર્ણ અણસાર તેમને આવી ગયો.

સિલફેક્સે દાંતિયા કાઢીને જોયું તો તેની અગનઝાર ગૅસ સુધી પહોંચતી જ ન હતી, કેમ કે ગૅસ ઘુમ્મટના ઉપરના ભાગ ઉપર જ સ્થિર થતો હતો.

એકાએક તેની સૂચનાથી તેના પક્ષી હરફંગે ચાંચમાં જામગરીવાળી નળી લીધી. એવું એ પક્ષીએ ઘણી વાર કર્યું હતું. ડોકાર્ટ પીટની ઊંચાઈ પર ડાયનેમાઈટ એ પક્ષી જ પહોંચાડી દેતું. ફરતા પક્ષીને બાવરો બનેલો પાગલ ડોસો હાથ કરી કરીને બતાવવા લાગ્યો, ‘ત્યાં... ત્યાં...’

થોડીએક સેકંડની જ વાર હતી. નવી એબરફોઈલના રામ રમી જ રહ્યા હતા.

અને નેલ હેરીના હાથમાંથી છટકીને સરોવરના કિનારે આવીને ઊભી રહી. તે પોતાના ઊંચામાં ઊંચા અવાજ સાથે બૂમ પાડતી હતી, ‘હરફંગ! હરફંગ! આમ આવ, અહીં આવ, મારી પાસે આવ, હું અહીં છું. હું નેલ...’

ચકરાવા મારતું પક્ષી ચકરાવામાં પડી ગયું. પણ તેણે પોતાની પ્યારી સાથીદાર નેલનો અવાજ સાંભળ્યો અને અગનઝારને ઉપરથી જ નીચે ફેંકી દીધી, જે અગનનળી છમ્મ કરતી પાણીમાં પડીને હોલવાઈ ગઈ.

તે સાથે જ બીજા એક ભયાનક ચિત્કારથી પણ વાતાવરણ કંપકંપી ઊઠ્યું. એ સેલફેક્સનો છેલ્લો જીવંત ધ્વનિ હતો.

નીચેથી આવી પહોંચેલા જેક રાયને નીચેથી જ હોડીને જોરથી હચમચાવી. જેક સાથે લડવા માટે શેતાને ઊંચા ઊછળીને જોરથી ડાઈવ મારી. તે વખતનો તેનો અવાજ ભયંકર હતો.

પણ એ ડોસો ગયો ક્યાં? નીચેનીચે નીચેનીચે જતો હતો શું તે ક્યાંક બીજે પહોંચી ગયો?

કેમ કે જેક તો બહાર આવી લાગ્યો, પણ શેતાન ક્યાં?

'એને બચાવો! બચાવો એને!' નેલે ડોસાદાદાને બચાવવા માટે બૂમ પાડી. પણ વેરમાં નિષ્ફળ ગયેલા દાદાજી કદાચ વધુ ને વધુ ઊંડે જતા હતા.

નેલના શબ્દો સાથે હેરીએ પણ લગ્નના પોશાકમાં જ સરોવરમાં ડૂબકી લગાવી.

તે તથા જેક આજુબાજુનું ઘણું ઊંડાણ ફેંદી વળ્યા પણ સિલફેક્સ હાથ ન લાગ્યો. જીવતો નહીં, અર્ધમૃત નહીં, મૃત પણ નહીં!

# ચિરંતન યૌવનની ચિરંજીવી કથા!

છ મહિના રહીને નેલ-હેરીનાં લગ્ન એ જ રીતે, એ જ સેઇન્ટ ગાઇલ્સ ચેપલમાં લેવાયાં.

તેમના જોડાણને રેવરન્ડ વિલિયમ હોબ્સને અંતરના ઊંડાણના આશીર્વાદ આપ્યા. બન્ને અત્યારે કાળા પોશાકમાં હતાં. તેમને અભિનંદન આપનારાઓનો ધસારો ભારે હતો. સાદા ડાયસ ઉપર તાજાં જ પતિ-પત્ની બનેલાં હેરી-નેલ ઝડપથી યાદો તાજી કરી કરીને આશીર્વાદો, અભિનંદનો, ધન્યવાદો, શુભેચ્છાઓ સ્વીકારતાં હતાં.

જેમ્સ સ્ટાર અને સાયમન ફોર્ડ હવે ચિંતામુક્ત જણાતા હતા. તેઓ પૂરા ઉમળકા સાથે મહેમાનોને મળતાં અને ખુશી-સંદેશાની આપ-લે કરતાં. એ ભવ્ય સમારંભ બીજા દિવસે પણ ચાલુ રહ્યો.

આ યાદગાર પ્રસંગે જેક રાયન પૂરેપૂરા રાષ્ટ્રીય પાઈપરના પોશાકમાં અનેરા હર્ષોલ્લાસ સાથે ત્રેવડી ભૂમિકા નિભાવતો હતો. તે ગાતો હતો, નાચતો હતો, વગાડતો હતો. અત્યારના પ્રસંગ માટે ખાસરૂપે તેણે એક ગીતરચના તૈયાર કરી હતી. જે તેના સ્વભાવ તથા માન્યતાને અનુરૂપ હતી તો ગમ્મતભરેલી હતી. એના ગીતના શબ્દો હતા, ‘સેલફેક્સ ગયો છે. બરાબર છે, પણ ક્યાં ગયો છે? કેમ કહેવાય! તે સાચેસાચ ગયો છે ખરો? અલ્યા અવનવાં નવનવાં પ્રેમીઓ ઝડપથી પ્રેમ કરી લો અને કરતાં જ રહો, પણ ખબરદાર જો સરોવર માલકમના ઊંડા જળમાં ગયા છો તો!’

તેના ગીતનૃત્ય વખતે પેલું નેલનું સાથીદાર પક્ષી હરફંગ પણ સામેલ હતું. તે પોતાની રીતે ગોળાકારે ઊડાઊડ કરી પોતાના ભાવ પ્રદર્શિત કરતું હતું.

કહેવાની જરૂર નથી કે વખતોવખત અધૂરા રહેલાં પ્રેમબંધન તથા લગ્નબંધને હવે ખરેખરી પરિપૂર્ણતા પ્રાપ્ત કરી હતી. હેરી-નેલ દામ્પત્યજીવનનું એટલી હદે સુખ માણતાં હતાં કે જેની કોઈ સીમા જ ન હતી.

સુખદ આહ્‌લાદક. એ સાથે જ બીજો શુભપ્રસંગ પણ ઊજવાયો. એ હતો સાયમન-મજની લગ્નજયંતીનો.

તેમને અભિનંદન આપનારા કહેતા હતા, ‘લગ્નની સુવર્ણજયંતી જ નહીં, હિરકજયંતી પણ જરૂર ઊજવજો અને શતાબ્દી માટેની પણ શુભકામના...’

ત્યારે હસીને સાયમનજી કહે, ‘જાણો છો? સિલફેક્સ પાસે ચિરંજીવી યૌવનનું રહસ્ય મેં મેળવી લીધું છે. માટે સવાશતાબ્દીથી બેવડી

શતાબ્દી સુધીની શુભેચ્છા પણ તમે અચૂક આપી જ શકો.'

શ્રીમતી મજ ત્યારે કેટલી ખુશ હતી વાત ન પૂછો.

રહી વાત હરફંગની. એ પક્ષી થોડો સમય નેલ સાથે રહ્યું, પણ નેલ હંમેશાં હેરી સાથે જ હોય. એ તેને ગમતું નહીં. એટલે એક દિવસ તે ગોળગોળ આંટા મારીને ઊડી ગયું. ક્યાં ગયું? કોઈને ખબર નથી.

એકમાત્ર જેક રાયન એ પક્ષીની, એ સિલફેક્સની વાતો તેની ગીતગાથાઓ દ્વારા લોકોને સંભળાવે છે.

સ્કોટલૅન્ડ જાવ તો હજી આજે પણ તમને હેરી-નેલની પ્રેમકથા સાંભળવા મળે છે. એ ગીતકથાનાં પાત્રો માત્ર સિલફેક્સ, જેમ્સ સ્ટાર, ઓવરમેન સાયમન, ઉદાર હૃદયની શ્રીમતી મજ જ નથી. તેમાં ગીતગાયક નવજવાન પાઇડ પાઇપર જેક રાયન પણ પાત્રરૂપે સામેલ છે. જેમાં હજી તે નેલ ક્યાંથી આવી, કેમ આવી એ વિષે તો કૌતુક જ પ્રગટ કરે છે. અમર ગીતગુંજનમાં નેલનો હજીય પરી તરીકે જ ઉલ્લેખ થાય છે: શિતપરી, કોલસાપરી, હસતીપરી, ગમતીપરી, સુખદપરી, આહ્લાદકપરી!